ભક્તકવિશ્રી

કૃષ્ણદાસ

જશવંત મહેતા

પ્રવીણ પુસ્તક ભંડાર
લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.

BHAKTA-KAVISHRI KRUSHNADAS
By : Jashvant Mehta
Published by : Pravin Prakashan Pvt. Ltd., Rajkot - 360 001

પ્રકાશક :
પ્રવીણચંદ્ર એમ. પટેલ
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.,
લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે,
ઢેબર રોડ, રાજકોટ.
ફોન : 232460 / 234602

© લેખકના

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૮

કિંમત : રૂા. ૫૫

મુદ્રક :
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.
વેરાવળ (શાપર),
જિલ્લો : રાજકોટ.
ફોન : (028275) 2764 / 2967

શબ્દ સૂર અને સ્વરનાં
ત્રિવેણીસંગમ
પૂ.ગો. વિદુષી
અ. સૌ. વ્રજલતાવહુજી મહોદયા–
(વડોદરા)ને
સસ્નેહ–સાદર

– જશવંત મહેતા

શ્રી વલ્લભ ગુરૂદત્ત, ભજન સાગર, ગુન આગર ।
કવિત નોખ નિરદોસ, નાથ સેવા મ નાગર ॥
વાની, વંદિત વિદુષ, સુજસ ગોપાલ અલંકૃત ।
વ્રજરજ અતિ આરાધ્ય, બહૈ ધારા સર્બસ ચિત્ત ॥
સાંનિધ્ય સદા હરિદાસવર્ય, ગૌર સ્યામ દઢ બ્રત લિયા ।
ગિરિધરન રીઝિ "કૃષ્ણદાસ"કો નામ માંઝ સાઝૌ કિયો ॥

— ***‘ભક્તમાલ’ : નાભાજી—કૃત***

પરમ કૃપાલુ શ્રી વલ્લભનંદન, કરત કૃપા નિજ હસ્ત દૈ માથે ।
જે જન શરણ આઈ અનુસરહી, ગ્રહિં સા પત શ્રી ગોવર્ધનનાથે ॥
પરમ ઉદાર ચતુર ચિંતામણિ રાખત ભવધારાતે સાથે ।
ભજિ "કૃષ્ણદાસ" કાજ સબ સરિહ જો જાને શ્રી વિઠ્ઠલનાથ ॥

— **કૃષ્ણદાસ**

ગ્વાલિની કૃષ્ણદરસ કોં અટકી ।
બાર બાર પનઘટ ચલિ આવતી સિર જમુનાજલ મટકી ॥
મનમોહન કૌ રૂપ સુધાનિધિ પીવત પ્રેમરસ ગટકી ।
"કૃષ્ણદાસ" ધનિ ધન્ય રાધિકા લોકલાજ ઘર પટકી ॥

— **કૃષ્ણદાસ**

"ગ્વાલિનિ કૃષ્ણદરસ કૌં અટકી"

સર્વમાર્ગેષુ નષ્ટેષુ, કલૌ ચ ખલધર્મિણી ।
પાખંડપ્રચૂરે લોકે, કૃષ્ણ એવ ગતિર્મમ ॥

"પાખંડવાદથી ખદબદતા આ કાળમાં જીવ સ્વભાવથી દુષ્ટ અને પાખંડી બન્યો છે, તારા સ્વરૂપને ભૂલ્યો છે. "પાખંડ-પ્રચૂર" એવો દુષ્ટાત્મા જીવ સ્વભાવગત તામસી વિશેષ છે. એવા આ જીવને માટે – એના અજ્ઞાનના વિદારણ માટે જ્યારે એકેય દિશા રહી નથી ત્યારે, પ્રભુ, એ જીવનું આખરી તરણું-શરણ, હે કૃષ્ણ, તું જ છો....."

શ્રી વલ્લભે અર્ધી રાત્રે – શ્રાવણ સુદ એકાદશીની મેઘલી રાત્રે – કળિ-કાળના આ જીવોની ચિંતામાં જાગીને વલોપાત કરતા શ્રીકૃષ્ણના આશ્રયે-"શ્રી કૃષ્ણાશ્રય"ના નિર્માણ દ્વારા "કૃષ્ણ એવ ગતિર્મમ" વદતા-રહેતા શ્રી કૃષ્ણના શરણે ગયા, ત્યારે એમના લાડલા ભક્તનો તાપ ન સહી શકનારા શ્યામસુંદર શ્રી ગોકુલચન્દ્રમાજી સમસ્ત વિશ્વમાં-વ્રજભૂમિમાં પ્રકાશનો પુંજ, જ્ઞાનનો પુંજ પ્રગટાવતા પ્રગટ થયા અને હતાશ ભક્તને ખભે હાથ મૂકતા-એમના શ્રીઅંગ સાથે ચાંપી દેતા બોલી ઊઠ્યા :

"અરે વલ્લભ, આટલો બધો ચિંતિત....શા માટે છે ? આ કળિકાળમાં પાખંડ-પ્રચૂર – ગમે તેવા તામસી પાપાચારમાં રાચતા...અધમ વિચારોમાં ડૂબેલા બધા જ "જીવો"ને તારા તરફ ખેંચી અને એમના અધમ વિચારો, અધમ નીતિ, અધમ વ્યવહાર તેમજ એમનામાં રહેલા તામસ, અહમ્, વાસના, બધા જ ગુણો – અવગુણો સાથે મને સમર્પિત કરતો રહે. મારા શરણે આવેલા કોઈપણ પ્રકારના જીવનો હું ઉદ્ધાર કરીશ...મારો કરીશ...આ જ તો મારો આ કળિયુગમાંનો આપદ્ધર્મ – જીવનધર્મ રહેશે."

– શ્રી વલ્લભને સાક્ષાત્ શ્રી ગોકુલચન્દ્રમાજીએ જે "બ્લેન્ક ચેકો" લખી આપ્યા...અને "બ્રહ્મસંબંધ" દ્વારા એ "ચેકો" શ્રીજીબાવાની "બેન્ક"માં "કેશ" થતા ગયા, એમાં "દુષ્ટ જીવ"નો ઉદ્ધાર તો થતો ગયો, પરંતુ માનવસહજ પ્રકૃતિજન્ય ત્રણ ગુણો-તામસ, રાજસ અને સાત્ત્વિક ગુણોમાં પણ પરિવર્તન આવતું ગયું. પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય, એ ક્યારેય ન બદલાય-એવી જે માન્યતા આપણા મનમાં ઘર કરી ગઈ છે, એ નિતાંત ખોટી છે, એના જીવતા-જાગતા દાખલા શ્રી વલ્લભસંપ્રદાયના સેવકો છીતસ્વામી, કૃષ્ણદાસ અને બીજા અનેકમાં મળે છે...

ગુજરાતના ચરોતર પ્રદેશના કૃષ્ણદાસ સ્વભાવે તામસી, જિદ્દી, આખાબોલા, એમને લાગેલા સત્યને વફાદાર, નિષ્ઠાવાન અને અહંવાદી જીવ હતા. પિતાના વણજારા સાથેના દુર્વ્યવહારથી – ચોરીનો માલ હડપ કરવાની પ્રવૃત્તિથી અકળાયેલા બાળક કૃષ્ણદાસ પિતાના પાપકર્મ સામે જંગે ચડ્યા અને ન્યાયના પક્ષે

રહી, કુમળી વયે ઘર છોડી "સદ્‌ગુરુ"ની શોધમાં ચાલી નીકળ્યા હતા. સ્વભાવે તામસી અને સત્યપૂર્ણ કાર્યનિષ્ઠા કાજે "કઠોર" થઈ જતા કૃષ્ણદાસે શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ નીમેલા બંગાલી કર્મચારીઓનાં દુષ્કૃત્યો જાણી, કડક બની, એ કર્મચારીઓને દૂર કર્યા એમાં શ્રી વલ્લભ પ્રત્યેનો અનાદર કદાચ કોઈકને લાગે, જે કાર્ય કરવાની હિંમત શ્રી ગોપીનાથજી કે શ્રી ગુંસાઈજીમાં ન હતી. તે પિતૃઆજ્ઞાની અવજ્ઞા શ્રી વલ્લભના સંતાનો નહોતા કરી શકતા. એ અવજ્ઞા કૃષ્ણદાસે કરી– પરંતુ એમાં ઊંડે ઊંડે શ્રીજી પ્રત્યેની અનન્ય ભક્તિ, નિષ્ઠા અને સતત શ્રીજીના સુખનો વિચાર અને ભાવના જ રહ્યાં હતાં, એ ભૂલવું ન જોઈએ.

કૃષ્ણદાસ શ્રી વલ્લભના તેમજ શ્રી ગોપીનાથજી અને શ્રી ગુસાંઈજીના અનન્ય સેવક હતા. શ્રી ગોવર્ધનનાથજીના અનેરા ભક્ત હતા. શ્રી વલ્લભે એમને સોંપેલો શ્રીનાથજીના મંદિરનો કાર્યભાર ખૂબ જ નિષ્ઠાથી, પ્રામાણિકતાથી સંભાળતા હતા. ચૌદ લોકના નાથનો અધિકારી જેવો જાજરમાન હોવો જોઈએ – જેવો એનો ઠાઠ હોવો જોઈએ એવા ઠાઠથી એ રહેતા હતા. એનું એમને જે અભિમાન હતું એ એમની ઈશ્વરદત્ત તામસ પ્રકૃતિનું પરિણામ હતું. આ અભિમાન પહેલાં "ગૌરવ"–સ્વરૂપે હતું.

ગંગા ક્ષત્રાણી સાથેની પ્રથમ મુલાકાત વખતે કૃષ્ણદાસે પોતાની ઓળખાણ "શેઠના ગુમાસ્તા" તરીકે આપેલી. એ વખતના કૃષ્ણદાસનો ઠાઠમાઠ અને વૈભવ જોઈ ખુદ ગંગા ક્ષત્રાણીને પણ થયેલું કે "જેનો ગુમાસ્તો આવો જાજરમાન, એનો શેઠ તો કોને ખબર કેવો હશે...." અને કૃષ્ણદાસ દ્વારા ગંગા ક્ષત્રાણી શ્રી વલ્લભનંદનને શરણે ગયાં હતાં. માનવસ્વભાવની નિર્બળતા જ ઘણીવાર માનવીના પતનનું કારણ બની રહે છે. જાજરમાન "ગુમાસ્તા"ના સ્વભાવમાં રહેલી તામસ પ્રકૃતિની નિર્બળતાએ વહેતા સમયમાં "ગૌરવ"ને "અહં"માં પરિવર્તિત કરી દીધું. આ "અહમે" કૃષ્ણદાસના પ્રકૃતિજન્ય માનસ પર એવો તો કબ્જો જમાવી દીધો કે જેમના શરણે જે જીવ આળોટતો હતો, જેમના "પડયા બોલ" ઝીલતો હતો એવા ગુરુ શ્રીગુસાંઈજી, સામે અધિકારપદની રૂએ ગો. પુરુષોત્તમલાલજીને સેવા–અધિકાર અપાવવા એ જીવ જંગે ચડયો. એ જંગમાં અહમ્ ઉપરાંત વંશપરંપરાગતની "ગાદી" અથવા તો "સેવા"ના અધિકારી–પદની "ન્યાયી" વાતનો પ્રશ્ન પણ હતો જ. કુળ પરંપરા પ્રમાણે શ્રીજીબાવાની સેવાનો અધિકાર મોટા દીકરા ગોપીનાથજી અને એમના વંશજનો હતો, એ વાત તો સાચી જ હતી. અને "સાચી વાત"ને "પ્રામાણિક સત્ય"ના નામે સ્વીકારી, કૃષ્ણદાસે ગો. પુરુષોત્તમલાલજીને "સેવા"નો અધિકાર અપાવી, શ્રી વલ્લભનંદનને છ માસનો શ્રી ગોવર્ધનનાથજીનો વિરહયોગ કરાવ્યો હતો. આ બનાવમાં તટસ્થભાવે જોઈએ તો કૃષ્ણદાસની સત્ય અને ન્યાય પ્રત્યેની – ગુરુઘર પ્રત્યેની નિષ્ઠા હતી. પરંતુ એ નિષ્ઠાને પદાધિકારીપણાનો – ગંગા ક્ષત્રાણીના પ્રસંગ વખતના શ્રીગુસાંઈજીના ''આ બધું તમારું કર્યું જ ભોગવીએ છીએ"– આઘાત પ્રેરતી કટાક્ષવાણીના કારણે પ્રજળી ઊઠેલા અહંનો જે દંશ લાગી

હતા. સ્વભાવે
ૃષ્ણદાસે શ્રીમદ્
કડક બની, એ
। કોઈકને લાગે,
તે પિતૃઆજ્ઞાની
કૃષ્ણદાસે કરી–
સતત શ્રીજીના
।.
ાંઈજીના અનન્ય
એમને સોંપેલો
સંભાળતા હતા.
જેવો એનો ઠાઠ
ભિમાન હતું એ
હેલાં "ગૌરવ"–

ાની ઓળખાણ
.ઠ અને વૈભવ
.જરમાન, એનો
। ક્ષત્રાણી શ્રી
ીવાર માનવીના
રહેલી તામસ
ર્તિત કરી દીધું.
જમાવી દીધો કે
ાતો હતો એવા
સેવા–અધિકાર
.ગતની "ગાદી"
હતો જ. કુળ
પીનાથજી અને
"ને "પ્રામાણિક
।"નો અધિકાર
હયોગ કરાવ્યો
ન્યાય પ્રત્યેની
ાનો – ગંગા
જ ભોગવીએ
જે દંશ લાગી

ગયો હતો એનું એ પરિણામ હતું. એ સમયે કૃષ્ણદાસના દિલને ગો. શ્રીગુસાંઈજીના દેવત્વને આભડી ગયેલી લૌકિકતાનો પણ આઘાત લાગ્યો હતો...અને એ બોલી ઊઠેલા દર્દભર્યા અવાજે... "બસ, પ્રભુના અવતાર શ્રી વિઠ્ઠલેશ પ્રભુ પણ લૌકિક ભાવોના ચક્કરમાં આવી...સામાન્ય કટાક્ષ કરવાની હદે ઊતરી ગયા !"

– આ આઘાતની વેદના ઓછી નહોતી – અને એ વેદનાએ જ કૃષ્ણદાસની અંદર વૈરભાવની ખતરનાક જ્વાળા પ્રગટાવી. એક સામાન્ય દોષોથી ભરેલો માનવી જે કાંઈ કૃત્ય કરે – એ કૃત્ય કૃષ્ણદાસ પાસે આ વેરભાવનાએ કરાવ્યું.

આમ, માનવપ્રકૃતિની વિચિત્રતા, વિષમતા અને પરિણામે દેવ જેવા માનવમાં આવી જતાં પરિવર્તનોની કથા – એ કૃષ્ણદાસની એક દૈવી જીવની કથા છે.

પુષ્ટિસંપ્રદાયની એક વિશિષ્ટતા – જે આચાર્યચરણે એમના જીવનકાળમાં વિકસાવી હતી, તે સૂરદાસના શબ્દોમાં કહીએ તો "જો હમ ભલે બુરે તૌ તેરે"–ની ભાવના. આ ભાવનાના પરિણામે જ શ્રી વલ્લભના શરણે આવેલા અનેક પાપાત્માઓ પુણ્યાત્મા બની એમનો ભવાટવીનો ફેરો સફળ કરી ગયા. કૃષ્ણદાસ પણ એમાંના જ એક હતા. અહંનું પાપ વેંઢારતા કૃષ્ણદાસની આંતરસૃષ્ટિ ભક્તિ, નિષ્ઠા, ભાવથી સભર હતી અને એના પરિણામે જ એ શ્રી વલ્લભના વહાલા–વિશ્વસનીય સેવક તેમજ શ્રીનાથજીના મંદિરના અધિકારી બની શક્યા હતા, એટલું જ નહીં, પણ શ્રી કૃષ્ણદાસના જ શબ્દોમાં કહીએ તો "પરમકૃપાળુ" અને "પરમ ઉદાર" એવા શ્રી વલ્લભનંદને એમની સાથે કૃષ્ણદાસે કરેલા દુર્વ્યવહારને નજરઅંદાજ કરી, અધિકારી કૃષ્ણદાસની આંતરભોમકામાં રહેલા "કવિ"ને, "ભક્ત"ને પારખીને – એમના "અષ્ટસખા"મંડળમાં – એમનાં સંખ્યાની દૃષ્ટિએ રચેલાં થોડાં છતાં ભાવસભર પદોનું હીર પારખીને સ્થાન આપ્યું હતું.

હિંદી સાહિત્ય સગુણભક્તિથી સમૃદ્ધ છે. હિંદી સાહિત્યને માતબર કરવામાં પુષ્ટિસંપ્રદાયના પ્રવર્તક શ્રીમદ્ વલ્લભાચાર્યજી અને તેમના આત્મજ શ્રી વિઠ્ઠલનાથજી – શ્રી ગુસાંઈજીનો સિંહફાળો રહ્યો છે. શ્રીમદ્ ભાગવત અને આરાધ્યદેવ શ્રી કૃષ્ણની લીલા – ખાસ કરીને શ્રીનાથજીબાવાના હૃદયસમો ભક્તિરસસભર દશમસ્કંધ આ સંપ્રદાયના કવિઓની પદરચના પૂરતો પ્રેરણાસ્રોત રહ્યો છે. આનંદકંદ શ્રી કૃષ્ણની બાળલીલા, કિશોરલીલા અને રાસલીલા પરનાં પદોથી વ્રજભાષાને સમૃદ્ધ કરવામાં સૂરદાસ, કુંભનદાસ, પરમાણંદદાસ, કૃષ્ણદાસ, ગોવિંદસ્વામી, છીતસ્વામી, ચતુર્ભુજદાસ, નંદદાસ, રસખાન ઇત્યાદિ પુષ્ટિભક્ત કવિઓનો ઘણો જ મોટો ફાળો રહ્યો છે. વ્રજભાષા આ કવિઓનાં પદોથી સમૃદ્ધ અને માતબર બની છે.

સાંપ્રદાયિક પુષ્ટિભાવને સમૃદ્ધ, શ્રદ્ધેય બનાવવા શ્રી ગુસાંઈજીએ શ્રી મહાપ્રભુજીના ચાર – સૂરદાસ, કુંભનદાસ, પરમાણંદદાસ તેમજ કૃષ્ણદાસ અને એમના દીક્ષિત – નંદદાસ, ચતુર્ભુજદાસ, છીતસ્વામી અને ગોવિંદસ્વામીની રચનાઓનો અભ્યાસ કરી, આ આઠ કવિઓનું એક મંડળ ગિરિરાજજી પર બિરાજતા શ્રી ગોવર્ધનનાથજીના સાંનિધ્યમાં આઠ સમાનાં દર્શન વખતે કીર્તન કરવા માટે

"અષ્ટસખા"ના નામે સ્થાપ્યું અને વિવિધ વિષયો પર, ઉત્સવો પર, ઋતુઓ પર, પૌરાણિક ગ્રંથોના પ્રસંગો પર પદોનું નિર્માણ આ કવિઓ દ્વારા કરાવ્યું અને એ રીતે વ્રજભાષાની ભાષાસમૃદ્ધિનો સરસ વિનિમય અને વિકાસ થયો. "અષ્ટસખા"ના આઠેય ભક્તકવિઓ એમના જમાનામાં જ નહીં પણ પાંચસો વર્ષો પછી પણ આજે ભક્તહૃદયના ચિત્તમાં એમની પદાવલીઓની સમૃદ્ધિ સાથે જીવંત બનીને બેઠા છે. જનસમાજ–પુરસ્કૃત આ કવિઓની પંચશતાબ્દી ગામેગામ આજે ઊજવાઈ રહી છે. કીર્તનસ્વરૂપે એમની નામસેવાથી હવેલીઓ, સભાગૃહો, પંચશતાબ્દી ઉત્સવરૂપે માનવહૃદયમાં ફરી એક વાર ભક્તિભાવ પ્રગટ કરતા રહ્યા છે. વ્રજભાષાનો ઉદ્‌ગમ–કાળ પણ સૂરદાસ, કુંભનદાસની રચનાઓથી થયો હતો. વ્રજભાષા અગાઉ પણ વ્રજમંડળમાં પ્રચલિત હતી, પરંતુ ભાષાનો નમણો સૌંદર્યસભર વળાંક અષ્ટસખાનાં પદોએ આપ્યો.

કૃષ્ણદાસજીનો સમયગાળો સંવત ૧૫૫૩ થી સંવત ૧૬૩૬ની આસપાસનો મનાય છે. એમનું જીવનચરિત્ર પણ અન્ય અષ્ટસખા કવિઓની જેમ જ જુદી જુદી કથાઓ દ્વારા ઉપલબ્ધ થાય છે. એમાં કેટલી પ્રમાણિત એની પ્રતીતિ ખાસ થતી નથી. કૃષ્ણદાસજીના સ્વભાવ વિષે, વર્તન વિષે, અહં વિષે ઘણીઘણી ચર્ચાઓ સાંભળવા મળે છે. પરંતુ એમાંય વિસંગતિઓ ઘણી છે.

નાભાજી–કૃત "ભક્તમાલ"માંથી કૃષ્ણદાસ વિષે જે માહિતી મળે છે એ આ પ્રમાણે છે :

શ્રી વલ્લભ ગુરૂદત્ત, ભજન–સાગર, ગુન આગર ।
કવિત નૌખ નિરદોષ, નાથ સેવા મ નાગર ॥
બાનિ બંદિત વિદુષ, સુજસ, ગોપાલ અલંકૃત ।
વ્રજ રજ અતિ આરાધ્ય, બહૈ ધારી સર્વસ્વ ચિત્ત ॥
સાંનિધ્ય સદા હરિદાસવર્ય, ગૌર સ્યામ દઢ વ્રત લિયૌ ।
ગિરિધરન રીઝી કૃષ્ણદાસકોં, નામમાંઝ સાઝૌ કિયો ॥

નાભાજીના મતાનુસાર કૃષ્ણદાસજી એક સદ્‌ગુણી, સેવાપરાયણ ઉચ્ચ કોટિના ભક્તકવિ હતા.

ધ્રુવદાસ–કૃત "ભક્તનામાવલિ"માં પણ કૃષ્ણદાસના લૌકિક ચરિત્રની વાત મળતી નથી.

"શ્રીવલ્લભ–દિગ્વિજય"માંથી જાણવા મળે છે કે સૂરદાસજીને ગૌઘાટ પર શરણે લઈને ગૌઘાટથી ગોવર્ધન જઈ રહ્યા હતા ત્યારે મથુરા ખાતે વિશ્રામઘાટ પર કૃષ્ણદાસને શરણે લીધા. (નવલકથામાં રસપ્રવાહને અનુકૂળ રહે એ માટે કૃષ્ણદાસને શ્રી વલ્લભે ગોકુળમાં ઠકરાણીઘાટ પર શરણે લીધાનો પ્રસંગ આલેખ્યો છે.)

ગો. હરિરાયજીના સંશોધન પ્રમાણે કૃષ્ણદાસ બાલ્યાવસ્થાથી જ ભગવદ્‌–ભક્તિમાં આસક્ત હતા. ૮૪ વૈષ્ણવ અને ભાવપ્રકાશમાં ગંગા ક્ષત્રાણીની ઘટનાના

વિવરણ પરથી કૃષ્ણદાસના ચારિત્ર્ય પર શંકા જાય છે. વાર્તામાં તો કૃષ્ણદાસ અને ગો. વિઠ્ઠલનાથજી વચ્ચેના વૈમનસ્યના કારણે થયેલા ગજગ્રાહની વાત દ્વારા બતાવવામાં આવ્યું છે, તો અન્ય સ્થળે આ જ પ્રસંગમાં અનુચિત સંબંધની વાત ઘુસાડી દેવામાં આવી છે.

સ્થળ અને કાળનો વિચાર કરીએ તો અનુચિત સંબંધની વાતની ઘડ મનમાં બેસતી નથી, કારણ કે હરિરાયજી–કૃત ભાવપ્રકાશમાં ગંગા ક્ષત્રાણી શ્રી ગુસાંઈજીના શરણે કૃષ્ણદાસ થકી આવ્યાં ત્યારે એમની ઉંમર ૫૫ વર્ષની આશરે હતી, જ્યારે કૃષ્ણદાસ અને શ્રી ગુસાંઈજી વચ્ચેના ઘર્ષણ સમયે ગંગાબાઈની ઉંમર ૭૦ વર્ષની આસપાસની હતી. કૃષ્ણદાસનું વહીવટી દાક્ષિણ્ય, ભક્તિભાવના તેમજ સાંપ્રદાયિક નિષ્ઠા એટલાં દૃઢ હતાં કે કૃષ્ણદાસજી વિઠ્ઠલેશ પ્રભુ દ્વારા પ્રશંસા પામ્યા હતા. કૃષ્ણદાસ અગર ચારિત્ર્યમાં શિથિલ હોત તો સંપ્રદાયની પ્રારંભિક અવસ્થામાં જ અધિકારીપદે શ્રી વલ્લભ બેસાડત નહીં. શ્રી ગુસાંઈજી પણ કૃષ્ણદાસ વિષે એક પ્રસંગે કહે છે કે–

"કૃષ્ણદાસને તીન બાત અચ્છી કરી. એક તો અધિકાર કિયૌ સો ઐસો કિયૌ જો ફેરિ ઐસૌ ન કરૌ. દૂસરે, કીર્તન કિયો સૌ ઐસો અદ્‌ભુત કિયૌ, ઔર તીસરે શ્રી આચાર્યજી મહાપ્રભુ કે સેવક હોય કે સેવાહુ ઐસી કરી જો કોઉ ન કરેગૌ."

શ્રી કૃષ્ણદાસજીની રચનાઓ છૂટાછવાયા ગ્રંથોમાં નજરે પડે છે. એ ગ્રંથો છે જુગલમાન ચરિત્ર, ભ્રમરગીત, પ્રેમતત્ત્વ, ભક્તમાલ ટીકા, વૈષ્ણવવંદન, બાની, પ્રેમરસરાસિ, હિંડોરાલીલા, દાનલીલા ઇત્યાદિ, જેમાં કેટલાક તો પદસંગ્રહોના સ્વરૂપે જ છે. સૂરદાસની જેમ એમના જમાનામાં કૃષ્ણદાસો પણ ઘણા થઈ ગયા. આ બધામાં પુષ્ટિસંપ્રદાયના કૃષ્ણદાસ એમનાં કુષ્ટ–પદોથી અન્ય કૃષ્ણદાસોથી જુદા પડે છે અને સમર્થ કવિ તરીકે એમનું સ્થાન સિદ્ધ કરે છે.

જ્યાં સુધી કૃષ્ણદાસની રચનાઓ સાથે સંબંધ છે ત્યાં સુધી એક વાત તો નિઃશંક એમનાં પદોના અભ્યાસ પછી કહી શકાય કે એમનાં પદો ભાવ અને કલાનાં શિખરો સર કરી ચૂક્યાં છે.

ભગવાન શ્રી કૃષ્ણની લીલાને એમણે એમનાં પદોમાં ભાવભીના પ્રવાહમાં પ્રક્ષાલિત કરીને ગાઈ છે.

સૂરદાસ ઇત્યાદિ અષ્ટસખા કવિઓની શૃંગારપ્રમુખ વર્ણશૈલીનું જે પ્રાધાન્ય હતું તે જ વર્ણશૈલીનાં દર્શન કૃષ્ણદાસનાં ખાસ કરીને પ્રિયા–પ્રીતમની છબી, વેણુગાન, રાસનું મુગ્ધ વર્ણન ઇત્યાદિ પદોમાંથી મળે છે. જ્યાં જ્યાં ભક્તિભાવમાં લીન થઈ પોતાની જાતને – પોતાના સર્વસ્વને ભૂલી જઈને આરાધ્યદેવ શ્રીકૃષ્ણ પર એમનું સર્વસ્વ ન્યોછાવર કરી દે છે એ કવિની રચનાઓમાં ઉત્કૃષ્ટ ભાવોની સૃષ્ટિ આપોઆપ ખડી થઈ જતી હોય છે. સૂરદાસ, કુંભનદાસ ઇત્યાદિ અષ્ટસખા કવિઓની કૃતિઓ પર દૃષ્ટિ પડતાં જ આ વાતની પ્રતીતિ થઈ જાય છે. ભક્તકવિઓની આ જ તો વિશિષ્ટતા છે કે દુનિયાદારીના બધા જ સંબંધોથી મુક્ત એવી વિલક્ષણ મુક્તિ, મસ્તીના

સરોવરમાં કવિઓની ડૂબીને શબ્દમૌક્તિકો – વિચાર–મૌક્તિકો પ્રગટ કરતા રહ્યા છે. કૃષ્ણદાસનાં સમયસમયના ઉત્સવોનાં દર્શનનાં પદોમાંથી જોવા–અનુભવવા મળે છે. કૃષ્ણદાસ અને અન્ય સપ્ત સખાઓ – અષ્ટછાપ કવિઓ શ્રીજીના અંતરંગના સખાઓ હતા. શ્રીજીને એમના વગર અને સખાઓને શ્રીજી વગર ચેન નહોતું પડતું. કૃષ્ણદાસના ઉત્સવના સમયનાં પદોથી આ નિજીભાવ આનંદ, શ્રદ્ધા અને ભક્તિથી છલકાતો રહ્યો છે. અષ્ટસખાઓ ઉત્સવ કે સમાસમાનાં દર્શનની ક્ષણોમાં એવા તો ભાવવિભોર થઈ પદો રચતા હતા કે સામાન્ય ભાવક પણ અદ્‌ભુત રસના સરોવરમાં ડૂબી જવાની લાગણી અનુભવતા હતા. કૃષ્ણદાસસનું સંગીતનું જ્ઞાન અન્ય સખાઓના પ્રમાણમાં વધુ હતું. રાગરાગિણી, શબ્દોની સૂરમાં મિલાવટ અને સ્વરસાધનાનું સંપૂર્ણ જ્ઞાન ધરાવતા કૃષ્ણદાસજીની રચનાઓ ગીત વાદ્ય તેમજ નૃત્યકલાના વિશિષ્ટ ગાનથી સભર હતી. એમનાં પદોમાં રહેલું માધુર્ય સંગીતનાં રાગરાગિણીઓથી દીપી ઊઠતું. કૃષ્ણદાસ આમ પણ રંગીન મિજાજના આદમી હતા. અધિકારી હોવાના કારણે વેષભૂષા, અલંકાર, વસ્ત્રો, ઇત્યાદિનું પણ એમનું જ્ઞાન અગાધ હતું. કૃષ્ણદાસે રાસલીલાનાં પદો દિલ ખોલીને–લીલામાં આત્મસાત્ થઈને લખ્યાં છે. રાસલીલાના આ જીવ "કૃષ્ણદાસ"ને સૌ કોઈ લલિતાસખીજીના સ્વરૂપે માનતા હતા...એમનાં પદોમાં સજીવારોપણનો ભાવ નીખરી આવે છે. એ સંદર્ભમાં દાનલીલાનું આ પદ જુઓ :

એક હી હાથ ટેકૌ ઠાઢી,
દધિ મથનિયા સિસ લિએ

કૃષ્ણદાસનાં પદોમાં સમાજનાં વિવિધ રૂપોનું સુંદર ચિત્રણ પ્રગટ થાય છે. એમનાં પદોમાં રહેલાં સાંસ્કૃતિક તત્ત્વોનો અભ્યાસ એ આજના યુગની તાતી જરૂરિયાત લાગે છે....

કૃષ્ણદાસજી મંદિરના કાર્યમાંથી પરવારીને શ્રીમદ્ ભાગવત, શ્રીમદ્ ભગવદ્‌ગીતા, રામાયણ, મહાભારત તેમજ પુરાણો, ઉપનિષદો, વેદોનો અભ્યાસ કરતા રહેતા. પરિણામે સમાજમાં, સંપ્રદાયમાં એક પ્રતિભાસંપન્ન, કાવ્ય, સંગીત, નૃત્ય ઇત્યાદિના પ્રખર અભ્યાસી અને વિદ્વાન કવિ તરીકે પ્રતિષ્ઠા પામ્યા હતા. કૃષ્ણદાસ ભલે શ્રીજીબાવાના મંદિરના વહીવટકર્તા – અધિકારી રહ્યા, પરંતુ એ કલાપારખુ જીવ હતા. જ્યાં જ્યાંથી એમણે સારી વસ્તુઓ – પછી એ સામગ્રીના સ્વરૂપમાં હોય કે પછી આગ્રાની નમણી કલાકાર ગણિકાના સ્વરૂપમાં હોય, પરંતુ "મારા શ્રી ગોવર્ધનનાથને ગમશે" – મારા શ્રી વલ્લભ–વિઠ્ઠલ શ્રીજીબાવાના સુખના વિચાર સાથે સમર્પિત થયેલી વસ્તુઓને સ્વીકારશે, એવી દઢ શ્રદ્ધાથી એ વસ્તુઓ પ્રાપ્ત કરતા અને શ્રીજીબાવાને ચરણે ધરી દેતા. કૃષ્ણદાસના આવા અનન્યભાવને શ્રી વલ્લભનંદન બરોબર પારખી ગયા હતા, અને એટલે જ તો કૃષ્ણદાસજી "ગણિકા"ને આગ્રાથી શ્રીજીબાવા સમક્ષ એનું કલાપ્રદર્શન કરવા લઈ આવ્યા ત્યારે થોડાક ચોખલિયા વૈષ્ણવોએ ખળભળાટ મચાવ્યો હતો, પરંતુ શ્રી ગુસાંઈજી દ્વારા એ શમી ગયો હતો અને સત્યનો–નિષ્ઠાનો–સમર્પણનો વિજય થયો હતો.

ભક્ત, કવિ અને કીર્તનકાર એવાં ત્રણેય રૂપ એકધારા સ્વરૂપે કૃષ્ણદાસના સમગ્ર તનમાં વહેતાં હતાં. કૃષ્ણદાસની રચનાઓમાં ભાવસમૃદ્ધિ, કાવ્યસમૃદ્ધિ અને ભક્તિસમૃદ્ધિનાં સાચાં દર્શન થાય છે.

એમની કાવ્યમાધુરી કોઈ રસવતી નાયિકા યેન કેન પ્રકારે સર્વત્ર વિસ્તરેલા પ્રેમરસને પામી છકીને એના રસાધિપતિ નાયક શ્રી કૃષ્ણની રૂપમાધુરી રૂપે કેવી સરસ રીતે નીચેની પંક્તિઓમાં ઊભરે છે :

ગ્વાલિની કૃષ્ણ દરસ કોં અટકી
બાર બાર પનઘટ ચલિ આવતિ, સિર જમુનાજલ મટકી
મનમોહન કૌ રૂપ સુધાનિધિ, પીવત પ્રેમરસ ગટકી
કૃષ્ણદાસ ધનિ ધન્ય રાધિકા લોકલાજ પર પટકી

આવા કૃષ્ણદાસને સમજ્યા વગર આપણા લોકોએ લૌકિક વ્યવહારની ભ્રમિત આંખોનાં પડળે જોઈ ઘણો જ અન્યાય કર્યો છે અને એમના ભાવાત્મક ભક્તિસ્વરૂપને પામવામાં આપણે ઊણા ઊતર્યા હોઈએ એવું ઘણીવાર લાગે છે.

કૃષ્ણદાસ એક એવી શ્રી વલ્લભસંપ્રદાયની સંનિષ્ઠ, તન મન અને વચનથી શ્રી ગોવર્ધનનાથજીને સમર્પિત થઈ ચૂકેલી વિભૂતિ હતી કે જેને નાણવામાં આપણે સૌ વામણા પડયા છીએ. કૃષ્ણદાસ એક એવા શ્રી વલ્લભના, શ્રી વલ્લભનંદનના સેવાભાવી, કર્તવ્યપરાયણ, નિષ્ઠાવાન સેવક હતા કે એમના નામની ગાદી આજે પણ પહેલાં શ્રી ગિરિરાજજીમાં અને આજે નાથદ્વારામાં કૃષ્ણભંડારમાં છે અને શ્રીગોવર્ધનનાથજીના મંદિરના અધિકારીપદે એમનું નામ ઉજ્જવળ કરી ગયા છે. શ્રીગુસાંઈજી જેવી વિભૂતિ એમના માટે આજ્ઞા આપી ગયા છે કે "सर्व कृष्णसदासस्याज्ञायां स्थातव्यम्"–કૃષ્ણદાસની આજ્ઞા પ્રમાણે થાઓ એવા આદેશ શ્રીગુસાંઈજી આપી ગયા છે. આજે પણ નાથદ્વારામાં કૃષ્ણભંડારમાં એમની બેઠક પર કોઈ બેસતું નથી, વંદન કરે છે.

શ્રીવલ્લભકૃપાથી અને મારા યુવાન મિત્ર શ્રીગોપાલભાઈની સતત લાગણીભરી માગણીથી "અષ્ટસખા અભિયાન લેખનયજ્ઞ"નું આ ચતુર્થ પુષ્પ ગુજરાતની મારી વાચકસૃષ્ટિ પાસે સાદર કરતાં આનંદ અને સંતોષની લાગણી અનુભવું છું. મારા આ કાર્યમાં સદાય માર્ગદર્શક–પ્રેરણારૂપ રહેલા જ્ઞાનવૃદ્ધ એવા શ્રી વલ્લભકુળના પૂ.પાદ ગો. ૧૦૮ શ્રી "શ્યામુ"બાવા, પૂ.પાદ ગો. ૧૦૮ શ્રી ચન્દ્રગોપાલજી મહોદય, પૂ. વિદુષી વ્રજલતાવહુજી મહોદયા, પૂ. વિદુષી નિકુંજલતા દીદી, પૂ. પાદ ગો. મિલનબાવા, પૂ.પાદ ગો. ૧૦૮ રસિકરાયજી મહોદય, પૂ.પાદ ગો. ૧૦૮ શ્રી વાગીશબાવા ઇત્યાદિ ગોસ્વામી બાળકોનો, પૂજનીય મિત્રો શ્રી હરિભાઈ કોઠારી, ડૉ. સર્વેશ વોરા, ડૉ. ગૌતમ પટેલ, "બ્રોકર"સાહેબ, શ્રી ભોગીભાઈ શાહ, યોગેશ પટેલ તેમજ મારાં કુટુંબીજનો – વિશેષતઃ વડીલ બંધુ / ભગિની તેમજ બનેવીનો આ ક્ષણે મારી સર્જનપ્રવૃત્તિમાં આપેલા પરોક્ષ / અપરોક્ષ

માર્ગદર્શન અને ઉત્સાહના યોગદાનને સ્મરી આભારની લાગણી વ્યકત કરું છું. અને ઘરની ચાર દીવાલો વચ્ચે જ નહીં પણ હૃદયમાં વસતા મારા અંતરંગના કુટુંબીજનો અ.સૌ. નિર્મળા, ચિ. દિવ્યેશ, આશા, ચિ. અલકેશ તેમજ દૂરદૂર અમેરિકામાં વસતી મારા પુષ્ટિસંપ્રદાય સાહિત્યના સર્જનમાં ઉત્કટ રસ ધરાવતી દીકરી ઉન્મેષા, જમાઈ સુનીલ અને વહેલી સવારે "દાદા જયશ્રીકૃષ્ણ"ના ટહુકાથી વાતાવરણને ભરી દેતી મારી દૌહિત્રીઓ ચિ. નિયતિ, તન્વિષા, દૌહિત્ર ચિ. હર્ષ તેમજ પૌત્રો ઈશિત, સૌમિલ અને ઢીંગલી ઋત્વિષાની ગ્વાલમંડળીને પણ સ્મરી લઉં છું.

શ્રી વલ્લભની, શ્રી વલ્લભપરિવારની, સ્વજનો–સન્મિત્રોની પ્રેમવર્ષા વરસતી રહે અને મારા વિશાળ વાચકવર્ગના પ્રતિભાવો મળતા રહે તેવી શુભ આશા અને "જય શ્રીકૃષ્ણ" સાથે વિરમતો–

– જશવંત મહેતા

નંદાભુવન : બ્લોક નં ૧૫,
બજાજ રોડ, વિલેપાર્લે (પશ્ચિમ)
મુંબઈ ૪૦૦૦૫૬

ણી વ્યક્ત કરું છું.
ા મારા અંતરંગનાં
કેશ તેમજ દૂરદૂર
ઉત્કટ રસ ધરાવતી
ીકૃષ્ણ"ના ટહુકાથી
., દૌહિત્ર ચિ. હર્ષ
ંડળીને પણ સ્મરી

ની પ્રેમવર્ષા વરસતી
ી શુભ આશા અને

– જશવંત મહેતા

અ-નુ-ક્ર-મ

૧. કબાડી બાપનો પુણ્યશાળી દીકરો / ૧૫
૨. 'હરિનો લાડલો હરિને ગોતવા હાલ્યો' / ૨૨
૩. 'આપણી ભવભવની ઓળખ છે' / ૨૯
૪. 'શ્રી વલ્લભ પતિત ઉધારન જાનો' / ૩૫
૫. રાજા ઠાકુરના અધિકારી કૃષ્ણદાસ / ૪૧
૬. કૃષ્ણદાસે શ્રીજીબાવાનું સુખ જોયું / ૪૬
૭. કૃષ્ણદાસ અષ્ટસખા-મંડળીમાં સ્થાન પામ્યા / ૫૫
૮. કૃષ્ણદાસ કર્મદોષનું ફળ પામ્યા / ૬૩
૯. કૃષ્ણદાસ મંદિર છોડી ગયા / ૬૮
૧૦. કૃષ્ણદાસે અધિકારીપણું કરી દેખાડ્યું / ૭૬
૧૧. શ્રીવિઠ્ઠલેશના હૃદયની ઉદારતા / ૮૩
૧૨. પરમ કૃપાળું શ્રીવલ્લભનંદન / ૯૨
૧૩. લીલાની જીવ લીલામાં પ્રવેશ્યો / ૯૮
૧૪. કૃષ્ણદાસનો કવિ તરીકેનો ગર્વ ગાળ્યો / ૧૦૭
૧૫. શ્રી વૃષભાન-નંદિની નાચત લાલ ગિરિધરન સંગ / ૧૧૩
૧૬. પુષ્ટિમાર્ગની સેવારીતિના મર્મજ્ઞ કૃષ્ણદાસ / ૧૧૮
૧૭. કૃષ્ણદાસ કૂવામાં પડી ગયા / ૧૨૨
૧૮. કૃષ્ણદાસનો પ્રેત યોનિમાંથી ઉદ્ધાર / ૧૨૫

શ્રી કૃષ્ણદાસજી

નામ : કૃષ્ણદાસ
જ્ઞાતિ : કણબી પાટીદાર (પટેલ)
જન્મ સમય-સ્થાન : સંવત, ૧૫૫૪ ચિલોતરા (ગુજરાત)
નિકુંજલીલા સંબંધી સખાનામ : ઋષભસખા
નિકુંજલીલા સંબંધી સખીનામ : લલિતાસખી
શરણાગતિ-સમય અને સ્થળ : સંવત ૧૫૬૭, વિશ્રામઘાટ, મથુરા
દીક્ષાગુરુ : શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી
ભક્તિ : સંયોગાત્મક તામસ સખ્યભક્તિ
સ્વરૂપાસક્તિ : શ્રી મદનમોહનજી
શૃંગારાસક્તિ : મુકુટ
પ્રભુના શ્રીઅંગમાં સ્થાન : ચરણારવિંદ
શ્રી ગિરિરાજજીમાં અધિકૃત દ્વાર : બિલછુકુંડ
પ્રભુની મુખ્ય લીલામાં આસક્તિ : રાસલીલા
કીર્તન સમય : શયન
ભાવનો મનોરથ : રાસ
લીલામાં કોનાં સહચરી : શ્રી ચંદ્રાવલીજી
લીલામાં રંગ-વર્ણ : ગૌર
લીલામાં કુંજ : હીરાકુંજ
લીલા સંબંધી ઋતુ : શરદઋતુ
અષ્ટછાપની સ્થાપના વખતે ઉંમર : ૪૮ વર્ષ
રચનાઓ : કૃષ્ણસાગર (લગભગ સાતસો પદો)
કીર્તનમાં છાપ : કૃષ્ણદાસ, કૃષ્ણદાસનિ
અભ્યાસ, રુચિ પ્રવીણતા વિગેરે : પ્રારંભિક અભ્યાસ, વ્યવહારકુશળ, સાચા બોલા, પાછળથી વ્રજભાષા અને ગાનવિદ્યા શીખ્યા
દેહાવસાન-સમય અને સ્થળ : સંવત ૧૬૩૮, પૂંછરી પાસેના કૂવામાં
ભૂતલ પરની સ્થિતિ : ૮૪ વર્ષ
સ્મૃતિસ્થળ : બિલછુકુંડ અને પૂંછરી પાસે કૂવો

લ)
રા (ગુજરાત)

ઘાટ, મથુરા
પ્રભુજી
ખ્યભક્તિ

સાતસો પદો)

વહારકુશળ,
વ્રજભાષા અને

પાસેના કૂવામાં

પાસે કૂવો

૧. કબાડી બાપનો પુણ્યશાળી દીકરો

ગામને પાદર સારી એવી હલચલ મચી ગઈ હતી. પનઘટની પાળે ઊભી ઊભી કૂવામાંથી પાણીડાં સીંચતી, ગુજરાતના ખેડા જિલ્લાના ચિલોતરા ગામની પનિહારીઓ માથે હેલ મૂકતી, ઠમકઠમક ચાલે ચાલતી...લાલિયા વણજારાની ઊંટોની પીઠ પરથી ખાલી થતા માલસામાનના કોથળાઓ, નાનીમોટી પેટીઓ સામે નજર નાખતી ગામમાં હસતા ચહેરે પ્રવેશતી.... "આ લાલિયોબાપુ આ વખતે તો પોઠોની પોઠો ભરીને માલસામાન લાવ્યો છે ને શું ?"–બોલતી જતી હતી.

"જામનગરની બાંધણી, પાટણનાં પટોળાં, અમદાવાદના મણિયારાના ચૂડલા, ભુજ–માંડવીના ભરતકામના ચાકળા....રંગબેરંગી બંગડીઓ, ચૂડીઓ...બાકી આ બે દી હટાણું કરવાની એયને "મોજું" આવશે, મારી બાઈ !" બીજી પનિહારી–સીમના પનઘટની બાજુની ખુલ્લી જમીનમાં ઠલવાતા માલસામાન અને બંધાતી રાવટીઓ પર નજર કરતી બોલી....

ગામના રંગીલા રસીલા યુવાનો, બોખા મોઢામાં બજર ઘસતા વૃદ્ધો...અને રમકડે રમતાં બાળકો પણ લાલિયા વણજારાની ઠલવાતી માલ–સામગ્રી પર લાલચુ નજર નાખતા ઘેરો વળી ઊભાં હતાં. થોડાની હણહણાટી, ઊંટોનાં ભાંભરડાં અને રંગબેરંગી વસ્ત્રોથી આભૂષિત એવા લાલિયા વણજારાનો પરિવાર પણ હોંશેહોંશે ગામલોકોને નવીનવી વસ્તુઓ દેખાડતો, માલનાં દામ કહેતો જતો હતો.

"એ આવો આવો, મુખી બાપલા, પધારો ! ''

પનઘટની દિશામાંથી પચાચેક વર્ષના ગામના જાજરમાન મુખીને એના બેત્રણ હજૂરિયા સાથે આવતા જોઈ લાલિયો, એના હાથમાંની પેટીને પીપળાના વૃક્ષ નીચેના ચોતરા પર મૂકતો મુખીને આવકાર આપતો ધસી આવ્યો.

"આવો આવો, વણજારા શેઠ, આજ કાંઈ ચ્યમ આમનું આવવાનું થયું, બાપલા !'' – મુખી વણજારા શેઠને ભેટી પડતાં ચારે તરફ નજર ઘુમાવતા બોલી ઊઠ્યા...

"આ માથે દિવાળીના દિવસો આવે છે. એયને આ વષે તો તમારા વિસ્તારમાં મેઘરાજાએ પણ મહેર કરી છે તે મબલખ પાકેય ઊતર્યો છે....બાદશાહ સલામતની પણ રહેમનજર છે. તો થયું કે હાલો...ચિલોતરા ગામે મુકામ નાખીએ." લાલિયો વણજારો બોલ્યો.

"સારું કર્યું, વણજારાશેઠ....અમારે લાયક કાંઈ કામકાજ હોય તો કે'જો. એયને અમારા ગામને પાદર કાલથી ભરી દ્યો બજાર ને આજુબાજુનાં ગામોમાં ડંકા વગાડતા તમારા આવ્યાની જાણ કરો...એટલે આજુબાજુના ગામેતી હટાણે હાલી નીકળે..." બોલતાં મુખીની શિયાળ–નજર રેશમી વસ્ત્રોથી આભૂષિત એવી... પીપળાના ચોતરા પર મૂકેલી ચારપાંચ પેટીઓ પર ગઈ. મુખીની આંખો ચાર થઈ...

"બાપુ.....આ રંગબેરંગી રેશમી વસ્ત્રોમાં વીંટાયેલી પેટીઓમાં શું છે ?"

મુખી સાથે એની આંગળીએ આવેલો બારતેર વર્ષનો બાળક મુગ્ધભાવે પેટીઓ સામે નજર કરતો બોલી ઊઠયો. એ એનો દીકરો "કૃષ્ણો" હતો....

નાજુક શરીર, નમણો ચહેરો, કપાળમાં તિલક, ગળામાં માળા અને આંખોમાં રમતી ભગવાન કૃષ્ણની નિર્દોષ ભકિત....... મુખીનો દીકરો બચપણથી જ ગામને પાદર, પનઘટની બાજુમાં આવેલા રાધાકૃષ્ણના મંદિરમાં રમતો હોય, નીતનવાં પદો ગાતો હોય...મંદિરમાં રાધાકૃષ્ણની મૂર્તિનાં દર્શન કરતાં જ આનંદવિભોર બની એના ભેરુઓ સાથે..."ગોપાલકૃષ્ણ...રાધેકૃષ્ણ"ની ધૂન બજાવતો નાચતો હોય....ગામની શેરીમાં નાનામોટા બાળકો સાથે....માખણલીલાની રમત ખેલતાં કૃષ્ણાએ સજીધજીને હાથમાં લાકડી અને માથે પાઘડી પહેરીને ગામ બહાર જતા પિતાનો હાથ પકડતા પૂછ્યું :

"બાપુ, ક્યાં હેંડયા ?"

"હેંડવું સે ? ગામને પાદર વણજારા આવ્યા છે."

"હેંડવું સે...આવું ?"

— અને પિતાની આંગળી પકડી બાળક કૃષ્ણો ચાલી નીકળ્યો...

સંધ્યાના રંગોની મનભાવન લીલા આકાશમાં વિસ્તરી રહી હતી. પંખીઓ માળામાં પાછાં ફરતાં મધુર કલરવથી...ચારે દિશાઓને એમના મીઠા સૂરોની ચાદર ઓઢાડી રહ્યા હતા. પનિહારીઓ પાણીના ઘડૂલા માથે મૂકી ગામમાં જઈ રહી હતી. ખભે હળ અને હાથમાંની રાશ ખેંચતા બળદને ડચકારા મારતા ખેડૂતો ખેતરથી પાછા ફરી રહ્યા હતા. થોડેક દૂર ખળખળ વહેતી વાત્રક નદીના પ્રવાહનો અવાજ વાતાવરણને સંગીતમય બનાવી રહ્યો હતો.

દીકરાનો પ્રશ્ન સાંભળી મુખીનાં ભવાં સંકોચાયાં.

"વણજારા શેઠ ! " મુખી બોલ્યા.

"બોલો, શેઠ ! "

"આ હાંચવીને રહેજો...આજકાલ રાતવરત મહી અને વાત્રકનાં કોતરોમાંથી લૂંટફાટ કરવા લુંટારાઓ ઊતરી પડે છે...."ગરથ" હાર્યે હંભાળીને રાખજો...આમ તો કાંઈ "ભો" જેવું નથી. લખમણ પગીના માણસો ફરતા જ રહેશે....પણ મારા ભૈ, જાગતા રે'વું હારું," મુખી બોલ્યા.

"હોવે હોવે....મુખી...હવે હુંગાપાણી કરીને જાવું છે કે વણજારણના રોટલા ખાઈને મોડી રાતે નીકળવું છે ?" લાલિયા વણજારાએ ગામના મુખીને વિવેક કર્યો.

"વણજારા શેઠ...તમ તમારે ઠરીઠામ થાવ..લાંબો પંથ કાપીને આવ્યા હશો, એટલે થાક્યા પણ હશો. અલ્યા કૃષ્ણા...હાલ્ય આ ઠંડીમાં ઝટ ઘરભેગા થઈ જઈએ....રામરામ !"

"રામરામ...બાપલા !"

"વણજારા દાદા....જયશ્રીકૃષ્ણ...ગોપાલકૃષ્ણ !" કૃષ્ણો હાથ જોડતો બોલ્યો.

ાઓમાં શું છે ?"
બાળક મુગ્ધભાવે
ગ્રો" હતો....
.ળા અને આંખોમાં
રપણથી જ ગામને
। હોય, નીતનવાં
જ આનંદવિભોર
બજાવતો નાચતો
ાની રમત ખેલતાં
ગામ બહાર જતા

ાકળ્યો...
ડી હતી. પંખીઓ
ીઠા સૂરોની ચાદર
ગામમાં જઈ રહી
ા મારતા ખેડૂતો
નદીના પ્રવાહનો

ત્રકનાં કોતરોમાંથી
ને રાખજો...આમ
હેશે....પણ મારા

ણજારણના રોટલા
ખીને વિવેક કર્યો.
ીને આવ્યા હશો,
ઝટ ઘરભેગા થઈ

ાથ જોડતો બોલ્યો.

"અરે મારા બાળારાજા, તમે તો બહુ નાની ઉંમરે ભગત બની ગયા છો ને શું ?" લાલિયો વણઝારો અહોભાવભરી નજરે કૃષ્ણાને ઊંચકી લેતો બોલી ઊઠયો.

"દાદા...જય શ્રીકૃષ્ણ બોલો ?" કૃષ્ણો હસીને બોલ્યો.

"જય શ્રીકૃષ્ણ, મારા બાળારાજા, આવ્યા જ છો તો આપણા ડાકોરના રણછોડરાયજીનો પ્રસાદ લેતા જાવ...બાળારાજા !"–વણજારો બોલ્યો.

"પરસાદ....મારા પ્રભુનો પરસાદ...દાદા, લાવો, પરસાદ લાવો.... અમારો તો જનમારો સુધરી ગયો...."– કૃષ્ણો બોલ્યો.

"મુખીબાપા..છોકરાને ખરો નાની ઉંમરમાં ભગત બનાવી દીધો છે ને શું....તમારું નામ ઉજાળશે દીકરો..." લાલિયો વણજારો ભાવભર્યા સ્વરે બોલી ઊઠયો અને કૃષ્ણાને તેમજ મુખીને ડાકોરના રણછોડરાયજીનો પ્રસાદ આપ્યો.

"હવે હાલ્ય ઝટ..આ અંધારું થઈ ગયું..."– કહેતો મુખિયો કૃષ્ણા સાથે એના ઘરે પહોંચી ગયો. રસ્તામાં આખી વાટ એની આંખો સામે માલમલીદાથી ભરેલી ત્રણચાર રેશમી વસ્ત્રોથી વીંટાળેલી પેટીઓ જ રમતી રહી....

ઘરે પહોંચતાં વાળુપાણી પતાવીને મુખિયાએ રાતનાં ભજન એના આંગણે શરૂ કર્યાં...આજુબાજુનાં ગામના કાંટિયાવરણની વસ્તીના લોકો રોજ રાત્રે કાયાનું કલ્યાણ કરવા બે ઘડી ભજનો ગાવા અને સાંભળવા આવતા. ભજનમંડળીમાં નાનકડો કૃષ્ણો હાથમાં નાનકડાં ઝાંઝ–ખાવાજ લઈ ભાવવિભોર બની એની કાલીકાલી ભાષામાં ભજનો ગાતો અને કયારેક આવશેમાં આવી નાચવા માંડતો.

રાતના અગિયારેક વાગ્યે ભજનો પૂરાં થયાં એટલે કૃષ્ણો એની નાનકડી ઓરડીમાં બારી પાસે પાથરેલી પથારીમાં રામનામ ને કૃષ્ણનામ લેતો સૂઈ જતો.

ગાઢ રાત્રીનો અંધકાર...તમરાંનો અવાજ...નાનકડી ઓરડીમાં બારી પાસે પાથરેલી પથારીમાં ઊંઘવાનો પ્રયત્ન કરતો કૃષ્ણો અમાસની રાતના અંધારામાં આકાશમાં ચમકતા તારલાઓની સૃષ્ટિને નીરખતો હતો...ત્યાં જ ડેલીએ કશીક હલચલ થતી કાન પર પડી.

"કિચૂડ...." અવાજ સાથે અંધકારમાં ડેલીનું બારણું ખૂલ્યું. ડેલીની સામે જ કૃષ્ણાની ઓરડી હતી. કૃષ્ણો ચમકયો. આટલી મોડી રાત્રે તે વળી કોણ આવ્યું હશે ? હજી આગળ વિચારે ત્યાં તો એના આશ્ચર્ય વચ્ચે ડેલીની ડોકાબારીમાંથી એક ડોકું બારીમાં પ્રવેશ કરતું દેખાયું. ફાનસના અજવાળે ચહેરો દેખાયો અને કૃષ્ણો હેબતાઈ ગયો. એના મોઢામાંથી "ચીસ" પણ ન ઊઠી....આખુંય દશ્ય એની આંખો સામે રચાઈ ગયું.

"ઑમ...અંદર આવ કાળિયા..." કૃષ્ણો ચમકી ગયો, એટલું જ નહીં પણ હેબતાઈ ગયો.

ચરોતર પંથનો "કાળિયો કાકો" એની મૂછોના થોભિયાને મરડતો ડોકાબારીમાંથી ઘરમાં પ્રવેશ કરી રહ્યો હતો.

"એ જયશ્રીકૃષ્ણ, બાપલા...આપણા ભગતરાજા સૂઈ ગયા કે શું ?"

કાળિયાએ એના વિષે એના બાપાને પૂછ્યું એ ગમ્યું નહીં. કાળિયો "પાપિયો" હતો....લોકોને લૂંટીને પૈસા પડાવતો હતો. ચોરી, લૂંટ, બળાત્કાર, દાદાગીરી....બધા જ અવગુણોનો ભંડાર હતો. ગામનો ઉતાર કાળિયો અને એવા જ "ઉતાર" હતા એના પિતા.

રાતદિવસ પ્યાર કરતા પિતાના જાકુબી ધંધાથી કૃષ્ણો પરિચિત જ નહીં દુઃખી પણ હતો. પિતાનાં કુકર્મોની યાદી દિનપ્રતિદિન વધતી જતી હતી....કૃષ્ણાને સતત એક જ પ્રશ્ન સતાવતો હતો કે–

"આ પિતા...હવે આથમતી ઉંમરે પાપનાં પોટલાં શું કામ બાંધતા હશે ? શું કામ કાળિયા જેવા ચોરોને સવાર પડયે ઠુંગો–પાણી કરાવતા હશે ?"

કાળિયાના અડધી રાતના અસૂરા આગમનનું રહસ્ય – બાપના જાકુબીના ધંધાનો જાણકાર કૃષ્ણો જાણી ગયો.

સાંજના પીપળાના વૃક્ષ નીચેના ઓટલા પર ગોઠવાયેલી રેશમી કાપડમાં વીંટાળેલી ચારપાંચ વજનદાર પેટીઓ કૃષ્ણાને યાદ આવી ગઈ.

"કાળિયા..."–પિતાનો ઘેરો ગંભીર ધીમો અવાજ સરવા કાન કરીને પથારીમાં અર્ધાપર્ધા બેઠા થઈ ગયેલા કૃષ્ણાને સંભળાણો.

"બોલો, ગુરુ ! "

"લાલિયા વણજારાની પોઠો પાદરમાં પડી છે." 'મુખી પિતા બોલ્યા.

"મેં જોઈ."

"લાલિયો આ વર્ષે આખા મલકમાં પાક સારો થયો છે, તે એનો માલ વેચી સારી એવી ગરથ ગાંઠે બાંધીને આવ્યો છે."

"બાપુ...ઈ તો એની પીપળાના ચોતરે પડેલી ચારપાંચ પેટીઓ જોઈને જ ખબર પડી ગઈ..." કાળિયો બોલ્યો.

"ઈ અશરફીઓથી છલકાતી પેટીઓ મહીનાં કોતરોમાં ગારદ કરી દે, કાળિયા ! તારો ભાગ તને મળી જશે."

"હારું, બાપુ.....જેવો હુકમ.....મહીનાં કોતરો કરતાં, બાપલા, આ તમારા ઘરની પછીતના વાડામાં જ દાટી દેશું. નજર સામે સારી....." કાળિયો બોલ્યો.

મુખીએ હસીને....."જા ફતેહ કરીને આવ, કાળિયા" કહી ગામના ઉતાર ચોરટાને વિદાય આપી.

કૃષ્ણો એના બાપની વાતને મૂંગે મોઢે, કકળતા હૈયે સાંભળી રહ્યો. એક ક્ષણ પૂરતું તો બાપ ઢોલિયે પડી ઊંઘતો થાય, એટલે વાડી ઠેકી લાલિયા બાપુને જઈને "સાબદા" કરવાનું મન કૃષ્ણાને થઈ ગયું...પરંતુ બીજી જ ક્ષણે કાળઝાળ પિતાનો ક્રૂર ચહેરો આંખો સામે ખડો થઈ ગયો અને "રાધેકૃષ્ણ...ગોપાલકૃષ્ણ" ધૂન મનોમન રટતો ટૂંટિયું વાળી પથારીમાં આડો પડયો. એને ઊંઘ આવતી નહોતી.

કલાકેક પછી ડેલીનું બારણું ધીમેથી ખખડયું. શિયાળવા જેવો અવાજ કાને પડયો. ઘેઘૂર રાતના અંધકારમાં થોડીક હલચલનાં વમળો ઊઠ્યાં...

ચોકમાં ખાટલામાં સૂતેલા મુખી જાગી ગયા. એક ખોંખારો ખાધો. કૃષ્ણો તો જાગતો જ હતો. આજની રાતે એની નિંદર વેરણ થઈ હતી. મુખી પિતાએ ફાનસની શગ સંકોરીને એક હાથમાં ફાનસ અને બીજા હાથમાં લાઠી લઈ, ધીમેકથી "ડોકાબારી" ખોલી.

"મુખી, ચોંપ રાખો...ડેલી ખોલો...માલ લાવ્યો છું." કાળિયાનો કર્કશ અવાજ કૃષ્ણાને કાને પડયો.

મુખીએ ઝડપ કરીને બારણું ખોલ્યું. બારણું ખૂલવાનો કિચૂડ અવાજ એક ક્ષણ પૂરતો વાતાવરણમાં ઊઠયો અને બીજી જ પળે નીરવ શાંતિ પ્રસરી ગઈ.

ચાર જુવાનો ખભા પર એકએક ભારેખમ પેટી લઈને મુખીના મકાનના પાછલા ભાગમાંના વાડામાં ઘૂસી ગયા. મુખી અને કાળિયો પણ પાછળપાછળ ગયા. ચોરપગલે કૃષ્ણો પણ પથારીમાંથી ઊભો થઈ ધડકતા દિલે જરા પણ અવાજ ન થાય એટલી સાવચેતી સાથે કાળિયા અને એના પિતાની પાછળપાછળ વાડા તરફ ગયો.

મુખીના વિશાળ મહાલય સમા મકાનની પાછળ સારી એવી ખુલ્લી જગ્યા હતી. દીવાલથી સુરક્ષિત એવા વાડામાં આંબા, આંબલી અને બીજાં કેટલાંય વૃક્ષો ઊગ્યાં હતાં. કાળિયાની સલાહ પ્રમાણે ચારેય પેટીઓને પીપળાના વૃક્ષ નીચે ખાડા ખોદી સાવધાની–પૂર્વક જમીનમાં ગારદ કરી દેવામાં આવી. જમીન સમથળ કરી નાખવામાં આવી...વાડામાં જવાના બારણાની આડશમાં ઊભા ઊભા બાર વર્ષના કૃષ્ણાએ પિતાની આખીય પાપલીલાને કકળતા જીવે જોઈ...અને ઝડપથી બારણા પાછળથી સરકીને ચૂપચાપ એની પથારીમાં જઈને ધડકતા દિલે થોથવાતા સ્વરે "રાધેકૃષ્ણ.....ગોપાલકૃષ્ણ" બોલતો બોલતો પથારીમાં પડયો. બાકીની રાત પડખાં ફરતાં, કણસતા અવાજ સાથે જાગતાં જાગતાં કકળતા હૈયે કાઢી. અંતરમાં પિતાને આવાં પાપાચારનાં કર્મોથી કેમ છોડાવવા....તેનો વિચાર એના અંતરમાં ઘોળાતો જ રહ્યો. એકનો એક પેલો સમસ્ત માનવજાત માટેનો પ્રશ્ન અંતરમાં સળવળતો જ રહ્યો...

"શા માટે ? કોના માટે પિતા આ બધાં પાપનાં પોટલાં બાંધતા હશે ?

"લૂંટાઈ ગયા ! બરબાદ થઈ ગયા...મુખી...અમે તો લૂંટાઈ ગયા !" પૂર્વ દિશામાં હજી તો સૂર્યનાં કિરણોની પ્રથમ ટશરો ફૂટતી હતી, ત્યાં તો મુખીની શેરીમાંથી અવાજો ઊઠયા...મુખી ચહેરા પર લુચ્ચું મરકલું રમાડતા...ચહેરા પર દંભનો કલપ લગાડતા એમની ડેલીની બહાર આવ્યા ત્યારે...

"મુખિયા...અમારી બધી જ કમાણી, બધી જ મિલકત અડધી રાત્રે લૂંટારાઓ લૂંટીને નાસી છૂટયા...અમે બરબાદ થઈ ગયા...ખાવા ધાન નથી રહ્યું...એ બધી જ પેટીઓ લૂંટીને એ બધા મહી–વાત્રકનાં કોતરોમાં ભરાઈ ગયા....મુખી...ચોરને ઝબ્બે કરી...અમારી મિલકત પાછી અપાવો !" લાલિયો વણજારો....શેરીઓ ગજાવતો, લૂંટારાઓને મોંફાટ ગાળો દેતો, ઘડીએ ઘડીએ મુખીને સંબોધતો એના સમગ્ર પરિવાર સાથે મુખીના આંગણે આવી પહોંચ્યો.

"મુખી...મુખી...." લાલિયો વણજારો બોલતો જ રહ્યો.

"શાંત થાવ..વણઝારા શેઠ...મને ખબર પડી કે તમારે ત્યાં રાતના લૂંટારા ત્રાટક્યા હતા...મેં તમને સાંજના ચેતવ્યા હતા, પરંતુ તમે વાત કાને ધરી નહોતી. પરંતુ હવે તમે ધરપત રાખો..આપણે "કાળિયા ચોર"ને ધરતીના કોઈપણ ખૂણેથી પકડી લાવીશું. તમારાં પાઈ–પૈસા ભેગાં કરી દેશું." મુખી બોલ્યા. પથારીમાંથી આંખો ચોળતો કૃષ્ણો પરસાળમાં આવીને ઊભો ઊભો પિતાની દંભી વાણી સાંભળતો લાલિયા વણજારા સામે જોઈ રહ્યો. વણજારાની આંખોમાંથી અશ્રુધારા વહેતી હતી. એનું હૃદય દ્રવી ઊઠ્યું. કૃષ્ણો ધીમેકથી બોલ્યો :

"બાપુ !"

"શું છે ?"– પિતાએ છાસિયું કરતાં કહ્યું.

"મુખી....તમે ચોરને પકડાવી દ્યો...મારી તેર હજાર અશરફીઓ પેટીઓમાં હતી.....ચોર બધી પેટીઓ લૂંટી ગયો..."

"વણજારા શેઠ....તમે મુકામે પહોંચો; હું લખમણ પગીને ચારપાંચ સિપાહી સાથે ચોરને શોધી કાઢવા દોડાવું છું...તમતમારે નિરાંતે શિરામણમાં રોટલા ખાવ, ત્યાં લખમણ પગી ચોરને તમારી તેર હજાર અશરફી સાથે લઈને તમારા મુકામે આવી પહોંચશે."– મુખીએ હૈયા–ધરપત દઈને વણજારાને વળાવ્યો.

"બાપુ..." કૃષ્ણો ફળિયામાં આવતો બોલી ઊઠ્યો.

"શું છે ?" મૂછે તાવ દેતા ગામના મુખી – કૃષ્ણાના પિતા બોલ્યા.

"બાપુ....આ વણજારાકાકાને શા માટે આટલો બધો વલોપાત કરાવો છો ? પસીનાની કાળી મજૂરી કરી, ગામગામ ભટકીને વણજારાકાકાએ આટલી અશરફી ભેગી કરી છે, એ તમારે હડપ કરી જવી છે ? એમને એમની અશરફીઓ પરત કરી દ્યો, બાપુ...બચાડા જીવની આંતરડી કકળાવી મારા ભગવાનનો અપરાધ માથે ન વહોરો !"

"શેની અશરફી...શી વાત છે...તું શું કહે છે, કૃષ્ણા ?" અજાણપણાનો ઢોંગ રચતા મુખી બોલી ઊઠ્યા.

"બાપુ, કાલ રાત્રે પેલા કાળિયા કાકા તમારી સૂચનાથી અર્ધી રાત્રે વણજારાકાકાને લૂંટી, લૂંટનો માલ આપણા વાડામાં ખાડો ખોદી મૂકી ગયા છે એની હું વાત કરું છું." કૃષ્ણો બોલ્યો.

"અહીં કોઈ લૂંટનો માલ લાવ્યું નથી...તારો એ ભ્રમ છે, છોકરા !"

"બાપુજી, આ પરસાળની પાછળના વાડામાં ખાડો ખોદી તમે રોકડ રકમ, ઘરેણાં, ઝવેરાત બધું જ દાટ્યું છે એની વાત કરું છું. બાપુ, મનખ્યા – દેહ મળ્યો છે, કેટકેટલાં જનમજનમાંતર પછી.... આમ ચોરી–ચપાટી અને આવાં પાપકર્મોમાં ગુમાવી ને ધન પર અજગર બની બેસો નહીં, બાપુ ! મારો કાળિયો દેવ રાજી નહીં થાય !"

"જા જા હવે, તને કાંઈ સમજણ પડે નહી ને શું બડબડ કર્યા કરે છે ?

. રાતના લૂંટારા
ને ધરી નહોતી.
કોઈપણ ખૂણેથી
ા. પથારીમાંથી
ી વાણી સાંભળ
મશ્રુધારા વહેતી

ીઓ પેટીઓમાં

ારપાંચ સિપાહી
ાં રોટલા ખાવ,
તમારા મુકામે
ો.

ા બોલ્યા.
ત કરાવો છો ?
ાટલી અશરફી
શરફીઓ પરત
. અપરાધ માથે

અજાણપણાનો

ી અર્ધી રાત્રે
ગયા છે એની

છોકરા !"
ે રોકડ રકમ,
. — દેહ મળ્યો
વાં પાપકર્મોમાં
દેવ રાજી નહીં

કર્યા કરે છે ?

અહીં વાડામાં કાંઈ દાટ્યું નથી. શું કળજગ આવ્યો છે ! દીકરો ઊઠીને બાપને ચોર, લૂંટારો ઠરાવે છે ! કાળું કર...મારી સામેથી દૂર હટ !" મુખી ગુસ્સામાં બોલી ઊઠ્યા.

"બાપુજી, તમને પાપના પંથેથી પાછા વાળવા છે. બાપુજી....તમે વણજારાની ચોરીનો માલ પાછો આપી દ્યો, બાપુ, પાછો આપી દ્યો.. "કકળતી વાણી ઉચ્ચારતો કૃષ્ણો બોલી ઊઠ્યો.

અને એ જ ક્ષણે નાદાન દીકરાની વાણી સાંભળી, પિતાએ બાજુમાં પડેલી લાકડીનો સીધો ઘા કૃષ્ણા પર કર્યો અને ગુસ્સામાં બરાડી ઊઠ્યો :

"મને ગનાન આપવાવાળો તું કોણ ? મૂરખ છોકરા, આવું નહીં કરું તો રાત–દી તમને બધાંને રોટલા ક્યાંથી લાવીને ખવરાવીશ...ચાલતો થા મારા ઘરમાંથી ! પેટમાં ભૂખ લાગશે ને ત્યારે જોઉં છું કે, તારો કયો કાળિયો ઠાકર તને શું ખવડાવે છે ! નીકળ મારા ઘરની બહાર...અને ખબરદાર જો મોઢામાંથી એક હરફ પણ આ બાબતમાં ઉચ્ચાર્યો છે તો..." અને બાવડું ઝાલીને બાપે દીકરાને ઘરની બહાર કાઢી મૂક્યો.

કૃષ્ણો એક ખૂણામાં વિષાદભર્યા ચહેરે ઊભો રહ્યો.

એ જ અરસામાં લાલિયો વણજારો ફરી એક વખત ધા નાખતો મુખીના ઘરે આવ્યો....ત્યારે મુખીએ ગુસ્સામાં એને ધમકાવતાં, "તારા પૈસા ચોર ઉપાડી ગયો...તે તારાં નસીબ...અમે શું કરીએ ? લખમણ પગીને કહ્યું છે...ચોર પકડાશે એટલે તને બોલાવશું–" કહી કાઢી મૂક્યો.

રડતા–કકળતા વણજારાને જોઈ રસ્તા પર ખૂણામાં ઊભેલા કૃષ્ણાથી આ જોવાયું. એના હૈયાને ભારે ધક્કો પહોંચ્યો. મનમાં કશોક નિર્ણય લઈ એણે વણજારાને હાક મારી.

"વણજારાકાકા...તમારો માલસામાન, ઝવેરાત લૂંટનારા ચોરે એ બધું મારા પિતાના મકાનની પાછળના વાડામાં દાટ્યું છે. હું મુખીનો દીકરો છું....તમે રાજનગર જઈ બાદશાહને ફરિયાદ કરો...તમારો માલસામાન બધો મળી જશે."

વણજારો કબાડી બાપના કોમળ પુણ્યશાળી દીકરા સામે એકીટશે જોઈ રહ્યો.

૨. 'હરિનો લાડલો હરિને ગોતવા હાલ્યો'

"બેટા, તું સાચું કહે છે ?"

લાલિયા વણજારાએ પીપળાની છાયામાં સૂનમૂન ઊભેલા કૃષ્ણાને પૂછ્યું.

"હા, કાકા.....મેં મારી નજરે જોયું છે...તમે રાજનગર અબઘડી જાવ ને બાદશાહ સલામતને ફરિયાદ કરજો...અને તમારે સાક્ષીની જરૂર પડશે તો હું બાદશાહ સલામત પાસે ગવાહી આપીશ."

"અલ્યા છોકરા....તું શું બોલે છે, તેનું તને ભાન છે ? સગા બાપ પર તું ચોરીનું આળ મૂકે છે ? તારો બાપ એટલે ગામનો મુખિયો...બાદશાહ સલામતે એને ગામની વસ્તીનું રક્ષણ કરવા મુખિયો બનાવ્યો છે...એ ઊઠીને આવાં કાળાં કામ કરે ? તારી ભૂલ તો નથી થતી ને, કૃષ્ણા ?"

"વણજારાકાકા, મારા બાપાનો જતી ઉંમરેય પૈસાનો મોહ જાતો નથી. રાતવરત લોકોનાં ઘરમાં, સીમમાં, ખેતરોમાં, રસ્તે જતા વટેમાર્ગુઓ પર કાળિયાકાકાની ટોળી આગળ ધાડ પડાવી, ચોરી કરાવી, લૂંટફાટ કરાવી, ધન ભેગું કરી અમારા વાડામાં દટાવી દે છે. કાળિયાકાકાને એનો ભાગ આલી દે છે...એટલે કાળિયો કાકોય રાજીના રેડ ! ઈ આ જાકુબીના ધંધામાં પાકો થઈ ગયો છે...."

"અચ્છા...પણ તું સાક્ષી આપવા આવીશ તો તારો બાપ તને વઢશે નહીં ? મારશે નહીં ?" વણજારાને હજી નાનકડા કૃષ્ણાની વાત પર ભરોસો બેસતો નહોતો.

"વણજારાકાકા....આ મારા બાપુને આવા લૂંટફાટ ને જાકુબીના, પાપના ધંધા પરથી મારે પાછા વાળવા છે...ઘરમધ્યાનમાં એમના જીવને જોતરવો છે...જાતી ઉંમરે કાયાનું કલ્યાણ કરી જાય એવું કરવું છે....માણહ એની હાર્યે, કાકા, કાંઈ જ નથી લઈ જવાનો...અભરે ભરેલું રાચરચીલું....છૈયાંછોકરાં...સગાંસંબંધી ....બધાંને આંહીં મેલીને જ જવાનું છે, કાકા...મરતી વેળા માણસની હાર્યે આવશે તો એના ઊજળાં કર્મો...કોઈકની ઠારેલી આંતરડીની દુવાઓ, મારા વહાલાનું નામ, ભક્તિનું ભાથું...કાકા...મારે મારા બાપાને આ બધું – સત્કર્મોનાં ભાથું– ભજનની વાણી અને તમ જેવા દુખિયાઓની દુવાઓથી બાપાનું હૈયું બુદ્ધિ અને હામ ભરી દેવાં છે....."

લાલિયો વણજારો બાર વર્ષના કૃષ્ણાની અમૃતવાણી સાંભળતો જ રહ્યો...એને મનમાં કૃષ્ણાની વાત પર વિશ્વાસ બેઠો...

મારતે ઘોડે એ રાજનગર પહોંચ્યો.

ભદ્રના કિલ્લામાં બાદશાહનો દરબાર ભરાયો હતો. એણે દરબારમાં જઈ બાદશાહ સલામતને કુર્નિશ બજાવીને એના લૂંટાઈ ગયેલા માલની...એ માલની ચોરી ને લૂંટ ચલાવનારા કાળિયા ભીલની વાત કરી...અને ફરિયાદ નોંધાવતાં કહ્યું :

"બાદશાહ સલામત, ચિલોતરા ગામનો મુખિયો ફાટીને ધુમાડે ગયો છે. માથે રહીને ભાંગતી રાત્રે કાળિયા ભીલ દ્વારા ગામમાં–સીમામાં ખાતર પડાવે છે...લૂંટફાટ અને ચોરી કરાવી બધુ જ ધન, બધો જ માલ એના મકાનની પાછળ આવેલા વાડામાં દટાવી, અજગરની જેમ ભરડો દઈને બધી જ મિલકત પર બેઠો છે...ગામને પાદર મારી પોઠો પડી છે. રાત–દીના રઝળપાટ પછીની કાળી મજૂરીની મહેનતથી કમાણી...અડધી રાત્રે મુખિયાના માર્ગદર્શન હેઠળ લૂંટાઈ ગઈ. અને મુખીએ એના જ મકાનની પછીતે આવેલા વાડામાં દાટી દીધી છે."

"કોઈ સાક્ષી ખરું, લાલિયા ?"

"જહાંપનાહ....એનો જ એકનો એક દીકરો કૃષ્ણો... બાર વરસના છોકરાએ અડધી રાત્રે એની સગી આંખે લાલિયાને લૂંટ ચલાવવાનો અને બધો જ લૂંટનો માલ પોતાને ત્યાં વાડામાં ધરબી દેવાનો હુકમ કરતો સાંભળ્યો છે, એટલું જ નહીં પણ કલાક પછી ચાર ચાર પેટી ભરીને માલ માણસોને એના વાડામાં દાટી દેતા જોયા છે."

બાદશાહને પણ આશ્ચર્ય થયુંઃ સગો દીકરો ઊઠીને બાપની ચોરી પકડાવી દે!

"સેનાપતિજી... અબ ઘડી એ છોકરાને મારી સામે હાજર કરો. આવા કળજુગમાં આવા પાક અને નેક બાળકો હજી આપણી ધરતી પર છે એનો મને ગર્વ છે."

"આલમપનાહ... મારો માલ ચોરને ઝબ્બે કરી, મને સુપરત કરાવો, છોકરાના બાપને સજા કરો, પણ એના પર શારીરિક જુલમો ન ગુજારતા. એના દીકરાનું કોમળ હૈયું દુભાશે. હું પણ એ કાળિયા લુંટારા અને મુખિયાને મારી અશરફીઓ મળી જાય એટલે છોડી દેવાની વિનંતી કરું છું, જહાંપનાહ....."

રાતોરાત બાદશાહના થોડાક ચુનંદા સૈનિકોએ ચિલોતરા ગામે જઈ મુખિયા અને વાત્રકનાં કોતરોમાં સંતાયેલા કાળિયા લૂંટારાને પકડી, બીજા દિવસે દરબારમાં હાજર કર્યા. નાનકડા કૃષ્ણાને પણ સૈનિકોએ સાથે લીધો.

રાજદરબાર હકડેઠઠ ભરાયો હતો.

સિંહાસન પર બાદશાહ બિરાજમાન થયા હતા. ગવાક્ષમાં પડદા પાછળ બેગમો પણ બાર વર્ષના દીકરા અને મુખિયા બાપના લૂંટના કિસ્સાનો ન્યાય સાંભળવા બેઠી હતી. રાજનગરના કાજીએ આરોપી મુખિયાનો કેસ ચલાવ્યો. નાનકડા કૃષ્ણાએ એની જુબાનમાં દર્દભર્યા સ્વરે કીધું :

"જહાંપનાહ... આરોપી મારા વત્સલ વડીલ પિતા છે, ચિલોતરા ગામના મુખિયા છે. જીવ માયામાં ભેરવાણો છે, એટલે આવા ધંધા સૂઝે છે. તેમણે ભૂલ કરી છે. આજ પણ અમારા મકાનના વાડામાં વણજારાકાકાની લૂંટનો માલ તેમજ તેર હજાર અશરફી અને જર–ઝવેરાત દટાયેલાં પડયાં છે. બાપુજીએ એક હજાર અશરફી કાળિયા ભીલને એની મહેનત પેટે ચૂકવી છે. બધી મિલકત વાડાના ખાડા ખોદી પાછી મેળવી વણજારાકાકાને આપી દ્યો અને મારા વૃદ્ધ પિતાને કે જેમને

આવાં કાળાં કરમો પ્રત્યે નફરત આવી ગઈ છે એમને મુક્ત કરી, પવિત્ર – સમ્માનનીય જિંદગી જીવવાની એક તક આપો."

"મુખી, સંભળાય છે તમારા દીકરાની વાત ?" – કાજીમિયાંએ પૂછ્યું. મુખિયો એ પળ પૂરતો નીચું જોઈ ગયો. એના જીવને પસ્તાવો થતો હતો.

આંખો સામે બાર વર્ષ પહેલાંની એ વહેલી સવાર યાદ આવી ગઈ....

નાનકડા ગામના મુખીના ઘરમાં આનંદમંગલ છવાઈ ગયાં હતાં. જાતના કણબી અને ગામના મોભી એવા મહાનુભાવને ત્યાં વહેલી સવારે બાળક કૃષ્ણાનો જન્મ થયો. મુખિયાના આનંદનો પાર નહોતો. એ નાચતો ગાતો સમગ્ર સમાજમાં અને ગામમાં "કૃષ્ણ"ના જંન્મની ખુશાલી મનાવતો પરસાળમાં બેઠો બેઠો પેંડા વહેંચતો હતો. ગામના લોકો એને વધાઈ આપવા ઊમટ્યા હતા.

"બાકી, મુખી, છોકરાનું કપાળ તેજથી ભારે ચમકે છે !"

"મુખી, છોકરો ભાગ્ય લઈને આવ્યો છે !"

મુખીએ ગામના તરભાગોરને બોલાવ્યો. ખભેથી ખેસ અને સીધાસામાનથી ફાટફાટ થતી પછેડી ઉતારતા તરભાગોરને જોઈ "ગોરબાપા, આ છોકરાનાં જોશ ભાખી દ્યો, કુંડળી બનાવો અને દીકરાનું ભવિષ્ય કહો." મુખી બોલ્યા. પછેડીમાંથી ટિપ્પણી કાઢી અને પાનાં ફેરવતો એક પાના પાસે થંભી ગયો.

"મુખી, બાકી છોકરો બડો ભાગ્યશાળી આવ્યો છે. આ દુન્યવી દુનિયામાં કોઈક ઓલિયો ઊતરી પડ્યો હોય એવું એનું ભાગ્ય ચમકારા મારે છે."

"ભગવાન ઠાકરની ઇચ્છા, ગોરબાપા ! હવે આ છોકરાની કુંડળી કાઢી કેમનું છે એ કહો. દક્ષિણામાં ઘર ભરી દઈશ, તરભાગોર ! મારા દીકરાની કુંડળીમાં બેઠેલા બધા ગ્રહોનો ફળાદેશ કહો." મુખી ઉત્સાહભેર ગોરબાપાને દીકરાનું ભવિષ્ય પૂછી રહ્યા હતા.

આજે એનો આનંદ સમાતો નહોતો. વારેવારે મંછી દાયણના ખોળામાં બંધ આંખો સાથે સૂતેલા દીકરા સામું જોતા મુખીને જોઈ ગામના ઘરડાઓને ધ્રાસકા પડવા માંડ્યા :

"ક્યાંક આ મુખીનું હરખમાં ને હરખમાં ખસી ન જાય !"

પરંતુ મુખી તો દીકરાના ચમકતા લલાટ, વાંકડિયા વાળ, મસ્ત નિંદરમાં સમગ્ર વિશ્વને ભૂલી જતા એના ભોળા ચહેરાને જોવામાં જ મગ્ન હતા.

"મુખી, દક્ષિણા તમારા દિલમાં ઊગે એટલી આપજો. દખણાના ભોગે તરભાગોર તમને સારું લગાડે એવું ભવિષ્ય નથી ભાખતો. કુંડળીમાં વિધાતા જે લખી ગઈ હશે એ જ હું તમારી આગળ વાંચીશ."

"ગોરબાપા... જે કાંઈ હોય એ દિલ ખોલીને, કશુંય છુપાવ્યા વગર કહેજો." મુખી બોલ્યા.

"તો સાંભળો, મુખી ! આ તમારો દીકરો પૂર્વજન્મનો કોઈક યોગી આત્મા હશે. આ જનમે તમારો બેટો ભગવાનનો વ્હાલો દીકરો, મોટો ભગત થશે. પ્રભુનો

કરી, પવિત્ર –

મિયાંએ પૂછ્યું.
થતો હતો.
આવી ગઈ....
ાં હતાં. જાતના
બાળક કૃષ્ણાનો
સમગ્ર સમાજમાં
બેઠો બેઠો પેંડા

સીધાસામાનથી
છોકરાનાં જોશ
યા. પછેડીમાંથી

ન્યવી દુનિયામાં
રે છે."
ની કુંડળી કાઢી
મારા દીકરાની
બાપાને દીકરાનું

ા ખોળામાં બંધ
ડાઓને ધ્રાસકા

મસ્ત નિંદરમાં
હતા.
ખણાના ભોગે
માં વિધાતા જે

વગર કહેજો."

યોગી આત્મા
ત થશે. પ્રભુનો

લાડલો, વ્હાલાને રીઝવતાં અનેક ભજનો લખશે. કૃષ્ણના વહાલાનું નામ કૃષ્ણો...કૃષ્ણદાસ પાડજો, મુખી ! પણ...." કહેતાં ગોરબાપા અટકી ગયા.

"કૃષ્ણો....કૃષ્ણદાસ નામ રાખું ?"

"હા....કૃષ્ણદાસ નામ રાખજો...તમારે આંગણે ભક્તોનાં ટોળાં અને સંત–મહાત્માઓની હેલી ઊભરાશે. પણ...પણ....." કહેતાં તરભાગોર અટકી ગયા.

"ગોરબાપા...આમ ભવિષ્ય કહેતાં અટકી કાં જાવ છો ? મારા લાડલા માથે કાંઈ ઘાત.....કાંઈ અડચણ...કાંઈ તકલીફ....કાંઈ પનોતી છે કે શું ?... ગોરબાપા, ઝટ બોલો...મારો જીવ તાળવે ચોંટ્યો છે."

"મુખી...તમારો આ દીકરો તમારા ઘરમાં નહીં રહે. દસ–બાર વર્ષનો થતાં જ ઘર છોડી ચાલ્યો જશે."– તરભાગોર એકએક શબ્દ છૂટો પાડતા ચીપીચીપીને બોલી ઊઠ્યા.

"શું કહો છો, ગોરબાપા...ના...ના.... આવાં કાળજાં કોરી ખાય એવાં કહેણ ના ઉચ્ચારો.....મારો લાડલો મારું જ આંગણું ઉજ્જડ કરીને હાલ્યો જશે ! હોય નહીં, ગોરબાપા ! તમે દીકરાને નડતા ગ્રહોને શાંત કરવા જપ જાપ હોમ હવન જે ઠીક લાગે તે કરો, પણ મારો દીકરો...." મુખી આગળ બોલતા અટકી ગયા.......

"મુખી, સંભળાય છે દીકરાની વાત..." – કાજીમિયાં મુખિયાને ઉદ્દેશીને ફરી બોલ્યા.

"હેં...હેં...હા....હા..." ભૂતકાળના દરિયામાંથી ડૂબકી ખાઈ બહાર નીકળતો મુખિયો બોલી ઊઠ્યો.

"મુખી, જવાબ આપો. ગુનો કબૂલ કરો છો કે પછી જેલમાં નાખું ? બાદશાહ સલામતના સૈનિકો તમારા વાડામાંથી વણજારાની સંતાડેલી પેટીઓ બહાર કાઢી લઈ આવ્યા છે. તમારે એના બચાવમાં શું કહેવાનું છે ?"

"ગુનો કબૂલ કરું છું, જહાંપનાહ....મારા દીકરાએ આ પાપ કરતાં અટકાવ્યો હતો, પરંતુ મારી મતિ ભમી ગઈ હતી. અલખના ઓટલે બેસી ઈશ્વરનું ભજન કરતા મારા આ ભગત દીકરાનું મેં સાંભળ્યું નહીં. સત્તાના અભિમાનમાં મારો પગ કૂંડાળામાં પડી ગયો...જહાંપનાહ....વણજારાને એની બધી જ પેટીઓ અકબંધ પરત કરીશ અને ઉપરથી બાદશાહ સલામત જે કાંઈ દંડ કરશે એ પણ હું ચૂકવી દઈશ. મારો છુટકારો કરો, આલમપનાહ ! અને સત્કર્મોના પંથે જવાનો મને મારગ કરી દ્યો." – મુખિયો કરગરતા અવાજે બોલ્યો.

કાજીએ બાદશાહ સામે એક નજર કરી.

"કાજી, આ નાનકડા ખુદાના બંદાના બાપનો યોગ્ય ન્યાય તોળી, એને પાક ઇન્સાન બનવાનો એક મોકો આપો."

"જેવો આલમપનાહનો હુકમ." કહી કાજીએ એક નજર લાલિયા વણજારા પર, કિશોર કૃષ્ણા પર અને મુખિયા પર નાખી.

"વણજારા શેઠ, તમારી સાથે બાદશાહ સલામતના પચાસ સૈનિકો આરોપી મુખિયા સાથે મોકલું છું. મુખિયા, બાદશાહ સલામતે તમને ભવિષ્યમાં ખુદાનાં સત્કાર્યો કરવાનાં કરેલાં ફરમાનોનો અમલ જીવનમાં કરો. પાક ઇન્સાન બનો અને પ્રજાના કલ્યાણ અને રક્ષણના હિતેચ્છુ બનો. એ માટેની એક તક તમારા છુટકારા સાથે આપવામાં આવે છે. તમે વણજારાશેઠની બધી જ અકબંધ પેટીઓ પરત કરી, એની જાહેરમાં માફી માગો અને હાં, વિશેષ માફી તો તમારા આ દીકરાની માગજો કે જેણે પિતાપુત્રના સંબંધને ગૌણ ગણી, એક પાપ તમે કર્યું એની અમને જાણ કરી. અમે ધારત તો તમને બંદી બનાવી જેલમાં મોકલી શકત, પરંતુ તમારા આ પુણ્યશાળી – સત્કર્મી દીકરાની સિફારસથી તમને સારા માનવી બનવાની આલમપનાહે એક તક આપી છે, તો એ તક વેડફી ન નાખતાં એક સાચા મઝહબી ઇન્સાન બની તમારું નામ રોશન કરજો. અમારા અપરાધની સજારૂપે તમારું મુખિયાપણું તમારી પાસેથી છીનવી લેવામાં આવે છે, જેથી કરીને તમે એક સાદા, સીધા, સરળ ઇન્સાન બની શકો."

કાજીના હુકમ પ્રમાણે લાલિયા વણજારા અને કૃષ્ણા સાથે સૈનિકો મુખિયાને લઈ શિલોતરા ગામે પાછા ફર્યા. મુખીએ વાડીમાં છુપાવેલી બધી જ પેટીઓ લાલિયા વણજારાને પરત કરી, માફી માગી અને સૌને વિદાય કર્યા.

કૃષ્ણો એક ખૂણામાં પીપળાના વૃક્ષ નીચે સૂનમૂન બેઠો હતો. એના હૈયામાં પિતાની એનાથી થયેલી બદનામીનો રંજ ઘણો હતો.

વણજારાકાકાને તથા સૈનિકોને વિદાય કરી નતમસ્તકે મુખી ડેલીમાં પ્રવેશતા હતા ત્યાં જ કૃષ્ણાએ દોડીને પિતાના પગ પકડી લીધા.

"બાપુ...." એ બોલી ઊઠ્યો.

"દૂર હટ...બાપની ઇજ્જતના ધજાગરા કરી, હવે મને પગે લાગવા આવ્યો છો..." મુખી ગુસ્સે થઈ બોલી ઊઠ્યા.

"બાપુ, તમે વણજારાકાકાને એનું ધન પરત કર્યું એ ખૂબ જ સારું કર્યું હોં!"– કૃષ્ણો હોંશભર્યા અવાજે બોલી ઊઠ્યો.

"કૃષ્ણા, તેં ખૂબ જ ખોટું કામ કર્યું છે. "પિતૃદેવો ભવ"ની ભારતીય સંસ્કૃતિને તેં લાંછન લગાડયું છે. સગા બાપને ચોરમાં ખપાવી, ભર્યા દરબારમાં એની આબરૂના કાંકરા કર્યા !" મુખીનો ગુસ્સો ઓછો થતો નહોતો.

"બાપુ, તમે જેવું કર્મ કર્યું તેના ફળ રૂપે આ લોક અને પરલોક બન્ને બગડી જાત. આ પાપની ક્ષણે કદાચ હું મૂંગો રહ્યો હોત તો બાદશાહને ખબર ન પડત, પરંતુ તમારા અંધકારમય અંતરને ઉજાળતો દીવો પ્રગટાવવાનું મેં તો કામ કર્યું છે. બાપુ, શું ખૂટે છે તમારી જિંદગીમાં ? વાડી, વજીફા, ખેતર, ઘરબાર બધું જ છે... હવે તો આજે ભગવાને સામે ચાલીને મુખિયાપણું છોડવાનો – જાતી ઉંમરે ધરમધ્યાન કરવાનો મોકો આપ્યો છે, તો આ કાયાનું કલ્યાણ કરતા અવસરને વધાવી, ગરીબ– ગુરબાંને અન્ન આપો, કપડાં આપો અને મારા વ્હાલાનું શરણ

સૈનિકો આરોપી
વિષ્યમાં ખુદાનાં
ન્સાન બનો અને
તમારા છુટકારા
ટીઓ પરત કરી,
દીકરાની માગજો
મેની અમને જાણ
પરંતુ તમારા આ
ાનવી બનવાની
ક સાચા મઝહબી
સજારૂપે તમારું
તમે એક સાદા,

સૈનિકો મુખિયાને
પેટીઓ લાલિયા

તો. એના હૈયામાં

ડેલીમાં પ્રવેશતા

ગે લાગવા આવ્યો

ખૂબ જ સારું કર્યું

ભારતીય સંસ્કૃતિને
માં એની આબરૂના

ને પરલોક બન્ને
દશાહને ખબર ન
રવાનું મેં તો કામ
તર, ઘરબાર બધું
છોડવાનો – જાતી
શ કરતા અવસરને
રા વ્હાલાનું શરણ

લઈ આયખું સુધારી લ્યો, બાપુ, આયખું સુધારી લ્યો..." કૃષ્ણો બોલ્યો.

"આયખું સુધારી લ્યો, જનમ સુધારી લ્યો....! આ બધી કાળા પસીનાની કમાણી ભગતડા અને સાધુડામાં લૂંટાવી દ્યો ! – બોલ્યો મોટો ભગત...આ બધું લૂંટાવી દઈશ તો તમે બધાં ખાશો શું ?" મુખી બોલ્યા.

"બાપુ...વાલિયા લૂંટારાની વાત ખબર છે ?" કૃષ્ણો બોલ્યો.

"કોણ ઓલ્યો વાલિયો...લૂંટારામાંથી મોટો ઋષિ–માત્મા થઈ ગયો એ ને ?"

"હા બાપુ...આ તમે કો' છો ને કે લૂંટફાટથી, છેતરામણીથી, દાદાગીરીથી મેળવેલી આ બધી મિલકત, પૈસો, બધું કાળી મહેનત–મજૂરીનું છે. તો, બાપુ, સાચું કહું તો આ બધી કમાણી કાળી મહેનતની નહીં, પણ કાળાં કરતૂતોની કમાણી છે અને તમે કહો છો કે આ બધું હું તમારા માટે, કુટુંબ–પરિવાર માટે કરો છો. તો તમારાં આ પાપકર્મોના પણ ભાગીદાર બનવા કોઈ તૈયાર છે ? આ બધાં પાપો તમારા ખાતે જમા થાય છે – એમાં અમારા બધાનો કાંઈ ભાગ નથી હોં બાપુ....નારદમુનિએ વાલિયા લૂંટારાને 'તમારાં કાળાં કર્મોમાં પરિવારનાં સભ્યો ભાગીદાર છે કે નહીં', એ પૂછવા મોકલ્યો હતો – ત્યારે જેના પર એ લાગણીનો ધોધ વરસાવતો – પ્રેમ કરતો તે કુટુંબીજનોએ તો કહી નાખ્યું હતું કે અમે તમારાં પાપ– કર્મનાં ભાગીદાર શેનાં હોઈએ ? અને બાપુ, વાલિયા જેવા વાલિયાને આ વાત હૈયે ધરબાઈ ગઈ – સમજાઈ ગઈ અને દુનિયાનાં કહેવાતાં આ બધાં સગાં–સંબંધીઓ કેટલાં સ્વાર્થી છે એ જાણીને વાલિયા લૂંટારાએ કુહાડી–ફરસી મૂકી, તંબૂરો હાથમાં લીધો, વીણા હાથમાં લીધી અને વાલ્મીકિ ઋષિ બન્યો. બાપુ, પણ ઈ તમને નહીં સમજાય. દેહ પર જેટલો મેલ છે ને એનાથી લાખોગણો અંધકારનો, વાસનાનો, ધનપ્રાપ્તિનો મેલ લાગી ગયો છે કે ઈ પોપડા આ જનમમાં તો ઊખડે એમ નથી." કૃષ્ણો બોલ્યો.

"મેલને પૂલો તારા ઈ પોપડામાં, કૃષ્ણા...જોયો મોટો સતવાદી હરિશ્ચન્દ્રનો અવતાર...મફતના રોટલા વગર મહેનતે ખાઈને મોટો ગનાની બની ગયો છે, તે ખબર છે. ચાલ, નીકળ મારા ઘરમાંથી બહાર...એકબે દી ભૂખ્યા પેટે ભટકતો રહીશ ને, એટલે પછી સાચું ગનાન આવશે તારામાં, બાકી અત્યારે તો હાલતી પકડ મારા ગામની બહાર...." મુખિયો બોલ્યો.

કૃષ્ણો ખિન્ન વદને બાપ સામે એક ક્ષણ પૂરતો જોઈ રહ્યો. આવા દુરાચારી બાપના ઘરનો અનાજનો એક દાણો પણ ન ખવાય. એ જ ઘડીએ ઉઘાડે પગે, ધોતી અને કફની – પહેરેલાં કપડે – એ અલખના ઓટલેથી – અનહદનો નાદ પોકારતો ચાલી નીકળ્યો.

ચિલોતરા ગામના મોભી ગણાતા મુખિયાના દીકરાને ડેલે ભેગા થયેલા લોકો ફાટી આંખે બાપ–દીકરા વચ્ચેની સત્–અસત્‌ની લડાઈ જોતા રહ્યા. જમાનાની હવા બાપને ન લાગી હોય, એમ તુચ્છકારથી વિદાય થતા દીકરા સામે જોઈ રહ્યો.

ખભે થેલો, આંખમાં આંસુ, મોઢે ઈશ્વરના નામ સાથે હરિનો લાડલો

હરિને શોધવા ચાલી નીકળ્યો ત્યારે ગામને પાદર વહેતી વાત્રકના કાંઠે બેઠેલો એક ભજનિક ગાઈ રહ્યો હતો :

હરિનો લાડલો, હરિને ગોતવા હાલ્યો
હાલ્યો, હાલ્યોજી હરિને ગોતવા હાલ્યો
ઘન અંધારે, મેઘલી રાતે, એકલો અટૂલો હાલ્યો
હાલ્યો, હાલ્યોજી એકલો અટૂલો હાલ્યો
ભવાટવીની ભોમકાનો પંથી, ભારે હૈયે હાલ્યો
સંસારી માયાનો મૃગલો, ઘાયલ થઈને હાલ્યો
હરિનો લાડલો હરિને ગોતવા હાલ્યો
અગમનિગમની વાટે એ તો હરિને ગોતવા હાલ્યો
અંતરના એ અપૂજ દેવનો રૂદિયાનો પૂજારી હાલ્યો
હરિનો લાડલો હરિને ગોતવા હાલ્યો

૩. 'આપણી ભવભવની ઓળખ છે'

"અરે ભાઈ, તમે બધા આમ કઈ તરફ ચાલ્યા ?"

"ગોપાલ બોલો હરિ ગોવિંદ બોલો,
રાધારમણ હરિ ગોવિંદ બોલો"

આ ધૂનમાં મસ્ત એવા થોડાક હરિના લાડલાઓનો નાનકડો સંઘ ચિલોતરાના પાદરમાંથી પસાર થઈ રહ્યો હતો. એને બારેક વર્ષનો કિશોર ભાવપૂર્ણ હૃદયે પૂછી રહ્યો હતો. "ગોવિંદ બોલો – હરિ ગોપાલ બોલો"ની ધૂન ગજાવતી ભજન–મંડળી પીપળાના વૃક્ષ નીચે ઊભેલા કિશોર પાસે એક ક્ષણ પૂરતી અટકી.

"અરે ભાઈ....વ્રજભૂમિમાં ગિરિરાજજીની તળેટીમાં શ્રી ગોવર્ધનનાથજીનું પ્રાગટ્ય થયું છે....તે અમે લોકો એનાં દર્શને જઈએ છીએ." ભજનમંડળના મોવડીએ કહ્યું.

"હું આપની સાથે આવું ?...શ્રી ગોવર્ધનધરનાં દર્શનનો લ્હાવો તમારા સૌની કાનીથી–સહાયથી મળી જાય તો ભવ સુધરી જાય !"– નાનકડો કૃષ્ણો બોલી ઊઠ્યો.

"ભાઈ...તારે વ્રજભૂમિમાં આવવું છે ? તારી ઉંમર હજી નાની છે...રમવા–ભણવાના દિવસો છે તારા તો ! " ભજનમંડળીનો મોવડી બોલી ઊઠ્યો.

"વડીલ...નટખટ કૃષ્ણકનૈયાની લીલાનો સ્વાદ માણવા માટે, ભક્તિ કરવા માટે ઉંમર ન જોવાય, આસ્થા જોવાય...'ઓમ્ નમો ભગવતે વાસુદેવાય'નું મધુવનમાં ગુંજન કરતા ધ્યાનમગ્ન ધ્રુવની ઉંમર તો મારાથી પણ નાની હતી...ભક્ત પ્રહ્લાદ પણ બાળક જ હતા ને ? અલખને ઓટલે બેસી ઈશ્વરની આરાધના કરવા માટે વયની નહીં, લયની લગન હોવી જરૂરી છે...મુરબ્બી, આપ કૃપા કરી, મને આપની સાથે વ્રજના પંથે–ધરમના પંથે–કાયાનું કલ્યાણ કરતા મારગે...મારા પ્રભુની ભેટ કરવા લઈ ચાલો....વડીલ...." કૃષ્ણાએ કરગરતા અવાજે કહ્યું.

"ચાલ, ભાઈ, ભવનું ભાથું બાંધવા નીકળેલો તારા જેવો સંગાથ–ભેરુ ક્યાં મળવાનો હતો ?"

ગોપાલ બોલો હરિ ગોવિંદ બોલો
રાધારમણ હરિ ગોવિંદ બોલો

આ ધૂન સાથે કિશોર કૃષ્ણાએ સંઘ સાથે કૃષ્ણની લીલાભૂમિ તરફ પ્રયાણ આદર્યું...કૃષ્ણાના ઉત્સાહ અને આનંદનો પાર નહોતો. વ્રજભૂમિ–કૃષ્ણકનૈયાની બાળલીલા અને રાસલીલાની એ ભૂમિનું હૈયે બચપણથી જ આકર્ષણ હતું. બાળ કનૈયાની આ ક્રીડાભૂમિમાંથી ભારતીય સંસ્કૃતિ, ભારતીય સાહિત્ય, ભારતીય કલાઓ અને માનવમાત્રની શ્રદ્ધા અને આસ્થાની મહેક સદાય ફોરમતી હતી.

વ્રજમાં જઈ બધાં તીરથ કરવાની એક ભાવના વર્ષોથી કૃષ્ણાના હૈયામાં

ફોરતી કરી હતી. આજે એ ભાવના મૂર્તિમંત થવાની હતી.

"ગોવિંદ બોલો"ની ધૂન સાથે નાચતો–ગાતો, આનંદોર્મિથી છલકાતો સંઘ વ્રજમાં પ્રવેશ્યો ત્યારે કૃષ્ણાનું હૈયું વ્રજભૂમિનું સૌંદર્ય નિહાળી ઝૂમી ઊઠ્યું. વ્રજવાસીઓનાં ટોળેટોળાં રંગબેરંગી વસ્ત્રો, આભૂષણો, પહેરી નાચતાં–ગાતાં એક જ દિશામાં જઈ રહ્યાં હતાં.

"અરે, ભાઈ...તમે લોકો આમ આટલા આનંદથી નાચતા–કૂદતા ક્યાં જઈ રહ્યા છો ?"

મથુરાના વિશ્રામઘાટે સ્નાન કરી, યમુનાપાન કરી, યમુનામૈયાની પૂજા કરી, પ્રયાણ આદરતા, ભક્તિભાવથી રસતરબોળ એવા લોકોના સમૂહમાંના ભક્તજનોને કૃષ્ણાએ પૂછ્યું.

"અરે ભૈયા, ગિરિરાજજી મેં શ્રી ગોવર્ધનનાથજી કો પ્રાગટ્ય ભયો. હમ સબ લોગન દર્શન કે લિયે જાવત હ." – એક વ્રજવાસીએ કૃષ્ણાને કહ્યું. અને આનંદથી છલકાતો વ્રજવાસી ભાવવિભોર બની ગાઈ ઊઠ્યો :

"દેખ્યો રી મ શ્યામ સ્વરૂપ
વામ ભુજા, ઉંચો કર, ગિરિવર, દક્ષિન કર કટિ ધરે અનુપ
મુષ્ટિકા બાંધી અંગુષ્ટ દિખાવત સન્મુખ દષ્ટિ સુહાઈ
ચરનકમલ જુગલરાય ધરિકે કુજ દ્વાદશ મન લાઈ
અતિરહસ્ય નિકુંજ કી લીલા હૃદય સુરિરન કીજે"

"અરે, ભાઈ, ગિરિરાજજી ક્યાં આવ્યા...મને કોઈ લઈ ચાલો !" કૃષ્ણો ટોળામાં અથડાતો–કુટાતો પૂછી રહ્યો હતો.

"અરે ભૈયા, ગિરિરાજજી પર પ્રગટ થયેલા દેવદમનનું સ્વરૂપ જ એવું અનોખું છે કે આ બે નયનો એની ઝાંખી કરતાં થાકતાં નથી ! "

"શ્રી વલ્લભે કૃપા કરી, સુદર મંદિર બનાવી, આપણા શ્રી ગોવર્ધનનાથજીને પાટે બેસાડયા છે...."

"રોજ સવારસાંજ સૂરદાસ, કુંભનદાસ આપણા ગોવર્ધનધરને સરસ મજાનાં સુંદર પદો મધુર કંઠે સંભળાવી...રાજી કરે છે."

કૃષ્ણો વ્રજવાસીઓની વાતોના પૂરમાં તણાતો તણાતો ગિરિરાજજીની તળેટીમાં પહોંચ્યો અને ભવ્ય ગિરિરાજજીનાં દર્શન થતાં જ "ગિરિરાજધરણ કી જે.." કરતો દંડવતી શિલા પાસે ઢળી પડયો.

"વાહ, મારા ગોવર્ધનપ્રભુ...વાહ તમારી લીલા...આ બાળક તમારે શરણે આવ્યો છે...મારા નાથ...તમારા સાંનિધ્યમાં આ દેહને – ચિત્તને રાખજો, મારા નાથ..." કૃષ્ણાએ મંદિરમાં પ્રવેશતાં જ શ્રી ગોવર્ધનનાથજીને દડંવત્ કરતાં પ્રાર્થના કરી....એના વિરહપૂર્ણ હૃદયભીના શબ્દોથી મંદિરનું વાતાવરણ દ્રવિત થઈ ગયું.

શ્રી ગોવર્ધનનાથજીની રાજભોગની આરતી કરતા શ્રી વલ્લભનું ધ્યાન હૃદયની

. છલકાતો સંઘ
નિહાળી ઝૂમી
l નાચતાં–ગાતાં

કૂદતા કયાં જઈ

ાની પૂજા કરી,
ના ભક્તજનોને

ટ્ય ભયો. હમ
ાને કહ્યું. અને

સ્વરૂપ
અનુપ
સુહાઈ
લાઈ
કીજે”
ચાલો !” કૃષ્ણો

સ્વરૂપ જ એવું
”

ગોવર્ધનનાથજીને

ને સરસ મજાનાં

ગિરિરાજજીની
ારિરાજધરણ કી

ક તમારે શરણે
ચેત્તને રાખજો,
ને દડંવત્ કરતાં
ાતાવરણ દ્રવિત

તું ધ્યાન હૃદયની

આરઝૂ વ્યક્ત કરતા કિશોરાવસ્થાને ઉંબરે ડગ માંડતા મેલાઘેલા કૃષ્ણા પર પડી..

કૃષ્ણાની આંખોમાંથી ભક્તવત્સલ ભગવાનનાં દર્શનની ઝાંખી થતાં અશ્રુની ધારા વહેવા માંડી....ચહેરા પર પ્રસન્નતા હિલોળા લેતી હતી અને આંખો હર્ષાશ્રુથી છલકાઈ રહી હતી.

શ્રી વલ્લભની નજર ફરતી ફરતી શ્રી ગોવર્ધનનાથજી પર પડી...શ્રી ગોવર્ધનધર પણ એમનાથી જનમોજનમથી વિખૂટા પડેલા જીવને એમના સાંનિધ્યમાં આવેલો જોઈ હર્ષાન્વિત નજરે જોઈ રહ્યા હતા...ભક્ત અને ભગવાનનું આ તે કેવું અદ્‌ભુત મિલન...ચાર આંખોમાંથી આનંદનાં આંસુ ઊછળી રહ્યાં હતાં.

“આ જુઓ કૃષ્ણદાસ આવ્યો છે–” શ્રી વલ્લભના કાને શ્રી ગોવર્ધનનાથજીનો સૂર સંભળાયો. એ સૂરમાંથી પણ આનંદનાં ઝરણાં ફૂટ્યાં હતાં.

“હા, કૃપાનાથ !”

“આ ભવાટવીમાં મારાથી અલગ થઈ ગયેલા આ જીવને શરણે લ્યો, વલ્લભ !”

“કૃપાનાથ...આપની આજ્ઞા મુજબ જ થશે...કૃષ્ણદાસ..તું આવ્યો ?” શ્રી વલ્લભે એમનું મંદમંદ સ્મિત વેરતાં સાષ્ટાંગ દંડવતવસ્થામાં જમીન પર પડેલા કૃષ્ણદાસના ખભે હાથ મૂકતાં કહ્યું.

“કૃપાનાથ, આપ મને ઓળખો છો ? મારું નામ કૃષ્ણો...આપે મારું નામ ક્યાંથી જાણ્યું ?

“કૃષ્ણો નહીં.....કૃષ્ણદાસ...આપણી તો ભવભવની ઓળખ છે, કૃષ્ણદાસ....અને ઓળખ કરાવનારો...જુઓ મારો ગોવર્ધનનાથ આપણી સામે જ બિરાજે છે.....” શ્રી વલ્લભ બોલ્યા.

“પ્રભુ....તારી લીલા અપરંપાર છે....આ તારો ઊંચો ચયેલો હાથ, તારાથી વિખૂટા પડી ગયેલા અમ અભાગી જીવોને બોલાવે છે...અધમાધમના ઉદ્ધારક મારા ગોવર્ધનનાથની સેવામાં મારું ચિત્ત પરોવવાની કૃપા કરો...કૃપાનાથ, તમારે શરણે છું....”

“કૃષ્ણદાસ....આ સામે જલતરંગોથી હિલોળા લેતા રુદ્રકુંડમાં સ્નાન કરી જલદી મારા શ્રી ગોવર્ધનનાથજીના સાંનિધ્યમાં આવી જા... શ્રી ગિરિરાજધરણ, જો, કેવી કૃપાદૃષ્ટિ કરી રહ્યા છે !”

કૃષ્ણદાસ આનંદવિભોર બની ગયા. હૈયું હળવાશ અનુભવતું હતું. મંઝિલે પહોંચ્યાનો આનંદ હતો...પરિશ્રમનાં પ્રસ્વેદબિંદુઓ તો શ્રી વલ્લભ અને શ્રીગોવર્ધનનાથજીની શીતલ છાયામાં કયાંય ગાયબ થઈ ગયાં હતાં. શરીરમાં ચૈતન્ય હિલોળા લઈ રહ્યું હતું. કૃષ્ણદાસ રુદ્રકુંડમાં સ્નાન કરી શ્રી વલ્લભ પાસે પહોંચ્યા. પ્રથમ મિલને–દર્શને જ કૃષ્ણદાસના હૈયાને સાચા અને સારા ગુરુ મળી ગયાનો સંતોષ હતો, આનંદ હતો.

શ્રીવલ્લભે કૃષ્ણદાસને શ્રી ગોવર્ધનનાથજીની સન્મુખ બેસાડી નામ–સમર્પણ કરાવ્યું. કૃષ્ણદાસના મુખમાંથી સામે બિરાજતા શ્રી ગોવર્ધનનાથજીનાં દર્શન થતાં જ

પદ સરી પડયું :

ગોવર્ધનધારી લાલ નિત નવરંગ
નવવર વૃંદાવન, નવ ઘનશ્યામ તનુ
નવલરૂપ દેખત વિથકિત કુરંગ
અંગઅંગ નવલ કુટિ તટ, પીત પટ
નવલ ઘોષસુંદરી લીન્હેં પિય સંગ
કૃષ્ણદાસ પ્રભુ હરિ નવલ નવલ સીમા
નવલ નયન ચલ સુરત–તરંગ

શ્રી વલ્લભ પ્રસન્ન મુદ્રાએ કૃષ્ણદાસના મુખેથી પદ સાંભળી બોલી ઊઠ્યા :

"વાહ, કૃષ્ણદાસ....તારા હૈયામાંથી તો કાવ્યનાં ઝરણાં વહે છે ને શું ? મારા વ્હાલા ગોવર્ધનનાથને તારાં સરસ પદોથી રીઝવતો રહેજે."

"આપની કૃપાનું જ ફળ છે, કૃપાનાથ...." અને કૃષ્ણદાસે શ્રી વલ્લભને સંબોધીને સરસ પદ ઉપાડયું :

શ્રી વલ્લભ પતિત ઉદ્ધારન જાનો ।
સરનિ લેત, લીલા દરસાવત, તા પર ઢરત ગોવરધનરાનો ॥
સાધન વૃથા કરત, દિન ખોવત, શ્રી વલ્લભ કો રૂપ ન જાને ।
જાકી કૃપા કટાક્ષ સફલ ફલ "કૃષ્ણદાસ" તીનોં જનમ ન માને ॥

શ્રી વલ્લભ કૃષ્ણદાસનું પદ સાંભળી પ્રસન્ન થયા...

* * *

"કૃષ્ણદાસ !"

એક દિવસ વહેલી સવારે મંગલાનાં દર્શન કરતાં કૃષ્ણદાસના કાને અવાજ સંભળાયો.

"કૃપાનાથ...આજ્ઞા !"

કૃષ્ણદાસની સામે શ્રી વલ્લભ ઊભા હતા.

"શ્રી ગોવર્ધનધરની તારા પર અનોખી પ્રેમવર્ષા વરસી છે...."

"આપની જ કૃપાનું ફળ છે..." કૃષ્ણદાસ બોલ્યા.

"કૃષ્ણદાસ તું 'લીલા'નો જીવ છો...તને તું જાણ, તારામાં રહેલા આત્માને જાણ....નિકુંજલીલાનો તું દિવસનો ૠષભ સખા છો, તો નિકુંજલીલાની સખી–લલિતાજી–રાત્રીની સખી છો...તું બિલછુકુંડમાં નિવાસ કરજે...અને આપણા વ્હાલા ગોવર્ધનનાથજીને તું તારી ભક્તિ અને ભાવથી પ્રસન્ન કર."

"તમારી અમીવર્ષાનું જ પરિણામ છે, કૃપાનાથ ! બાકી આ જીવનું શું ગજું ?"

"કૃષ્ણદાસ, અક્ષયતૃતીયાનો દિવસ નજીક આવી રહ્યો છે. એ દિવસે આપણા શ્રી ગિરિરાજધરણ – શ્રી ગોવર્ધનનાથજીને ગિરિશિખર પર પૂરનમલના મંદિરમાં

શ્રીજીબાવાને પાટે બેસાડવાનો મનોરથ સિદ્ધ કરવાનો છે." શ્રી વલ્લભ બોલ્યા એ જ વખતે સદ્દુ પાંડે શ્રીજીબાવાને દંડવત્ કરી પરિસરમાં આવી પહોંચ્યા, એટલે શ્રી વલ્લભે એને સંબોધીને કહ્યું :

"સદ્દુ પાંડે, પૂરનમલની મનઃકામના પૂર્ણ કરતું શ્રીજીબાવાનું મંદિર તૈયાર થઈ ગયું છે. અક્ષયતૃતીયાના દિવસે શ્રી ગોવર્ધનનાથજી એમાં બિરાજશે...હવે એમની સેવાનિધિ ઇત્યાદિ માટે યોગ્ય શ્રદ્ધાળુ ભાવપૂર્ણ સેવકોને નીમવાનું કાર્ય આપણે પાર પાડવાનું છે." શ્રીવલ્લભ બોલ્યા.

"મહારાજ, અમે તો અભણ વ્રજવાસી જીવો. આચાર વિચાર કે સેવારીતિમાં અમે શું સમજીએ ? અમારો તો ગોવર્ધનનાથ...ઠાકુર રાજા, કાળિયો દેવ. ભૂખ્યો થાય ત્યારે મિસરી– માખણ અને દૂધની લોટીઓ ધરી દેશું અને આપ આજ્ઞા કરશો એમ તમારી શીખવેલી શ્રી હરિની સેવા કરીશું "સદ્દુ પાંડે બોલ્યા,

કૃષ્ણદાસ, તું તો ગુર્જરદેશનો વ્યવહારકુશળ પટેલ ખરોને ?" શ્રી વલ્લભે કૃષ્ણદાસને પૂછ્યું

"ગુર્જરપ્રજાનો આગવો ગુણ એની વ્યવસ્થાશક્તિમાં દીપી ઊઠે છે. મારે તને શ્રી ગોવર્ધનનાથજીની બે સેવાઓ સોંપવી છે." શ્રી વલ્લભ બોલ્યા.

"આજ્ઞા, કૃપાનાથ...આપની પ્રેરણા અને શ્રીજીબાવાની કૃપાથી યથાશક્તિ આપ સોંપશો તે સેવા કરીશ"

"કૃપાનાથ...." સદ્દુ પાંડે વચ્ચે બોલી ઊઠ્યા.

"બોલો, પાંડેજી...."

"આજે શ્રીજીબાવાને પાટે બેસાડવાનો મનોરથ થઈ રહ્યો છે ત્યારે આપણા રામદાસ ચૌહાણ યાદ આવે છે." સદ્દુ પાંડેને શ્રી વલ્લભના અંતરંગના સેવક રામદાસ પાંડે યાદ આવી ગયા.

પૃથ્વી–પરિક્રમાએ નીકળેલા શ્રી વલ્લભને બુંદેલખંડમાં મેઘલી રાત્રે સપનામાં શ્રી ગોવર્ધનનાથજીએ આજ્ઞા કરી કે "વલ્લભ, વ્રજમાં મારું પ્રાગટ્ય શ્રી ગિરિરાજજીની કંદરામાં થયું છે....પાટે બેસાડી મારા સેવાપ્રકારની વ્યવસ્થા કરવા આવી પહોંચ." અને શ્રી વલ્લભ રાતોરાત બુંદેલખંડની યાત્રા અધૂરી મૂકી વ્રજમાં શ્રી ગિરિરાજજીની તળેટીના આન્યોર ગામે એના આંગણે પધાર્યા હતા એ પ્રસંગ સદ્દુ પાંડેને યાદ આવ્યો. દીકરી "નરો"ના હાથનું દૂધ પીતા શ્રી ગોવર્ધનનાથજીને ગિરિરાજજી પર નાનકડી ઝૂંપડી તૈયાર કરી પાટે બેસાડ્યા અને એ વખતે અપ્સરાકુંડ પાસેની એક ગુફામાં રહેતા રામદાસ ચૌહાણને ઠાકુરજીએ સ્વપ્નમાં આજ્ઞા કરી :

"રામદાસ, તું જતીપુરામાં સદ્દુ પાંડેના આંગણે આવેલા શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો સેવક થા અને મારી સેવા કર." રામદાસ ચૌહાણ દોડતા શ્રી વલ્લભને મળવા સદ્દુ પાંડેના ચોતરે આવી પહોંચ્યા. પ્રથમ નજરે જ શ્રી વલ્લભનાં ચરણે ઢળી પડ્યા અને બ્રહ્મસંબંધ લઈ શ્રી ગોવર્ધનનાથજીની સેવામાં તન્મય થઈ વ્યસ્ત થઈ ગયા...

પૂરણમલનું મંદિર પૂર્ણ થવાની તૈયારીમાં હતું ને રામદાસ લીલામાં પધાર્યા હતા.

સદુ પાંડેના હૈયે રામદાસની ગેરહાજરીનો રંજ રમતો હતો.

"પાંડેજી, જેવી ઈશ્વરની ઇચ્છા....રામદાસ લીલાનો જીવ હતા...ભગવાનને એમની અહીંની સેવા એટલી બધી સંતુષ્ટ કરી ગઈ તે મારા વ્હાલાએ એમને એની નિત્યલીલામાં બોલાવી લીધા....કોઈક સારા પૂજારીઓને શોધી કાઢો, પાંડેજી ! તમે તો આ ભૂમિના ભોમિયા છો."

"કૃપાનાથ...રાધાકુંડ પર બંગાલી બ્રાહ્મણો રાતદિન ભગવાનની સેવામાં, ભજનમાં વ્યસ્ત રહે છે. આપ આજ્ઞા કરો તો એમને બોલાવી લાવું."

"જરૂર બોલાવો, પાંડેજી...બંગાલીઓ પ્રકૃતિથી જ ખૂબ ભાવુક ખૂબ જ શ્રદ્ધાળુ...બ્રાહ્મણો હોવાથી આચારવિચારમાં માનનારા જીવો...ભક્તિનો રંગ હૈયે ચઢાવીને વ્રજભૂમિને એમનાં સુમધુર ભજનોથી–પદોથી પ્લાવિત કરી રહ્યા છે. આવાં ભાવુક હૃદયોની ભક્તિ–સેવા મારો ગોવર્ધનનાથ જરૂર સ્વીકારશે. તમે એમને બોલાવી લાવો."

શ્રી વલ્લભે સદુ પાંડેને કહ્યું :

"અને, કૃષ્ણદાસ, મારે તને શ્રી ગોવર્ધનનાથજીના ભેટિયાની સેવા આપવી છે. તું રહ્યો ગુર્જરવાસી. આંકડાની લીલાનો નિષ્ણાત કહેવાય....પરદેશથી શ્રીજીબાવાના આ મંદિરના નેગભોગ માટેની ભેટ લઈ આવી બંગાલી પૂજારીઓને શ્રીજીબાવાના નેગ આદિ માટે આપી, એનો હિસાબ રાખવાનું કાર્ય તારે કરવાનું...ફાવશે ને ?" શ્રી વલ્લભે હસતાં હસતાં કહ્યું.

"આપની આજ્ઞા મારે મન મોટી પ્રેરણા છે... યથાશક્તિ આ કાર્ય હું તન મન અને ધનથી કરતો રહીશ."

શ્રી વલ્લભે મંદિરના આર્થિક ભારનો વહીવટ કૃષ્ણદાસને સોંપ્યો અને બધા વૈષ્ણવોની હાજરીમાં એમને "અધિકારી"નું પદ આપ્યું ત્યારે કૃષ્ણદાસનું હૈયું દ્રવિત થઈ ગયું.

લીલામાં પધાર્યા

ι.
તા...ભગવાનને
એ એમને એની
ાઢો, પાંડેજી !

.ાનની સેવામાં,
ાવું."
ભાવુક ખૂબ જ
ક્તનો રંગ હૈયે
કરી રહ્યા છે.
શે. તમે એમને

. સેવા આપવી
.....પરદેશથી
ી પૂજારીઓને
નું કાર્ય તારે

ι કાર્ય હું તન

ાયો અને બધા
ાનું હૈયું દ્રવિત

---

૪. 'શ્રી વલ્લભ પતિત ઉધારન જાનો'

કૃષ્ણદાસજી વહેલી સવારમાં ઊઠી ગયા. ઘર છોડ્યે સારો એવો સમય વીતી ગયો હતો. વ્રજભૂમિમાં વિહરતા કૃષ્ણદાસને ઘર, પિતા, માતા – કોઈ જ યાદ આવતું નહોતું...રાતદિવસ શ્રીગોવર્ધનધરનું ધ્યાન, શ્રી વલ્લભે પધરાવી દીધેલા શ્રી મદનમોહનજીની સેવા અને બિલછુકુંડની લીલીછમ હરિયાળીમાં બેસી...પદોની રમઝટ બોલાવતા કૃષ્ણદાસ આનંદમાં એમનો સમય પસાર કરી રહ્યા હતા.

એક દિવસ વહેલી સવારે કૃષ્ણદાસની આંખો અચાનક ઊઘડી ગઈ...બિલછુ–કુંડની પાળી પર દર્ભની પથારીમાંથી "ગોવર્ધનનાથ કી જય" કરતા બેઠા થઈ ગયા.

આંખો સામે....શ્રી ગિરિરાજજીની પર્વતમાળા...ગિરિકંદરા અને દૂર દૂર વહેતાં...અને સ્મૃતિ–કર્ણ પર અથડાતા જમુનામૈયાના જલપ્રવાહના નાદે એમને ભાવવિભોર બનાવી દીધા. લીલીછમ વનરાજિ, ડાળેડાળેથી ઊઠતા કોયલના ટહુકા, ગિરિકંદરાઓમાંથી સંભળાતો મોરલાનો ટેહુક ટેહુક અવાજ...પ્રભાતના પહોરમાં ગળામાં બાંધેલી ઘંટડીના રણકારથી વાતાવરણને મધુર બનાવતી....જંગલમાં જઈ રહેલી ગાયોની પગની ખરીમાંથી ઊડતી વ્રજરજ...કૃષ્ણદાસના હૈયામાંથી પદ સરી પડ્યું :

નૈના મેરે નિરખિ નિરખિ છબી ફૂલે ।
છબી છાઈ ચંચલ દ્રગનિ મેં મતવારે ભયે ઝૂલે ॥
જિત દેખૌં તિત મૂરતિ કાલિંદી કે કૂલે ।
"કૃષ્ણદાસ" કી જિવની પ્યારી સદા રહૌ દિન દુલે ॥

"સદા રહૌ દિન દુલે...."–કૃષ્ણદાસ એમની દર્ભની પથારીમાંથી પદની પંક્તિ ગાતા ઊભા થઈ ગયા. પૂર્વની ક્ષિતિજમાં ગિરિરાજની પર્વતમાળા પાછળનું આકાશ અંધકારની ચાદર દૂર કરતું ગુલાબી રંગની ઓઢણી અંગ પર ધરી રહ્યું હતું. પ્રકૃતિની અદ્‌ભુત લીલા ચારે દિશામાં પાંગરતી હતી.

કૃષ્ણદાસે નિત્યકર્મથી પરવારી, હાથમાં તંબૂર લઈ, દંડવતી શિલાની પ્રદક્ષિણા કરી, શ્રી ગોવર્ધનનાથજીનાં દર્શન કરવા પર્વતારોહણ શરૂ કર્યું. અંતરમાંથી પર્વતારોહણ વખતે એક જ રટણ ચાલુ હતું :

શ્રી કૃષ્ણઃ શરણમ્ મમ
શ્રી કૃષ્ણઃ શરણમ્ મમ

કૃષ્ણદાસનાં ચરણોનો તાલ ઝીલતા ગિરિરાજબાપા પણ પ્રસન્નતા અનુભવતા હતા કે વહેલી સવારે વૈષ્ણવની ચરણધૂલ મારા પર ક્યાંથી ?

વાંદરાની હુપાહુપ, કોયલના ટહુકા, મયૂરના ઠેકા...અને વહેતી યમુનાધારાના મીઠા ગુંજન સાથે "જય શ્રીકૃષ્ણ....કૃષ્ણદાસજી"– રસ્તામાં પસાર થતા વૈષ્ણવોના "જય શ્રીકૃષ્ણ" ઝીલતા કૃષ્ણદાસે મંદિરનાં પગથિયાં ચડતાં ચારે તરફ નજર કરી

લીધી. પરમાણંદદાસ, કુંભનદાસ અને સૂરદાસ ધીમી ગતિએ મંગળાનાં દર્શન કરવા પર્વત ચડી રહ્યા હતા.

મંદિરમાં પ્રવેશતાં જ મંગલાનાં દર્શનનો હેલો પડયો. શ્રી ગોવર્ધનનાથજીનાં દર્શન માટેનું વિરહાતુર હૈયું અને ચરણ મંદિરમાં દોડી ગયાં...દર્શન ખૂલી ગયાં હતાં. આંખો અને હૈયામાં "મંગલમૂર્તિ સદાય સુખી" એવી શ્રી ગોવર્ધનનાથજીની મનહર મૂર્તિ છવાઈ ગઈ...અને કૃષ્ણદાસનું પ્રસન્નહૃદય ગાઈ ઊઠ્યું :

આજુ અતિ સોભિત હૈ નંદલાલ ।
સ્યામ લહરિયા કી પાગ બની હૈ તૈસોઈ પિછૌરા લાલ ॥
સ્યામ અંગ ભૂષન તન રાજત, ઉર સૌહૈ બનમાલ ।
કૃષ્ણદાસ પ્રભુ નવરંગ ગિરિધર બોલત બચન રસાલ ॥

"જય જય શ્રી ગોવર્ધનધર..." બાજુમાં ઊભેલા કુંભનદાસથી બોલાઈ ગયું અને બીજી જ ક્ષણે ઉત્સાહિત કવિહૃદય શ્રીજીબાવાને દંડવત્ કરતું ગાઈ ઊઠ્યું :

બલિ બલિ જાઉં ગોવર્ધનધર કી
બલિ બલિ મોહન મૂરતિ...

તન અને મન ડોલતાં રહ્યાં.પંક્તિઓ વહેતી રહી. તંબૂરના તાર મધુર સ્વર છેડતા રહ્યા... મંગલાની આરતી શ્રી વલ્લભે કરી...

"ગોવર્ધનનાથકી જે..શ્રીજી બાવાકી જે... ગિરિરાજ ધરણ કી જે"ના જયઘોષથી મંદિરનું પટાંગણ ગુંજી ઊઠ્યું....

કૃષ્ણદાસ શ્રીજીબાવાને દંડવત્ કરી...મંદિરના કૃષ્ણભંડારમાં જઈ રહ્યા હતા, ત્યાં જ ભીતરિયો આવીને...કાનમાં કહી ગયો :

"કૃષ્ણદાસજી....ભીતરમાં શ્રી વલ્લભપ્રભુ તમારી રાહ જુએ છે." કૃષ્ણદાસજીને આશ્ચર્ય થયું. વહેલી સવારે વળી કૃપાનાથને એની શી જરૂર પડી હશે !

કૃષ્ણદાસ શ્રી વલ્લભ પાસે પહોંચ્યા અને દંડવત્ કરી બોલ્યા :

"આજ્ઞા, કૃપાનિધાન !"

"કૃષ્ણદાસ...અમે ગુજરાત તેમજ દક્ષિણ ભારતની યાત્રાએ જઈ રહ્યા છીએ. તું અમારી સાથે ચાલ. અહીં સદુ પાંડે, કુંભનદાસ. ઇત્યાદિ છે...એ તારો કાર્યભાર થોડો સમય માટે સંભાળી લેશે."

"જેવી પ્રભુની આજ્ઞા...પ્રસ્થાન કયારે આદરશું ?" કૃષ્ણદાસે પૂછ્યું.

"આવતી કાલે મંગળાનાં દર્શન કરી, દંડવતી શિલા પાસેથી યાત્રાનો આરંભ કરશું." શ્રી વલ્લભે આજ્ઞા કરી. કૃષ્ણદાસજી દંડવત્ કરી....યાત્રાની તૈયારીમાં પડી ગયા.

"શ્રી ગોવર્ધનનાથ કી જે....શ્રીજીબાવાકી જે...."ના જયઘોષ સાથે બીજા દિવસની સવારે મંગલાનાં દર્શન કરી શ્રી વલ્લભે યાત્રાનો પ્રારંભ કર્યો...દામોદરદાસ હરસાણી, વાસુદેવ છકડા, કૃષ્ણદાસ મેઘન...ઇત્યાદિ સેવકો સાથે કૃષ્ણદાસ પણ "ગિરિરાજધરણ, પ્રભુ તમારે શરણ" બોલતા ચાલવા માંડયા....રાતદિવસ

વનવગડાની વાટેઘાટે સંઘ ગુજરાતની દિશામાં પદોની રમઝટ બોલાવતો, ધૂનમાં રાચતો નર્મદના કિનારે આવી પહોંચ્યો.....

વિંધ્યાચળની ગિરિકંદરામાંથી ખળખળ વહેતી નર્મદામૈયાના જલપ્રવાહે શ્રી વલ્લભના હૈયાને પુલકિત કરી નાખ્યું. બે કાંઠે ધસમસતા પ્રવાહ સાથે વહેતી નર્મદામૈયાના બન્ને તટ પર ઘનઘોર જંગલો છવાયેલાં હતાં...સારસ્વત કલ્પનાં અરણ્યોની યાદ આપતાં ઘેઘૂર જંગલોમાં વિહરતાં હરણાં, ત્રાડ પાડી અરણ્ય ગજાવતાં રાની પશુઓ, ગાયો, બકરાં...ઇત્યાદિ પશુઓની સૃષ્ટિથી ભર્યાભર્યા નર્મદાતટના દારુણ વનનાં ચૂલી માહેશ્વર ગામના પાદરમાં રાધાકૃષ્ણના મંદિરના ઓટલે શ્રી વલ્લભે એમના સેવકો સાથે એક રાતનો વિશ્રામ લેવાનો નિર્ણય કર્યો.

સમી સાંજે શીતળ હવામાન વચ્ચે આવી પહોંચેલા શ્રી વલ્લભના શિષ્યોએ મંદિરના ચોગાનમાં દર્ભાસન પાથરી જમાવ્યું.

બીજા દિવસે સવારે કૃષ્ણદાસને આજુબાજુનો રમણીય પ્રદેશ જોવાની ઇચ્છા થઈ. ગુજરાત તો એમનો પ્રદેશ. નજીક જ ચરોતરની ભોમકા હતી. એક ક્ષણ પૂરતી વતનની યાદ કૃષ્ણદાસને આવી ગઈ.

આવું જ ગામને પાદર રાધાકૃષ્ણનું મંદિર, ચોતરો, સરોવર–જલ...

"કૃષ્ણદાસ, શું વિચારે છે ?" શ્રી વલ્લભે જનમભોમકાની દિશામાં એકીટશે જોઈ રહેલા કૃષ્ણદાસને પૂછ્યું.

"કૃપાનાથ....આ ગુજરાત તો મારું વતન....આ નર્મદાનો કિનારો, પરશુરામ...એકલવ્યની ભૂમિ....તો કબીરના પ્રવાસની ભોમકા...."

"કૃષ્ણદાસ...સવારનો પહોર છે...તમારે પગ છૂટો કરવો હોય તો કરી આવો...." શ્રી વલ્લભે કહ્યું.

કૃષ્ણદાસના હૈયામાં ઊતરી આવેલા વતનપ્રેમની હેલી શ્રી વલ્લભના ધ્યાનમાં આવી ગઈ હતી.

"કાંઈ નહીં, કૃપાનાથ...આપણે અત્યારે અહીં છીએ, એ જ સ્થળ કેટલું સુંદર છે...."

–કૃષ્ણદાસ વાત કહી રહ્યા હતા, ત્યારે શ્રી વલ્લભ પર નજર કરી, તો શ્રી વલ્લભની નજર થોડેક દૂર જંગલની ઝાડી પર સ્થિર થયેલી હતી.

ઝાડીમાં ખડખડાટ થયો અને શ્રી વલ્લભ બોલી ઊઠ્યાઃ

"અરે કૃષ્ણદાસ, આ સામે ઝાડીમાંથી આપણી તરફ શું દોડતું આવે છે ?"

કૃષ્ણદાસ હજી તો એ દિશામાં નજર કરે ત્યાં તો નાનકડું મૃગનું બચ્ચું કૂદીને મંદિરના વિશાળ ચોતરા પર બેઠેલા શ્રી વલ્લભના ખોળામાં ભરાઈ ગયું.

"અરે....અરે...." વૈષ્ણવો બૂમો પાડવા માંડયા....

શ્રી વલ્લભ નર્મદાનદીમાં સ્નાન કરી "અપરસ"માં બિરાજતા હતા. થોડીવારમાં ઠાકોરજી શયનભોગ કરવા પધારવાના હતા, એટલામાં હરણના બચ્ચાએ શ્રી વલ્લભના ખોળામાં કૂદીને એમની "અપરસ" તોડી નાખી....

શ્રી વલ્લભે એક નજર વૈષ્ણવો પર નાખી. ખોળામાં ભરાઈ ગયેલું મૃગબાળ ખૂબ જ ભયભીત દશામાં હોય એવું એમને લાગ્યું. શ્રી વલ્લભે મૃગબાળ પર પ્રેમથી એમનો હાથ પ્રસાર્યો...મૃગબાળની ગભરાયેલી બંધ આંખોનાં પોપચાં ખૂલ્યાં....

"કૃષ્ણદાસ...આ મૃગબાળ કેવું હાંફે છે ! એ ગભરાયેલું દેખાય છે. એને પીવા માટે જલ અને આ કયારામાં ઊગેલી લીલી ઘાસની પત્તીઓ લાવ, એને ખવરાવી–પિવરાવી સ્વસ્થ કરીએ."– શ્રી વલ્લભે કૃષ્ણદાસને આજ્ઞા કરી.

કૃષ્ણદાસ એક ક્ષણ પૂરતા તો શ્રી વલ્લભનો પશુપ્રેમ જોઈ રહ્યા અને પછી નાનકડા પાત્રમાં જલ લઈ આવ્યા. ઘાસની લીલી પત્તીઓ પણ આવી ગઈ. મૃગની પાસે લીલા ઘાસની પત્તી અને જલ મૂકવામાં આવ્યાં. શ્રી વલ્લભે ફરી મૃગબાળની રૂંવાટી પર એમનો હાથ પ્રસાર્યો...મૃગબાળે ઘણા દિવસ સુધી અન્ન લીધું ન હોય એવું લાગ્યું. બચ બચ કરતું એ ઘાસની પત્તી ખાવા લાગ્યું. શ્રી વલ્લભ એની રૂંવાટીમાં હાથ પ્રસારતા રહ્યા. કૃષ્ણદાસ અને અન્ય વૈષ્ણવો પ્રભુની લીલા જોતા રહ્યા...શ્રી વલ્લભના ચહેરા પર કરુણાના ભાવ પ્રસરી રહ્યા હતા. મૃગબાળ ઘાસનો ચારો પૂરો થતાં જ જલપાન કરી, શ્રી વલ્લભના ખોળામાં જ સૂઈ ગયું.

કૃષ્ણદાસને આખુંય દશ્ય જોતાં ભરતમુનિનો પ્રસંગ યાદ આવી ગયો.

"કૃપાનાથ.....શ્રીમદ્ ભાગવતમાં ભરતમુનિનો પ્રસંગ આ ક્ષણોમાં યાદ આવે છે. "

"કૃષ્ણદાસ ભરતમુનિ તો મહાન જ્ઞાતા હતા, વિદ્વાન હતા, વિશ્વના સકલ ગ્રંથોના જ્ઞાતા હતા...તને થતું હશે કે હું આ મૃગબાળના મોહમાં ભરતમુનિની જેમ પડી તો નથી ગયો ને ?"

"હા...હા...પ્રભુ...અમને અંતરમાં આ પ્રશ્ન ઊઠ્યો જ છે."– કૃષ્ણદાસે કહ્યું.

"કૃષ્ણદાસ, માણસ માટે સંજોગો પ્રમાણેના ધર્મો આચરવાનું શાસ્ત્રોમાં લખ્યું છે....ભરતમુનિ તો મહાન જ્ઞાની, ખૂબ જ પ્રખર તપોધર્મી હતા. એમના ખોળામાં પણ આ જ રીતે ડરનું માર્યું મૃગબાળ કૂદી પડયું હતું. એ વખતે ભરતમુનિ ધ્યાનમાં હતા. એમનું તપ ચાલતું હતું. તપોભંગ તો થયો, પણ એ સમયે સંજોગો કાંઈક જુદા જ હતા...સમયની માગ કહી રહી હતી કે મનુષ્યનું પ્રથમ કર્તવ્ય દયાધર્મ છે. દયાધર્મ ભરતમુનિને તપોધર્મ કરતાં વધુ મહત્ત્વનો લાગ્યો....અને કદાચ મુનિ સાચા હતા, કારણ કે દયાનો અંશ, પ્રેમનો અંશ – મૃગબાળને બચાવવાનો ધર્મ મહત્ત્વનો હતો. અને એમણે મૃગબાળને બચાવ્યું...આ એમનો પ્રથમ ધર્મ હતો. પરંતુ મૃગબાળ પ્રત્યેનો એમનો પ્રેમ જે આસક્તિમાં પરિણમ્યો અને મોહના બંધનમાં એ જકડાઈ ગયા અને એ એમની તપશ્ચર્યાને બાધકરૂપ બની ગયું."

શ્રી વલ્લભ હજી ભક્તગણ સાથે વિશેષ ચર્ચા કરવા જતા હતા, ત્યાં જ

તીરકામઠા સાથે એક સશક્ત શિકારી આવી પહોંચ્યો. એણે શ્રી વલ્લભના ખોળામાં એના શિકારને નિરાંતે ઊંઘતું જોયું.

"આપ કોણ છો ? આ મૃગલું મારો શિકાર બને તે માટે હું એની પાછળ ભટકું છું, તો આપ મારા આ શિકારને સુપરત કરો."

શ્રી વલ્લભે એક નજર શિકારી પર નાખી. શરીરે હૃષ્ટપુષ્ટ શિકારીની આંખોમાં શ્રી વલ્લભે આંખો પરોવી.

"ભાઈ, આરામ કરો...જલપાન કરો. થાકીને આવ્યા છો, તો થોડોક વિરામ કરો. આ મૃગલું તમારા બાણથી બચવા હાંફળુંફાંફળું દોડીને મારા ખોળામાં ભરાઈ ગયું. ભૂખ્યા–તરસ્યા મૃગબાળને અમે લીલા તૃણાંકુરો ખવડાવી, એની ભૂખ મિટાવી, જલપાન કરાવ્યું. અત્યારે થાકેલું મૃગબાળ નિરાંતે અમારા ખોળામાં આરામ કરી રહ્યું છે. કૃષ્ણદાસ, જલપાનની વ્યવસ્થા આપણે આંગણે આવેલા અતિથિ માટે કરો."

કૃષ્ણદાસ જલનો લોટો ભરીને લઈ આવ્યા. શિકારીના હાલહવાલ જોતાં એ પણ ભૂખ્યો–તરસ્યો આમતેમ શિકારની શોધમાં ભટકતો હોય એવું શ્રી વલ્લભને લાગ્યું.

શિકારીને તરસ લાગી હતી. એણે પાણીનો આખો લોટો પૂરો કર્યો.

"ભાઈ, તમે રઝળી–રખડીને આવ્યા છો. આખા દિવસનો માથે ઘોર તડકો વેઠ્યો છે, ભૂખ પણ લાગી હશે. તમે નિરાંતે આરામ કરો...તમારે પ્રસાદ લઈને જવાનું છે." ફરી એક વખત કૃષ્ણદાસ પર નજર કરી. એ નજરનો અર્થ કૃષ્ણદાસ સમજી ગયા હોય એમ અંદર જઈ પાતળમાં પ્રસાદ લઈને શિકારીને ધરી દીધો. ભૂખ્યો ડાંસ શિકારી બધો જ પ્રસાદ ઝાપટી ગયો.

"ભાઈ.....તમે તો કોઈ સારા કુળમાં જન્મેલા લાગો છો...તમારા વિષે, તમારા પરિવાર વિષે હું કાંઈક વિશેષ જાણવા માગું છું."

"હું મારી વિગત જણાવું એ પેહેલાં આપે મારું જે સ્વાગત કર્યું એ બદલ ખૂબ આભારી છું અને આપ કોઈ સંત હો એવું મારું હૃદય – મન કહી રહ્યું છે."

"સંત તો ખબર નથી...પણ આ કળિકાળમાં ભૂલી–ભટકી માનવજાતના કલ્યાણાર્થે કશુંક કરી છૂટવાની ભાવનાવાળા અમે સૌ પરિવ્રાજકો છીએ....અમારો દેવ શ્રી ગોવર્ધનનાથ જે કાંઈ પ્રેરણા અર્પે છે એ રીતે અમે આ જગતમાં ધર્મ, ભક્તિ, જ્ઞાનની વાટે માણસને રમતો કરવાનું નાનકડું કાર્ય કરીએ છીએ." શ્રી વલ્લભે પોતાનો પરિચય આપતાં કહ્યું.

"તમે ગમે તે કહો, પરંતુ તમે સંતકોટિના સજ્જન છો...મારા માટે મહાત્મા છો...આજે આપ જેવા સંત પાસે આ પાપીની કહાણી કહીશ...હું મૂળ ઠાકોર કુટુંબનો નબીરો છું. દુઃસંગની લતમાં બધા જ અવગુણો મારામાં અભરે ભરાણા અને હું પૈસેટકે ખલાસ થઈ રસ્તે રઝળતો ઇન્સાન બની, જુગાર, શરાબ અને વેશ્યાઓનો સંગી બની ગયો. આજે મારી પાસે ફૂટી કોડી નથી....ઠાકોરનો દીકરો એટલે તીરકામઠાની વિદ્યા જાણું. આજે ત્રણત્રણ દિવસના અપવાસ પછી ભૂખ્યા પેટે હું જંગલમાં શિકાર કરવા નીકળ્યો. આ મૃગલું નજરે પડયું અને એનો શિકાર કરવા હું

પાછળ પડયો...પરંતુ મૃગલાને સંતનો ખોળો સાંપડયો. એને જીવતદાન મળી ગયું–ફિક્કું હસતો શિકારી બોલી ઊઠયો.

"શિકાર પાછળનું કારણ તો ગરીબાઈ અને ભૂખ જ છે ને, ભાઈ ?" શ્રી વલ્લભે પૂછ્યું.

"હા, જો મારા જીવનનિર્વાહની વ્યવસ્થા થઈ જાય તો હું આવાં ક્રૂર કાર્યો કયારેય ન કરું...વળી માંસાહાર લાચારીથી કરવો પડે છે આવા શિકારો કરીને. બાકી શાકાહારી બનવું મને ખૂબ ગમે." નિખાલસ–ભાવે શિકારી બોલી ઊઠયો.

"ભાઈ, તમારા વિચારો ઉત્તમ છે. એમાંથી સંસ્કારિતાની સુગંધ આવે છે. અમે તમારા જીવનનિર્વાહની સગવડ તો કરી આપીએ, પરંતુ પછીથી પરિશ્રમ કરીને તમારી આજીવિકા મેળવી લેવાની તમારી ફરજ બની રહેશે."

"મહારાજ, મને કામ અપાવો. હું પસીનો પાડીને મારા જીવનનિર્વાહ પૂરતું કમાઈ લઈશ..."

"કૃષ્ણદાસ, ભાઈને પ્રસાદી બીડી આપો." શ્રી વલ્લભે આજ્ઞા કરી. કૃષ્ણદાસના હાથની ઠાકોરજીને ધરેલી બીડી લેતાં જ શિકારીના હૃદયમાંથી બધા જ વિકારો નાશ પામ્યા અને એ શ્રી વલ્લભનાં ચરણમાં ઢળી પડયો.

"ભાઈ, આજથી તમારો નવો જન્મ થયો છે. પસીનાની પ્રામાણિક કમાણી પૂરતું ધન તમને મારો વ્હાલો ગોવર્ધનનાથ જરૂરથી આપી દેશે. હવે તમે જઈ શકો છો."

"સંતનો સંગાથ છોડી પાપ કરવાનું આપ ઊઠીને કહેશો, મહારાજ ?"

"કેમ કેમ ?" શ્રી વલ્લભ બોલી ઊઠયા.

"કૃપાનાથ....આપ મને આપનો શિષ્ય બનાવો – આપને શરણે લઈ મારો ઉદ્ધાર કરો."

શ્રી વલ્લભે એને નજીકના સરોવરમાં સ્નાન કરીને આવવાનું કહ્યું. ચોવીસ કલાકના ઉપવાસ પછી એને શરણે લીધો ત્યારે શિકારી ગળગળો થઈ ગયો.

શ્રી વલ્લભે દ્વારિકા તરફ પ્રયાણ આદરતી વખતે શિકારીને બોલાવ્યો, આશીર્વાદ આપ્યા અને કહ્યું :

"ભાઈ...આ મૃગને તમારી સાથે રાખજો. એના હૃદયમાંથી તમે એનો શિકાર કરશો એ ભીતિ નીકળી ગઈ છે. તમે એનો ઉછેર કરજો અને અમને યાદ કરજો. મારા તરફથી આજના પ્રસંગની યાદગીરીની આ ભેટ સમજજો."

શિકારીએ શ્રીવલ્લભની ગોદમાંથી મૃગલાને લઈ લીધું અને પ્રેમથી છાતી સાથે ભીંસી દીધું.

શ્રી વલ્લભના ચહેરા પર ફોરી ઊઠેલા સ્મિતને જોઈને કૃષ્ણદાસનો મધુર કંઠ હવામાં ગુંજી ઊઠયો :

શ્રી વલ્લભ પતિત–ઉધારન જાનો
સરન લેત લીલા દરસાવત,
તા પર ઢરત ગોવર્ધન રાનો.

.દાન મળી ગયું–"

ને, ભાઈ ?" શ્રી

આવાં ક્રૂર કાર્યો
ા શિકારો કરીને.
ી બોલી ઊઠયો.
સુગંધ આવે છે.
પછીથી પરિશ્રમ
શે."
જીવનનિર્વાહ પૂરતું

ભે આજ્ઞા કરી.
દયમાંથી બધા જ
ો.
ણિક કમાણી પૂરતું
જઈ શકો છો."
, મહારાજ ?"

શરણે લઈ મારો

ાનું કહ્યું. ચોવીસ
ો થઈ ગયો.
કારીને બોલાવ્યો,

માંથી તમે એનો
અને અમને યાદ
મજજો."
ને પ્રેમથી છાતી

કૃષ્ણદાસનો મધુર

---

૫. રાજા ઠાકુરના અધિકારી કૃષ્ણદાસ

"મેરે તો ગિરિધર ગોપાલ દૂસરો ન કોઈ."

મેવાડની ભોમકામાંથી ભક્તિનો એક ફુવારો ઊડયો હતો. એ સમય જ કાંઈક એવો હતો. દેશકાળ બદલાઈ રહ્યો હતો. સારસ્વતકલ્પની ભારતભૂમિ પર, ભગવાન શ્રી કૃષ્ણની ભોમકા પર શરૂ થયેલાં કાળયવનનાં ધાડાં પ્રતિ યુગમાં કાળાંતરે વધતાં ગયાં હતાં. પંદરમી સદીનો એ કાળમુખો, અંધાધૂંધી, ધર્માંધતા, અત્યાચાર, અંધશ્રદ્ધાથી ખદબદતો માનવને લાચાર, નિર્માલ્ય બનાવતો એ સમય હતો હૂણ, યવન, ઇત્યાદિનાં ધાડાં ને ધાડાં ભારતની ભોમકાને ધમરોળી રહ્યાં હતાં. ભગવાનને નામે દોરાધાગા, તંત્રમંત્રની એકબાજુ બોલબાલા હતી, તો મુસ્લિમ સંસ્કૃતિનો ધ્વજ ફરકાવતી, એક હાથમાં કુરાન અને બીજા હાથમાં તલવાર સાથેની યવનસેનાનાં આક્રમણોથી હિંદુ ધર્મ...ભારતીય સંસ્કૃતિનું અસ્તિત્વ ભયમાં આવી ગયું હતું. ત્યારે લાચાર પ્રજાના આર્તનાદને, હતાશાને, એની હણાઈ જતી માનવીય અસ્મિતાને સંવારતી...અંધશ્રદ્ધા, દોરા–ધાગાનાં પડળોને દૂર કરતી, મા શારદાનાં પૂજન કરતી, સારસ્વતકલ્પના કૃષ્ણકનૈયાની લીલાઓને પદો, ભજનો, સાખીઓ, દુહાઓમાં મૂર્તિમંત કરતી, "ઉત્તિષ્ઠ નરશાર્દૂલ"નો પડકાર ફેંકતી, ભક્તિની અનોખી ભાવના હૃદયમાં સર્જતી...ભક્તોની...સંતોની...આચાર્યોની એક નવી જ પેઢીનું..... ભક્તકવિઓનું નિર્માણ ભારતની ભોમકાની ચારે દિશાઓમાં થયું. ભક્તિ–સાહિત્યનો પ્રેમ અને શ્રદ્ધાનો માનવીય અસ્મિતાના ગૌરવ–ઉત્થાનનો એક યુગ શરૂ થયો...પંજાબમાં કબીર જન્મે છે. "ઢાઈ અક્ષર પ્રેમ"ની દુહાઈ કરે છે. ઢોંગી, ધૂર્ત ધર્મગુરુઓ–તાંત્રિકો, મઠાધિપતિઓને ખુલ્લા પાડતા, નિરાકાર બ્રહ્મની સૃષ્ટિ શબ્દમાં સાકાર કરે છે. ચિત્રકૂટના ઘાટ પર ભક્તોની ભીડ જામે છે. દશરથ–દુલારા રામ, લક્ષ્મણ, સીતાની રામાયણ મૈથિલીભાષામાં–લોકોની બોલાતી ભાષામાં તુલસીદાસ ભક્તિનું તિલક ચિત્રકૂટના ઘાટ પરથી અબુધ, અજ્ઞાની, અભણ એવા માનવસમાજના ભાલે કરતા ભક્તિનાં, પ્રેમનાં વિશિષ્ટ સ્વરૂપોની ઝાંખી કરાવે છે...તો દક્ષિણમાં તો સંતોની–ભક્તિોની એક પરંપરા સર્જતી પેઢી આકાર લે છેઃ શ્રીમદ્ વલ્લભાચાર્ય, શ્રીમદ્ રામાનુજાચાર્ય, નિમ્બાર્ક તેમજ મધ્વાચાર્ય....ભક્તિરસમાં પ્રજાને ડુબાડી, કૃષ્ણભક્તિનું સુભગ દર્શન કરાવે છે. "ગોવિંદ બોલો હરિ ગોપાલ બોલો"ની ધૂન સાથે સમસ્ત ભારતમાં ભક્તિમય વાતાવરણ સર્જાઈ જાય છે.....અને "કૃષ્ણ એવ ગતિર્મમ"નો એક જુવાળ ખડો થાય છે. બંગાલમાંથી ચૈતન્ય મહાપ્રભુ...ભક્તિરસનાં શિખરો સર કરતા સાનભાન ભૂલી "કૃષ્ણમય" બની જાય છે. કબીર, સૂરદાસ, કુંભનદાસ, બંગાલના બાઉલ સંતોની ભકિતરસથી છલકતી ભજનોની એક હવા–એક સૃષ્ટિ જે આકાર પામી રહી હતી એ હવામાં એક અદ્‌ભુત...ભક્તિરસથી છલકતાં કાવ્યોનો આગવો રંગ મેવાડની ધરતી પરથી મીરાંબાઈનો ઊઠે છે. "મેરે તો ગિરધર

ગોપાલ દૂસરો ન કોઈ..." અને સમસ્ત ભારતમાં પ્રસરી જાય છે..."ગિરિધરમય" બની ગયેલી મીરાંના મેવાડ પ્રદેશમાંથી "ગોવિંદ બોલો હરિ ગોપાલ બોલો રાધારમણ હરિ ગોપાલ બોલો"ની ધૂન સાથે ગુજરાતનાં તીર્થધામો – સોમનાથ, દ્વારિકા, ઇત્યાદિનો પ્રવાસ પૂરો કરી...વ્રજ તરફ પ્રયાણ કરી રહેલા થોડાક ભક્તોનું વૃંદ....અરવલ્લીના પાષાણોમાંથી મધુર કંઠે ઊઠતી "રામ રમકડું જડિયું રે...." કે પછી..."ઘૂંઘર બાંધ મીરાં નાચી રે"ની ભક્તિરસથી છલકાતી પદાવલિઓ સાંભળી, ભક્તોનું વૃંદ...નગરના પાદરમાં પ્રસન્નચિત્તે અટકી જાય છે.

"અરે, આ તો ભક્ત કવયિત્રી મીરાંબાઈનું ગામ લાગે છે ને શું ?" ભક્તોના અગ્રણી – ગુજરાત–મહારાષ્ટ્રની સફર પૂરી કરી, સારી એવી ભેટ એકત્રિત કરી, વ્રજ તરફ જતા કૃષ્ણદાસજી બોલી ઊઠ્યા.

"હા....સામે ગઢના કાંગરા દેખાય છે...ત્યાં મીરાં એના ગિરિધર સાથે મસ્તીથી ભજનો ગાતી એના સાંવરિયાને લાડ લડાવતી રહે છે...."

હજી તો ભક્તોના વૃંદમાં મીરાંબાઈ અને એના ગઢના નિવાસસ્થાનની વાતો થતી હતી, ત્યાં જ બે હાથમાં હાથીદાંતના ચૂડલા–બલોયાં પહેરીને, અસ્સલ મારવાડણના પોષાકમાં સજ્જ થઈને બે ગોવાલણો આવી પહોંચી...અને કૃષ્ણદાસને હાથ જોડતી...બોલવા લાગી :

"મહારાજ...અમારા આંગણે ભક્તજનો ક્યાંથી ? ગઢમાંથી મીરાંબાઈએ અમને ખાસ તેડવા મોકલ્યાં છે. આપ સૌ મહેમાનો ગઢમાં પધારો, વિશ્રામ કરો, પ્રસાદ લ્યો અને પછી સત્સંગ કરીશું એવો અમારાં મીરાંબાઈનો સંદેશો છે."

"વાહ, મારા પ્રભુ, સત્સંગની ઘડીઓ કેવી સરળતાથી તું અમારા માટે નિર્માણ કરી દે છે...." કહેતો સમસ્ત સંઘ મેવાડની મહારાણી મીરાંબાઈના મહેલમાં આવી પહોંચ્યો.

મીરાં એ વખતે ભાવવિભોર થઈ સિંહાસને બિરાજેલા એના ગિરિધરને રિઝાવતી, દુનિયાદારીનું સાનભાન ગુમાવીને હાથમાંના તંબૂરના તારને ઝણઝણાવતી નાચી રહી હતી.

ભક્તિરસથી તરબોળ – ભાવવિભોર મીરાંબાઈને કૃષ્ણપ્રેમમાં ગળાબૂડ જોઈ કૃષ્ણદાસથી બોલાઈ ગયું :

"વાહ, મારા કૃપાનાથ...શું તારી કૃપા...શું તારી દયા..... તેં તો "ભક્તિ"નું મૂર્તિમંત સ્વરૂપ આજે અપારી આંખો સમક્ષ ખડું કરી દીધું છે ને શું...." આંખો સામે ગિરિધર ગોપાલની મૂર્તિમાં કૃષ્ણદાસને એના નટખટ કનૈયાનું દર્શન થયું અને મીરાંની સાથે તાલ મિલાવતા નૃત્ય કરવા મંડયા. સમગ્ર ભક્તમંડળ ભક્તિની હેલીમાં ભીંજાતું રહ્યું.....

મોડી રાત સુધી ભજનો ચાલતાં રહ્યાં...સૂર અને નાદની અનોખી સૃષ્ટિ રચાતી રહી....રાત્રીના અંતિમ પ્રહરમાં મીરાં દેહાનુસંધાન ગુમાવતી નાચતી, કૂદતી, ભજનો ગાતી ગિરિધરનાં ચરણમાં ઢળી પડી ત્યારે કૃષ્ણદાસ બોલી ઊઠ્યા :

..“ગિરિધરમય”
ઓલો રાધારમણ
નાથ, દ્વારિકા,
ગોડાક ભક્તોનું
ડિયું રે....” કે
ી પદાવલિઓ
ય છે.
શું ?” ભક્તોના
એકત્રિત કરી,

ગિરિધર સાથે
..”
નિવાસસ્થાનની
હેરીને, અસ્સલ
અને કૃષ્ણદાસને

ી મીરાંબાઈએ
, વિશ્રામ કરો,
સંદેશો છે.”
ું અમારા માટે
ાઈના મહેલમાં

ેના ગિરિધરને
ને ઝણઝણાવતી

ં ગળાબૂડ જોઈ

ં તો “ભક્તિ”નું
શું....” આંખો
દર્શન થયું અને
મંડળ ભક્તિની

અનોખી સૃષ્ટિ
નાચતી, કૂદતી,
ી ઊઠયા :

“ધન્ય છે મીરાં તારી ભક્તિને....તારા પ્રેમભાવને...”

મીરાંના રાજમહેલના પ્રાંગણમાં અનેક સાધુ, સંતો, ઓલિયા જીવો, ઝાંઝ–પખાજ, કરતાલ, તંબૂરા, બીના...ઇત્યાદિ વાજિંત્રો સાથે ધૂન મચાવતા, પદો ગાતા, ભજનો ગાતા, બેઠા હતા... સત્સંગ પૂરો થઈ ગયો....પૂર્વની ક્ષિતિજમાંનું આકાશ ગુલાબી રંગોથી સુશોભિત થઈ રહ્યું હતું. પૂર્વનું આકાશ રવિકિરણોથી ઊભરતું જતું હતું...પંખીઓનો કલરવ, ગાયોનું આજુબાજુનાં જંગલોમાં ગોવાળો સાથેનું વિચરણ અને આવા સરસ વાતાવરણ વચ્ચે સાધુ, સંતો, મહંતોનું મીરાંબાઈના મહેલમાં “અઠે દ્વારિકા” જોઈ કૃષ્ણદાસ આશ્ચર્યમાં પડી ગયા. થોડીવારમાં પ્રસાદીરૂપે દૂધ–મિસરી લઈ મીરાંબાઈની દાસી આવી અને સાધુ, સંતો અને ભક્તોને વહેંચવા માંડી. પ્રસાદની સાથે દરેક સાધુ–સંન્યાસીને ભેટ પણ અપાતી જતી હતી. ભેટ મળતાં જ ગુપચુપ બગભગત સાધુઓ મહેલ છોડી ચાલ્યા જતા હતા. કૃષ્ણદાસ વિહ્વળ હૈયે ગિરિધર–ગોપાલ–ઘેલી ભોળી મીરાંને આ ભભૂતિનાથો કેવા છેતરી રહ્યા હતા એ જોઈ રહ્યા હતા, ત્યાં જ મીરાંનો ટહુકો વાતાવરણમાં ગાજી ઊઠ્યો :

“ભકતરાજ...”

કૃષ્ણદાસે નજર કરી.

શ્વેતવસ્ત્રધારી મીરાં પ્રેમભાવે એની મસ્તીમાં ઝૂમતી એમને બોલાવી રહી હતી.

“બોલો, મૈયા ! ” કૃષ્ણદાસ બોલ્યા.

“ભક્તરાજ, મારો વ્રજનો વ્હાલો...ગિરિધરગોપાલ..ગોવર્ધનધારી... શ્રીજી–બાવા.... છે તો કુશળ ને ?”

“મૈયા.....આપણો વ્હાલો એની કૃપાવર્ષા આપણા સૌ પર વરસાવી રહ્યો છે....”

“ભક્તરાજ...આપે પ્રસાદ લીધો ?” ઓચિંતો મીરાંએ પ્રશ્ન કર્યો.

“મૈયા....હવે અમે અમારા મુકામે જઈ, સામગ્રી સિદ્ધ કરી, શ્રી ગોવર્ધનનાથજીને ભોગ ધરી...પ્રસાદ લેશું...આપ નચિંત રહેજો.” કૃષ્ણદાસ બોલ્યા....

“કૃષ્ણદાસ...કેમ કેમ....મારે ત્યાં પણ ગિરિધર ગોપાલને ધરેલો જ પ્રસાદ છે...અને હાં....આજના દિને તમારા જેવા સંત મહંત વૈષ્ણવ મારે આંગણે આવ્યા છો તો...આ અગિયાર સુવર્ણમુદ્રા આપને આપું છું...મારા વ્હાલા ગિરિધર ગોપાલ...શ્રી ગોવર્ધનનાથને મારા વતી ભેટ ધરજો...” મીરાંબાઈ બોલ્યાં.

“મૈયા, આપની ભક્તિ અનન્ય છે. આપનાં પદોમાંથી વહેતી વિરહવેદના...શ્યામસુંદરને મળવાની તિતિક્ષાને હું વંદન કરું છું, મૈયા....તમ જેવાં ભક્તોથી મારો વ્હાલો ગોવર્ધનનાથ પ્રસન્નતામાં બિરાજે છે...આપની ભેટ...આપનો પ્રસાદ..માથે ધરી...પરત કરું તો, મૈયા...આ અવિવેક બદલ ક્ષમા માગું છું.”

"કેમ કેમ, ભક્તરાજ...મારા વ્હાલા ગિરિધર ગોપાલનો એવો તે કેવો આ જીવે દોષ વહોર્યો છે તે મારી નાનકડી ભેટ સ્વીકારવાની આપ ના પાડો છો ?"

"મૈયા...અવિનય બદલ ક્ષમાયાચના..પરંતુ આપ અમારા શ્રીમદ્ વલ્લભાચાર્યજીનાં સેવક ન હોવાથી તમારી આ મહોરોની સેવા કે ઠાકોરજીનો પ્રસાદ લેવા માટે લાચાર છીએ. આપની આ ભક્તિ...શ્રીકૃષ્ણ પાછળની તન્મયતા, લાગણીનાં પૂર અને પ્રતિક્ષણ શ્રીગિરિધર ગોપાલનું ચિંતન અમે અમારા સ્મૃતિભંડારમાં ભરી આપણા શ્રી ગોવર્ધનધરને જરૂર પહોંચાડશું–" કહેતા કૃષ્ણદાસ સત્સંગ–મંડળીમાંથી ઊભા થઈ એમના વૈષ્ણવો સાથે ચાલી નીકળ્યા....

રસ્તામાં એક વૈષ્ણવે આશ્ચર્ય સાથે કૃષ્ણદાસજીને પ્રશ્ન કર્યો :

"કૃષ્ણદાસ, શ્રીનાથજી માટેની ભેટ પાછી કેમ વાળી ?"

"ભાઈ..શ્રી વલ્લભે આજ્ઞા કરી છે કે અન્યધર્મીનો સંગ પણ કયારેક દુઃસંગ બની જાય છે. આ સંસર્ગમાં જાણ્યે–અજાણ્યે પણ રસાભાવનું અથવા તો રસનું તિરોધાન ચોક્કસપણે થાય છે, અને આપણા રાસરાસેશ્વરને રસનું તિરોધાન કયારેય માન્ય નથી. પરિણામે મીરાંબાઈ એક ખૂબ જ મોટી ભક્તિરસની હસ્તી હોવા છતાંય સંપ્રદાયની કેટલીક આજ્ઞાના કારણે એની ભેટ સ્વીકારી શકાય તેમ નહોતી." કૃષ્ણદાસે જવાબ આપ્યો....

વૈષ્ણવના ચહેરા પર વિસ્મયનાં મોજાં ફરી વળ્યાં...

કૃષ્ણદાસજી ગુજરાત–રાજસ્થાનની યાત્રા કરી, સારી એવી "સેવા" લઈને જતીપુરા પધાર્યા અને સીધા શ્રી વલ્લભ સમક્ષ બધી જ ભેટસોગાદો સાથે હાજર થઈ ગયા.

શ્રી આચાર્યચરણે કૃષ્ણદાસની આણેલી ભેટસોગાદો અને નગદ પર એક નિર્મોહી દૃષ્ટિ ફેંકતાં જ એમણે બંગાલી પૂજારીઓને સોંપી દેવા કહ્યું.

"હું હમણાં જ નિજમંદિરમાં પધારું છું. આજે મારા વ્હાલા શ્રી ગોવર્ધનનાથજીને મીનાનાં આભરણ મારા હાથે સિદ્ધ કરાવીશ. મોરપિચ્છનો મુગટ, કાછના વાગા ઇત્યાદિ તૈયાર રાખજો..."

શ્રી વલ્લભ સ્નાન કરી "અપરસ" સિદ્ધ કરીને નિજમંદિરમાં પધાર્યા...ખૂબ જ ભાવપૂર્વક શ્રી ગોવર્ધનનાથજીને મીનાનાં આભરણો તેમજ મોરપિચ્છનો મુગટ, કાછના વાગા ઇત્યાદિ ધરાવતાં આનંદવિભોર થતાં દેહાનુસંધાન ગુમાવતા...

"વાહરે મારા શ્રી ગોવર્ધનધર...આજ તો બડો પ્યારો લાગે ને શું..."

અને એ જ સમયે કૃષ્ણદાસના મધુર સ્વરો વાતાવરણમાં ગુંજી ઊઠયા :

"દેખહુ પાગ ઢરકિ રહી દિસિ ઈચ્છન ।
ચંપકલી પૈચનિ મેં જુ ઉરસિ રહી તાપર મોર કે પચ્છિન ॥
મુખ કી નિકાઈ વરની ન જાઈ રસ ભરે નૈનનિરેં કોટિક લચ્છિન ।
કૃષ્ણદાસ પ્રભુ ગિરિધરન લાલછબિ દેખહુ દોઉ ચચ્છિન ॥

શ્રી આચાર્યચરણ કૃષ્ણદાસના પદ પર પ્રસન્ન થતા બોલી ઊઠયા....

ેવો તે કેવો આ
ા પાડો છો ?"
અમારા શ્રીમદ્
. કે ઠાકોરજીનો
ળની તન્મયતા,
. અમે અમારા
કહેતા કૃષ્ણદાસ
યા....
ર્યો :

ા કયારેક દુઃસંગ
થવા તો રસનું
તેરોધાન કયારેય
ની હસ્તી હોવા
ા તેમ નહોતી."

ા "સેવા" લઈને
ાદો સાથે હાજર

નગદ પર એક
કહ્યું.
રા વ્હાલા શ્રી
પિચ્છનો મુગટ,

ાં પધાર્યા...ખૂબ
પિચ્છનો મુગટ,
ા ગુમાવતા...
ગે ને શું..."
ગુંજી ઊઠ્યા :
ન /
ેછન //
ેછન /
ન //
ઊઠ્યા....

"કૃષ્ણદાસ...આવી સુંદર કલાકૃતિઓ, શૃંગારો, સામગ્રી તમે રોજ દિલ્હી–આગ્રાથી લાવતા રહો. આજની મારા "વ્હાલા "ની શોભા જ અનોખી છે...."

કૃષ્ણદાસ શ્રી વલ્લભની વાણી સાંભળી પોરસાઈ ગયા.

શ્રી ગોવર્ધનનાથજીના કૃષ્ણભંડારના કૃષ્ણદાસ ફૂલ્યા સમાતા નહોતા. દિલ્હી આગ્રા મથુરા ઈત્યાદિ સ્થળેથી ઠાકોરજીની સામગ્રી, આભૂષણો, શૃંગાર, ઈત્યાદિ વસ્તુઓ લાવવા માટે એમણે ખાસ રથ તૈયાર કરાવ્યો હતો...રાજા ઠાકુરના અધિકારી તરીકેનો મોભો જાળવવા માટે એ સદાય જાગ્રત રહેતા....

૬. કૃષ્ણદાસે શ્રીજીબાવાનું સુખ જોયું

દેખો સખી મોહન મદન ગોપાલ ।
બાગો ઘેરદાર સિર ટોપા પહિરે મોજા લાલ ॥
પચરંગ કબા છીંટકી ફરગુલ ઓઢિ ધરે વનમાલ઼ ।
લૈ ચોગાન ગેંદ ખેલન ચલે સંગ લિયે બ્રજબાલ ॥
કરતિ આરતિ માત જસોદા ગાવત ગીત રસાલ ।
"કૃષ્ણદાસ" પ્રભુ પર ન્યોચ્છાવરિ વારત મુક્તામાલ ॥

ઉત્તરાયણના દિવસો હતા.

સૂર્ય દક્ષિણમાંથી ઉત્તર તરફ એનું પ્રસ્થાન આદરી રહ્યો હતો. ઠંડીનું પ્રમાણ વાતાવરણમાં સારું એવું હતું, એ ઉત્તરાયણના સૂર્યના તાપે ઓછું થઈ રહ્યું હતું. લોકો દાનધર્મ છુટ્ટે હાથે કરી રહ્યા હતા. ગાયમાતા ગળામાં બાંધેલી ઘંટડીને એનું ડોકું હલાવી રણકાવતી હવામાં સંગીતની મધુર લિપિઓ સર્જી રહી હતી. ગોપબાલા અને બાળકો આકાશમાં પતંગ ઉડાવતાં હતાં. ગિરિરાજજી પર શ્રી ગોવર્ધનધર પ્રસન્ન મુદ્રામાં ઉત્તરાયણનો ઉત્સવ તલસાંકળીની સામગ્રી આરોગતા બિરાજતા હતા....ત્યારે કૃષ્ણદાસે "દેખો સખી મોહન મદન ગોપાલ"નું પદ ગાયું. યશોદામૈયા એનાં કાનુડાને–બાલકૃષ્ણને સ્નાન કરાવી શૃંગાર કરતાં હતાં–એનાં દર્શનને કૃષ્ણદાસ એમની કાવ્યવાણીમાં જીવંત કરતા ઝૂમી રહ્યા હતા.

ગોપાલ શૃંગાર સજીને એમના સખાઓ સાથે ગૌચારણલીલામાં પધારી રહ્યા હતા. ખભે કાંબલી અને હાથમાં ગેડી, મુખે મુરલી ને ચહેરે સ્મિત...કૃષ્ણદાસનાં નયનોમાં આવો શ્યામ સમાઈ ગયો અને ગ્વાલનાં દર્શનમાં એમનાથી યમુનાકિનારે ગેડીદડાની રમત ખેલતા ગ્વાલબાલ સાથેના ગોવર્ધનધારીને નીરખી કૃષ્ણદાસ ગાઈ ઊઠ્યા :

તરનિ તનયા – તીર આવત હી પ્રાત સમૈ ।
કંદુક ખેલત દેખ્યૌ આનંદ કો કંદવા ॥

આમ ઋતુઋતુનાં પદોથી શ્રી ગોવર્ધનનાથને રીઝવતા કૃષ્ણદાસજી એમની મસ્તીમાં–એમની સેવામાં–એમના કારભારમાં વ્યસ્ત હતા....

રાજભોગનો સમય હતો. સામગ્રી ગોઠવાઈ ગઈ હતી. શ્રી વલ્લભે ગોવર્ધન પર્વતની તળેટીમાં રહેતા બંગાલીઓને શ્રીનાથજીને પાટે બેસાડયા ત્યારથી શ્રીજીબાવાની સેવા સોંપી હતી. શ્રી વલ્લભની ભૂખંડ પરની વિદાય પછી બંગાલીઓનું જોર વધી ગયું હતું. મંદિરમાં મુખિયા, ભીતરિયા, જળધરિયા વગેરે બંગાલીઓ જ હતા. મૂળ ચૈતન્ય સંપ્રદાયના આ બંગાળી સેવકો પુષ્ટિરીતિની સેવાથી પણ અજાણ હતા. એમના ગુરુ રૂપ સનાતન એમના વૈભવી ઠાઠથી મથુરામાં રહેતા હતા. બાદશાહ અકબરના દરબારમાં એમનું અનોખું સ્થાન હતું. એક સંત તરીકેની

। જોયું

।
લ ॥
ાલ ।
ાલ ॥
લ ।
ાલ ॥

ો. ઠંડીનું પ્રમાણ
ં થઈ રહ્યું હતું.
લી ઘંટડીને એનું
હતી. ગોપબાલા
શ્રી ગોવર્ધનધર
ાગતા બિરાજતા
ાયું. યશોદામૈયા
ર્શનને કૃષ્ણદાસ

માં પધારી રહ્યા
ા...કૃષ્ણદાસનાં
ી યમુનાકિનારે
કૃષ્ણદાસ ગાઈ

દાસજી એમની

લ્લભે ગોવર્ધન
ારથી શ્રીજી–
ા બંગાલીઓનું
બંગાલીઓ જ
ા પણ અજાણ
રહેતા હતા.
સંત તરીકેની

એમની ખ્યાતિ પણ વ્રજમંડળમાં ઘણી હતી. શ્રીનાથજીના બંગાલી સેવકોના એ ગુરુ હતા.

શ્રી ગોવર્ધનનાથજી માટેની રોજબરોજ આવતી ભેટો, સામગ્રી, આભૂષણો તેમજ પરદેશમાં ઘૂમી લાખો રૂપિયા શ્રીજી બાવા કાજ લઈ આવતા શ્રી ગોપીનાથજી અને શ્રી વિઠ્ઠલેશજી આ બંગાલીઓને કૃષ્ણદાસ દ્વારા ઠાકોરજી માટે આપી દેતા. ધૂર્ત બંગાલીઓ ચોરીછૂપીથી સોનાચાંદીનાં આભૂષણો, વાસણો, વસ્ત્રો ઇત્યાદિ એમના મથુરાસ્થિત ગુરુ રૂપ સનાતનને પહોંચાડતા રહેતા. કૃષ્ણદાસની ચકોર નજરે બંગાલીઓની ધૂર્ત અને ચૌર્યલીલા ચડી ગઈ હતી...અને એકબે વખત એમણે બંગાલીઓને એ બાબતમાં ઠપકો આપ્યો, તો બંગાલીઓ બગડી બેઠા અને બોલ્યા હતા :

"શ્રીજીબાવાની સેવા શ્રી વલ્લભ અમને સોંપતા ગયા છે. અમે અમારી રીતે સેવા કરવાનો અમારો હક્ક છોડશું નહીં."

અને શ્રી વલ્લભનું નામ આવતાં જ કૃષ્ણદાસ લાચાર થઈ જતા. એકાદ–બે વખત એમણે શ્રી ગોપીનાથજી અને શ્રી વિઠ્ઠલેશજીનું ધ્યાન દોરવા પ્રયત્ન કર્યો ત્યારે પિતાએ કરેલી ગોઠવણ બદલવામાં પિતૃભક્ત સંતાનોને પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન થતું લાગતાં બન્ને એ બાબતમાં ઉદાસીન રહેતા હતા.

રાજભોગની સામગ્રી ગોઠવતા મુખિયાજી પર કૃષ્ણદાસ અને શ્રી વિઠ્ઠલેશજીએ કૃષ્ણદાસની મદદમાં મૂકેલા સદાય પ્રવૃત્ત એવા અવધૂતદાસની નજર ગઈ....

બંગાલી મુખિયાજી ધીમેકથી એની ધોતીમાં છુપાવેલી દેવીની મૂર્તિને શ્રી ગોવર્ધનનાથજીની બાજુમાં સિંહાસન પર ચૂપચાપ પધરાવતો હતો. અવધૂતદાસ સમસમી ઊઠ્યા. એક નજર શ્રીજીબાવા પર પડી...અને શ્રી ગોવર્ધનનાથજીના ચહેરા પર પણ વ્યથાના ભાવો દષ્ટિમાન થતા હતા.

અવધૂતદાસથી રહેવાયું નહીં.

જિંદગી આખીનો હૈયામાં ધરબાઈ રહેલો ક્રોધ જ્વાળામુખીની જેમ ફાટ્યો...શ્રી વલ્લભના કૃપાપાત્ર અને શ્રી વિઠ્ઠલનાથજીના લાડીલા અવધૂતદાસ નામ પ્રમાણે સાચા અર્થમાં અવધૂત જ હતા.

અડીંગમાં રહેતા સનોઢિયા બ્રાહ્મણને ઘેર જન્મેલા અવધૂતને સ્વાર્થી સંસાર પ્રત્યે શૈશવથી જ તિરસ્કાર વ્યાપી ગયો હતો. વ્રજમાં એ હજી કિશોરાવસ્થામાં હતા ત્યારે દુકાળ પડ્યો હતો. અનાજના ભંડાર અને સરોવરનાં જલ ખતમ થઈ ગયાં હતાં... બે ટંક અનાજના સાંસા પડતા હતા. ત્યારે લાચાર માબાપે એમની આંખોના રતન સમા બાળક અવધૂતને પોતાનો પ્રાણ ટકાવવા એક વણિકને વેચી માર્યો અને પરદેશમાં ચાલ્યાં ગયાં. બાળક અવધૂતની જિંદગીમાં સંસાર કેવો છે – સ્વાર્થ એ કેવી ચીજ છે..એનો પરિચય એમનાં સગાં મા–બાપના માનસ પરથી આવી ગયો. પંદરમે વર્ષે વણિકનું ઘર છોડી અવધૂતદાસ મથુરામાં આવ્યા....

વલ્લભઘાટ પર એ સમયે શ્રી વલ્લભ બિરાજતા હતા. શ્રીમદ્‌ભ ભાગવતનું

પારાયણ ચાલતું હતું. પંદર વર્ષનો અવધૂત શ્રી વલ્લભના મુખે પ્રગટ થતું પારાયણ સાંભળવા આવતો. એક દિવસ ઓચિંતી શ્રી વલ્લભની નજર અવધૂત પર પડી...ચહેરા પર ઉદાસીનતા, કૃશ તન અને આંખોમાં વિષાદ ભરેલા અવધૂતના હૃદયમાં ઘૂઘવતી વ્યથાને પામી જતાં શ્રી વલ્લભે એને એ દિવસે પારાયણ પૂરી થતાં નજીક બોલાવ્યો :

"બેટા....પારાયણનું રસપાન કરતાં હૃદયને શાંતિ મળે છે ? તારા ચહેરા પરની વ્યથા મારા હૃદયને પીડા અર્પે છે...બેટા, શી વાત છે...તું ક્યાંનો છે...મથુરામાં શું કરે છે ?"

જવાબમાં અવધૂતદાસે આંખમાંથી અશ્રુ વહેવડાવતાં શ્રી વલ્લભનાં ચરણ પકડી લીધાં...અને ગદ્‌ગદિત સ્વરે બોલી ઊઠ્યો :

"મહારાજ, આ સંસારમાં મારું કોઈ નથી. આપ મને શરણે લ્યો...અને આ સ્વાર્થી જગતનાં મોહમાયાનાં બંધનોમાંથી મારો છૂટકારો કરો."

"અવધૂત....મારી સાથે ગિરિરાજ ચાલ....આ જગતમાં જેનું કોઈ નથી...એનો મારો ડુંગરિયો દેવ...શ્રી ગોવર્ધનનાથ છે...તું રખે અંતરમાં ગ્લાનિ લાવતો કે આ સકળ સંસારે તારું કોઈ નથી..."

"કૃપાનાથ....આપનો સહારો...આપની કાનીથી–કૃપાથી...મને મારા ભગવાનનો ભેટો કરાવી દ્યો !" અવધૂત બોલ્યો અને કિશોર અવધૂત શ્રી વલ્લભ સાથે ગોવર્ધન ગામે આવ્યો. શ્રી વલ્લભે એને ગોવિંદકુંડમાં સ્નાન કરી મંદિરમાં આવવાની આજ્ઞા કરી અને શ્રી વલ્લભે શ્રી ગોવર્ધનનાથજીની સમીપ કિશોર અવધૂતને બ્રહ્મસંબંધનું દાન અર્પ્યું....

બ્રહ્મસંબંધનું દાન આપતી વખતે શ્રીજીબાવા રાજભોગ આરોગતા હતા. શ્રી વલ્લભે નામનિવેદન કર્યું. આંખો સામે શ્રીજીબાવાની મનભાવન સ્મિતમઢી મૂર્તિ ખડી થઈ ગઈ.

"કૃપાનાથ, અંતરમાં હવે તો એક જ ભાવ ઊઠે છે કે મારા ગોવર્ધનધરને હૃદયમાં બિરાજમાન કરી હું વ્રજભૂમિમાં મારા નાથને યાદ કરતો ફર્યા કરું..."

શ્રી વલ્લભે સ્નેહાળ સ્મિત વેરતાં જમુનાજલ હથેળીમાં લઈ અવધૂતદાસને એનું આચમન કરાવતાં કહ્યું :

"અવધૂતદાસ...મારો ગોવર્ધનનાથ તમારી મનઃકામના પૂરી કરશે."

અવધૂતદાસના દેહમાં વીજળીનો ચમકારો થયો હોય તેમ એમનો દેહ સ્ફૂર્તિમય બની ગયો. ભૂખતરસની કોઈ લૌકિક બાધાઓથી પર થઈ ગયેલા અવધૂતદાસ સદાય માનસી સેવામાં વ્યસ્ત રહી વ્રજભૂમિમાં ઘૂમ્યા કરતા હતા અને શ્રીજીબાવાના સ્વરૂપાનંદમાં મગ્ન રહેતા.

રાજભોગનાં દર્શન કરતાં અવધૂતદાસની નજર શ્રીજીબાવાના મુખારવિંદ પર ગઈ. ચહેરા પર ગુસ્સો અને લાચારી દેખાયાં.

"બાવા, આજ પ્રસન્ન કેમ દેખાતા નથી ? સેવકનો કાંઈ અપરાધ ? કાંઈ

તકલીફ ?" અવધૂતદાસે પૂછ્યું.

"પ્રસન્ન શું દેખાય ? જોતો નથી સિંહાસન પર મારી બાજુમાં કોણ છે ?"

"અરે, આ તો બંગાલીઓનાં દેવીમાતાને પધરાવી આ બંગાલી મુખિયાજીએ આવું પાપ કર્યું ?"

–અવધૂતદાસજી સમસમી ઊઠયા અને બાજુમાં ઊભેલા કૃષ્ણદાસને "કૃષ્ણદાસ !" કહી રાડ પાડી.

"શું છે, અવધૂતદાસ ? આમ બૂમો શું પાડો છો ? આપણા શ્રીજીબાવા ગભરાઈ જશે." – કૃષ્ણદાસ બાળસ્વરૂપ શ્રીજીબાવાનો ખયાલ કરતાં બોલી ઊઠયા.

"આ તારા બંગાલી સેવકોએ શ્રીજીબાવાની બાજુમાં કઈ મૂર્તિને પધરાવી છે...જો ! "– અવધૂતદાસ ક્રોધથી ફફડતા હોઠે બોલ્યા.

કૃષ્ણદાસની નજર સિંહાસન પર પડી. શ્રીજીબાવાના ચહેરા પરનો ક્રોધ પણ દેખાયો.

"અવધૂતદાસ....આ તો હદ થઈ ગઈ...આ બંગાલી સેવકોથી હું તો હવે વાજ આવી ગયો છું. આજનો એમનો અપરાધ અસહ્ય છે. અવધૂતદાસ, તું હમણાં ને હમણાં અડેલ જા અને શ્રી વિઠ્ઠલેશ પ્રભુને મારો સંદેશો આપજે કે આ બંગાલીઓને હું રાતોરાત તગડી મૂકવાનો છું. આપની આજ્ઞા જોઈએ છે."

"જેવી આજ્ઞા અધિકારીજી, પણ ધ્યાન રાખજો...એમના ગુરુ રૂપ સનાતનજીની પહોંચ છેક અકબર બાદશાહ સુધી છે..." અવધૂતદાસજી બોલ્યા.

"અવધૂતદાસ, એની ચિંતા ના કરતો...આપણા ગોકુલના ફકીરને પણ અકબર બાદશાહ તેમજ મથુરાનગરીના હાકેમ ઇત્યાદિ બધા જ વ્રજના એક મહાન સંત તરીકે જાણે જ છે...શ્રી વિઠ્ઠલેશજીના કેટલાક પદાધિકારીઓ તો સેવકો છે. એમના એક બોલ પર એ લોકો એમનું સર્વસ્વ ન્યોછાવર કરી દે તેવા છે. તું સમય બગાડયા વગર અડેલ પહોંચી જા...હું બેત્રણ દિવસ અહીં બધું સંભાળી લઈશ..." કૃષ્ણદાસે કહ્યું.

અવધૂતદાસ હજી તો જવાની તૈયારી કરે ત્યાં જ સવારના મારતે ઘોડે અડેલથી એક કાસદ જતીપુરા આવી પહોચ્યો અને સીધો કૃષ્ણદાસ પાસે પહોંચી બોલી ઊઠયો :

"કૃષ્ણદાસજી....તમને અબઘડી અડેલ શ્રી વિઠ્ઠલેશજી બોલાવે છે."

"અડેલ મને બોલાવે છે ?" કૃષ્ણદાસને આશ્ચર્ય થયું.

"હા, શ્રી વલ્લભનંદનના જીવને ભારે અજંપો છે." કાસદ બોલ્યો.

"અજંપો ? શી વાતનો ?" કૃષ્ણદાસે ચિંતિત સ્વરે પૂછ્યું.

"એની મને ખબર નથી. બન્ને ભ્રાતાઓ ખૂબ જ અસ્વસ્થ છે. આંખોમાંથી આંસુ વહ્યે જાય છે. તમને ખાસ બોલાવવા મોકલ્યો છે–" કાસદ બોલી ઊઠયો. એના અવાજમાં પણ અણજાણ અજંપો હતો.

"સારું. આમેય અવધૂતદાસ આજે સવારે જ અડેલ જવા નીકળવાના

હતા...હવે અમે બન્ને....ઉત્થાપનનાં દર્શન પછી સાથે જ નીકળશું."

અને અડેલની વાટ પકડી લેતા બન્ને સેવકોની પીઠ પાછળ શ્રીજીબાવા પ્રસન્નચિત્તે હસતા હતા.

આ બાજુ અડેલમાં શ્રી વિઠ્ઠલેશજીના શરીરને ચેન નહોતું પડતું. પળેપળે દિલમાં વેદના ઉછાળા મારતી હતી. આંખો સામે આગલી રાતનું સ્વપ્ન જ ખડું થઈ જતું હતું. હકીકતમાં એ સ્વપ્ન હતું કે સાક્ષાત્કાર એ પણ એક પ્રશ્ન હતો.

મધ્યરાત્રીનો સમય હતો.

અમાસની રાતનો અંધકાર અડેલની ભૂમિને વીંટળાઈ વળ્યો હતો.

મોડી રાત સુધી પૂર્વ ભારતની યાત્રાએથી પાછા ફરેલા વડીલબંધુ ગોપીનાથજી, નાનકડા પુરુષોત્તમલાલજી, મહાલક્ષ્મીવહુજી, તેમજ ગોપીનાથજીનાં વહુજી સાથે પ્રવાસની વાર્તા કરીને એમના ખંડમાં પોઢ્યા હતા, ત્યાં જ ઓચિંતો આંખો પર પ્રકાશનો પુંજ પથરાઈ ગયો. બંધ પોપચાં ખૂલી ગયાં...અને આંખો સામે પ્રકાશના પુંજમાંથી જ શ્રીનાથજી પ્રગટ થયા....

"અરે બાવા, તમે આંહીં ?" હાંફળાફાંફળા શ્રી વિઠ્ઠલેશજી બોલી ઊઠ્યા.

"હા, કાકાજી, હું તમારા આ બંગાલી સેવકોથી ત્રાસી ગયો છું. એમને આપણા સેવાપ્રકારની કશી જ ગતાગમ નથી. એ એમની રીતે સેવાપ્રકાર કર્યા કરે છે. તમે લોકો દેશદેશાવરમાં ફરી જે કાંઈ સામગ્રી, ભેટ, અલંકાર લાવો છો એ ચોરીને એમના ગુરુ રૂપ સનાતનને મથુરા પહોંચાડે છે. ટૂંકમાં, હું તમને આજ્ઞા કરવા આવ્યો છું કે અબઘડી કૃષ્ણદાસ અધિકારીને તમે હુકમ મોકલો કે એ બંગાલીઓની જડ આપણા મંદિરમાંથી કાઢે."

"પરંતુ, પ્રભુ, તાતશ્રીએ એમને..."

"તમારી આ વાત સાંભળી–સાંભળીને થાકી ગયો છું... મારી પ્રસન્નતા પહેલી કે તાતશ્રીની..." શ્રીજીબાવા આગળ બોલતા અટકી ગયા. એમના અવાજમાં ક્રોધની ચિનગારી સળગતી હતી.

"ક્ષમા કરો, બાવા...હું કૃષ્ણદાસને અબઘડી બોલાવી તમારી અશાંતિ–અજંપો દૂર કરી દઉં છું...."

"કાકાજી, તમને ખબર છે, આ બંગાળીઓ રાજભોગમાં કોઈક દેવીની મૂર્તિને ચોરીછૂપીથી મારા સિંહાસન પર પધરાવી દે છે ? તો મારે શું એની એઠી સામગ્રી ખાવી ?" નાના બાળકની જેમ ફરિયાદ કરતાં રિસાયેલા અવાજે શ્રીજીબાવા બોલ્યા.

શ્રી વિઠ્ઠલેશજી શ્રીનાથજીના છેલ્લા શબ્દો સાંભળી પ્રસન્ન થયા.

આજ ચૌદ લોકનો નાથ માનવ બની માનવસહજ નાનકડા બાળકની જેમ બંગાલી સેવકો સામે ફરિયાદ કરતો હતો, એનો અણગમો વ્યકત કરતો હતો. બાકી શું એનામાં સામર્થ્ય નહોતું કે એ સેવકોને એ પરચો બતાવીને દંડ કરી શકે ?

"વાહ રે મારા ગોવર્ધનનાથ ! શી બાકી લીલા રચી છે તેંય તે...નિરાકાર–

માંથી સાકાર બ્રહ્મવાદના સ્વરૂપને સમજાવવાની લીલાના ભાગરૂપે નંદ જશોદાના લાલ બની તારા દેવત્વને – અવિનાશીપણાને "માનવ–વાઘા" પહેરાવી રીસ, ગુસ્સો, અકળામણના માનવસ્વભાવો ચરિતાર્થ કર્યા."

"કાકાજી, મારી સામે શું જોઈ રહ્યા છો ? મારામાં શું જોવાનું છે ?" શ્રીજીબાવા હસીને બોલી ઊઠયા.

"શું તમારા આ મુખદર્શનમાં નથી જોવાનું ? વ્હાલા, હું તો દર્શન કરું છું તમારામાં વસેલા માનવીય તત્ત્વનું, જે આપણા પુષ્ટિસંપ્રદાયમાં ઊંડે સુધી ધરબાયેલું છે. અગિયાર વર્ષના બાળકની બાલસહજ માનવીય વૃત્તિનું હું તો દર્શન કરું છું." શ્રી વિઠ્ઠલેશજી બોલ્યા.

"ઠીક છે...આ મારી આજ્ઞાનો અમલ જલદી થવો જોઈએ."

શ્રી વિઠ્ઠલેશજીએ તે વખતે એમની સેવામાં રહેતા ખવાસને જગાડયો અને આજ્ઞા કરતાં કહ્યું :

"જેરામ, અબઘડી તું વ્રજમાં અશ્વ પર જા અને કૃષ્ણદાસજીને કહે કે બને તેટલા જલદી, બધાં જ કામ મૂકી અહીં આવી પહોંચે."

"જેવી પ્રભુની આજ્ઞા"– કહેતાં જેરામ ખવાસે કાસદના રૂપમાં ઘોડા પર સવાર થઈ શ્રી ગિરિરાજજીની દિશામાં પ્રયાણ આદર્યું. અને હજી તો યમુનાજીના કિનારેકિનારે આગળ વધતો હતો ત્યાં જ મધરાતના સુસવાટા મારતા શીતલ આહ્લાદક પવનની પાલખીમાં આંખો ઘેરાવા માંડી અને વહેલી સવારે આંખો ઊઘડી ત્યારે એ ગિરિરાજજીની તળેટીમાં દંડવતી શિલા પાસે હતો.

"વાહ, મારા વિઠ્ઠલેશ, તમારી કૃપા !" કરતો દંડવતી શિલાની પ્રદક્ષિણા કરતો એ મંદિરમાં પહોંચ્યો ત્યારે મંગળભોગનાં દર્શનની તૈયારી ચાલતી હતી.

કૃષ્ણદાસ અને અવધૂતદાસ અડેલ આવી પહોંચ્યા. બન્નેએ બંગાલીઓની ઉદ્દંડતાથી દેવીમાતાની બધી જ વાત કરી.

"આપ આજ્ઞા કરો તો હું આ બંગાલીઓને ઘડીના છઠ્ઠા ભાગમાં કાઢી મૂકીશ."–કૃષ્ણદાસે કહ્યું.

"મોટાભાઈ પણ અહીં જ છે. આપણે એમની આજ્ઞા લઈ લઈએ." શ્રી વિઠ્ઠલેશજી બોલ્યા.

શ્રી વિઠ્ઠલેશજી, કૃષ્ણદાસ અને અવધૂતદાસને લઈને અંદરનાં ખંડમાં બિરાજતા શ્રી ગોપીનાથજી તથા માતાજી પાસે પહોંચ્યા અને વાત કરી, એટલે શ્રી ગોપીનાથજી માતા સામે નજર કરતાં બોલ્યા :

"વિઠ્ઠલ, પિતૃ – આજ્ઞા છે કે એમણે કરેલું શ્રીજીની સેવાનું આયોજન આપણા માથે છે, પરંતુ આપણે શ્રીજીનું સુખ પણ વિચારવું જરૂરી છે. જો આ બંગાલીઓની સેવાથી શ્રીજીબાવા પ્રસન્ન ન હોય, એમને વ્યથા પહોંચતી હોય, તો પિતાશ્રીને વંદન કરી, એમની આજ્ઞા માગીને પણ આ બંગાલીઓને દૂર કરવા જ રહ્યા. અક્કાજી, આપની શી સલાહ પડે છે ?" વડીલબંધુ ગોપીનાથજીએ માતા

સામે દષ્ટિ કરતાં પૂછ્યું.

"ગોપી, તારી વાત સાવ સાચી છે, યોગ્ય પણ છે. જ્યારે ખુદ શ્રીજીબાવા આવીને વિઠ્ઠલને આ બંગાલીઓને હટાવવાની આજ્ઞા કરે, પછી બીજું વિચારવાનું શું હોય ? શ્રીજીબાવાને સુખ થતું હશે...પ્રસન્નતા પ્રાપ્ત થતી હશે તો તમારા પિતાશ્રી પણ તમારા બંગાલીઓને હટાવવાના કાર્યથી અવશ્ય પ્રસન્ન થશે, કારણ કે એમના હૃદયમાં પણ શ્રીજીના સુખથી વિશેષ બીજી કોઈ વાત અગ્રસ્થાને નહોતી."

"કૃષ્ણદાસ, વડીલ બંધુ અને માતુશ્રીની આજ્ઞા મળી ગઈ. હવે તમે કઈ રીતે આ ધીટ બંગાલીઓને હટાવશો ? જુઓ, આખુંય કાર્ય પ્રેમભાવનાથી જ કરજો. એમના દિલને દુઃખ ન પહોંચે એ રીતે જે કાંઈ થઈ શકતું હોય તે કરશો." શ્રી વિઠ્ઠલેશે કૃષ્ણદાસને આજ્ઞા કરતાં કહ્યું.

"પ્રભુ, એ બધું હવે તમે મારા પર છોડી દો. તમારી કૃપા અને અનુમતિ મળી એટલે ભયો ભયો. હા, શ્રીજીની સેવા છોડતાં કોઈને પણ દુઃખ, તાપ બધું જ થાય...એ લોકો રોષે પણ ભરાશે, એમના ગુરુ રૂપ સનાતનજી પાસે દોડયા જશે...એમના ગુરુ રૂપ સનાતનજી દ્વારા અકબર બાદશાહના દરબારમાં ધા પણ નાખશે." કૃષ્ણદાસે પરિણામની વાત કરતાં કહ્યું.

"કૃષ્ણદાસ, ચિંતા ન કરો. આપણે જે કાંઈ કરી રહ્યા છીએ એ આપણા શ્રીનાથજીના સુખ માટે જ કરી રહ્યા છીએ...તમે એક કામ કરો..." કશુંક વિચારતા શ્રી વિઠ્ઠલેશજી બોલ્યા.

"આજ્ઞા, પ્રભુ !"

"તમને હું બે પત્રો આપું છું – એક બાદશાહ પર અને બીજો મથુરાના હાકેમ પર. બન્નેને આપણા સંપ્રદાય પ્રત્યે લાગણી છે. એ પત્રો દ્વારા આપણી વાત – આ કટુ કાર્ય પાછળની ભાવના અકબર બાદશાહને મારા પત્ર દ્વારા સમજાશે. દિલ્હીનો શહેનશાહ સમજુ, વિચારશીલ અને સર્વધર્મ પ્રત્યે સમભાવ રાખવાવાળો છે. તમે પત્રો લઈ આગ્રા–મથુરા પહોંચો. અવધૂતદાસ, તમે સીધા શ્રીનાથજી પહોંચી બંગાલીઓને હટાવવાની તૈયારી શરૂ કરો." શ્રી વિઠ્ઠલેશ બન્ને સેવકોને કાર્ય સોંપી દઈ સેવામાં પધાર્યા.

કૃષ્ણદાસ શ્રી વિઠ્ઠલેશજીની દૂરંદેશી પર વારી ગયા.

"અવધૂતદાસજી....તમે શ્રીજીદ્વાર પહોંચો. રાત પડી જશે પહોંચતાં. ગોપાલપુરામાં વસતા શ્રી વલ્લભના સેવક સાંચોરા બ્રાહ્મણો પાસે પહોંચો." કૃષ્ણદાસે આયોજન આદરી દેતાં કહ્યું.

"સાંચોરા વ્રજવાસી બ્રાહ્મણો ?"

"હા...શ્રીજીબાવાના સાચી રીતના સેવકો એ ધરતીના સાંચોરા બ્રાહ્મણો છે. એમનો હક્ક પણ પહેલો લાગે શ્રીજી બાવાની સેવામાં, એટલે શ્રી વિઠ્ઠલેશપ્રભુના નામે કહેજો કે આપણે કહીએ ત્યારે નાહીધોઈને મંદિરે આવવા તૈયાર રહે. જતીપુરા ગામની તળેટીમાંથી શ્રી ગિરિરાજજી પરથી એ લોકો આવવાનું રાખે...આખીય

વાત ખૂબ જ ખાનગી રાખવાની છે...હું આગ્રા થઈ મોડી રાતે કે વહેલી સવારે શ્રીનાથજી પાછો ફરીશ અને તમને દંડવતી શિલા પાસે મળીશ." કહી કૃષ્ણદાસ મથુરા–આગ્રા ગયા. હાકેમને અને બાદશાહને શ્રી વિઠ્ઠલેશના પત્રો આપતાં બધી જ વાત સમજાવી, આખીય વાતનો મર્મ સમજાવી દેવાયો.

કૃષ્ણદાસજી પ્રસન્નચિત્તે રાતોરાત ગિરિરાજજી પહોંચ્યા. ગિરિરાજજીની તળેટીમાં અવધૂતદાસજી એમની રાહ જોતા ઊભા હતા.

"અવધૂતદાસજી....શ્રીજીબાવાની કૃપાથી આગ્રાનું કામ તો થઈ ગયું. અહીં સાંચોરા બ્રાહ્મણોને વાત કરી ?"

"અરે, એ તો રાજીના રેડ થઈ ગયા..." અવધૂતદાસ બોલ્યા.

"થાય જ ને ! શ્રીજીબાવાની સેવાનો લાભ મળે છે ને !" કહેતાં કૃષ્ણદાસ અટકી ગયા. ચહેરા પર ગ્લાનિ પ્રસરી ગઈ.

શ્રી વલ્લભના કાળથી શ્રી વલ્લભની આજ્ઞાથી આ બંગાળી સેવકો શ્રીજીબાવાની સેવામાં પ્રવૃત્ત હતા. ગરીબ બ્રાહ્મણો હતા. દૂરદૂર બંગાલથી રોજીરોટી કાજ ભટકતા, એમના ગુરુ રૂપ સનાતનજી સાથે વ્રજમાં આવ્યા હતા. આમ તો ભલાભોળા ઇન્સાનો હતા, ગરીબ હતા. શ્રીજીબાવાની સેવામાં પણ ઊલટભેર આનંદભેર વ્યસ્ત રહેતા હતા. પરંતુ એમનો બંગાલની કુળદેવી દુર્ગા પ્રત્યેનો ભાવ, લાગણી, શ્રદ્ધા અનેરાં હતાં. મા તરીકે એને પૂજતા...એમાં વળી ચાણક્યબુદ્ધિ–વાળો રૂપ સનાતનજી એમનો ગુરુ હતો. મિષ્ટભાષી, સ્વાર્થી, હૈયે હળાહળ ઝેર રાખીને દિલ્હી આગ્રા મથુરા વચ્ચે આંટા મારતો. અકબર બાદશાહથી માંડી એના અમલદારો, સેનાપતિઓ...ઇત્યાદિ સાથે એણે એના ધાર્મિક જ્ઞાનની પૂંજી સાથે સારો એવો ઘરોબો બાંધી દીધો હતો. કૃષ્ણદાસજીનું હૈયું નિર્દોષ બંગાલી સેવકોને દૂર કરતાં દ્રવતું હતું...પરંતુ એ લાચાર હતા. શ્રીજીબાવાની આજ્ઞા થઈ હતી. વળી શ્રી વિઠ્ઠલેશની પણ આજ્ઞા થઈ હતી, એટલે એક કર્તવ્યરૂપે પણ એ કામ પાર પાડવાનું જ હતું.

"અવધૂતદાસ..."

"શું છે ?"

"આજે મારું હૈયું ખૂબ જ વ્યાકુળ છે, દ્રવિત છે. શ્રીજીબાવાની સેવા કરતા, ગમે તેવા તોપણ વૈષ્ણવ કહી શકાય એવા બંગાલીઓ પાસેથી શ્રીજીબાવાને, એમના સાંનિધ્યને, એમની સેવાને હું ખૂંચવીને માથે એક ઘોર પાપ વહોરી રહ્યો છું...પરંતુ લાચાર છું. આપણે એ લોકોને સેવાપ્રકારની રીતે સમજાવવા, અન્યાશ્રય ન કરવા કેટકેટલી વાર સમજાવ્યા, પરંતુ માલમલીદા પર જ જીવતા એમના ગુરુ પ્રત્યેની એમની અંધશ્રદ્ધા, પ્રેમભાવનાના કારણે એમના ભોળા દિલમાં પાપ, કપટ જાગ્યાં...અને મારા શ્રીજીબાવાનું સુખ–પ્રસન્નતા આમા છીનવી રહ્યા છે...ત્યારે ના છૂટકે મારે આવું ઘાતકી પગલું ભરવું પડે છે." કૃષ્ણદાસ ખૂબ જ વ્યથા સાથે બોલી ઊઠ્યા. આ ક્ષણોમાં એમનામાં રહેલા વૈષ્ણવતાના ગુણો જ એમને દ્રવિત

કરી રહ્યા હતા....

"કૃષ્ણદાસ...આ ક્ષણોમાં આપણી સ્થિતિ કુરુક્ષેત્રમાં બે સેના વચ્ચે રથ પર ઊભેલા મોહાંધ અર્જુન જેવી છે...આ યુદ્ધ, આ હત્યાઓ, આ બધું શા માટે – એવો પ્રશ્ન આપણને પણ થાય છે...પરંતુ આપણા સદ્‌નસીબે આપણા કૃષ્ણ...આપણા શ્રી ગુસાંઈજી મહારાજ – શ્રી વિઠ્ઠલેશ પ્રભુ છે...એમનો જ્ઞાનબોધ દઈને આપણે પાપકર્મના ભાગીદાર બનતા અટકાવી રહ્યા છીએ. તમે હૃદયમાં રંજ ન રાખો, કૃષ્ણદાસ !" અવધૂતદાસજી બોલ્યા.

"અરે હાં, અવધૂતદાસજી...તમે એક કામ કરો."

"આજ્ઞા....હુકમ.." અવધૂતદાસજી બોલ્યા.

"તમે તળેટીમાં નાનીમોટી રાવટીઓ બંધાવીને તૈયાર રાખો...હવે કોઈપણ ઘડીએ કાંઈ પણ થાય તો એ ભોળાભટાક....કૃષ્ણપ્રેમી બંગાળીઓ માટે આપણામાંના જ વૈષ્ણવ એવા માટે આ રાવટીઓ કામ આવશે. તમે આ કામમાં લાગી જાઓ."

રાવટીઓમાં સીધું–સામાનથી માંડી બધી જ વ્યવસ્થા થઈ ગઈ....

અને મળસ્કે...ગિરિરાજજીની તળેટીમાંથી બૂમ ઊઠી :

"નાસો..ભાગો....રાધાકુંડની વનરાજિમાં બંગાલીઓની વસાહતમાં આગ લાગી છે...આગ લાગી છે...દોડો દોડો...આગ લાગી છે..." અને બરોબર એ જ વખતે રાતદિનની દોડધામ પછી થાકેલા કૃષ્ણદાસને માંડ નિંદર આવી હતી, ત્યાં તો એમના બારણે રાડ પડી...

"કૃષ્ણદાસજી, દોડો દોડો...રાધાકુંડ પાસે બંગાલીઓની વસાહતમાં આગ લાગી....આગ લાગી...આગ લાગી..."

કૃષ્ણદાસ જાગી ગયા...અને શ્રી ગિરિરાજજીની તળેટીમાં ખુલ્લા પગે, ખુલ્લે માથે આવતાં...મોટા સાદે રડી પડયા....

"મારા વ્હાલા ગોવર્ધનનાથ...આ શું થઈ ગયું ? મારા વ્હાલા...મારા બંગાલીબંધુઓની રક્ષા કરજે, મારા વ્હાલા..."

અને ફરી એક વખત મોટા સાદે રડી પડયા....

૭. કૃષ્ણદાસ અષ્ટસખા–મંડળીમાં સ્થાન પામ્યા

રુદ્રકુંડની વનરાજિમાં પહોંચતાં જ બંગાલીઓના હાંજા ગગડી ગયા.

આગની જ્વાળામાં બધું જ લપેટાઈ ગયું હતું. સારા નસીબે બધા જ બંગાલીઓ વહેલી સવારે શ્રીજીબાવાની સેવામાં પહોંચી ગયા હતા એટલે જાનહાનિ નહોતી થઈ, પરંતુ એકેય ઝૂંપડું બચ્યું નહોતું....વ્રજવાસીઓ અને શ્રીજીબાવાની સેવા પડતી મૂકીને દોડી આવેલા બંગાલીઓએ કુંડમાંથી બાલદીઓ ભરીભરીને પાણી નાખવા માંડયું. સૌ કોઈના હૈયામાં ગ્લાનિની આગ પણ ભભૂકતી હતી.

"આ ઝૂંપડાંઓ કોણે સળગાવ્યાં હશે ?"–આ પ્રશ્ન સતત બંગાલીઓના હૈયાને મૂંઝવતો હતો.

"નક્કી શ્રીજીબાવા રૂઠ્યા....પેલી દેવીને ગઈકાલે રાજભોગમાં ચોરીછૂપીથી એમની બાજુમાં બેસાડયાં હતાં ને – પરિણામે જરૂર ગોવર્ધનનાથ જ આપણા પર કોપાયમાન થયા છે !" એક બંગાલી બોલી ઊઠ્યો.

ચર્ચાઓ થતી રહી. આગ બુઝાતી રહી. ધીમેધીમે લોકો મંદિર તરફ "રાજભોગ"નાં દર્શન કરવા નીકળી પડયા. વાતાવરણમાં સન્નાટો છવાઈ ગયો હતો. બંગાલીઓ પણ આગ કાબૂમાં આવતાં મંદિર તરફ જવા નીકળ્યા, ત્યાં જ રસ્તામાં દંડવતી શિલા પાસે કૃષ્ણદાસ અધિકારી હાથમાં ડાંગ સાથે ઊભા હતા. એમણે બંગાલીઓને રોક્યા.

"ક્યાં જાઓ છો ?" લાલઘૂમ આંખો ઘુમાવતા કૃષ્ણદાસે પ્રશ્ન કર્યો. સવારની ઠાકોરજીની મંગળાની સેવા પડતી મૂકીને બળતાં ઝૂંપડાં બચાવવા દોડી ગયેલા બંગાલીઓ પર કૃષ્ણદાસની થોડીવાર પહેલાંની કરુણા ક્રોધમાં પરિવર્તિત થઈ ગઈ હતી.

"શ્રીજીબાવાની સેવામાં, કેમ ?"– બંગાલીઓના સરદાર જેવા મુખિયાજીએ પૂછ્યું.

"આ ક્ષણથી તમે મારા શ્રી ગોવર્ધનનાથજીના સેવાકાર્યમાંથી મુક્ત છો." કૃષ્ણદાસજી બોલી ઊઠ્યા.

"કેમ....કેમ...અમારો કાંઈ અપરાધ ?"

"અપરાધ તો ખરોજ ને...શ્રીજીબાવાની સેવા છોડી તમે તમારાં ઝૂંપડાંની આગ ઓલવવા દોડી ગયા....મારા પ્રભુ મંગળભોગ વગરના રહ્યા...આવો દુરાચાર કરનારાનો...પ્રભુના સુખનો વિચાર ન કરનારાનો મારે ખપ નથી."

"અરે, પણ કૃષ્ણદાસજી, અમારાં ઝૂંપડાંમાં આગ લાગી... અમારી ઘરવખરી, માલસામાન બધું ભડકે બળતું હોય ત્યારે અમે એ બચાવવા તો દોડી જઈએ ને !" મુખિયાજીએ દલીલ કરી.

"તમારાં ઝૂંપડાં, તમારી ઘરવખરી તમને તમારા શ્રીજીબાવાથી વધુ વ્હાલાં

લાગ્યાં. આ તમે.....તમારી ઘરવખરી....બધું જ મારા ગોવર્ધનનાથજીની કૃપાનું પરિણામ છે એ કેમ ભૂલી ગયા ?" કૃષ્ણદાસ બોલ્યા.

"અમારી જીવનમૂડી, મરણમૂડી જે કાંઈ કહો ને તે આ રુદ્રકુંડની તળેટીમાં વસેલી અમારી દુનિયા હતી, અધિકારી કૃષ્ણદાસજી !"

"તમને શ્રીજીબાવાની સેવા છોડતી વખતે એ વિચાર કેમ ન આવ્યો કે આ ઝૂંપડીઓ...માલસામાન બધું જ ક્ષણિક છે, લૌકિક છે, એક દિવસ નાશ પામવાનું છે...ફરી પાછું નવા રૂપે ઊભું થઈ શકે તેમ છે...અને જ્યારે ઝૂંપડાંને આગ લાગી, તમે પાયમાલ થઈ ગયા છો ત્યારે તમને એ વિચાર કેમ ન આવ્યો કે જે ઝૂંપડાંને આગ લાગી છે, એ જગ્યાએ જ નવાં ઝૂંપડાં બાંધી આપનારો આ ગોવર્ધનનાથ બેઠો છે. અમે તમને ઝૂંપડાં બાંધી આપીએ એવા શ્રીજીબાવાની છાયામાં બેઠા છીએ. એક નાશવંત ઝૂંપડીઓનો તમને એવો તે કેવો મોહ જાગ્યો કે તમારી સેવા છોડી, અહીં દોડી આવ્યા ? તમને હવે શ્રીજીબાવાની સેવા કરવાનો કોઈ અધિકાર નથી." કૃષ્ણદાસ ગર્જ્યા.

"કૃષ્ણદાસજી, અમે તો શ્રીજીબાવાના રાજભોગની સેવાના અધિકારી છીએ. આ અધિકાર અમને શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ આપ્યો છે, શ્રી વલ્લભે અમને આપ્યો છે. જોઈએ છીએ અમને કોણ રોકે છે ! ચાલો ભાઈઓ...આપણે શ્રીજીબાની સેવા કરવા જ જન્મ્યા છીએ." હુંકાર કરતો મુખિયાજી બોલી ઊઠ્યો.

"હું કૃષ્ણદાસ અધિકારી તમને રોકું છું. કશી જ ધમાલ કર્યા વગર શ્રીજીબાવાની સેવાના થઈ રહેલા કાર્યમાં વિઘ્ન ઊભું કર્યા વગર તમે તમારા સ્થાને પાછા ફરો." કહેતાં કૃષ્ણદાસે એક કરડી નજર બંગાલીઓના સમૂહ પર નાખી. બંગાલીઓ ગુસ્સામાં પગ પછાડતા, બૂમો પાડતા કૃષ્ણદાસને "અમે તમને જોઈ લેશું..." કહેતા સૌએ એમના ગુરુ રૂપ સનાતનજી આગળ ફરિયાદ કરવા મથુરાની વાટ પકડી.

મથુરા પહોંચતાં જ એમના ગુરુ રૂપ સનાતજી આગળ ધા નાખતાં બોલી ઊઠ્યા :

"અમને શ્રી વિઠ્ઠલનાથજીના સેવક શ્રીનાથજીના મંદિરના અધિકારી કૃષ્ણદાસે કાઢી મૂક્યા. અમારાં ઝૂંપડાંઓ સળગાવી દીધાં. અમારા પર અત્યાચાર કર્યો."

ગુરુ રૂપ સનાતનજી શિષ્યોની બેહાલી જોઈ સમસમી ઊઠ્યા. એમની આંખો સળગી ઊઠી. અહંનો અજગર ફૂંફાડા મારતો ખડો થઈ ગયો.

"બે બદામના શ્રીજીબાવાના સેવકની એ મજાલ ! ચાલો હું જોઉં છું, શ્રીજીબાવાની સેવા કરતા તમને કોણ રોકે છે !" અને રૂપ સનાતનજી હજી તો એમના આશ્રમમાંથી બહાર નીકળી ગોવર્ધનની વાટ પકડે, એ પહેલાં જ આશ્રમના દ્વાર પર રથમાં બેસી કૃષ્ણદાસજી આવી પહોંચ્યા. બંગાલીઓનું પગલું દબાવતા એ રૂપ સનાતનજીના આશ્રમે પહોંચી ગયા. એમને ડર હતો કે આ બંગાલીઓના થયેલા હાલહવાલથી રૂપ સનાતનજી ગુસ્સે થઈ કાંઈક આડુંઅવળું ન કરી બેસે.

"અરે, શૂદ્ર ! તું અહીં ?" આશ્રમના પ્રવેશદ્વારમાંથી પ્રવેશ કરતા

કૃષ્ણદાસજીને જોઈને રૂપ સનાતનજી ક્રોધિત સ્વરે બોલી ઊઠ્યા.

"વંદન...મહંતશ્રી...આપને અમારા ગુરુદેવ શ્રી વિઠ્ઠલનાથજીનો સંદેશો આપવા આવ્યો છું."

"તારા ગુરુની અને તારી આ ધૃષ્ટતા ! તેં શ્રીમદ્ વલ્લભાચાર્યજી જેવા મહાન સંતે શ્રી ગોવર્ધનનાથજીની સેવા કરવાનો જેમને અધિકાર આપ્યો છે એવા અમારા બંગાલી સેવકોને દૂર કર્યા ? તેં તારા ગુરુ અને શ્રી વિઠ્ઠલેશજીના પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું ?"

"મહંતશ્રી...સેવાનો અધિકાર એ સેવકોને શ્રી વલ્લભે આપ્યો હતો કે જે શ્રીજીબાવાની પૂર્ણ ભક્તિ અને આસ્થાથી એની જ સેવા કરે....તમારા બંગાલી સેવકોને પૂછો, એ કોની સેવા કરતા હતા...કોને ભોગ ધરાવતા હતા...કયાં દેવીને શ્રીજીબાવાના સિંહાસન પર બિરાજમાન કરતા હતા ?"...કૃષ્ણદાસ બોલ્યા

"એટલે તું કહેવા શું માગે છે, ક્ષુદ્ર શૂદ્ર !"–રૂપ સનાતનજી ગર્જ્યા.

"મહંતશ્રી...તમે વારેવારે મને શૂદ્ર કહી અપમાનિત કરો છો, પણ તમે એક વાતનું ધ્યાન રાખજો કે હું ભલે ક્ષુદ્ર હોઉં, શૂદ્ર હોઉં, પરંતુ મારા શ્રીજીબાવાનો ભક્ત છું. મારા વંદનીય ગુરુ શ્રી વલ્લભ, શ્રી વિઠ્ઠલ અને શ્રી ગોપીનાથજીના ઘરનો સેવક છું. શ્રીજીના સુખનો અને મારા ગુરુઘરની ઇચ્છાઓનો વિચાર કરતો દાસ છું."

"હોઈશ, એમાં અમારે શું ? અમારા સેવકોનો શ્રી વલ્લભે અર્પેલો અધિકાર અમારે જોઈએ છે અને એ લીધે જ રહેશું." રૂપ સનાતનજીએ પાછો હુંકાર કર્યો.

"એ નહીં મળે, મહંતશ્રી !"

"કેમ ?"

"તમારા આ સેવકો મારા શ્રીજીબાવાના સુખનો વિચાર કર્યા વગર એમના પોતાના સ્વાર્થી લૌકિક સુખનો, સમૃદ્ધિનો જ વિચાર કરે છે. વહેલી સવારે "આગ લાગી"ના સમાચાર કાને પડતાં શ્રીજીબાવાની મંગળભોગની સેવા અધૂરી મૂકી, ભૌતિક રહેઠાણોની સંભાળ રાખવા દોડી જઈ, મારા શ્રીજીબાવાને મંગળભોગ વગરના રાખે, શ્રીજીબાવાની ભેટસોગાદો, સામગ્રીઓ, વસ્ત્રો, આભૂષણો ભંડારમાંથી ચોરીને અહીં તમને પહોંચતાં કરે છે એના પુરાવા પણ અમારી પાસે છે. તમારી દેવીને ચોરીછૂપીથી રાજભોગમાં અમારા કાળિયા ઠાકોરની સાથે પધરાવી, અમારા શ્રી ગોવર્ધનનાથજીનો રાજભોગ એંઠો કરે એવા સેવકો અમારે ન જોઈએ." –કૃષ્ણદાસજી એક અધિકારીની અદાથી બોલ્યા.

"હું અકબર બાદશાહ પાસે જઈ ન્યાય માગીશ...અને તમને સૌને ગિરિરાજજીમાંથી તગેડી મૂકીશ. શું સમજો છો આ રૂપ સનાતનજીને ?"– રૂપ સનાતનજીનો અહમ્ માતો નહોતો.

"અભિમાનનું પૂતળું, ઇષ્ટદેવને પામવા નીકળેલા, રસ્તો ભૂલી ગયેલા શિષ્યોનાં ટોળાં ઊભાં કરી, એના પર સત્તા અને વૈભવ જમાવતા મઠાધીશ –

આથી વિશેષ કાંઈ જ નહીં"– કહેતા કૃષ્ણદાસજી આશ્રમનું પ્રાંગણ છોડી ગિરિરાજજી પાછા ફર્યા.

રૂપ સનાતનજીનું શરીર ક્રોધથી ધ્રૂજતું હતું.

એમના બંગાલી સેવકોના સમૂહને લઈને એ મથુરાના હાકેમ પાસે ફરિયાદ કરવા પહોંચી ગયા, પરંતુ એના પહેલાં વિચક્ષણ કૃષ્ણદાસજીએ ગિરિરાજ જતાં પહેલાં હાકેમને મળી, બધી જ વાત સમજાવી, આગ્રાથી બાદશાહ અકબરના ફરમાન છૂટી રહેવાના છે એની વાત કરી દીધી હતી. પરિણામે હાકેમે રૂપ સનાતનજીની ફરિયાદ સામે સ્પષ્ટ ભાષામાં કહી દીધું કે–

"રૂપ સનાતનજી, આપના સેવકોએ ભગવાનનો અપરાધ કર્યો છે. એ લોકો શ્રી ગોવર્ધનધરણની કે શ્રી ગિરિરાજજીની સેવા કરવાને લાયક રહ્યા નથી...તો હવે તમે તમારા સેવકોને વૃંદાવનમાં જઈ બાંકે બિહારીની સેવામાં વ્યસ્ત કરો."

થોડા સમય પછી રૂપ સનાતનજી શ્રીજીબાવાના મંદિરમાંથી આવતી ઢગલાબંધ સામગ્રી, આભૂષણો, સુવર્ણાલંકારો, રોકડ રકમ આવતાં બંધ થતાં, સળવળ્યા. ડંકાનિશાન બજાવતા આગ્રામાં બિરાજતા અકબર બાદશાહ પાસે એ જ પુરાણી ફરિયાદ લઈ પહોંચી ગયા અને અકબર બાદશાહના દરબારમાં બિરાજતા નવ રત્નોમાંના શ્રી વિઠ્ઠલેજીના બે સેવકો ટોડરમલ અને બીરબલ દ્વારા પહોંચી ગયા. અગાઉ શ્રી વિઠ્ઠલેશે કૃષ્ણદાસ દ્વારા પહોંચાડેલા બે પત્રોના આધારે બીરબલ અને ટોડરમલે આગોતરા બાદશાહ સલામતને મંદિરની સેવા અંગેની સંપૂર્ણ પરિસ્થિતિનો ખયાલ આપી દીધો હતો, એટલે અકબરે રૂપ સનાતનજીની ફરિયાદ સાંભળી ન્યાય તોળતાં કહી દીધું કે–

"નોકરીમાં કોને રાખવા એ અધિકાર ગોકુલવાસી શ્રી વિઠ્ઠલનાથજીનો છે. એ મંદિરના માલિક છે, તમારું એમાં કાંઈ ચાલશે નહીં." અકબર બાદશાહનો ચુકાદો સાંભળી કૃષ્ણદાસજી ખુશખુશ થઈ નાચવા માંડયા. મારતા રથે એ શુભસમાચાર આપવા એ ખુદ શ્રી વિઠ્ઠલેશ પ્રભુ પાસે પહોંચી ગયા.

આજે ગિરિરાજજી પર આનંદ આનંદ છવાઈ ગયો હતો. કૃષ્ણદાસ અધિકારીએ શ્રી વિઠ્ઠલેશજીની નિશ્રામાં એની આજ્ઞાનુસાર જતીપુરા, ગોવર્ધન અને આજુબાજુના વ્રજમંડળમાં ખાસ ઢંઢેરો પિટાવ્યો હતો. આજુબાજુના ગામનાં આબાલવૃદ્ધ સ્ત્રી–પુરુષ–બાળકોનો સમૂહ–ગિરિરાજજીની તળેટીમાં–અનેરો ઉત્સવ માણવા ઠલવાઈ રહ્યાં હતાં.

"અરે ભાઈ....કૃષ્ણદાસે તો ગજબ કરી ! ઠાકોરજીની સેવા પુષ્ટિસંપ્રદાયની પ્રણાલિકા પ્રમાણે થાય એ માટે અન્યાશ્રયી બંગાલી સેવકોને કાઢી, આપણા જ પ્રદેશના શ્રી ગોવર્ધનનાથજીના પ્યારા એવા સાંચોરા બ્રાહ્મણોને સેવા સોંપી, ઘણું હિંમતભર્યું પગલું લીધું....."

"આ બધી શ્રીજીબાવાની કૃપાનું જ પરિણામ છે." ટોળાબંધ જતીપુરામાં આવતા વ્રજવાસીઓ વચ્ચે સંવાદોનું સંગીત શરૂ થઈ ગયું હતું.

શ્રી વિઠ્ઠલેશ સપરિવાર ગિરિરાજજી પધાર્યા. એમના આનંદનો પાર નહોતો. શ્રીજીબાવાનું સુખ એ એકલા જ નહોતો વિચારતા, ગોપીનાથજીની આજ્ઞાથી ફરી એક વખત કૃષ્ણદાસજીને સમગ્ર મંદિરનો વહીવટ કરવાનો અધિકાર આપતાં શ્રી વિઠ્ઠલેશજી દુશાલો (શાલ) ઓઢાડતાં બોલી ઊઠ્યા :

"કૃષ્ણદાસજી, તાતશ્રીએ તમને જે સેવાનો અધિકાર સોંપ્યો છે એ અધિકાર આજે પણ ચાલુ જ છે."

"પ્રભુ...આ અધિકારને લાયક હું નથી...સવિશેષે બંગાલી સેવકોને જે રીતે દૂર કર્યા છે એનો અપરાધભાવ હૃદયને ડંખે છે...લોકોમાં પણ એક પાપી તરીકેની, થોડાક કડક, જિદ્દી અને અભિમાની માણસ તરીકેની મારી છાપ સ્થિર થવા માંડી છે....સવિશેષ મારા હૃદયમાં રહેલા અપરાધભાવને કારણે હું શ્રીજીબાવાની સેવામાં પૂરું મન પરોવી શકીશ નહીં...કારણ કે મારો જીવ પ્રાયશ્ચિત્તની શોધમાં જ ઘૂમ્યા કરશે." કૃષ્ણદાસ દ્રવિત હૃદયે બોલી ઊઠ્યા.

"કૃષ્ણદાસ....તમે કોઈ પાપકર્મ કર્યું નથી. ભૂમંડળ પર "ધર્મસંસ્થાપનાર્થાય" અવતાર લઈ ચૂકેલા શ્રીકૃષ્ણસ્વરૂપ શ્રી ગોવર્ધનનાથજી કાજે અર્જુનની જેમ જ 'સગાઓને કેમ હણાય'નો જે મોહપૂર્ણ વિષાદયોગ તમારા હૈયામાં આજે જાગ્યો છે તે કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુનનો શ્રીકૃષ્ણે ગીતાના ઉપદેશ દ્વારા દૂર કર્યો હતો, તેમ કૃષ્ણદાસ...પાપ કર્યાનો હૃદયમાં જે મોહભાવ તમારામાં જન્મ્યો છે...તે દૂર કરો. શ્રીજીબાવાનું સુખ એ કોઈ પણ વૈષ્ણવ માટે, કોઈપણ શ્રી વલ્લભકુળના બાળક માટે સૌથી પહેલા ક્રમાંકે આવતી વાત છે. બંગાલીઓનો અપરાધ યથાતથ હતો...આજે શ્રીજીબાવાના સુખને ખાતર એમની આજ્ઞા અનુસાર તમે બંગાલીઓને કાઢવાનું સત્કાર્ય કર્યું છે. તમે આ બાબતમાં વૃથા શોક કર્યા વગર સરસ પદ શ્રી ગોવર્ધનનાથને સંભળાવો. જે પાપ નથી એનું પણ પ્રાયશ્ચિત્ત તમારે કરવું હોય તો શ્રીજીબાવા સમક્ષ સરસ પદ ગાઓ, કૃષ્ણદાસ !"— શ્રી વિઠ્ઠલેશ બોલી ઊઠ્યા.

કૃષ્ણદાસ શ્રી વિઠ્ઠલેશજીનાં વચનામૃત સાંભળી રાજીરાજી થઈ ગયા. સમગ્ર તન આનંદવિભોર બની ઝૂમવા માંડયું. શ્રી વિઠ્ઠલેશજી અંતર્યામી હતા — એમના હૃદયની પીડાને — લાચારીને — વિરહને પારખી ગયા હતા. એમને મનમાં સતત અધિકારી હોવાને કારણે, શ્રીજીબાવાના મંદિરનો વહીવટ સંભાળવાના લૌકિક કાર્યમાંથી શ્રીજીબાવાની સેવા, ભક્તિ તેમજ કીર્તનની સેવા છૂટી ગઈ હતી, પરિણામે એમનો આત્મવિકાસ — મનખા દેહ મળ્યો છે તો "સ્વ"ને સુધારી, પ્રભુનું સાંનિધ્ય પામવાનો — પ્રભુમય બની જવાનો સમય નહોતો મળતો. અધિકારીપદ પ્રાપ્ત થયા પછી એકાદ પદ પણ એમના કવિજીવને સ્ફુર્યું નહોતું. વહીવટી કાર્યની ચિંતામાં અને પ્રવૃત્તિમાં "હરિનું નામ" છૂટી ગયું હતું...વહીવટ કરતાં કરતાં કેટલાંક ન ગમતાં—આત્માને ડંખે એવાં કાર્યો પણ કરવાં પડતાં હતાં. આ બધી જફાથી કૃષ્ણદાસજી કંટાળી ગયા હતા અને એમનો કંટાળો જ્યારે ચરમસીમાએ પહોંચ્યો હતો ત્યારે જ શ્રી વલ્લભનંદને એમને ઠાકોરજીની સાંનિધ્યમાં પદ ગાવાની આજ્ઞા

કરી હતી....

"કૃપાનાથ....કરુણાસાગર....તમે આ જીવ પર ખરા સમયે એની વ્યથા જાણી...પદ ગાવાની આજ્ઞા કરી...અરે અવધૂતદાસ...જલદી કીર્તનનો સાજ સજાવો...તંબૂર...લાવો....આજ તો કેટલા સમયે....ઠાકોરજી સમક્ષ પદ ગાવાની આજ્ઞા થઈ છે..." હૈયામાં આનંદસાગર ઉછાળતા કૃષ્ણદાસ બોલી ઊઠ્યા.

સંગીત–સાજ સજાવાઈ ગયો. અવધૂતદાસે તબલાં પર સંગત કરી. કૃષ્ણદાસે તંબૂર હાથમાં આવતાં જ, પહેલાં શ્રીજીબાવાને અને પછી શ્રી વલ્લભનંદન ગુસાંઈજીને દંડવત્ કરતાં સૂર છેડ્યા.

નિજમંદિરમાં કૃષ્ણદાસ કીર્તન કરી રહ્યા છે એ સમાચાર સાંભળતાં જ સૂરદાસ, કુંભનદાસ, પરમાણંદદાસ સહિત જતીપુરાના વ્રજવાસીઓ મંદિરમાં આવી પહોંચ્યા....

"કૃષ્ણ યહ કૃષ્ણ મનમાંહિ ગતિ જાનિયે ।
દેહ ઈન્દ્રિય પ્રાણ દારાગારાદિ વિત્ત ॥
આત્માસકલ શ્રી કૃષ્ણ કી માનીયે ।
કૃષ્ણમય સ્વામી, હોં દાસ મન વચન કર્મ ॥
કર્તા યહી સદા જિય આનિયે ।
કૃષ્ણદાસાનિ નાથ હરિદાસ વર્યધર ।
ચરણરજ વલ્લભાધિશ મન સાનિયે ॥

કૃષ્ણદાસે શ્રી વલ્લભે જ્યારે એમને બ્રહ્મસંબંધ આપ્યો હતો એ પળોને–શ્રી વલ્લભને યાદ કરતાં–એ સમયે રચેલું શ્રી વલ્લભને સંભળાવેલું પદ શ્રીજીબાવાના ચરણે ધર્યું...અને શ્રી વલ્લભનંદન પ્રસન્ન થઈ ગયા. આંખો સામે શ્રી ગોવર્ધનનાથજીના ચહેરા પર પણ વર્ષો પછી એમના લાડલા ભક્તના મુખેથી પદ સાંભળી પ્રસન્નતા છવાઈ ગઈ.

"કૃષ્ણદાસજી...." શ્રી વિઠ્ઠલેશજીનો મધુર અવાજ ભાવવિભોર બની દેહાનુસંધાન ગુમાવી બેઠેલા કૃષ્ણદાસના કાને પડ્યો. ધ્યાનસ્થ પળોની માળા કણકણમાં ક્ષણક્ષણમાં વીખરાઈ ગઈ.

"આજ્ઞા, કૃપાનાથ !" કૃષ્ણદાસ બોલ્યા.

"કૃષ્ણદાસજી, હવે તો શ્રીજીપ્રિય એવા સાંચોરા કુળના સેવકો શ્રીજીબાવાની સેવાના સાંનિધ્યમાં આવી ગયા છે. આજે આપણે સૌએ મળીને શ્રીજીબાવાનો સેવાપ્રકાર વ્યવસ્થિત કરવાનો છે, વધારવાનો છે. ઋતુઋતુના શૃંગાર, ભોગ, મનોરથો, ઇત્યાદિથી શ્રીજીને પ્રિય એવી બધી જ વસ્તુઓ દ્વારા શ્રીજીબાવાની સેવા સિદ્ધ કરવાની છે...વડીલબંધુ ગોપીનાથજીની પણ આવી જ આજ્ઞા છે." શ્રી વિઠ્ઠલેશજીએ પરદેશમાં બિરાજતા શ્રી ગોપીનાથજીનો હવાલો આપતાં કહ્યું.

"જેવી કૃપાનાથની આજ્ઞા."

"કૃષ્ણદાસ, સૂરદાસ, હરસાણીજી, કુંભનદાસ, પરમાણંદદાસ,

સદુજી.....આપ સર્વે તાતશ્રીના તેમજ શ્રીજીબાવાના અંતરંગના–નિકટના આત્માઓ છો....આપણા ઈષ્ટદેવ લાલન બાળસ્વરૂપ છે. આપણે સૌએ નંદરાય અને જશોદાની માતાપિતાના વાત્સલ્યભાવથી આપણા શ્રી ગોવર્ધનનાથજીની સેવા, ભક્તિ અને પ્રેમ કરવાનાં છે. બાળસહજ મંગલભોગ કલેઉનો ક્રમ બાંધવાનો છે."

શ્રી વિઠ્ઠલેશ શ્રી ગોવર્ધનનાથ સમક્ષ દંડવત્ કરતાં બોલ્યા.

"કૃપાનાથ...તમારી વાત સાચી છે...મંગલભોગમાં માખણ, મિસરી, દહીં, દૂધ, મલાઈલાડુ અને આગલી રાતની જાડી વાસી રોટી જસોદા મૈયા એમના કાન–કુંવરને ધરાવતાં હતાં.. એને બદલે શ્રી વલ્લભે ઠોરની સામગ્રી ધરાવીને પ્રભુના સુખનો વિચાર કર્યો હતો."– દામોદરદાસ હરસાણીજી બોલ્યા.

"સાચી વાત છે, હરસાણીજી...." શ્રી વિઠ્ઠલેશ બોલ્યા.

"કૃપાનાથ...આપ તો સર્વે વાતના જ્ઞાતા છો....આપ કેવા હળવા હાથે આપણા શામળાને સ્નાન કરાવો છો ને પછી વનમાં ગાયો ચરાવવા મોકલવાની તૈયારી કરો છો."– હરસાણીજી બોલ્યા.

શ્રી વિઠ્ઠલેશજી મનોમન રાજી થયા. હરસાણીજી ખૂબ જ કુશળતાપૂર્વક અત્યંત નમ્રભાવે મંગલા, શૃંગાર, ગ્વાલ, રાજભોગ, ઉત્થાપન, ભોગ આરતી અને શયનના ક્રમાનુસાર સેવાપ્રકારો સૌને કહી રહ્યા હતા.

કૃષ્ણદાસ એમના વડીલ સમા હરસાણીજીની મનભાવન વાત સાંભળી ગાઈ ઊઠ્યા....

"લાલ ઉઠિ કરત કલેઉ ભોર ।
માખન મિસરી દુધ મલાઈ દહી સંધાનૌ ઠોર ॥
બૈઠી ભવન ગોદ લઈ જનની બલ મોહન કી જોર ।
ડરપત હરષત ગરજનિ સુનિ સુનિ જબ બન બોલત મોર ॥
ધુરવા દેખિ આંગન ઉઠિ ભાજત પવન લગ ઝકઝૌર ।
"કૃષ્ણદાસ" યહ લીલા નિરખત ભીંજત નંદકિશોર ॥

કૃષ્ણદાસનું હૈયું શ્રી વલ્લભનંદન પર વારી ગયું. હરસાણીજીના મુખેથી સેવાપ્રકારની વાતો કઢાવ્યે જતા હતા. આમ પણ શ્રી વિઠ્ઠલેશજી રસાત્મક સ્વરૂપે અવની પર પધાર્યા હતા. હૈયામાં ભક્ત ઉપરાંત એક કલાકાર ધબકતો હતો જે વિશ્વની બધી જ કલાની શ્રેષ્ઠ સામગ્રી એના "વ્હાલા"ને સમર્પિત કરવા અધીરો બની ગયો હતો. શ્રીજીબાવાનું મન પ્રસન્નતામાં બિરાજે એવી જ એમની ભાવના સાથે એ રાગ–રાગિણીથી સભર પદો, પીંછીના અદ્ભુત લસરકામાંથી આકાર પામતી બાળલીલાની પીછવાઈઓ, આભૂષિત વસ્ત્રો, ખિલૌનાઓ અને શ્રીજીના માખણ–મિસરી સાથે અનેકવિધ સામગ્રીઓથી શોભતા રાજભોગ, અન્નકૂટ, કુંદવારા, છપ્પનભોગના મનોરથોનું આયોજન કરી, શ્રી ગોવર્ધનનાથજીના ચહેરા પરનું પ્રગટ થતા સ્મિતમાં પ્રસન્નતાની લાલી પૂરવાનું સ્વપ્ન સાકાર કરવા મથી રહ્યા હતા.

કૃષ્ણદાસજી શ્રી વિઠ્ઠલેશની અંતરની ભાવનાને સમજી ગયા હતા. **સમગ્ર**

સૃષ્ટિ ભગવાનની એક લીલા છે અને એ લીલાનાં દરેક અંગ – હવા–વૃક્ષ–પશુ–પંખી–માણસ–ધૂળ અને ગીતસંગીત ખેલ–ખિલૌના...જે–જે વસ્તુનું અસ્તિત્વ વિશ્વ પર હતું એનો વિનિયોગ શ્રી ગોવર્ધનનાથજી, શ્રી નવનીતપ્રિયાજી કે શ્રી બાલકૃષ્ણલાલજીને કાજે એના વ્હાલા ઇષ્ટદેવને કાજે થતો રહે એ જ એમની ભાવના રહેતી–સ્વપ્ન રહેતું અને એ ભાવના, સ્વપ્ન સાકાર કરવા આજે મંડળી જમાવી એ બાબતમાં ચર્ચા કરી રહ્યા હતા.

"સૂરદાસજી...કુંભનદાસજી.....મારા હૈયામાં એક વાત ઊછળી રહી છે..."

શ્રી વિઠ્ઠલેશજી આંખો સામે બેઠેલા આઠ રત્નો સમા – ચાર વૃદ્ધ અને ચાર યુવાન એવા કીર્તનકારોને સ્વરચિત પદોની રસલ્હાણ મંદિરમાં સમા–સમાનાં દર્શનમાં ઉછાળતા પુષ્ટિસંપ્રદાયના કવિરત્નો પર પડી.

"આજ્ઞા...કૃપાનાથ..."

"મારો વ્હાલો ભાવનાનો ભૂખ્યો છે...નટખટ છે, તોફાની પણ ઓછો નથી...એની બાળલીલા અદ્‌ભુત છે...ગોપીઓને સતાવતા નંદદુલારાનાં દર્શન જ એવાં છે કે હૈયાના તાર રણઝણી ઊઠે...અંતર ગાતું થઈ જાય...હૈયામાંથી એની લીલાનાં–પરાક્રમોનાં ગીતોની–પદોની સરવાણી આપોઆપ તમ જેવા કવિરત્નોના હૈયામાંથી ફૂટવા માંડે...તાતશ્રી આમ તો વડીલ સૂરદાસજી, કુંભનદાસજી, પરમાણંદદાસજી તેમજ કૃષ્ણદાસજીને સમા–સમાનાં દર્શનનાં પદો શ્રીજીબાવાની સન્મુખ ગાવાની આજ્ઞા કરતા જ ગયા છે...મારી ઇચ્છા ખરી કે આઠ સમાનાં આઠ દર્શનનાં તમે અષ્ટસખાઓ દિલ ફાડીને અનુભૂતિના અંતરંગમાંથી આપોઆપ કમલદલની જેમ ખીલતાં એવાં સ્વયંભૂ પદોની રચના મારા વ્હાલા સમક્ષ કરતા થાઓ.."

"જેવી આજ્ઞા, શ્રી વલ્લભનંદન !" બધા એકીઅવાજે બોલી ઊઠ્યા.

"પૂ. તાતશ્રીના આપ ચારેય સેવકો ઉપરાંત આ ચતુરશિરોમણિ છીતસ્વામી, શ્રી ગોવર્ધનનાથજી સાથે કાંકરીચાળો કરતા ગોવિંદસ્વામી, કુંભનદાસના ભક્તિભાવથી છલકાતા પૂરા દીકરા ચતુર્ભુજદાસજી અને રાસપંચાધ્યાયીના ગાયક નંદદાસજીને હું કીર્તનસેવા આપું છું...તો શ્રીજીબાવાના રસમય સ્વરૂપને સંગીતરસથી ભરી દ્યો...."શ્રી વિઠ્ઠલેશે "અષ્ટસખા"ની એક કીર્તનમંડળીનું સ્થાપન કરતાં કહ્યું અને કૃષ્ણદાસે ગાયું :

ભક્તિ વિમુખ પંડિત સબ કોઉ કૈસે કહિ સમુઝાવત ।
શ્રી વલ્લભુત–સરન બિના જન ભજનાનંદ નહિં પાવત ॥

૮. કૃષ્ણદાસ કર્મદોષનું ફળ પામ્યા

"કૃપાનાથ, ગોપાલપુરથી કૃષ્ણદાસ અધિકારી પધાર્યા છે."

શ્રીવિઠ્ઠલેશજી વહેલી સવારે ગોકુલમાં શ્રીનવનીતપ્રિયાજીને શૃંગાર ધરાવી રહ્યા હતા ત્યાં ખવાસે સમાચાર આપ્યા.

"કૃષ્ણદાસ આવ્યા છે, મેઘા, એમનું સ્વાગત કરો. જલપાન આદિની વ્યવસ્થા કરી....મુકામે લઈ જાવ. શૃંગાર ધરાવી હું મારા મુકામે પહોંચું પછી એમને ત્યાં લઈ આવજો. આપણા શ્રીગોવર્ધનનાથજીના મંદિરના અધિકારી હોવા ઉપરાંત કૃષ્ણદાસ શ્રીગોવર્ધનધરના અંતરંગનાં સેવક છે...." શ્રી ગુસાંઈજીએ કૃષ્ણદાસનો પરિચય મેઘા ખવાસને કરાવતાં કહ્યું....

મેઘો ખવાસ શ્રી ગુસાંઈજીની આજ્ઞાનું પાલન કરવા હજી તો મંદિરમાંથી બહાર નીકળે ત્યાં જ મંદિરના દરવાજા પાસે જ કૃષ્ણદાસનો ભેટો થઈ ગયો. જાજરમાન વ્યક્તિત્વ ધરાવતા કૃષ્ણદાસે જરિયન વાઘાનો મોગલાઈ પહેરવેશ પહેર્યો હતો. માથે પાઘડી, ખભે ખેસ અને આંખોમાં શ્રીજીબાવાના અધિકારી હોવાનું ગૌરવ છલકાતું હતું.

"શ્રી વિઠ્ઠલેશ પ્રભુ લાડલેલાલની સેવામાં છે કે ?"

"હા....શૃંગાર ધરાવી રહ્યા છે. આપને મુકામ પર લઈ જવાની શ્રી વલ્લભનંદને આજ્ઞા કરી છે."– ગભરાતા સ્વરે મેઘો ખવાસ બોલ્યો.

"મેઘા, કૃષ્ણદાસજીને અંદર લઈ આવ...શૃંગારનાં દર્શન ખૂલ્યાં છે, દર્શન કરાવીને મુકામે લઈ જજે..." અંદરથી શ્રી વિઠ્ઠલેશજીનો અવાજ કાને પડયો. કૃષ્ણદાસ માથેથી પાઘડી ઉતારતા નિજમંદિરમાં પ્રવેશ્યા.

"આવો, કૃષ્ણદાસ"– શ્રી વિઠ્ઠલેશજીએ શ્રી ગોવર્ધનનાથજીના જાજરમાન અધિકારીને આવકાર્યા.

"કૃપાનાથ..." કહેતા દૂરથી કૃષ્ણદાસે શ્રીવલ્લભનંદનની "અપરસ" ન છોવાઈ જાય એ રીતે જમીન પર લેટતાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ શ્રી વલ્લભનંદનને કર્યા.

"કૃષ્ણદાસ...શ્રી લાડલેલાલ....નવનીતપ્રિયાજીનાં દર્શન કરો અને કાંઈક મારા વ્હાલાને સંભળાવો."– શ્રી વિઠ્ઠલેશજીએ કૃષ્ણદાસને આજ્ઞા કરી.

કૃષ્ણદાસ શ્રી નવનીતપ્રિયાજીના નાજુક, નમણા મુખારવિંદનાં દર્શન કરતાં ભાવવિભોર બની ગયા. બન્ને કર જોડાઈ ગયા....

કેવું સુંદર સ્વરૂપ છે...મારા લાડલેલાલનું ! કૃષ્ણદાસને યાદ આવ્યું કે આજે તો જન્માષ્ટમીનો દિવસ હતો. શ્રી વિઠ્ઠલેશજીએ સ્વહસ્તે આજે શ્રી નવનીતપ્રિયાજીને શૃંગાર ધરાવ્યા હતા. પાંચ ચન્દ્રિકાનો મુગટ ધારણ કરેલા લાડલેલાલના કાનમાં કુંડળ શોભતાં હતાં. શીશફૂલ, અલકાવલી, નકવેસર ઇત્યાદિ આભૂષણોથી શ્રી

નવનીતલાલજીનું બાલસ્વરૂપ કૃષ્ણદાસના હૃદયમાં બિરાજમાન થતાં જ...હર્ષાશ્રુથી સભર એવા કૃષ્ણદાસે પદ લલકાર્યું :

આજુ સબ ગોકુલ કે આનંદ ।
અર્ધનિસા ભઈ મોહન પ્રગટે, ઘન ગરજત મંદમંદ ॥
બંદીજન સબ નિકટ બુલાએ દેત દાન બાબા નંદ ।
"કૃષ્ણદાસ" કી આસા પુરવત શ્રી ગોકુલ કે ચંદ ॥

શ્રી વલ્લભનંદન કૃષ્ણદાસનું પદ સાંભળી પ્રસન્ન થયા અને પ્રસંગને અનુરૂપ વધાઈ ગાવાની આજ્ઞા કરી એટલે 'ગોકુલ બાજત આજુ બધાઈ નંદમહર પર ઢોટા જાયૌ, તીનલોક સુખદાઈ'ની વધાઈ ગાઈ વાતાવરણને ભક્તિસંગીતથી ભરી દીધું. આનંદમંગલ વાતાવરણ વચ્ચે શ્રી ગુસાંઈજીએ કૃષ્ણદાસને રાજભોગનાં દર્શન કરાવી, નંદોત્સવની ઉજવણી કરીને એમના મુકામે મોકલ્યા.

કૃષ્ણદાસજી "ગોકુલ કી ગલી સાંવરી"માંથી પસાર થતા હતા ત્યારે આ વિસ્તારની વ્રજભૂમિના સૌંદર્યથી પ્રસન્ન થતા ગયા... ગોકુલનો એ ઠકરાણીઘાટ, શ્રી વલ્લભઘાટ....ગોવિંદઘાટ, ખળખળ પ્રચ્છન્નપણે બે કાંઠે વહેતાં યમુનાજી......તુલસીનાં વનોથી શોભતું નજીકમાં આવેલું શ્રી ગોવર્ધનનાથજીની ગૌચારણલીલાનું લીલુંછમ વૃંદાવન...મયૂરના ઠેકા, કોયલના ટહુકા અને વાંદરાની હુપાહુપથી ગાજતો એ વ્રજપ્રદેશ...બાલકૃષ્ણની આ લીલાભૂમિ...મુકામે પહોંચતાં તો કૃષ્ણદાસજી "ગોકુલમય–વૃંદાવનમય" બની ગયા. આંખો સામે લીલુંછમ વનરાવન ઊગી નીકળ્યું અને અંતરમાંથી કાવ્યઝરણું ફૂટયું...સમય જન્માષ્ટમીનો પણ કૃષ્ણદાસના હૃદયમાંથી તો વસંત ફોરી રહી હતી :

ઋતુ બસંત વૃંદાવન ફૂલે, દ્રુમ–સોભા
કછુ કહી ન જાતિ, બોલત પિક મોર કીર
માધવી ગુલાબ કમલ, મૌલસિરી કુંદ અમલ રાઈવેલ સોનસુરી
ભવંર પુંજ કરત ગુંજ, સઘન કુંજ જમુના તીર
ખેલત ગિરિધરન લાલ, સંગ રાધિકા રસાલ
છિરકત કેસર ગુલાલ, ચોબા મૃગમંદ અબીર
"કૃષ્ણદાસ" સુખ વિલાસ નિરખત ઘન અતિ હુલાસ
બાજત થેઈ થેઈ, બાંસુરી ઉપંગ ચંગ, ઝાંઝ ઝાંસરી મંજીર

મુકામે પહોંચતાં જ શ્રી ગુસાંઈજીએ પાઠવેલો મહાપ્રસાદ આરોગી કૃષ્ણદાસે આરામ કરવા શરીર લંબાવ્યું, પરંતુ તન અને મનને ચેન પડતું નહોતું.

શયનભોગનો મહાપ્રસાદ આરોગી કૃષ્ણદાસજી શ્રી વલ્લભનંદનના મુકામે પહોંચ્યા....અને આખા દિવસ દરમિયાનનાં આઠે સમાનાં દર્શનની ઝાંખીની વાત કરતાં કરતાં કૃષ્ણદાસે બે હાથ જોડી અંતરની એક આરઝૂ શ્રીગુસાંઈજી સમક્ષ પ્રગટ કરી....

"કૃપાનાથ....ગોકુલની ગલીઓમાં મન ભરાઈ ગયું છે... શ્રી ગિરિરાજજી

પાછા ફરતાં....આપણા વ્હાલાની વૃંદાવનની લીલાભૂમિના દર્શન કરતાં જવું છે...."

"કૃષ્ણદાસ...વ્રજમંડળની ચોર્યાસી કોસની સમગ્ર ભૂમિ વૃંદાવન જ છે...શ્રીજીબાવાની ગોચરણલીલાથી પુનિત એવી આ ધરતી પર જે વૃંદાવન અહીં છે, એ જ વૃંદાવન શ્રી ગિરિરાજજીની તળેટીના ભાંડિરવન, ઘેવરવન....ઈત્યાદિમાં છે જ...." શ્રી ગુસાંઈજી બોલ્યા. મનોમન શ્રી વલ્લભનંદન જાણી ગયા કે કૃષ્ણદાસનું મન શ્રી કૃષ્ણની લીલાભૂમિમાં પુરાઈ ગયું છે...અને શ્રી ગિરિરાજજી પર બિરાજતા શ્રી ગોવર્ધનનાથની સેવા–સામગ્રી તેમજ મંદિરના વહીવટમાં કૃષ્ણદાસની ગેરહાજરી સૌને સાલશે.

"કૃપાનાથ...એ તો છે જ...મારા વ્હાલાની વિહારભૂમિ આમ તો અનંત છે...માનવીના જીવનની ભવાટવી જેવી....આમ છતાં મારું મન બાંકેબિહારી રાસ–રાસેશ્વરના વૃંદાવનનાં દર્શન કરવા તડપે છે. અહીં સુધી પ્રભુએ મને પોગાડયો છે તો વૃંદાવનમા લઈ જઈ એની લીલાનાં દર્શન અચૂક કરાવશે...આપ આજ્ઞા કરો, ગુરુદેવ !"

"ભલે જાઓ....પરંતુ સંભાળજો...સારા અનુભવો તમને નહીં થાય." શ્રી ગુસાંઈજીએ અનુજ્ઞા આપતાં ચેતવણી પણ આપી. વહેલી સવારે શ્રી વલ્લભઘાટ પાસેથી વહેતાં શ્રી યમુનાજીનાં જલ પાર કરી સામા કિનારે કૃષ્ણદાસ પહોંચ્યા. ઘેઘૂર વન પસાર કરતાં, અનેક સંતમહંતોનાં દર્શન કરતાં, દિવસ અને રાત વૃંદાવનની કુંજગલીઓમાં આથડતા કૃષ્ણદાસ થાકીને વૃંદાવનના એક સાધુની કુટિર પાસે જઈને પડયા.

ધ્યાનસ્થ મુનિ જાગી ગયા.

એમણે એમની કુટિર પાસે બેભાનાવસ્થામાં પડેલા કૃષ્ણદાસને ઊંચકીને કુટિરમાં પાથરેલી દર્ભની પથારીમાં સુવડાવ્યા, કાંડું પકડયું. કપાળે મુનિએ હાથ મૂક્યો અને ચમકયા.

"અરે, આ સાધુજનનું શરીર તો તાવથી ધખે છે ને શું !"– કૃષ્ણદાસ બેભાનાવસ્થામાં પથારીમાં પડયા હતા. મુનિએ અરણ્યની કેટલીક ઔષધિઓને વાટી...એમાંથી અર્ક તૈયાર કરી, અર્કનું પાણી કૃષ્ણદાસને પિવડાવ્યું...અને ધીમે–ધીમે આંખો ઊઘડી.

"અરે, હું ક્યાં છું ?" આકુળવ્યાકુળ કૃષ્ણદાસજી કુટિરની ચાર દીવાલો સામે જોતાં બોલી ઊઠ્યા.

"આપ મહામુનિ પ્રભાકરજીના આશ્રમમાં છો, મહારાજ...તમે બેભાન થઈ ગયા હતા. અમે તમારી સારવાર કરતા શ્રીજીના લાડીલા સંતો છીએ."

"કૃપા થઈ આપની....આપે આ દુષ્ટ જીવને બચાવ્યો..."

"અમે કોણ બચાવવાવાળા...એ તો બેઠો છે આપણા હૈયામાં અને ગોપીઓનાં નયનોમાં..." સંત બોલ્યા.

"મુનિવર્ય...તરસ લાગી છે, કંઠ સુકાય છે...ક્યાંકથી જલપાનની વ્યવસ્થા

થઈ શકશે ?"– કૃષ્ણદાસ બોલ્યા.

"જરૂર....હમણાં જ મારા શિષ્યને જલ ભરીને લાવવાનું કહું છું.."

"ભાઈ..તમે બધા જ મહાન, આદરણીય સંતો છો. મારા પર ઘણા ઉપકારો કર્યા છે...મને જીવતો જગાડી..મારા વ્હાલાની નિત્યસેવામાં તન મન અને ધન પરોવતો કરી દીધો છે. આ ગામમાં કોઈ વલ્લભી વૈષ્ણવ હોય તો એનું જલ જ હું ગ્રહણ કરીશ."

"તો તમને અમારા હાથનું જલ નહીં ખપે ?"

"ના.."

"પરંતુ શ્રી કૃષ્ણની આ રમણભૂમિ પર વૈષ્ણવ શોધવા ક્યાં જશો ?"

"ગમે તે હોય, પરંતુ જ્યાં સુધી વૈષ્ણવના ઘરનું જલ મને નહીં મળે ત્યાં સુધી હું જલપાન કે આહાર કાંઈ જ નહીં કરી શકું."

મુનિ મૂંઝાયા. એમણે કપાળે હાથ દીધો...અને એ જ સમયે મુનિના સ્મૃતિપટ પર ચમકારો થયો અને ક્ષોભ સાથે બોલી ઊઠ્યા : "મહારાજ, આમ જુઓ તો વૈષ્ણવ તો આ ગામમાં શોધ્યો નહીં જડે...આ વૃંદાવન તો ચૈતન્ય મહાપ્રભુનું ધામ છે...પરંતુ હા, એક વૈષ્વણ છે. અમારા ગોકુલ ગામનો એક ભંગી અહીં પરણ્યો છે...તે અહીં રહે છે...તેને કહો તો બોલાવીએ."

"જરૂર ! ગોકુલ ગામનો ભંગી પણ ક્યાંથી ?" કૃષ્ણદાસ બોલ્યા. એમનું શરીર તાવમાં ધ્રૂજતું હતું.

"વાસુદેવ....પેલા ગામના છેવાડે રહેતા મગન ભંગીને બોલાવી લાવો." મુનિએ શિષ્યને હુકમ કર્યો.

"ભાઈ વાસુદેવ...ગોકુલનો ભંગી મારા માટે શ્રેષ્ઠ છે. એને કહેજો, કુંભારને ઘરેથી કોરો ઘડો લઈ, શ્રી યમુનાજીમાં સ્નાન કરીને ઘડો ભરી લાવે."

વાસુદેવ ભંગીને ઘડા સાથે લઈને આવી પહોંચ્યો.

"ભાઈ...તું યમુનાજીમાંથી જલ ભરીને લાવ. કૃષ્ણદાસજીને તાવ ચઢ્યો છે...અને તરસ પણ સખત લાગી છે." ભંગી દોડતો યમુના નદીના કિનારે ઘડા સાથે પહોંચી ગયો.

બરોબર એ જ સમયે શ્રીગુસાંઈજી નવનીતપ્રિયાજીની મંગળા આરતી કરીને શ્રીજીદ્વારે–ગોવર્ધનની દિશામાં જઈ રહ્યા હતા. પેલા ભંગીએ એના ખમીસની ચાળની આડ કરતાં શ્રી ગુંસાઈજીને કહ્યું :

"કૃપાનાથ....અપરાધ થાય તો ક્ષમા કરજો, પણ આપના સેવક કૃષ્ણદાસજીને ખૂબ તાવ આવ્યો છે, એટલે આખા વૃંદાવનમાં હું એક જ વૈષ્ણવ વસતો હતો.. તે એમના માટે જમુનાજલ લઈને તરસ્યા જીવને પિવડાવવા જાઉં છું."

"કોને કૃષ્ણદાસને તાવ આવ્યો છે ?" આશ્ચર્ય સાથે શ્રીગુંસાઈજીએ એમનો પાંખાળો અશ્વ અટકાવીને પૂછ્યું.

"હા, કૃપાનાથ...કૃષ્ણદાસ વૃંદાવનમાં છે અને તાવમાં સબડે છે...હું એમના

માટે જલ ભરવા વૃંદાવનથી અહીં દોડી આવ્યો છું." ભંગી વૈષ્ણવ બોલ્યો. શ્રી ગુસાંઈજી અશ્વ પરથી કૂદકો મારી ઊતર્યા.

"ભાઈ...તારો કુંભ યમુનાજલથી ભરી લે...હું પણ શ્રી યમુનાજલની ઝારી ભરી તારી સાથે વૃંદાવન આવું છું." કહેતાં શ્રી વલ્લભનંદને ખવાસ પાસે યમુનાજલ ઝારીમાં ભરાવી પેલા ભંગી વૈષ્ણવ સાથે વૃંદાવન પ્રતિ પ્રયાણ આદર્યું.

શ્રીગુસાંઈજીના આગમનથી વાતાવરણમાં આનંદ આનંદ થઈ ગયો. કૃષ્ણદાસના શરીરમાં ચેતન આવી ગયું. દર્ભની પથારીમાંથી ઊભા થઈ એમણે શ્રી વલ્લભનંદનને દંડવત્ કર્યા. કૃષ્ણદાસને જલપાન કરાવ્યું. શ્રી વલ્લભનંદન સ્વસ્થ થતાં જ શ્રી ગુસાંઈજીના ચરણમાં દંડવત્ કરતાં ગાઈ ઊઠ્યા :

શ્રી વિઠલજુ કે ચરનાનિ કી બલિ ।
હમરો પતિત ઉદ્ધારન પરમ કૃપાલુ આપુ આયે ચલિ ।।

—અને આ પદ ગાતાં જ એમની નજર ભંગી વૈષ્ણવ પર પડી. શ્રી ગુસાંઈજીએ પિતાના પગલે ચાલી...આવા જીવોનો પણ કેવો ઉદ્ધાર કર્યો કે એ વૈષ્ણવના ઘડાના જલપાનથી કૃષ્ણદાસ જ્વરમુક્ત થઈ ગયા.

"મહારાજ, મેં આપનું કહ્યું ન માન્યું તે કર્મદોષનું આ ફળ પામ્યો."

"કર્મદોષનું સાચું ફળ તો ગુસાંઈજીની આજ્ઞાથી તમે એક ભંગી વૈષ્ણવના હાથે જલપાન કરી તમારામાં રહેલા દોષોનું, ગુરુઆજ્ઞાના ઉલ્લંઘનના પાપનું નિવારણ કર્યું..."

શ્રીગુસાંઈજી સાથે જ પાછા ફરેલા કૃષ્ણદાસે શયન આરતીનાં દર્શનમાં આજના દિનની શુભ ઘડીઓ અને સંતની કૃપાનું પદ ગાયું :

"આજુ કૌ દિન ધનિ ધનિરી માઈ નૈનન ભરી દેખે નંદનંદન ।
પરમ ઉદાર મનોહર મુરતિ, તાપ હરત લખિ પૂજત ચંદન ।।
નવલરામ શ્રી ગોવર્ધનધારી રૂપ રાસી યુવતીપાર્ન કૂંદન ।
ધ્વજા વ્રજાંકુસ જવ વિરાજત "કૃષ્ણદાસ" કીનો પદવંદન ।।

૯. કૃષ્ણદાસ મંદિર છોડી ગયા

"કૃપાનાથ, હોલિકા ઉત્સવ આવી રહ્યો છે, આપ આજ્ઞા કરો તો આગ્રા, મથુરા, દિલ્હી ઇત્યાદિ સ્થળોએ ફરી ઠાકોરજીની ભેટસામગ્રી લઈ આવું."

કૃષ્ણદાસે એક સવારે મંગલાનાં દર્શન પછી, શ્રી વિઠ્ઠલેશજી શ્રીનાથજીને શૃંગાર ધરાવી, તંબૂરના તાલ પર સૂરદાસજીના મધુર કંઠે ગવાતું શ્રી ઠાકોરજીના મોહિની સ્વરૂપનું વર્ણન કરતું સરસ પદ "રવિ કે અંત, દધિ સુય કે આગમ" શ્રવણ કરી રહ્યા હતા ત્યાં કૃષ્ણદાસે આવીને શ્રી વિઠ્ઠલેશને વિનંતી કરી.

"કૃષ્ણદાસ, શ્રીજીના મંદિરના અધિકારી તમે છો. શ્રીજીના સુખનો વિચાર કરવાનો હોય, ઉત્સવને અનુરૂપ સેવાસામગ્રી લાવવાની હોય, શ્રીજીના રસોત્સવો કરવા ધનની ભેટ માટે કાંઈપણ કરવાનું હોય—એમાં અમને પૂછવાવાટ નહીં રાખવાની. તમારે જ બધું આયોજન કરી શ્રીજીને પ્રસન્ન રાખવાના છે."

"કૃપાનિધાન, ગમે તેમ તોય આપ....."

"બસ બસ, આગળ ના બોલશો, દોષમાં પડશો અને પાડશો." કૃષ્ણદાસ શ્રી વિઠ્ઠલેશજીની વાણીથી પ્રસન્ન થતા આગ્રા જવાની તૈયારીમાં પડી ગયા. સરસ મજાનો મોગલ બાદશાહી પહેરવેશ શરીર પર ચઢાવ્યો. અત્તર છાંટ્યું. આંખમાં સૂરમો લગાવ્યો અને ઠાઠમાઠથી થોડાંક ગાડાંઓ સામગ્રી માટે સાથે લઈ અશ્વારૂઢ થઈ આગ્રાની દિશામાં પ્રયાણ આદર્યું.

ધીમેધીમે કૃષ્ણદાસનો સંઘ આગળ વધી રહ્યો હતો ત્યાં જ સામેથી ઘૂઘરિયાળી શણગારેલી વેલ ચારેક ઘોડેસવારની છત્રછાયા નીચે કૃષ્ણદાસની એ મહાવનની દિશામાં આવતી જોઈ. કોઈ રાજવી ઘરાનાની સ્ત્રી મહાવન—ગોકુલની યાત્રા કરી મથુરા તરફ જઈ રહી હોય એવું કૃષ્ણદાસને લાગ્યું. એમનો અશ્વ અને શણગારેલી વેલ સામસામાં રસ્તામાં થઈ ગયાં.

વેલનો માફો દૂર કરતી એક રૂપરૂપની અંબાર પ્રૌઢ ઉંમરની ક્ષત્રાણીએ બહાર ડોકિયું કર્યું. પ્રતિભાશાળી વ્યકિતત્વ ધરાવતા રૂપાળા ચહેરાવાળા, એની જ ઉંમરના અશ્વારૂઢ કૃષ્ણદાસને જોઈ એક ક્ષણ પૂરતી ક્ષત્રાણી સ્તબ્ધ થઈ ગઈ. કૃષ્ણદાસના જાજરમાન વ્યકિતત્વે એના હૃદયને હચમચાવી મૂક્યું હતું. ભક્તકવિ કૃષ્ણદાસ પણ ઘડીભર આધેડ વયની ક્ષત્રાણીની અદ્‌ભુત રૂપાળી દેહદષ્ટિને જોતાં મનોમન બોલી ઊઠ્યા :

"વાહ, મારા ગોવર્ધનનાથ...શું બાકી ખોબલે ખોબલે ભરીને તેં આ "લીલા"ના જીવને રૂપ આલ્યું છે....અને લાગે છે કોક ઉમદા, ખાનદાન, ધનિક ઘરાણાનું "જણ." હે ભગવાન... આ રૂપમાં તારી કૃપાનાં કિરણો વહાવી....લૌકિક વાસનાઓ બાળી નાખી, એને અલૌકિકતાના સૌં દર્યવનમાં—તારી સૃષ્ટિમાં ખેંચી લે....મારા નાથ !"

કૃષ્ણદાસજી હજી કાંઈ માફાની પાછળ વેલમાં બેઠેલી ક્ષત્રાણી વિષે વધુ વિચારે ત્યાં તો એક દાસી એમના અશ્વ પાસે આવી લગામ પકડતી બોલી ઊઠી :

"અમારાં ગંગાબા પુછાવે છે કે તમે કોણ છો, ક્યાંના છો, કઈ તરફ જઈ રહ્યા છો ?"

"અમે તો શેઠના ગુમાસ્તા છીએ....તમારાં ગંગાબાને કહેજો કે કામપ્રસંગે આગ્રા જઈ રહ્યા છીએ."

"તમે ગુમાસ્તા જેવા તો લાગતા નથી. અમારી મશ્કરી કરો છો, આ ઠાઠ...આ શરીર પરના જરિયાન રાજવી વાઘા, આ થનગથતો શણગારેલો અશ્વ, આ ગાડાંઓનો અસબાબ, શણગારેલા બળદો – સાચું કહેજો...તમે કોણ છો ?"– દાસીએ ગંગાબાનો પ્રતિભાવ અક્ષરશઃ કહેતાં કહ્યું.

"દાસી...તમારાં ગંગાબાને કહો...આ બધો જ ઠાઠ ઠઠારો અમારા શેઠની સમૃદ્ધિનું પ્રતીક છે...બાકી હું તો મારા શેઠનો ગુલામ છું....મારામાં જે કાંઈ તમને દેખાતું હોય એ બધી મારા નાથની છાયા છે...મારો શેઠ તો મહાન છે."

દાસીએ કૃષ્ણદાસના શબ્દો ગંગાબાને પહોંચાડયા ત્યારે એ આશ્ચર્યમાં પડી ગઈ. એના મનમાં વિચાર આવ્યો કે–

"જેમનો ગુમાસ્તો આવો જાજ્વલ્યમાન શાહ સોદાગર જેવો લાગે છે...એનો માલિક, શેઠ તો કોને ખબર કેવો હશે ! એને મળવું ખરું !"–એવો નિર્ણય કરતાં એણે દાસી દ્વારા પુછાવ્યું :

"અમારે તમારા શેઠને મળવું હોય તો ? મળી શકાય ખરું ?"

"જરૂર ! કેમ ન મળાય ?" કૃષ્ણદાસ પ્રસન્ન થતાં બોલી ઊઠયા. દુનિયામાં જ્યાં કાંઈ, જે કાંઈ શ્રેષ્ઠ દેખાણું એને એના ગોવર્ધનનાથ સમક્ષ ધરી દેવાનું – પછી તે બાર વર્ષની વારાંગના કન્યા હોય, માનસરોવરનાં કમળો હોય કે પછી રૂપનીતરતી ગંગાબા જેવી સ્ત્રી હોય...બધું મારા શ્રીનાથજીનું– આવો ભાવ હૃદયમાં સતત પ્રજ્વલિત રાખતા કૃષ્ણદાસે ઉમળકાભેર ગંગાબામાં એમના શ્રીજી પ્રત્યે રસ જગાડયો–ભાવ જગાડયો–કુતુહલ જગાડયું.

"તો ક્યારે મેળાપ કરાવી દેશો ?"

"મારા શેઠે સોંપેલાં કાર્યો પૂરાં થઈ જાય ત્યારે."

"શાં કાર્યો છે ?" ગંગાબાએ પુછાવ્યું. એના હૈયામાં કૃષ્ણદાસનું મોહક વ્યકિતત્વ સ્થિર થઈ ગયું હતું, પરંતુ જ્યારે કૃષ્ણદાસે જ કહ્યું કે એનાથી એનો શેઠ તો ખૂબ જ મોટો, ગોરો, ગરવો અને બુદ્ધિશાળી છે ત્યારે ગંગાબાનું ચંચલ ચિત્ત કૃષ્ણદાસના શેઠને મળવા આતુર થઈ ગયું.

"સામગ્રી ખરીદવી, ધનિક વૈષ્ણવોની ભેટ ઉઘરાવવી....."

"તમે મારી સાથે મથુરા ચાલો. તમારે જોઈતી બધી જ ચીજની વ્યવસ્થા હું કરી આપીશ....અને પછી મને તમારા શેઠ પાસે લઈ જાવ...ગુમાસ્તાજી !" થોડોક વ્યંગ કરતી ગંગા ક્ષત્રાણી બોલી.

"જરૂર ! અમને તો અમારા ગામ ગોકુલમાં જો કાંઈ મળી જાય તો આગળ ન પણ જઈએ. ચાલો મથુરા, તમારી બધી જ ભાવનાઓ પૂરી કરી દેશે મારો શેઠ !" કૃષ્ણદાસ વિચારમાં પડી ગયા. જેમ એમણે એમના શેઠનું નામ જાહેર નહોતું કર્યું તેમ એ સ્ત્રીએ પણ એ કોણ છે તે ઓળખાણ નહોતી આપી.

ગંગા ક્ષત્રાણી મથુરાના એક શ્રીમંત ક્ષત્રિયની પુત્રી હતી. બચપણથી જ ચંચલ સ્વભાવની. અગિયારમે વર્ષે બાપે પરણાવી દીધી. અગિયાર અગિયાર પુત્રોને ચિતાના ચાકડે ચડાવી ચૂકેલી ગંગાબાઈ, ઈશ્વરના સતત રટણની ઓથે એની કમભાગી જિંદગી એના ધનિક સાસરવાસમાં ગાળી રહી હતી...એની એકની એક બચેલી દીકરીને ધામધૂમથી પરણાવી, પરંતુ લગ્નને પૂરું વર્ષ પણ નહોતું થયું ને ઈશ્વરે એની દીકરીને પણ આ જગતમાંથી ઉપાડી લીધી. મૃત દીકરીના લાખેક રૂપિયાનો દાગીનો મથુરાના હાકેમને લાંચ આપી પચાવી પાડયો. બાઈ આમ ધાર્મિક બુદ્ધિની, પરંતુ રૂપનું અભિમાન, ધનની લાલસા અને ઐશ્વર્યમાં એ દિવસો પસાર કર્યે જતી હતી. ગોકુલ – મહાવનની યાત્રાએથી પાછા ફરતાં એને "મોટા શેઠના ગુમાસ્તા"નો રસ્તામાં ભેટો થઈ ગયો...

મથુરા પહોંચી કૃષ્ણદાસને ગંગા ક્ષત્રાણી એના વિશાળ મહેલમાં લઈ ગઈ. કૃષ્ણદાસ પણ મનમાં ગંગા ક્ષત્રાણીનો વૈભવ જોઈ રાજી થયા. ગંગા ક્ષત્રાણીએ શ્રીજી માટે સામગ્રી અને ભેટ કૃષ્ણદાસને આપી રાજી કરી દીધા.

એ પછી તો ગંગા ક્ષત્રાણી પોતે શ્રીજીદ્વારે એનું અઢળક ધન ભેટ કરવા અવારનવાર આવતી થઈ ગઈ. ગૌર દેહયષ્ટિ, આંખોમાં ચમક અને હૃદયમાં સદાના કૃષ્ણભાવથી ઝળહળતા શ્રી વિઠ્ઠલેશના વ્યકિતત્વથી ઓઝપાઈ ગયેલાં ગંગા ક્ષત્રાણીએ એક વખત કૃષ્ણદાસને કહ્યું :

"ગુમાસ્તાજી...અમને તમારા માલિકને શરણે રહેવાની વ્યવસ્થા કરી આપો. શ્રી વિઠ્ઠલેશજીના મંગલસ્વરૂપના ચરણમાં સ્થાન મળે તો જીવતર ધન્ય થઈ જાય અને વળી તમારા જેવા વૈષ્ણવની વાણી અને સત્સંગનો લાભ મળે, અમારા અલ્પ જ્ઞાનમાં વૃદ્ધિ થતી રહે અને શ્રી ગોવર્ધનનાથજીની સેવાનો લાભ મળે. મથુરા છોડી મહાવન સુધી તો હું આવી છું...પરંતુ હવે શ્રી વિઠ્ઠલેશના શરણમાં ગિરિરાજજીમાં વસવાટ કરવો છે."

કૃષ્ણદાસ ગંગા ક્ષત્રાણી સામે એક ક્ષણ પૂરતાં જોઈ રહ્યાં. એ જ રૂપ, એ જ નજાકત, એ જ પ્રતિક્ષણ હૈયે અને હોઠે શ્રીજીબાવાનું નામ. શ્રીગિરિરાજજીમાં શ્રી ગોવર્ધનનાથજીનાં દર્શન કરતાં જ ગંગા ક્ષત્રાણી આકુળવ્યાકુળ થઈ ગયાં. શ્રી વિઠ્ઠલેશજીના પ્રતિભાશાળી ઝળહળ રૂપમંડિત શ્રીઅંગ પર ગંગા ક્ષત્રાણીનું હૈયું વારી ગયું. લૌકિક ભાવનાનો મોહ પણ અંતરના ઊંડાણમાં જાગ્યો. કૃષ્ણદાસ સાથેનો વિકસતો જતો સંબંધ લોકોમાં ચર્ચાના ચકડોળે ચડવા માંડયો હતો...છતાંય ગંગા ક્ષત્રાણી તો કૃષ્ણદાસની હાજરીમાં શ્રી ગોવર્ધનનાથજીની લીલાનાં એક પછી એક પદ બનાવી શ્રીજીચરણે ધરતાં જતાં હતાં. અને એ પદોના અંતિમ ચરણમાં

જ્યારે જ્યારે શ્રી વિઠ્ઠલેશને સમર્પિત કરતાં "શ્રી વિઠ્ઠલ ગિરિધરણ" શબ્દ આવતો ત્યારે શ્રી ગોવર્ધનનાથજી ઝૂમી ઊઠતા. હૈયામાંથી સદાય અલૌકિક ભાવના પ્રગટ કરતાં ગંગા ક્ષત્રાણીની મનીષા ગિરિરાજજીના સાંનિધ્યમાં વસવાની હતી...

"ગંગાબાઈ...હું શ્રી વલ્લભનંદન આગળ તમારી ઇચ્છા રજૂ કરીશ.." કૃષ્ણદાસે કહ્યું.

કૃષ્ણદાસે ગંગા ક્ષત્રાણીની વિનંતી શ્રી વિઠ્ઠલેશ સમક્ષ ચારપાંચ વખત રજૂ કરી. શ્રી વિઠ્ઠલેશજી કોને ખબર કેમ પણ કૃષ્ણદાસજીને એક જ ઉત્તર આપતા :

"ગંગા ક્ષત્રાણી પરમ ભગવદીય જીવ છે....મહાવન, ગોકુળ અને ઠકરાણી–ઘાટમાં જ વસી મારા નવનીતપ્રિયાજીની સેવામાં ચિત્ત પરોવે...અહીં શ્રીજીનાં દર્શને ભલે અવારનવાર આવતાં રહે."

કૃષ્ણદાસને શ્રી વિઠ્ઠલેશજીનું આજ્ઞા ન આપવાનું કારણ સમજાતું નહોતું...એમને ઊંડે ઊંડે શંકા થઈ કે–

"નક્કી શ્રી વિઠ્ઠલેશજીના કાને આવેલી એમના અને ગંગા ક્ષત્રાણી વચ્ચેની લૌકિક નિકટતાની વાતોના કારણે જ એ ગંગા ક્ષત્રાણીને અહીં રહેવાની આજ્ઞા નહીં આપતા હોય."

ગંગા ક્ષત્રાણીનો શ્રીજીનાં દર્શનનો વિરહ અને તાપ જેમ જેમ વધતા જતા હતા તેમ તેમ એ કૃષ્ણદાસજીને શ્રી વિઠ્ઠલેશજીની આજ્ઞા માટે અવારનવાર વિનંતી કર્યે જતા હતા. અને કૃષ્ણદાસ શ્રી ગુસાંઈજીને વિનંતિ કરતા :

"જે–જે...ગંગા ક્ષત્રાણીનો શ્રીજીનાં દર્શનનો વિરહ મારાથી જોયો જતો નથી...આપ કૃપા કરી એને ગિરિરાજજીની તળેટીમાં શ્રીજીના ચરણે રહેવાની આજ્ઞા આપો...."

શ્રી વિઠ્ઠલેશજી શ્રીજીના મંદિરના અધિકારી–દૈવી જીવ–કૃષ્ણદાસ સામે ખિન્ન ચહેરે જોઈ રહ્યા. આ અલૌકિક જીવ ગંગા ક્ષત્રાણીની આભામાં એવા આવી રહ્યા હતા કે એ વધુ ને વધુ લૌકિક ભાવના તરફ, આસુરી મોહની દિશામાં જાણ્યેઅજાણ્યે વળી રહ્યા હતા...શ્રી વિઠ્ઠલેશ એમનો આ ભક્ત મોહના આવરણમાં ન આવી જાય એટલા માટે એ ગંગા ક્ષત્રાણીથી એને દૂર રાખવા, શ્રી ગિરિરાજજીમાં ક્ષત્રાણીના વસવાટ માટેની આજ્ઞા આપતા નહોતા. લૌકિક જીવો એ બન્ને વચ્ચેની નિકટતામાં રહેલ અલૌકિક ભાવોને – હૃદયમાં રમતા શ્રીજીબાવાની લીલાના ભાવને સમજતા નહોતા....એટલે ગમે તેવી વાતો કરતા હતા...કૃષ્ણદાસ આ વાત સમજતા નહોતા...એટલે અવારનવાર ગંગા ક્ષત્રાણીની વાત કર્યા કરતા હતા. આજે પણ એ વાત માંડીને બેઠા હતા.

"કૃષ્ણદાસ...ગિરિરાજધરણની ઇચ્છા ગંગા ક્ષત્રાણીને એમના સાંનિધ્યમાં રાખવાની હોય તો આપણે કોણ એનો અનાદર કરનારા...ભલે ગિરિરાજજીની તળેટીમાં રહી મારા વ્હાલા શ્રીજીબાવાને લાડ લડાવતાં –"

શ્રી વિઠ્ઠલેશનાં વચન સાંભળી, કૃષ્ણદાસજી ભાવવિભોર થતા શ્રી વિઠ્ઠલેશને

ચરણે ઢળી પડતા, હૈયાનો આનંદ વ્યકત કરતા "જે–જે....આપની કૃપા થઈ શ્રીજીબાવાની એ વિરહિણી પર...આપ પરમકૃપાળુ છો...શ્રી વલ્લભનંદન...આપ પરમકૃપાળુ છો."

અને મારતે ઘોડે કૃષ્ણદાસજી એમની સખી ગંગા ક્ષત્રાણીને ગૌરવભેર મહાવનથી ગિરિરાજ લઈ આવ્યા. ગંગા ક્ષત્રાણી પણ રાજીનાં રેડ થઈ ગઈ. કૃષ્ણદાસજીનો અધિકારી તરીકેનો વૈભવી મોભો જોઈ છક થઈ ગઈ. કૃષ્ણદાસજીના એકએક બોલ પર ભીતરિયા, જલઘરિયા, તેમજ અનેક વૈષ્ણવો ઊભા થઈ જતા. કૃષ્ણદાસજીનાં વર્તન અને વાણીમાં પણ એક અધિકારી તરીકેનો મિજાજ, ઘમંડ અને સામાન્ય વૈષ્ણવો પ્રત્યેની અવહેલના શ્રી વિઠ્ઠલેશને પણ દેખાવા માંડયાં હતાં. પરંતુ એ ખામોશ રહી તાતશ્રીના શ્રી વલ્લભના આ જૂના સેવકને કાંઈ જ ન કહેતાં શાંતિથી તમાશો જોતા રહેતા હતા. ગોપીનાથજીનાં વિધવા વહુજી પણ છેલ્લા કેટલાક સમયથી મંદિરમાં અવારનવાર એમના લાલ પુરુષોત્તમલાલજી સાથે આંટા મારતાં થઈ ગયાં હતાં. અને મંદિરના મુખિયાજી, ભીતરિયા, કીર્તનિયા, જલઘરિયા પર પોતાની ધાક બેસાડવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. ગંગા ક્ષત્રાણી પણ કશી જ રોકટોક વગર "અપરસ" વગર મંદિરમાં – છેક શ્રીજીબાવાની ચોકી સુધી આંટો મારી આવતી...કૃષ્ણદાસજીનું ધ્યાન એકબે વખત રામદાસ મુખિયાજીએ દોર્યું, તો કૃષ્ણદાસ એમના પર વિનાકારણે ગુસ્સે થઈ ગયા અને ન બોલવાના શબ્દો બોલી ગયા....

શ્રી વિઠ્ઠલેશ સુધી આ વાત પહોંચી, પરંતુ પ્રભુની ઇચ્છા કંઈક એવી હશે એવું માનીને એ શાંત રહ્યા.

એક દિવસ સવારનો સમય હતો. શ્રીજીબાવાના રાજભોગની તૈયારી થઈ રહી હતી. રામદાસ મુખિયાજી આમતેમ દોડધામ કર્યા કરતા હતા. ગંગા ક્ષત્રાણી અપરસમાં નહોતાં, છતાં હોંશભર્યા રસોઈઘરમાં પહોંચી ગયાં. રામદાસ મુખિયાજી એક મોટા થાળમાં શ્રીજીના રાજભોગની સામગ્રી સિદ્ધ કરી ખભે મૂકતા નિજમંદિરમાં જઈ રહ્યા હતા અને બરોબર એ જ સમયે ગંગાબાઈ ભટકાઈ ગયાં. એમની દૃષ્ટિ રાજભોગની સામગ્રીના થાળ પર પડી ગઈ. રામદાસ મનમાં ને મનમાં સમસમીને બેસી રહ્યા. કૃષ્ણદાસનાં કૃપાપાત્ર ગંગા ક્ષત્રાણીને કાંઈ થોડું કહેવાય કે "અપરસ" વગરના કોઈને પણ રસોઈઘરમાં આવવાનો અધિકાર નથી !

રાજભોગ ધરાઈ ગયો. શ્રી વિઠ્ઠલેશજીએ ભોગ સરાવ્યા. દર્શન ખૂલ્યાં. આરતી વગેરે કરીને અનોસર કર્યા....શ્રીજીબાવાને દંડવત્ કરી શ્રી વિઠ્ઠલેશજી ભોજન કરી એમના શયનકક્ષમાં આરામ ફરમાવતા પોઢી ગયા.

આ બાજુ રામદાસે પણ પ્રસાદ લઈ હજી તો આરામ કરવા ચટાઈ પર શરીર લંબાવ્યું...ત્યાં જ ઊંઘ આવી ગઈ. ભરઊંઘમાં કોઈક એને લાત મારી રહ્યું હોય એવું લાગ્યું...એણે આંખો ખોલી તો...સામે શ્રીજીબાવા !

હાંફળાફાંફળા રામદાસ ઊભા થઈ શ્રીજીનાં ચરણમાં આળોટવા માંડયા.

આંખોમાંથી અશ્રુધારા વહેવા માંડી. શ્રીજીના લાતપ્રહાર પાછળ કાંઈ મોટો અપરાધ એનાથી થઈ ગયો હોય એવું એને લાગ્યું.

"રામદાસ, હું ભૂખ્યો છું." શ્રીજી ઉવાચ.

"પ્રભુ...રાજભોગ...."

"નથી આરોગ્યો...."

"કેમ...કેમ...કાંઈ આ દુષ્ટ જીવનો અપરાધ....બાવા...."

"રાજભોગની સામગ્રી પર પેલી ગંગાબાઈની દષ્ટિ તું નિજમંદિરમાં આવતો હતો ત્યારે પડી ગઈ હતી."

"બાવા....ભૂલ થઈ ગઈ....એ વખતે જ મારે સામગ્રી પાછી રસોઈઘરમાં લઈ જવાની હતી...આપ બિરાજો, હું હમણાં જ શ્રી વિઠ્ઠલેશ પ્રભુને જગાડું છું...અને તરત જ રાજભોગની વ્યવસ્થા કરું છું."

અને રામદાસ હાંફળાફાંફળા શયનકક્ષમાં પોઢેલા શ્રી વિઠ્ઠલેશજી પાસે દોડીને એમનાં ચરણો પકડી રડતાં રડતાં બોલી ઊઠ્યા :

"કૃપાનાથ, ગજબ થઈ ગયો...આ પાપી જીવથી અપરાધ થઈ ગયો..."

"શેનો અપરાધ...શી વાત છે, રામદાસ ?"– શ્રી વિઠ્ઠલેશે પૂછ્યું.

"કૃપાનાથ, શ્રીજીબાવાએ આજ રાજભોગ આરોગ્યો નથી."– હાથ જોડતાં રડતાં રડતાં રામદાસ બોલ્યા.

"શું કહ્યું ? શ્રીજીબાવાએ રાજભોગ આરોગ્યો નથી ?"– સફાળા બેઠા થઈ શ્રી વિઠ્ઠલેશજી લગભગ બરાડી ઊઠ્યા. એમનું શ્રીઅંગમાં ક્રોધથી ધ્રૂજતું હતું...

"હા, પ્રભુ...પેલી ગંગાબાઈ ક્ષત્રાણી...અપરસમાં નાહ્યા વગરની મંદિરમાં આંટા મારતી હતી. તે રસોઈઘરમાં ઘૂસી ગઈ અને એ જ વખતે હું શ્રીજીબાવાની સામગ્રીનો થાળ લઈ નિજમંદિરમાં જતો હતો ત્યારે એની નજર પડી ગઈ..."

"શું વાત કરો છો ?" શ્રીવિઠ્ઠલેશજીના હોઠ અને શ્રીઅંગ ક્રોધ અને હતાશાથી ધ્રૂજી ઊઠ્યાં.

"હા, કૃપાનાથ...હવે આપ આજ્ઞા કરો...હું કહો તે સામગ્રી સિદ્ધ કરી દઉં..."

"રામદાસ...બાવાને વડી–ભાત બહુ ભાવે છે...જલદી પણ થઈ જશે અને બાવા પ્રસન્ન પણ થશે....અને તમે જલધરિયા અને અન્ય સેવકોને જગાડી કામે લગાડી દો..." કહેતાં રામદાસને કામે લગાડી દીધા.

રામદાસ જતાં જ શ્રી વિઠ્ઠલેશની આંખોમાંથી અશ્રુજલનો અવિરત પ્રવાહ વહેવા માંડયો. શ્રીજીએ રાજભોગ ન આરોગ્યો એ એક ગંભીર વાત હતી. ગંગા ક્ષત્રાણીના વધતા જતા બેહૂદા વર્તનનું આ પરિણામ હતું...શ્રી વિઠ્ઠલેશે આંખો મીંચી.

"બાવા...અમારાથી ઘોર અપરાધ આપનો થઈ ગયો છે. નવેસરથી રાજભોગની સામગ્રી સિદ્ધ કરાવવા બેસું તો સાંજ પડી જાય અને આપને ખૂબ જ

પરિશ્રમ પડે...એટલે આપની આજ્ઞા લીધા વગર જ રામદાસને વડી ભાતની સામગ્રી સિદ્ધ કરવાની આજ્ઞા કરી છે, તો આ ઘોર અપરાધ માટે માફ કરજો...આ અપરાધ સામે પ્રાયશ્ચિત્તરૂપે હું ત્રણ દિવસ અપવાસ કરીશ, બાવા !"

થોડા જ સમયમાં શ્રી વિઠ્ઠલેશજી સ્નાન કરી અપરસમાં નિજમંદિરમાં પધાર્યા. રામદાસ આજુબાજુ દષ્ટિ કરી "સાવધાન"ની બૂમો પાડતા ખભે "વડી–ભાત"ની સામગ્રી લઈ નિજમંદિરમાં આવ્યા. "રાજભોગ–શયનભોગ"ની એક જ ભાવના કરી ભોગ શ્રી વિઠ્ઠલેશજીએ ધરાવ્યો. "સાવધાન"ની બૂમ સાંભળી કૃષ્ણદાસ અને અન્ય મંદિરના પરિસરમાં આંટા મારતા વૈષ્ણવો મંદિરમાં ધસી આવ્યા. કૃષ્ણદાસના આશ્ચર્ય વચ્ચે શ્રીજીબાવા ફરી વખત "વડી–ભાત"નો ભોગ આરોગી રહ્યા હતા. ગંભીર વદને શ્રી વિઠ્ઠલેશજી બાવાની આરતી ઉતારી રહ્યા હતા.

શયન આરતી કરી, ભોગ સરાવી, શ્રી વિઠ્ઠલેશજી મંદિરની બહાર આવ્યા. શ્રીજીબાવાનો "વડી–ભાત"નો પ્રસાદ મંદિરના પરિસરમાં એકત્રિત થયેલા વૈષ્ણવોને વહેંચતા રામદાસ શ્રી વિઠ્ઠલેશજીને સંબોધીને બોલી ઊઠ્યા :

"કૃપાનાથ..વડી–ભાત શ્રીજીબાવાની પ્રિય સામગ્રી, શિયાળામાં ઘણીવાર આપણે ધરાવીએ છીએ, પરંતુ આજના "વડી–ભાત"ના સ્વાદની તો વાત જ ન્યારી છે."

"હા, કૃપાનાથ...શું બાકી સ્વાદ છે આજના વડી–ભાતનો !"

"તે હોય જ ને...શ્રીજી ભૂખ્યા હતા..એટલે જે કાંઈ આરોગે એમાં સ્વાદનું પ્રમાણ વિશેષ હોય." શ્રી વિઠ્ઠલેશજી બોલ્યા.

"કૃપાનાથ...આપ શું કહો છો....મારો વ્હાલો ગોવર્ધનનાથ આજ ભૂખ્યો હતો ?" કૃષ્ણદાસે વિહ્વળ સ્વરે પૂછ્યું.

"હા, કૃષ્ણદાસજી...."

"કૃપાનાથ...સ્વાદ તો અધિક આવે જ....આપ કરવાવાળા અને આપ જ આરોગવાવાળા હો, પછી સ્વાદ કેમ ન આવે ?" કૃષ્ણદાસે આમ તો "યજ્ઞભોક્તા...યજ્ઞકર્તા"ની ભાવના અનુસારનું સામાન્ય સૂત્ર જ જવાબમાં ઉચ્ચાર્યું હતું....પરંતુ એ સરળ વાક્ય પાછળ ઉપાલંભ ખૂબ જ મોટો હતો. રામદાસને હાંફળાફાંફળા શ્રીવિઠ્ઠલેશજી પાસે જતા કૃષ્ણદાસે જોયા હતા. થોડા સમયમાં જ "વડી–ભાત"ની સામગ્રી બનાવવાની, રાજભોગ ફરી વાર ધરવાની આજ્ઞાઓ પણ છૂટી ગઈ હતી. અને ગંગા ક્ષત્રાણીની નજર રાજભોગની સામગ્રી પર પડવાથી સામગ્રી છોવાઈ ગઈ હતી અને શ્રીજીબાવા રાજભોગ આરોગ્યા નથી એ એક બહાનું આગળ કરી...કૃષ્ણદાસને લાગ્યું કે એમને અને ગંગા ક્ષત્રાણીને વૈષ્ણવો સમક્ષ હલકાં પાડવાનું જ કાવતરું કૃપાનાથે કર્યું હતું.

કૃષ્ણદાસને થયું કે એક અધિકારીની રૂએ, સવિશેષ કાયદાની દષ્ટિએ જ્યારે શ્રીનાથજીની સેવાનો હક્ક શ્રી વલ્લભના પ્રથમ લાલ સ્વ. ગોપીનાથજીના પુત્ર પુરુષોત્તમજીને હોવો જોઈએ...તેમ છતાં શ્રી વિઠ્ઠલેશજીએ વડીલબંધુની આજ્ઞાના

ઓઠા હેઠળ આ હક્ક પોતે લઈ લીધો હતો. અને કેમ જાણે મંદિર અને શ્રીજીબાવા એમનાં હોય એમ વર્તી રહ્યા હતા...ત્યારે હવે પુરુષોત્તમજી પુખ્ત ઉંમરના થઈ ગયા છે...એટલે એમને એ હક્ક અપાવવા પોતે ખટપટ ન કરે એટલા માટે એમને હલકા પાડવા જ શ્રી વિઠ્ઠલેશજીએ તાયફો કર્યો હોય એવું એમને લાગ્યું. એ મનોમન સમસમી ઊઠ્યા. પરિસરમાં એકત્રિત થયેલા વૈષ્ણવો પણ શ્રી વલ્લભનંદન શ્રી વિઠ્ઠલેશજીનો જ જયજયકાર બોલાવતા હતા. આ પરિસ્થિતિમાં એમણે થોડો દિવસ પહેલાં સ્વ. શ્રી ગોપીનાથજીનાં વહુજીને પુરુષોત્તમલાલજી હવે પુખ્ત ઉંમરના થવાથી એમને સેવાનો અધિકાર અપાવશે એવું આપેલું વચન પૂર્ણ કરી શકાશે નહીં એવું અત્યારનો "માહોલ" જોતાં લાગ્યું..અને એટલે જ એમણે આમ સરળ પણ ગૂઢાર્થપૂર્ણ વાક્ય "કૃપાનાથ, સ્વાદ તો અધિક આવે જ ! આપ કરવાવાળા અને આપ જ આરોગવાવાળા હો, પછી સ્વાદ કેમ ન આવે ?" – ઉચ્ચાર્યું હતું. કૃષ્ણદાસજીને એક જ વાતનો રંજ રહી ગયો હતો કે જ્યારે આ મંદિરનો શ્રી વલ્લભ–સ્થાપિત અધિકારી હું હોઉં અને આવો પ્રસંગ જ્યારે બન્યો છે ત્યારે મને કેમ વિશ્વાસમાં ન લેવામાં આવ્યો ? મને કેમ ઉઠાડવામાં ન આવ્યો ? મારા અધિકારની આ રીતની અવગણના કેમ સાંખી લેવાય ?.... અંદરથી ઊકળતા કૃષ્ણદાસને શ્રી વિઠ્ઠલેશે જવાબ પણ એવો જ આપ્યો...હૈયામાં રંજ સાથે એમનાથી પણ ન બોલવાના શબ્દો બોલાઈ ગયા :

"કૃષ્ણદાસ, આ બધું તમારું કર્યું જ ભોગવીએ છીએ !"

કૃષ્ણદાસ સમસમી ઊઠ્યા. શ્રી વિઠ્ઠલેશજી આ વાક્ય દ્વારા ઈંગિત કરી રહ્યા હતા કે "ગંગા ક્ષત્રાણીને વધુ પડતી છૂટ આપી એનું આ પરિણામ છે."

–અને કૃષ્ણદાસ હૈયામાં... "બસ......પ્રભુના અવતાર શ્રી વિઠ્ઠલેશપ્રભુ પણ લૌકિક ભાવોના ચક્કરમાં આવી ગયા ?" એવા વિષાદ સાથે – વ્યથિત પગલે મંદિર છોડી ચાલ્યા ગયા.

૧૦. કૃષ્ણદાસે અધિકારીપણું કરી દેખાડયું

વાતાવરણમાં સન્નાટો પ્રસરી ગયો.

શ્રી વિઠ્ઠલેશ કૃષ્ણદાસને ક્રોધિત દશામાં જતા જોઈ રહ્યા. એમના કોમળ દિલને પણ કુઠારાઘાત લાગી ગયો હતો.

"કૃષ્ણદાસ, આ બધું તમારું કર્યું જ ભોગવીએ છીએ"– આ વાક્ય તો સરળ હતું, પરંતુ એમાંનો વ્યંગાર્થ ગજબનો હતો.

કૃષ્ણદાસના વ્યવહાર પર રંજિત શ્રી વલ્લભનંદન પણ એમના મુકામે ગયા. કૃષ્ણદાસ સીધા ગોપીનાથજીનાં વહુજીના નિવાસસ્થાને પહોંચ્યા. એમનું અંગ ક્રોધથી ધ્રૂજતું હતું. હૈયામાં ઈશ્વરના અવતાર એવા શ્રી વિઠ્ઠલેશજી પણ "મારા–તારા"ની લૌકિક ભાવનામાં સરી પડયા – વૈરભાવ રાખી એમને આવાં વચનો સુણાવી ગયા એનું એમને ખૂબ દુઃખ હતું. શ્રીજીબાવાના લાડકા સેવકની આ પરિસ્થિતિ કરી નાખી. કૃષ્ણદાસજી અપમાનિત થવાથી સાનભાન ગુમાવી બેઠા. એમના અંતરમાં અહંનો અજગર ફેણ ઉઠાવતો, શ્રીજીબાવાના મંદિરના અધિકારીપદનો અહંકાર ફૂંફાડા મારવા માંડયો.

કૃષ્ણદાસજીએ સ્વ. ગોપીનાથજીના મુકામે પહોંચતાં જ પરિસરમાંથી કહ્યું : "જે–જે, હું કૃષ્ણદાસ, આપને મળવા આવ્યો છું. આપને આવા કથોરા સમયે શ્રમ આપવા માટે ક્ષમા માગું છું."

શયનકક્ષમાં આરામ ફરમાવતાં સ્વ. ગોપીનાથજીનાં વહુજી પાયમ્માગારૂજી પરિસરમાં આંખો ચોળતાં પધાર્યાં. એમની પાછળપાછળ કલૈયાકુંવર જેવા, મૂછનો દોરો પણ હજી તો ફૂટફૂટ થતો હતો એવા અઢારેક વર્ષના પુરુષોત્તમલાલજી પણ આવી પહોંચ્યા.

"શું વાત છે, કૃષ્ણદાસજી ?" પાયમ્માગારૂજી હાંફળાંફાંફળાં ચહેરા પર વિષાદ અને ક્રોધની માત્રા સાથેના શ્રીનાથજીના ગૌરવવંતા, સંનિષ્ઠ, આજીવન સેવામાં વ્યસ્ત રહેતા, શ્રી વલ્લભના વહાલા અને શ્રી ગોવર્ધનનાથજી તેમજ તેમના સૌના પ્યારા અધિકારીને જોઈ રહ્યા.

"વહુજી મહારાજ, સમય આવી ગયો છે." કૃષ્ણદાસજી બોલી ઊઠ્યા.

"શેનો સમય ? શી વાત છે, અધિકારીજી ?"

"પુરુષોત્તમબાવાશ્રી હવે પુખ્ત ઉંમરના થઈ ગયા છે." કૃષ્ણદાસ બોલ્યા.

"હા તે શું એમના માટે વ્રજમંડળમાંથી અમારી જ જ્ઞાતિની કોઈ કન્યાની શોધ કરીને લાવ્યા છો કે શું, કૃષ્ણદાસજી ?"

પાયમ્માગારૂજી એક વિચક્ષણ, સત્તાકાંક્ષી, મુત્સદ્દી યુવતી હતાં. કૃષ્ણદાસજીના ક્રોધને શાંત કરવા અને વિહ્વળતામાં ક્રોધનું કારણ પ્રગટ કરવા વાતાવરણને હળવું કરતો પ્રશ્ન કરી બેઠાં.

"વહુજી મહારાજ, પ્રસંગ લગ્નપ્રસ્તાવનો નહીં, પણ પ્રતિષ્ઠા–પ્રસ્તાવનો છે..." કૃષ્ણદાસ બોલ્યા.

પાયમ્માગારૂજી ચમક્યાં. નક્કી આ ગુજરાતના ધૂંવાધાર પટેલની જિંદગીમાં આ ક્ષણે કોઈક એવો પ્રસંગ બની ગયો હતો કે જેણે એ માનવીની નિષ્ઠા, પ્રામાણિકતા, શ્રદ્ધા, ભાવના, તાપ અને શ્રી ગોવર્ધનનાથજીના એક અધિકારી તરીકેના એના મોભાને, એની પ્રતિષ્ઠાને, એના ગૌરવને કોઈકે લલકાર્યાં હોવાં જોઈએ.

આમેય કૃષ્ણદાસજી સ્વભાવે આખાબોલા, કડવા અને એમને જે લાગ્યું હોય તે સાચું છે એ સિદ્ધ કરવા કોઈની પણ શેહશરમ રાખ્યા વગર ભલભલા ચમરબંધીને પણ કટુ પણ સત્યવચનો સંભળાવી દેતા...ચરોતરના કડવા પટેલ હતાને !

"કોની પ્રતિષ્ઠા–પ્રસ્તાવનો પ્રસંગ છે ?"

"આપના લાલ પુરુષોત્તમલાલજીનો. એમની પુખ્ત ઉંમર થઈ ગઈ છે. શ્રીનાથજીની ગાદી પર કાયદા પ્રમાણે ગાદીના વારસ સ્વ.ગોપીનાથજી, તમે અને તમારા વંશવારસો છો..." કૃષ્ણદાસજી એકશ્વાસે બોલી ઊઠ્યા.

"પરંતુ, કૃષ્ણદાસજી, કાકાજી તો સેવા કરે જ છે. આખોય કારોબાર કેવી સરળતાથી, સરસ રીતે, આપણા વ્હાલા શ્રી ગોરધનનાથજી પ્રસન્ન રહે તે પ્રમાણે સંભાળે જ છે.. પછી....આ પ્રશ્ન ક્યાંથી આવ્યો ?" સરળ સ્વભાવના પુરુષોત્તમ–લાલજી બોલી ઊઠ્યા.

"વહુજી મહારાજ, આપને યાદ હશે...ગોપીનાથ બાવા ઓચિંતા લીલામાં પધાર્યા ત્યારે આપ એમના વારસ તરીકે શ્રી ગોવર્ધનનાથજીની સેવાનો હક્ક માગવા તૈયાર થયાં હતાં. શ્રી પુરુષોત્તમજીની એ વખતે બાર જ વર્ષની ઉંમર હતી એટલે આપને ખમી ખાવાની મેં સલાહ આપી હતી, એ યાદ હશે." કૃષ્ણદાસ બોલ્યા.

"તે ખમી ખાધું, હવે શું છે ?"

"એ જ કહેવા આવ્યો છું કે આપ હવે શ્રી પુરુષોતમલાલજી પુખ્ત ઉંમરના થયા છે તો કારોબાર સંભાળી લ્યો. નહીં તો ત્યાં ગિરધરજી તૈયાર થઈને બેઠા જ છે. શ્રી વિઠ્ઠલેશપ્રભુ સેવામાં, યાત્રામાં, ચર્ચાવિચારણામાં, બધે જ ગિરધરજીને સાથે રાખે છે એ તમે જોયું હશે."

"હા, વિઠ્ઠલબાવા એમના દીકરાને એ ગાદી માટે તૈયાર તો કરી રહ્યા છે.."

"એટલે જ કહું છું કે સમય આવ્યો છે ત્યારે તમે તમારો સેવાનો અધિકાર મેળવી લ્યો."

"કઈ રીતે મેળવાય ? આજે શ્રી વિઠ્ઠલેશબાવાની શ્રીજીબાવા પ્રત્યેની ભક્તિ, લાગણી, નિષ્ઠા અને સંપ્રદાયના વિકાસની સતત ચિંતા, વિરહ અને મંદિરમાં શ્રીજીબાવાને પ્રસન્નતામાં રાખતા થયે જતા નિત્યનવીન મનોરથો, ઈત્યાદિના કારણે એ લોકોના હૃદયમાં બિરાજી ગયા છે. મુખિયા, ભીતરિયા, જલગરિયાથી માંડી બધા જ "શ્રી વિઠ્ઠલપ્રભુ"ને એમના રાહબર સમજે છે...કોને ખબર ખુદ શ્રીજીબાવા પણ શ્રી વિઠ્ઠલેશના એમના પ્રત્યેના અનુરાગના કારણે એમની જ સેવા સ્વીકારવાના

હોય ત્યાં આપણો ગજ ક્યાંથી વાગવાનો હતો ?"– પાયમ્માગારૂજી ખૂબ જ વાસ્તવદર્શી હતાં. નિરાશ સ્વરે બોલ્યાં.

"વહુજી મહારાજ, આપની વાત સાવ સાચી છે, પરંતુ મેં આપને એ સમયે વચન આપ્યું હતું કે દુનિયા આખી ભલે શ્રી વિઠ્ઠલેશજીની પડખે સેવાના અધિકારની બાબતમાં રહે, પણ હું આ સંપ્રદાયના મારા ગુરુદેવ શ્રી વલ્લભની બાંધેલી પ્રણાલિકા પ્રમાણે ન્યાયના પક્ષે ખડો રહીશ. આજે પુખ્ત ઉંમરે પહોંચેલા શ્રી પુરુષોત્તમલાલજી આવતી કાલથી શ્રીજીબાવાને શૃંગાર ધરાવી એમના અધિકારના શ્રીગણેશ શરૂ કરે. હું એ બાબતમાં તમારી સાથે છું."

"પરંતુ શ્રીકાકાજીને દુઃખ નહીં થાય ? શ્રી ગોવર્ધનનાથજીના અનન્ય સેવકને શ્રીજીબાવાની સેવા છૂટતાં કેટલું બધું દુઃખ થશે એનો કાંઈ તમે વિચાર કર્યો ? ના–ના, અમ્મા....આપણે કાકાશ્રીના દિલને દુભાવી આપણો હક્ક નથી મેળવવો. આજે પળેપળે કાકાજી શ્રીજીના સુખનો, શ્રીજીની સેવાનો, શ્રીજીના વિવિધ મનોરથોનો જ સતત વિચાર કરતા હોય છે અને હવે તો મને પણ સેવામાં ગિરધરભૈયા સાથે જ રાખે છે.." કોમળહૃદયી પુરુષોત્તમલાલજી બોલી ઊઠ્યા.

કૃષ્ણદાસે એક વેધક નજર પુરુષોત્તમલાલજી પર તેમનાં માતા પાયમ્માગારૂજી તરફ નાખી.....પાયમ્માગારૂજી એ નજરનો અર્થ સમજી ગયાં. દીકરો લાગણીવશ થઈને "વેવલાવેડા" કરવા માંડ્યો હતો.

શ્રી વિઠ્ઠલેશજી–દેવરજી તો સંનિષ્ઠ હૃદયે શ્રીજીની સેવા કરે છે, પરંતુ એમની પછીના એમના લાલ ગિરધરજીનું શું ? એ જ્યારે ગાદીએ આવશે ત્યારે વર્તમાન કળિયુગના પ્રભાવમાં ખેંચાઈને એમને અને એમના લાલને હંમેશ માટે દૂર કરી નાખે તો પછી એમના દીકરાના ભવિષ્યનું શું ?

"પુરુષોતમ...બેટા...એક વાત સમજી લે–" પાયમ્માગારૂજી સ્વસ્થ સ્વરે બોલી ઊઠ્યાં.

"આજ્ઞા, માતાજી !" પુરુષોત્તમજી નત મસ્તકે બોલ્યા.

"બેટા...તું હજી ઉંમરમાં નાનો અને દુનિયાદારીની સમજણમાં કાચો છો...આજે હવે તું પુખ્ત ઉંમરનો થયો છો તો ગાદી સંભાળી લે...સેવાપ્રકાર કરવાનું શરૂ કર. એક વખત લોકોના અને કાકાજીના મનમાં એક વાત સમજાઈ જાય કે આ ગાદીનો વારસ તું છે, પછી તું તારે કાકાજીને અને ગિરધરજીને તારી સાથે શ્રીજીની સેવાનો લાભ આપતો રહેજે ને, તને કોણ ના પાડે છે ? અને કાકાજી પાસે સેવાપ્રકાર શીખતો રહેજે....આજે આપણે અહીં હું એક સામાન્ય વિધવા અને તું એક વિધવા માતાનો દીકરો એનાથી વિશેષ કાંઈ જ નથી. અહીં તો તારા કાકાશ્રી અને તેમના કુટુંબપરિવારની બોલબાલા છે."

"માતા...પણ..." પુરુષોત્તમલાલજી બોલતા અટકી ગયા. માતાશ્રીના ચહેરા પરની ગંભીરતા, દૃઢતા અને ખુમારી જોઈ પુરુષોત્તમલાલજીની વાચા જ બંધ થઈ ગઈ.

જી ખૂબ જ

.ને એ સમયે
. અધિકારની
.ી પ્રણાલિકા
ોત્તમલાલજી
.શ શરૂ કરે.

નન્ય સેવકને
યાર કર્યો ?
ી મેળવવો.
ના વિવિધ
ણ સેવામાં
. ઊઠ્યા.
યમ્માગારૂજી
લાગણીવશ

છે, પરંતુ
ાવશે ત્યારે
.શ માટે દૂર

સ્વસ્થ સ્વરે

.શમાં કાચો
..સેવાપ્રકાર
.ત સમજાઈ
રજીને તારી
છે ? અને
ક સામાન્ય
નથી. અહીં

ીના ચહેરા
ક બંધ થઈ

"કૃષ્ણદાસ...તમે કહેલી વાત અમને મંજૂર છે, પરંતુ તમે વૈષ્ણવોની, સ્થાનિક લોકોની લાગણીનો, પ્રચંડ પ્રતિભાવોનો વિચાર કર્યો ? લોકોની શ્રી વિઠ્ઠલેશ પ્રત્યેની અતૂટ પ્રેમભાવના પર થતા કુઠારાઘાતને લોકો સહી શકશે ખરા ?"

"વહુજી મહારાજ...એ બધું મારા પર છોડી દ્યો. શ્રી વલ્લભકૃપા અને શ્રી વિઠ્ઠલેશની મહેરબાનીથી હું આખોય કાર્યક્રમ એવી રીતે યોજીશ કે કોઈને બોલવાનું જ ન રહે. મેં આખોય કાર્યક્રમ તૈયાર કરી જ રાખ્યો છે...મારે તો તમારી આજ્ઞા જ જોઈએ છે."

"કૃષ્ણદાસ...મારા એકના એક બાળકના ભવિષ્ય માટે હું ના છૂટકે તમને આજ્ઞા કરું છું કે આ બાબતમાં તમને જેમ યોગ્ય લાગે તેમ કરો, પરંતુ આવતી કાલે સવારે શ્રીજીબાવાનો શૃંગાર તો મારા પુરુષોત્તમ જ ધરાવશે...તમે જઈ શકો છો."

જેટલા હતાશ પગલે કૃષ્ણદાસે સ્વ. ગોપીનાથબાવાના ભવનમાં પ્રવેશ કર્યો હતો એનાથી અનેકગણા ઉત્સાહિત પગલે એ ભવનને છોડી રહ્યા હતા.

રાત ને દિવસની ચારેબાજુની ખાનગી દડમજલ પછી આખોય કાર્યક્રમ રાતોરાત કૃષ્ણદાસજીએ ગોઠવી દીધો.

પૂર્વના વ્રજગગનમાં આકાશેથી રવિકિરણનો હજી પ્રવાહ વહ્યો નહોતો, કોકિલકંઠી કોકિલાના ટહુકાથી વનઉપવન ગાજતું નહોતું, મયૂરનો ઠેકો અને કલાપીનો કેકારાવ ગિરિરાજજીની તળેટીમાં, એની વનશ્રીમાં ઊઠ્યો નહોતો ત્યાં જ શ્રી વિઠ્ઠલેશજીના આવાસસ્થાનેથી ગામની દિશામાંથી–

હેલી ! રસમય શ્રી વલ્લભસુત પ્રગટ ભયે
આજ અંગ દ્યુતિ તરંત મધુરાવલિ કેલી પ્રસંગ
દગ વિલાસ, ભ્રા હભાલ, કમનીય સાજ (૧)
લીલામૃત રસાલ પ્રેમભક્તિ કે પ્રતિપાલ
સ્મરણ કરે નિહાલ ભાવકી બાંધે પાજ (૨)
પદ્મનાભ વાગધીશ કુમાર કેલિકલા
અખિલ વિરહવહ્નિ અવગાહત વ્રજજન શિરતાજ (૩)

–પદ્મનાભજીના મધુર સ્વરે શ્રી વિઠ્ઠલેશની વંદના કરતું એમને જગાડતું પદ શાંત વાતાવરણમાં માનસરોવરના કમળની જેમ ખીલી ઊઠ્યું. શ્રી વલ્લભસુત શ્રી વિઠ્ઠલેશના રસમય સ્વરૂપના પ્રાગટ્યનો આનંદ પ્રગટ કરતા આ પદનો રવ સાંભળતાં જ શ્રી વિઠ્ઠલેશ પથારીમાંથી બેઠા થઈ ગયા....અને એ જ સમયે કોકિલના કૂજનથી વાતાવરણ ગુંજી ઊઠ્યું.

નિત્યકર્મથી પરવારી ગોકુલમાં શ્રી નવનીતપ્રિયાજીને મંગલભોગ આરોગાવી, શ્રી વિઠ્ઠલપ્રભુ અશ્વ પર સવાર થઈ ગિરિરાજની કંદરાઓ વટાવતા, રસ્તામાં મયૂરના ટહુકા, કોકિલાના કૂજન, હરણાની દોટ, ખળખળ વહેતાં ઝરણાંનો મર્મર સુણતા વહેલી સવારે શ્રીજીબાવાનાં દર્શનનો વિરહતાપ અનુભવતા ઉતાવળા,

હોંશભર્યા, ગિરિરાજની તળેટીમાં દંડવતી શિલા પાસે એમના અશ્વને ઊભો રાખી દંડવતી શિલાને દંડવત્ કરતા, શ્રી ગિરીરાજજીના આરોહણ માટેની આજ્ઞા માગી, હજી તો આરોહણ– યાત્રા શરૂ કરે છે ત્યાં જ.....

"કૃપાનિધાન...આપ અહીં જ અટકી જજો."

થોડેક દૂરથી એક પરિચિત સત્તાવાહી સ્વર શ્રી વિઠ્ઠલેશના કાને પડે છે...શ્રી વિઠ્ઠલેશના હૈયામાં એક થડકો ઊપડે છે અને બીજી જ ક્ષણે વિરમી જાય છે. એક નજર અવાજની દિશામાં ફરી વળે છે. આંખો સામે સશસ્ત્ર કૃષ્ણદાસ અધિકારી દેખાય છે. ચાર આંખો મળતાં જ કૃષ્ણદાસ એમના અશ્વ પરથી ઊતરી શ્રી વિઠ્ઠલેશજી પાસે પહોંચી, દંડવત્ કરી બોલી ઊઠે છે :

"કૃપાનિધાન...અવિનય લાગે તો ક્ષમા કરજો, પરંતુ આજથી શ્રી ગોવર્ધનનાથજીની બધી જ સેવાનો ક્રમ સ્વ. ગોપીનાથજીના લાલજી શ્રી પુરુષોત્તમબાવાએ સંભાળી લીધો છે અને આપશ્રીને મંદિરમાં પ્રવેશવાની મનાઈ ફરમાવી છે. અને શ્રી ગોવર્ધનનાથજીના મંદિરના અધિકારી તરીકે આ હુકમ બજાવવાનું કામ આ અભાગિયાના હાથમાં આવ્યું છે, તો ક્ષમા કરશો, મહારાજ !" – કૃષ્ણદાસે વિનયપૂર્વક શ્રી વિઠ્ઠલેશજીને પુરુષોત્તમલાલજીના નામે પોતાનો હુકમ સુણાવી દીધો.

શ્રી વિઠ્ઠલેશે નજર ઊંચી કરી, શિખર પર બિરાજતા શ્રી ગોવર્ધનનાથજીના મંદિર પર ફરકતી ધ્વજાને વંદન કર્યાં. અંતરમાં વિરહની યાતના વધવા માંડી. આંખોમાંથી વહેલાં અશ્રુને લૂછી નાખ્યાં અને સ્વસ્થ થઈ, કૃષ્ણદાસના ખભે હાથે મૂકતા સ્મિત સાથે બોલી ઊઠ્યા :

"કૃષ્ણદાસ...તમે તો આજ્ઞાનું પાલન કર્યું છે...અને આમેય તમે શ્રીનાથજીના મંદિરના અધિકારી છો. શ્રી વલ્લભે નીમેલા અધિકારીએ શ્રી વલ્લભકુળની પરંપરા જળવાઈ રહે એ રીતનું પગલું જ ભર્યું છે. આ પગલું ભરી શ્રી વલ્લભકુળ અને આપણા સૌના શ્રી ગોવર્ધનધારીનું હિત જ જોયું છે. અને વાસ્તવમાં શ્રી ગોપીનાથજીના લીલાપ્રસ્થાન પછી આ ગાદી પરનો હક્ક શ્રી પુરુષોત્તમજીનો જ છે. મેં કદી તે માટે હક્કનો દાવો કર્યો પણ નથી...હું મારા ભત્રીજાની કુશળતા ઇચ્છું છું અને એની શ્રી ગોવર્ધનનાથજી પ્રત્યેની પ્રીતિ વિકસતી રહે અને મારા શ્રીજીને ખૂબ જ પ્રેમપૂર્વક લાડ લડાવતા રહે એવા આશીર્વાદ સાથે હું ગિરિરાજજીની તળેટીમાંથી વિદાય લઉં છું. તમારે કોઈપણ પ્રકારની ચિંતા કરવાની જરૂર નથી."– કહેતાં શ્રી વિઠ્ઠલેશે શ્રીનાથજીની ધજાને બે હાથ જોડી, મસ્તક નમાવી, વંદન કર્યાં અને અંતરમાં જ ઓગળી જતા હોય તેમ આંખો મીંચી ધ્યાનસ્થ દશામાં કેટલીય પળો સુધી હાથ જોડી ઊભા રહ્યા અને મનોમન બોલતા રહ્યા...

"વાહ, મારા વ્હાલા ગોવર્ધનનાથ...તેં મારા પર કૃપા કરી, મારી સેવાનો અંગીકાર ન કરવાની તારી ઇચ્છા આ તારા જ પ્રેમાળ અધિકારી પાસે વ્યક્ત કરી. પ્રભુ, મારા અનંતકોટિ અપરાધોથી તું કદાચ વાજ આવી ગયો હશે...પરંતુ દેવ...હવે

હું તારા વગર કેમ જીવી શકીશ ? મારું સર્વસ્વ તો મારો ગોરધનનાથ તું છે. હવે હું નોધારો થઈ ગયો...તારા સાંનિધ્યની – તારી કૃપાની એકએક પળ મારા સ્મૃતિપટને દંશ દેતી પીડતી રહેશે. પ્રભુ, એ દંશ સહવાની...તારા વિરહનો તાપ સહન કરવાની મને હિંમત દેજે, મારા નાથ !"

–અને એ જ ક્ષણે શ્રી વિઠ્ઠલેશ અશ્વને પણ તળેટીમાં કૃષ્ણદાસની તહેનાતમાં મૂકી, ખુલ્લા પગે ચન્દ્રસરોવરની દિશામાં ચાલી નીકળ્યા.

શ્રી વિઠ્ઠલેશ પ્રભુના આ રીતના અપમાનની ખબર આન્યોર, ગોવર્ધન, જતીપુરાથી માંડી સારા વ્રજમંડળમાં પ્રસરી ગઈ. ગોકુલમાં બિરાજતા ગિરધરજી અને શ્રી વિઠ્ઠલેશના પરિવારને આ સમાચાર સાંભળી સખત આંચકો લાગ્યો. સૌ કોઈ ગિરિરાજ દોડી આવ્યા, પરંતુ શ્રી વિઠ્ઠલેશ ચન્દ્રસરોવરના માર્ગે ગયા છે એ સમાચાર સાંભળી, સમસ્ત વૈષ્ણવસંપ્રદાય ગામલોકો સાથે ચન્દ્રસરોવરની દિશામાં ધસી ગયા...સૌ કોઈ આંખમાં આંસુ, હૃદયમાં આઘાત અને તનમાં વિહ્વળતા સાથે ગિરિરાજથી ચન્દ્રસરોવર તરફ વૈષ્ણવોના સમૂહને જતો જોઈ રહ્યા. રામાયણમાં ગાદીત્યાગ કરી અયોધ્યાનગરી છોડી વનની વાટ પકડી ચૂકેલા ભગવાન રામચન્દ્રજીની પાછળ નીકળી પડેલી અયોધ્યાની રામઘેલી પ્રજાનું સ્મરણ સૌ કોઈને થઈ આવ્યું.

ચન્દ્રસરોવરની શીતળ છાયામાં શ્રી વિઠ્ઠલેશે એક કંદબના વૃક્ષ નીચે સ્થાન જમાવી...શ્રી ગોવર્ધનનાથજીનું સ્મરણ કરતાં કરતાં તાત શ્રી વલ્લભ–રચિત શ્રી ગિરિરાજધાર્યષ્ટકમ્‌ના

"ભકતાભિલાષાચરિતાનુસારી,
દુગ્ધાદિ–ચૌર્યેણ યશોવિસારી
કુમારિતા – નન્દિત ઘોષનારી
મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી...

એ શ્લોકો સાથે શ્રી ગિરિરાજધરણનું સ્મરણ કરવા માંડયું. બંધ આંખો, હૃદયમાં જાગેલી આરઝૂ અને બંધ આંખો સામે રાસરાસેશ્વર શ્રી ગોવર્ધનનાથજીના શ્લોકોની જેમ જેમ એકએક પંક્તિ મધુર કંઠમાંથી વહેવા માંડી કે એમની પાછળ દોડી આવેલા ગિરધરજી અને અન્ય બાળકોની સાથે આવેલા વ્રજમંડળના ભાવિક વૈષ્ણવો સ્થિર થઈ ગયા. શ્રી વિઠ્ઠલેશના ચહેરા પર રમતી ભાવોર્મિમાંથી આ ક્ષણે તો રાસરાસેશ્વરીની લીલાનાં સ્વરૂપો જ પ્રગટ થતાં હતાં...

મનઃ કલાનાથ તમોવિદારી
વંશીરવાકારિત તત્કુમારી
રાસોત્સવોદ્વેલ્લ રસાબ્ધિસારી
મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી....

અને કેમ જાણે પરિવારના સભ્યોને તેમજ ભકતજનોને કહેતા હોય તેમ શ્લોકનું અર્થઘટન કરતાં શ્રી વિઠ્ઠલેશ બોલી ઊઠ્યા :

"મનમાં રહેલા અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરનાર ચન્દ્ર જેવા, બંસીના નાદથી વ્રજકુમારિકાઓને બોલાવનારા, રાસમહોત્સવમાં ઊછળી રહેલા રસના સાગરમાં વિહાર કરતા એવા શ્રી ગિરિરાજધારી – ગોવર્ધનનાથ કૃષ્ણ મારા પ્રભુ છે...

આજે એ ગોવર્ધનાથે મારા અનંતયુગોના પાપનું પ્રાયશ્ચિત્ત કરવા વિરહનું દાન આપી, એમનામાં મારી શ્રદ્ધા વધુ ને વધુ દઢ થાય તેવી કૃપા કરી છે...આપ સૌ મને મળેલી વિરહની આ ભોમકાના એકાંતમાં એકલો રાખી, મારા રૂઠેલા શ્રી ગોવર્ધનનાથજીને મારાં આંસુથી–મારા વિરહતાપથી રીઝવવા દ્યો."

શ્રી વિઠ્ઠલેશની વાણી સાંભળી સૌ કોઈ ભારે હૈયે વીખરાવા માંડયા.

સીના નાદથી
ના સાગરમાં
ભુ છે...
રવા વિરહનું
ી છે...આપ
ા રૂઠેલા શ્રી

માંડયા.

૧૧. શ્રીવિઠ્ઠલેશના હૃદયની ઉદારતા

"સોઈ રસના જો હરિગુન ગાવે
નૈનનકી છબી યહે ચતુરતા
જો મુકુંદ મકરંદહિ ધ્યાવે"

પૂર્વના આકાશમાં પ્રભાતની ટશરો ફૂટી રહી હતી. પવનની પાલખીમાં સવાર થઈ ભક્તકવિ સૂરદાસના સ્વરો ચન્દ્રસરોવરની હાલકડોલક જલધારા પર પ્રસરી રહ્યા હતા. સૂરદાસજીના તંબૂરના તાર પર વાતાવરણ નૃત્ય કરતું હતું. કોકિલાનું કૂજન, "ટેહુક ટેહુક" મયૂરનું ગહેકવું, સરોવરના સામા કિનારે જલપાન કરતાં હરણાંના ટોળાનું સૂરદાસનું "સોઈ રસના જો હરિ ગુન ગાવે" એ પંક્તિઓ સંભળાતાં કાન ઊંચા કરી અવાજની દિશામાં જોઈ રહેવું.....

આકાશની પ્રભાતની અદ્‌ભુત રંગલીલા નિહાળતા શ્રી વિઠ્ઠલેશજી સૂરદાસના પદની પંક્તિઓ માણતા કદંબના વૃક્ષ નીચે બેઠા બેઠા શ્રી ગોવર્ધનનાથનું સ્મરણ કરતાં મનોમન બોલી ઊઠ્યા :

"સૂરદાસજી, ધન્ય છો તમે. આજે મારા હૃદયની વેદનાની વાણીને તમે શબ્દોથી સજાવી છે. તમારી વાત સાવ સાચી છે ભક્તરાજ ! જે રસના–જીભ ભગવાનનું ગુણગાન કરે છે તે જ સાર્થક છે."

અને એ જ ક્ષણે હૃદયના ભાવજગતને હચમચાવી મૂકે તેવી પદની પંક્તિ વાતાવરણમાં સરી પડી :

"નિર્મલ ચિત્ત સો સોઈ સાંચો
કૃષ્ણ બિના જિંહિ ઔર ન ભાવે"

"મારા ગોવર્ધનનાથ, સંભળાય છે તારા વહાલા સૂરદાસની આ પંક્તિઓ ? મારા હૃદયની વાત કવિએ કરી છે. આજે મારા ગિરિરાજધરણ.....તારા વિના બીજું કાંઈ જ ગમતું નથી....આજે વહાલા, તારી જુદાઈથી થતા વિરહ–દુઃખને હું કયા શબ્દોમાં વર્ણવું ? મારી વિરહવેદનાના ઝંકાર હું તારા સુધી કેમ કરી પહોંચાડું, મારા નાથ ! મારા હૃદયમાં સતત તારી યાદની પ્રતીતિ કેમ કરી કરાવું ?"

–અને શ્રી વિઠ્ઠલેશજીની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. આજે સાત–સાત દિવસ થઈ ગયા છે. ચન્દ્રસરોવરની પાળે બેઠા બેઠા શ્રી વિઠ્ઠલેશજી એમના વહાલાના વિરહમાં ભક્તકવિઓના એક એક પદની પંક્તિઓ–એમનાં આંસુ સાથે વહાવતાં યાદ કરતા જાય છે...શ્રીનાથજીના વિરહમાં ખાવાપીવાનું પણ ભુલાઈ ગયું હતું. ફક્ત ચન્દ્રસરોવરના નિર્મળ જલ પર જિંદગી જિવાતી જતી હતી. ધીમે ધીમે કાયા ક્ષીણ થતી જતી હતી....

એક દિવસ રામદાસ મુખિયાજી, શ્રીવિઠ્ઠલેશની વિરહયાતનાના તપ વિષે વ્રજવાસીઓ પાસેથી સાંભળી, હાંફળાફાંફળા દોડી આવ્યા અને શ્રી વિઠ્ઠલેશજીની

કૃશ થતી જતી કાયા જોઈ...શ્રી વિઠ્ઠલેશજીનાં ચરણ પકડી લેતાં રડતાં રડતાં બોલી ઊઠ્યા :

"પ્રભુ...આ શું કરી નાખ્યું ? આપે અન્ન ત્યાગ્યું છે...ફક્ત જલ પર જ આપ ટકી રહ્યા છો...પ્રભુ...પ્રભુ ! આપ પુનઃ પાછા પધારો...ભક્તમંડળ તેમજ વ્રજવાસીઓનાં હૈયાં ખૂબ જ વ્યથિત છે...આપણા અષ્ટસખાના અંતરમાંથી પ્રભુને પ્યારાં પદોની પંક્તિઓ સ્ફુરતી નથી...શ્રીજી ખુદ સોગાળવું મુખારવિંદ કરીને યંત્રવત્ આઠે સમાની સામગ્રી આરોગી લે છે...."

"રામદાસ...ભાઈ....આટલો અથરો ન થા. જે કાંઈ થઈ રહ્યું છે એ મારા ગોરધનનાથની ઇચ્છા પ્રમાણે જ થઈ રહ્યું છે. આ પાપી જીવના દોષોને વિરહના તાપમાં જલાવી દેવાનું મારું અભિયાન મારા વહાલાની ઇચ્છા અને કૃપાથી જ થઈ રહ્યું છે..."

"પ્રભુ....તમારી આ તપશ્ચર્યા અમારાથી નથી જોવાતી...."

"રામદાસ !"

"બોલો, કૃપાનાથ !"

"મારા ગોવર્ધનનાથજી છે તો પ્રસન્નતામાં...."

"શું પ્રસન્નતામાં હોય...મેં તમને હમણાં કહ્યું નહીં, સોગિયું મુખારવિંદ કરીને આઠે સમા ખડા છે."

"રામદાસ, અત્યારે રાજભોગની તૈયારી થતી હશે, નહીં ?"

"કૃપાનિધાન, આપ ફક્ત જલ જ આરોગો છો એ સાંભળી, શ્રીજીબાવાને રાજભોગની સામગ્રી ધરાવીને ચોરીછૂપીથી અહીં આવ્યો છું...અને પ્રભુના પ્રસાદરૂપે માળા અને બીડાં આપના માટે લાવ્યો છું."

"વાહ, મારા રામદાસ ! વાહ, મારા શ્રીજીની માળા, શ્રીજીનાં બીડાં...બસ, ભાઈ, જિંદગી ધન્ય થઈ ગઈ." કહેતાં શ્રી વિઠ્ઠલેશે ઝડપથી આવેશમાં આવી રામદાસના હાથમાંથી બીડાં અને માળા લઈને માળાને હૃદયસરસી ચાંપી દીધી, બીડાંને માથે ચઢાવ્યાં અને ભાવવિભોર થઈ આંખોમાં આંસુ સાથે રામદાસને ભેટી પડ્યા.

"રામદાસ, મેં પણ શ્રીજીની માળા આ ચન્દ્રસરોવરની ફૂલવાડીનાં પુષ્પોથી તૈયાર કરી છે, તો તમે એ લઈને જાઓ અને રાજભોગ પછી શ્રીજીને ધરજો, મારા ભાઈ, મારો વહાલો કદાચ ઘણા સમયે મારા હાથની બનાવેલી માળાથી રીઝે તો–"

"કૃપાનાથ, જરૂર લઈ જઈશ."

"અને હાં, બીજું, મારા વ્હાલા શ્રીજીબાવાને મારી એક વિનંતી પણ પહોંચાડવાની છે."

"કૃપાનાથ....મારાં તો અહોભાગ્ય કે આપ મને તમારા બન્ને વચ્ચેનો કાસદ બનાવી મને સેવા કરવાની તક આપો છો."

"રામદાસ...સાચું કહું ? મારા નાથનાં દર્શન વગર મારાથી રહેવાતું નથી...મેં

રચેલી વિજ્ઞપ્તિઓમાં બસ એક જ વાત–એક જ વેદના–એક જ વિરહની વાતો લખી છે...પ્રભુને વીનવતાં લખ્યું છે મારી વિજ્ઞપ્તિમાં કે–

હે પ્રભુ ! આપ મારા નાથ છો. આપ જે કરશો તે ઉત્તમ જ હશે, તોપણ આ જીવ હવે ધીરજ રાખી શકતો નથી...આ જીવ આપનાં દર્શન માટે અધીરો થઈ ગયો છે.

હે નાથ ! જેવી મારી કૃતિ છે તેવી કૃતિનું આવું ફળ કયાં સુધી હું ભોગવીશ ! પણ આપ તો પ્રભુ છો, માટે આપને યોગ્ય લાગે તે કરશો.

હે પ્રભુ ! આપનો વિયોગ જે સમયે થયો તે સમયે જ મારો જે પ્રથમ શ્વાસ બહાર નીકળ્યો તેની સાથે જ મારા પ્રાણ કેમ નીકળી ન ગયા ? મારા પ્રાણ નીકળી ન જાય તેવો નિર્લજ્જ જે હું આપના સંગમની આશા, જે વિચારોથી પણ દૂર ન થાય – તેવી છે – તે રાખું છું.

મારા મનના દુઃખની વાત હું કોની પાસે કહું ? વ્રજાધીશના વિયોગરૂપી દુઃખસમુદ્રમાં મારા સિવાય કોઈ પણ ડૂબેલું હોય તો તેને કહું ને ! પણ અહીં તો કોઈ જ દેખાતું નથી."

"બસ બસ કરો, કૃપાનિધાન...આપના હૃદયની વેદના હું સમજી શકું છું. હું રોજ આપની એકએક વિજ્ઞપ્તિ આપણા વ્હાલા શ્રી ગોવર્ધનનાથજીને પોગાડતો રહીશ..."

રામદાસજી શ્રી વિઠ્ઠલેશજીને દંડવત્ કરી રાજભોગ સરાવવાનો સમય થતાં ભારે હૈયે શ્રી વિઠ્ઠલેશે દીધેલી માળા અને એક વિજ્ઞપ્તિ લઈને ગિરિરાજ પહોંચ્યા. રાજભોગ સરાવી શ્રી વિઠ્ઠલેશપ્રભુએ હૃદયની વેદના અને વિરહના એકએક તાણાને આ પુષ્પમાળામાં પરોવીને મોકલ્યાં હતાં–એ માળા રામદાસજીએ શ્રીઅંગને ધરી ત્યાં તો કોટિ બ્રહ્માંડના નાથ ગોવર્ધનનાથ બોલી ઊઠ્યા...

"રામદાસ...શ્રી વિઠ્ઠલેશની આ માળા ધારણ કરતાં એમની સાથે ગાળેલી એકએક પળ, એમની ભક્તિ, એમની સેવા, એમની લાગણી, બધું જ યાદ આવી જાય છે. અહીં મને જરા પણ ગમતું નથી...શું થાય ? શ્રી વલ્લભે આ મંદિરમાં મારી જ આજ્ઞાથી મને પધરાવ્યો છે....આ મંદિર છોડી શ્રી વિઠ્ઠલેશની સેવા અંગીકાર કરવા જવાનો મને અધિકાર નથી...પરિણામે શ્રી વિઠ્ઠલેશને કહેજે, અહીં હું એના વિના ઝૂરું છું અને એ ત્યાં ચન્દ્રસરોવરમાં ઝૂરે છે....મારો પ્રત્યુત્તર, રામદાસ, તું એમને પહોંચાડજે...અને હાં...આ નાનકડી બારીમાંથી ચન્દ્રસરોવર દેખાય છે...કાકાજીને કહેજે કે હું એમને રોજ શય્યામંદિરની બારીમાંથી દર્શન આપતો રહીશ."

"ધન્ય ધન્ય પ્રભુ....આપના ભક્તો પ્રત્યેના પ્રેમનું તો મૂલ્ય જ નથી.."

અને કાસદ બનેલા રામદાસજીને એક વખત રસ્તામાં કૃષ્ણદાસે પડકાર્યા :

"રામદાસજી, આ રાજભોગ સરાવ્યા વગર કયાં ચાલ્યા ?"

"શ્રી વિઠ્ઠલેશને મળવા...ચન્દ્રસરોવર."

"તો પેલા વ્રજવાસીએ મને કહેલી વાત સાચી નીકળી !"

"કઈ વાત ?"

"તમે રોજ વિઠ્ઠલેશજીને છાનામાના મળવા જાઓ છો."

"હા, જાઉં છું...અને હવે તો ખુલ્લી છાતીએ જઈશ...."

"રામદાસ...તમે આવી ધૃષ્ટતા કોની સામે કરો છો એનું તમને ભાન છે ?"

"હા, શ્રી ગોવર્ધનનાથજીના મંદિરના અધિકારી સામે. પરંતુ અધિકારીજી, આપ એક વાત કાન ખોલીને સાંભળી લેજો...હું તો શ્રી વલ્લભનો વહાલો સેવક છું. એમની આજ્ઞાથી શ્રીજીબાવાના મંદિરનો મુખિયાજી બન્યો છું. શ્રી વિઠ્ઠલેશજી મારા સર્વસ્વ છે – મારા ગુરુના પુત્ર છે...ગુરુ જ છે...હું એમને અવશ્ય મળવા જઈશ.."

– અને રામદાસજી ધરણી ધમધમાવતા શ્રી વિઠ્ઠલેશ પાસે પહોંચી ગયા.

અને સાંજે શય્યામંદિરની બારી સદાને માટે બંધ થઈ ગઈ...

શ્રી વિઠ્ઠલેશનું હૈયું કકળી ઊઠ્યું..

શ્રીજીનાં દર્શન કરવા સામે પણ પ્રતિબંધ મુકાઈ ગયો. હવે તો ફક્ત ધજાજીનાં દર્શન જ થઈ શકતાં હતાં. દિનપ્રતિદિન અંગ કૃશ થતું જતું હતું. અંતરમાં વિરહાગ્નિ પ્રજળી રહ્યો હતો.

ચન્દ્રસરોવરની વાટ પર ધૂળની ડમરીઓ ઊડતી જોઈ શ્રી વિઠ્ઠલેશની નજર મથુરા તરફના રસ્તા પર ગઈ.

તબડક....તબડક....તબડક.....મથુરાથી ગિરિરાજજી તરફના રસ્તા પરથી અશ્વોની હણહણાટી અને દોડવાનો અવાજ ધીમેધીમે ધૂળની ઊમટેલી ડમરીમાંથી કર્ણગોચર થઈ રહ્યો હતો.

આગ્રાના શાહી દરબારના કોઈક અધિકારી અથવા તો શાહી ઘરાનાની કોઈક વ્યક્તિ ગિરિરાજજીનાં દર્શને જઈ રહી હોય એવું ચન્દ્રસરોવરની પુષ્પવાટિકામાંથી પુષ્પો ચૂંટતા શ્રી વિઠ્ઠલેશને લાગ્યું. ધૂળની ડમરીથી આંખો પર વ્રજરજની એક છારી બાઝી જાતાં, શ્રી વિઠ્ઠલેશ એમની કૃશ કાયાને કદંબના વૃક્ષ નીચેના ચોતરા પર સ્થિર કરતા શાંતિથી બેસી ગયા અને ધીમાધીમા સ્વરે "ગિરિરાજધરણ પ્રભુ તમારે શરણ"નું રટણ કરતાં ધ્યાનસ્થ દશામાં સરી પડ્યા....

"અરે કાદરખાન...જુઓ તો, ત્યાં ચન્દ્રસરોવરના કિનારે કદંબવૃક્ષની છાયામાં સૂરદાસજી તો બેઠા નથી ને ?" ગિરિરાજજીની યાત્રાએ જઈ રહેલા બીરબલે એની સાથેના એક સિપાહીને ચન્દ્રસરોવરની પાળે ધ્યાનસ્થ દશામાં બેઠેલી એક જર્જરિત કાયાવાળી વ્યકિતને જોતાં પૂછ્યું...અને અશ્વને ઊભો રાખ્યો..

રાજદરબારની કોઈક જાજરમાન વ્યક્તિને રસાલા સાથે ઊભેલી જોઈ, આજુબાજુ ગાયો ચરાવતા ચારેક વ્રજવાસી ગોવાળો કુતૂહલ સાથે બીરબલની નજીક આવી પહોંચ્યા....

"મહારાજ....સૂરદાસજી નથી, એ તો અમારા વંદનીય શ્રી વિઠ્ઠલેશ પ્રભુ છે..." એક વ્રજવાસી બોલ્યો.

"શ્રી વિઠ્ઠલેશ પ્રભુ અને એ પણ અહીંયાં....શી વાત છે... ગોપાલ...." બીરબલમે આશ્ચર્ય થયું.

–જવાબમાં ચારેય ગોપાલની આંખોમાંથી અશ્રુની ગંગાયમુના વહેવા માંડી.

"અરે...અરે...તમે બધા આટલા બધા વ્યથિત કેમ છો ? શી વાત છે ?"

અને એક વ્રજવાસીએ ભાવવિભોર થઈ, રડતા સ્વરે, આંસુભીના ચહેરે શ્રી વિઠ્ઠલેશજીની કૃષ્ણદાસ અધિકારીએ કરેલી દશાની વાત કરી...બીરબલ ખળભળી ઊઠ્યો. એની આંખોના ખૂણા લાલ થઈ ગયા...એ દોડતો શ્રી વિઠ્ઠલેશજી પાસે પહોંચી ગયો...અને સાવ ખળભળી ગયેલી શ્રી વિઠ્ઠલેશની દેહયષ્ટિને જોઈ બોલી ઊઠ્યો...

"કૃપાનાથ... હું બીરબલ...આપ અહીં ક્યાંથી ? અને આ શરીર આવું કેવું કરી નાખ્યું.....મહારાજ...કયા તપની આરાધના ચાલી રહી છે..."

"કોણ, બીરબલ...ભાઈ ? મારા વ્હાલા ગોરધનનાથજી કેમ છે ? એમનાં દર્શને જાવ છો, ભાઈ...મારા શ્રીજીબાવાને દંડવત્ કહેજો...અને મારા વતી વિનંતી કરજો કે હવે તમારાં દર્શનનો વિરહ સહ્યો જતો નથી...અણુઅણુ મારા દિલદારના દિદારનાં દર્શન કરવા ઝંખે છે..હવે તો દર્શન દ્યો...મારા વ્હાલા...ભાઈ, મારી જિંદગીના અંતિમ ચરણમાં...મારા નાથને દર્શન દેવાની કૃપા કરવાનું કહેશો..." લાચાર, વિરહી આત્માના એકએક શબ્દે બીરબલની આંખોમાં અશ્રુબિંદુ છલકાવી દીધાં.

"કૃપાનાથ....તમે નિશ્ચિંત રહો...આપને આ દુનિયામાં મારા હોવા થકી, કોઈ શ્રી ગોવર્ધનનાથજીથી દૂર નહીં રાખી શકે....હું નિકટના સમયમાં આપણા વ્હાલા શ્રી ગોરધનનાથજી સાથે આપનો મેળાપ કરાવી દઉં છું..." કહેતો એ અશ્વારૂઢ થઈને શ્રી ગોવર્ધનનાથજીને દૂરથી વંદન કરતો એના રસાલા સાથે ગોકુળ તરફ ચાલી નીકળ્યો અને ગિરધરજી પાસેથી પૂરો અહેવાલ મેળવી લીધો. શ્રી ગિરધરજીને દંડવત્ કરતો બોલી ઊઠ્યો :

"ગોવર્ધનજી...તમે હવે ચિંતા ન કરતા. કૃષ્ણદાસ અધિકારીએ કરેલા અપરાધની શિક્ષા હમણાં જ મળી જશે. આપ ચન્દ્રસરોવર પધારી...બડા ઠાઠ સાથે પાલખીમાં કાકાજીને લઈને જતીપુરા આવી પહોંચો..."

ગિરિધરજીને શ્રી વિઠ્ઠલેશજી "ગોવર્ધન" નામે બોલાવતા અને એમના સેવકો પણ એ જ નામથી શ્રી ગિરિધરજીને બોલાવતા હતા.

બીરબલ ગોકુલથી સીધો આગ્રા અકબર બાદશાહ પાસે પહોંચ્યો અને કુર્નીશ બજાવતો બોલી ઊઠ્યો...

"આલમપનાહ...આપણા ગોકુલના ફકીર પાસેથી એમના મંદિરના બે બદામના અધિકારી કૃષ્ણદાસે સેવાનો હક્ક ઝૂંટવીને સ્વ. ગોપીનાથજીના લાલને

સોંપ્યો છે...આ એક કૌટુંબિક–વારસનો મામલો છે...પરંતુ ગોકુળના સાંઈ પર આવો અત્યાચાર થાય તે હું સહી શકું તેમ નથી. આપની આજ્ઞા મળે તો એ કૃષ્ણદાસને એના ગુનાની સજા કરી, વ્રજમંડળની વ્યથિત પ્રજાને શાંત કરું. શ્રી વિઠ્ઠલેશજી કે જે છેલ્લા છ મહિનાથી ફક્ત જલપાન પર એમનું જીવન ટકાવતા વિરહાગ્નિથી પ્રજળી રહ્યા છે...એમને ફરી એક વખત શ્રી ગોવર્ધનનાથના સાંનિધ્યમાં મૂકી દઉં."

અકબર બીરબલના મોઢે એના "પ્યારા સાંઈ"ની આ દશાના સમાચાર સાંભળી લાલપીળો થઈ ગયો....આંખો સામે એ ફકીરની સૂરત ઊપસી આવી...

શું તેજ ! શું સ્વરૂપ ! શું ખુદા પ્રત્યેનો ઇતબાર ! ખુદાની તહેનાતમાં જેણે જિંદગીનું બધું જ સમર્પી દીધું હતું એવા મહાન આત્માની વિદ્વત્તાનો પરિચય થયાને હજી બહુ સમય પણ નહોતો થયો.

એની બીબી તાજબેગમના એ ગુરુ...બીરબલ અને ટોડરમલના લાડીલા ધાર્મિક નેતા...અને સમસ્ત વ્રજમંડળના એક અનોખા જાજ્વલ્યમાન રાહબરે... ગિરિરાજજીના હૃદયમાં બિરાજતા શ્રીજીબાવાને શિખર પર મંદિર બંધાવી પાટે બેસાડી એની પૂજા શરૂ કરાવી હતી... વેદવેદાંત અને ફક્ત હિંદુ શાસ્ત્રો જ નહીં, પરંતુ સમસ્ત વિશ્વના બધા જ ધર્મોનો ઊંડો અભ્યાસ કરી ચૂકેલા શ્રી વિઠ્ઠલેશે થોડા સમય પહેલાં જ એની શંકાનું કેવું સરસ નિરાકરણ કર્યું હતું, એ વાત યાદ આવી ગઈ.

થોડા દિવસ પહેલાં જ અકબર બાદશાહને બીરબલ સાથેની ચર્ચાનો પ્રસંગ યાદ આવી ગયો.

"બીરબલ, મનમાં એક સવાલ ઊઠે છે."

"શેનો સવાલ ? ફરમાવો...કદાચ તમારા સવાલનો જવાબ આપી શકું તો." બીરબલે કહ્યું.

"બીરબલ...ખુદા સાથે મિલન ક્યારે થાય ? અર્થાત્ ખુદા ક્યારે મળે ?" અકબરે ગંભીર સ્વરે પ્રશ્ન કર્યો હાજરજવાબી બીરબલ મૂંઝવણમાં પડી ગયો. બાદશાહનો સવાલ સરળ નહોતો. વિચારમાં પડી ગયો અને પછી બોલ્યો :

"જહાંપનાહ,આવતી કાલે આ સમયે તમારા સવાલનો જવાબ મળી જશે..."

બીરબલ મૂંઝાઈને ઘરે આવ્યો. સતત બાદશાહનો સવાલ જ સ્મૃતિપટ પર ઘૂમતો રહે.

પિતાને મૂંઝવણમાં બેસી આકાશ સામે જોતા બીરબલની દીકરી શોભાવતીએ જોયા....દીકરી બાપ કરતાં સવાઈ હતી.

"પિતાજી, શી વાત છે ? તમે કાંઈ મૂંઝાયેલા લાગો છો."

"હોય, બેટા ! ચાલ્યા કરે."

"ના, પિતાજી, તમે મને કહો, શી વાત છે ?"

"દીકરી, આ રાજા, વાજાં અને વાંદરાં બધાં જ સરખાં. લોકોને શાંતિથી

જીવવા ન દે."

"શી વાત છે, પિતાજી ?"

"આ આપણા આલમપનાહ અકબરશાહને સવાલ થયો છે અને મારી પાસે જવાબ માગ્યો છે...જવાબ જડતો નથી."

"સવાલ તો કહો, પિતાજી !"

"અકબરે પ્રશ્ન કર્યો છે કે ખુદા સાથે મિલન કેવી રીતે થાય ? અર્થાત્ ખુદા ક્યારે મળે ?"

"અરે, પિતાજી...ખૂબ જ સરળ વાત છે. ગોકુળમાં મારા ગુરુદેવ શ્રી વિઠ્ઠલેશજી છે ને એમની પાસે જાઓ, એ જવાબ આપી દેશે." બીરબલ આ સવાલના જવાબ માટે અકબરની સાથે ગોકુળમાં પહોંચી ગયો.

ઠકરાણીઘાટ પર મંગળ પ્રભાતનો સમય હતો. કોયલના ટહુકાથી વાતાવરણ ગુંજતું હતું. જમુનામૈયાનો અવિરત પ્રેમપ્રવાહ જલપ્રવાહ સ્વરૂપે વહી રહ્યો હતો.. દાદુર, મોર, બપૈયાના વિવિધ કલરવથી વાતાવરણમાં પ્રસન્નતા છવાઈ ગઈ હતી. શ્રી વિઠ્ઠલેશ શ્રી યમુનાજીના વહેતા જલપ્રવાહ સામે દૃષ્ટિ કરતાં "માનો મહિમા" પ્રગટ કરતા ધીમા મંજુલ રવે શ્રી યમુનાષ્ટકના શ્લોકોનું રટણ કરતા કલ્પનાચક્ષુ સામે શ્રી યમુનામાના આધિદૈવિક સ્વરૂપનાં દર્શન કરતા પ્રસન્નતાથી મહોરી ઊઠ્યા હતા.

બરોબર એ જ સમયે ઠકુરાણીઘાટ પર બીરબલ અકબરને લઈને આવી પહોંચ્યો. અકબર બાદશાહ અને બીરબલ ધ્યાનસ્થ દશામાં બિરાજમાન થયેલા શ્રી વિઠ્ઠલેશનાં ચરણ પાસે નમ્રભાવે ઊભા રહી ગયા.

શ્રી વિઠ્ઠલેશે ઘાટ પર થયેલો પદસંચાર સંભળાતાં આંખો ખોલી.

"અરે, દિલ્હીપતિ, આપ ! અનાયાસે બીરબલ પણ સાથે છો ! બધું ક્ષેમકુશળ તો છે ને ?"– શ્રી વિઠ્ઠલેશે પૂછ્યું.

"ખુદાતાલાની મહેરબાનીથી બધું જ સારું છે...પરંતુ, મહારાજ, અમે તો આપને અમારા હૃદયમાં ઊઠેલા પ્રશ્નનો ઉત્તર સાંભળવા તમારી પાસે આવ્યા છીએ." બાદશાહ અકબરે જ વાત માંડતાં કહ્યું.

"હા, કૃપાનાથ આલમપનાહને સતત એક પ્રશ્ન મૂંઝવે છે."

"અરે, દિલ્હીપતિ ! તમને વળી કયા પ્રશ્નો નડવા માંડ્યા...કહો તો કાંઈ ખબર પડે."

"મહારાજ, મારા અંતરમાં એક જ મૂંઝવણ રહ્યા કરે છે...એક જ પ્રશ્ન ઘૂમ્યા કરે છે...હું બાદશાહ નથી...આ રાજ્ય, સલ્તનત બધું જ બાદશાહના બાદશાહ ખુદાતાલાનું છે. અને એ ખુદાતાલા કયાં છે, કોણ છે...કેવો છે એનું કોઈ જ જ્ઞાન આપણને નથી...મારો એ ખુદા સાથે મિલાપ કેમ થાય ? એને મળવું હોય તો મળાય કેમ ?– એ જ મારો પ્રશ્ન છે...મહારાજ...તમે કાંઈ એનો જવાબ આપો..." અકબર બાદશાહે વિનમ્રભાવે પ્રશ્ન રજૂ કર્યો.

શ્રી વિઠ્ઠલેશજીએ દિલ્હીપતિ અકબર સામે નજર કરી. સર્વધર્મસમભાવમાં માનતો ભરતખંડનો આ રાજવી, સ્વભાવે ધાર્મિક, વિચારે જ્ઞાની અને વાણીમાં સૌજન્યશીલ હતો. એના દરબારમાં બીરબલ, તાનસેન, ટોડરમલ જેવા વિદ્વાનો બેસતા. રોજ દરબારમાં જ્ઞાનગોષ્ઠી, કાવ્યગોષ્ઠી અને વિવિધ ધર્મોની ચર્ચાઓ ચાલ્યા જ કરતી...બાદશાહ અકબરે એક મુલાકાતમાં અગાઉ શ્રી વિઠ્ઠલેશજી આગળ દિલ ખોલીને કહ્યું હતું કે–

"મહારાજ, આ ભૂતલ પરની વિવિધ જાતિઓની વિવિધ વિચારણાઓ, માન્યતાઓ, સંસ્કારો, ધાર્મિક ભાવનાઓ, ઇત્યાદિને ધર્મના એક તાંતણે બાંધી...સર્વધર્મસમભાવનો એક નવો જ પંથ માનવજાતના કલ્યાણ માટે – ધર્મ ધર્મ વચ્ચેના વિસંવાદો અને ઝઘડાઓથી પર એવી એક ધર્મની ભાવના સાથેનો નવો જ પંથ માણસજાતનાં સુખશાંતિ અને કલ્યાણ માટે ન થાય ? આપનું માર્ગદર્શન અને દુઆઓ મળતી રહે, તો મારી ઇચ્છા આવો સર્વધર્મસમભાવની ભાવનાવાળો પંથ શરૂ કરવાની છે."

–અને આ ધૂનમાં ને ધૂનમાં એ એના આંગણે વિવિધ ધર્મના સંતો, મૌલવીઓ, પાદરીઓ, બૌદ્ધો અને જૈનોના જતિઓને બોલાવી ચર્ચાવિચારણા કરતો રહેતો.

"દિલ્હીપતિ, સવાલ ખૂબ જ સરળ છે...જેમ તમે અમને મળવા આવ્યા તેમ, જેમ તમારો સ્નેહ તમને અહીં સુધી ખેંચી લાવ્યો...અને એના પરિણામે જે આ મિલાપ થયો તેમજ પ્રભુ મળતો હોય છે."–શ્રી વલ્લભનંદન બોલ્યા. અકબર બાદશાહ શ્રી વિઠ્ઠલેશની ગૂઢ વાણી સમજી ન શકયો.

"મહારાજ, વિસ્તારથી આપનાં વાક્યો સમજાવશો ?"

"જુઓ...અમે એટલે તમારી રૈયત..તમે અમારા બાદશાહ. અમે પ્રજા ગમે તેટલો પ્રયત્ન કરીએ, પરંતુ શહેનશાહને–તમને મળવું કઠણ છે...પરંતુ તમે પોતે જો રૈયતને – પ્રજાને મળવાનો વિચાર કરો તો તુરત જ અશ્વારૂઢ થઈને અમને હમણાં મળવા આવ્યા એ રીતે મળી શકો છો. એવી જ રીતે તમારા પ્રશ્નના પરિપ્રેક્ષ્યમાં વિચારીએ તો રૈયત એટલે કે આ જીવ ગમે તેટલી મથામણ કરે તોપણ ખુદાને–ઈશ્વરને તે મળી શકતો નથી. પરંતુ પરમકૃપાળુ પરમાત્મા મળવાનું વિચારે, તો મળવામાં જરા પણ વાર લાગતી નથી. જીવનું વિચાર્યું કામ આવતું નથી...પરંતુ શિવ જો વિચારે – ખુદા ભગવાન વિચારે તો મિલન થઈ જાય...આલમપનાહ !" શ્રી વિઠ્ઠલેશજીએ અર્થવિસ્તાર કરી આપતાં બાદશાહ અકબરને કહ્યું.

અકબર બાદશાહ પ્રસન્ન થઈ ગયો. અંતરમાં ઊમટેલું વાવાઝોડું શ્રી વિઠ્ઠલેશનાં વચનોથી શાંત થઈ ગયું.

"મહારાજ, હૃદય તૃપ્ત તૃપ્ત થઈ ગયું...આપની જ્ઞાનભાષા મારા જેવા સામાન્ય માટે પણ કેટલી સરળ રહી છે !" કહીને અકબર બાદશાહ શ્રી વિઠ્ઠલેશની એક "જ્ઞાનમૂર્તિ"ને હૃદયમાં બેસાડીને આગ્રા ચાલ્યો ગયો...એ પછી તો અવારનવાર

બન્નેને મળવાનું થતું રહેતું...એ શ્રી વિઠ્ઠલેશની ક્રાંતિકારી વિચારધારાને–સંપ્રદાયને માન સાથે એનાં ગૂઢ રહસ્યોને પામવા મથ્યા કરતો હતો.

બીરબલે જ્યારે એના રાહબર શ્રી વિઠ્ઠલેશની ત્યાંના મંદિરના અધિકારી જેવી કોટિના માણસે આવી ઘોર અવહેલના કરી હતી એની વાત કરી, ત્યારે એમણે બીરબલને અમુક સત્તાઓ આપી અધિકારી કૃષ્ણદાસને પકડીને લાવવાનો હુકમ કર્યો.

બીરબલ મારતે ઘોડે ગોકુલ થઈને જતીપુરા પહોંચ્યો અને નાનકડા ગામમાં અશ્વોની હણહણાટી અને દોડધામ જોઈ લોકો ભયના માર્યા તીતરબીતર થવા માંડયા...અને સૌના આશ્ચર્ય અને અરેરાટી વચ્ચે શ્રી ગોવર્ધનનાથજીના મંદિરના અધિકારી કૃષ્ણદાસને પકડીને ગોકુલ લઈ ગયા...

"ગોવર્ધન...આ રહ્યા તમારા અભિમાની અધિકારી કૃષ્ણદાસ... તમે આ જ પળે ચન્દ્રસરોવર જઈ શ્રી વિઠ્ઠલેશપ્રભુને ધામધૂમથી જતીપુરા લઈ જઈને શ્રીગોવર્ધનનાથજીના શૃંગાર કરાવો..."

બીરબલ આટલું બોલી કૃષ્ણદાસને લઈને આગ્રા તરફ રવાના થયો. આ બાજુ ગિરધરજી હર્ષભેર ચન્દ્રસરોવર પહોંચ્યા અને પિતાનાં ચરણોમાં ઢળી પડતાં બોલી ઊઠ્યા..

"કાકાજી...આપ જતીપુરા પધારો...શ્રી ગોવર્ધનનાથજીના શૃંગાર ધરાવો... ફરી એક વખત શ્રીજીબાવાનો સેવાપ્રકાર આપ શરૂ કરો...સમસ્ત વ્રજમંડળ તમારી આતુરતાપૂર્વક રાહ જુએ છે."

"ગોવર્ધન...આપણા કૃષ્ણદાસ કયાં ? એ કેમ તારી સાથે દેખાતા નથી ?"

"કાકાજી...એમને તો બીરબલજી બંદીવાન કરીને આગ્રા લઈ ગયા..."

"શું કહ્યું....? શ્રી વલ્લભના સેવક, શ્રીજીબાવાના લાડલા આપણા કૃષ્ણદાસને બીરબલ લઈ ગયા ? તમે આ જ પળે આગ્રાથી એમને માનભેર પાછા લઈ આવો...એ જ્યાં સુધી જતીપુરા પાછા નહીં આવે, ત્યાં સુધી હું ચન્દ્રસરોવર છોડીશ નહીં....અને મારું અનશન ચાલુ રાખીશ..."

–અને શ્રી વિઠ્ઠલેશનાં વચનોએ વાતાવરણમાં સન્નાટો પ્રસરી ગયો.

૧૨. પરમ કૃપાળુ શ્રીવલ્લભનંદન

"કાકાજી, પણ હવે તો મામલો અકબર બાદશાહના દરબારમાં ગયો. બીરબલને મન કૃષ્ણદાસનો આ એક ઘોર અપરાધ છે. અકબર બાદશાહનું ફરમાન કૃષ્ણદાસજીને પકડવાનું હતું." ગિરધરજી બોલ્યા.

"ગિરિધરજી, તમારા સૌથી ખૂબ જ મોટી ભૂલ થઈ ગઈ છે. કૃષ્ણદાસ સામાન્ય લૌકિક જીવ નહોતા. એમના અણુઅણુમાં મારા શ્રીજીબાવા પ્રત્યેની અનન્ય ભક્તિ રમતી હતી. આજે એમના પદની એકએક પંક્તિ પર શ્રીજીબાવા આનંદથી નાચી ઊઠતા. શ્રીજીના સુખ ખાતર એ માણસ જાન ન્યોછાવર કરી દે તેવો હતો. એમણે મને શ્રીજીની સેવાથી વિમુખ કર્યો હતો, એમાં એમનો કોઈ જ દોષ નહોતો. એમણે તો વડીલ તાતશ્રીની કંડારેલી પ્રાણાલિકાનો અમલ કર્યો હતો. વડીલ બંધુ સ્વ. ગોપીનાથજીના લાલ પુરુષોત્તમનો શ્રીજીબાવાની સેવા કરવાનો અધિકાર યથાયોગ્ય જ હતો, વ્યવહારુ હતો અને એ અધિકાર શ્રી ગોવર્ધનનાથજીના વહીવટકર્તા અધિકારી કૃષ્ણદાસે એમને અપાવ્યો હતો. એમાં એમના હૃદયમાં કોઈ દ્વેષભાવ કે કુટિલભાવ હતો જ નહીં. સંજોગો જ એવા સર્જાયા કે લાચાર જીવને આ પગલું લેવું પડયું હતું. આવા ભગવદીયને ગુનેગાર ઠરાવી, તમે કારાવાસ અપાવ્યો ? આ તમે શું કર્યું, ગોવર્ધન ? તમે આ જ ઘડીએ આગ્રા પહોંચો. મારો આ સંદેશો અકબર બાદશાહ અને બીરબલને પહોંચાડો અને મારા વ્હાલા કૃષ્ણદાસને કહેજો, શ્રીજીની સેવાનો અધિકાર જેનો છે તે પુરુષોત્તમલાલજી જ સેવા કરશે. હું તો મારા આ ચન્દ્રસરોવરમાં બેઠો બેઠો મારા વહાલાને – ખોળિયામાં પ્રાણ હશે ત્યાં સુધી વિરહતાપ અનુભવતો યાદ કર્યા કરીશ. હા.....મારા પુરુષોત્તમલાલ અને કૃષ્ણદાસને એટલું કહેજો કે આ બંધ કરેલી શય્યાબારી ફરી ખોલી નાખે કે જેથી દૂરથી પણ હું અહીંથી મારા વ્હાલાની ઝાંખી કરી શકું."

ગિરધરજી એમના બે સેવકો સાથે મારતે ઘોડે અકબર બાદશાહના દરબારમાં આગ્રા પહોંચી ગયા અને શ્રી વિઠ્ઠલેશજીનો નાનકડો પત્ર અકબર બાદશાહને આપી એક ખૂણામાં ઊભા રહી ગયા. બાદશાહ અકબરે એક નજર ગિરધરજી પર નાખી પછી શ્રી ગુસાંઈજીના હસ્તે લખાયેલા પત્ર પર નજર કરી. શ્રી વલ્લભનંદનના પત્રના એકએક શબ્દે શ્રી વિઠ્ઠલેશજીના હૃદયની વિશાળતાનાં દર્શન થતાં જ ગોકુલના આ ફકીરની દિલાવરી પર બાદશાહ ખુશ થઈ ગયો. દરબારના એક ખૂણામાં નત મસ્તકે અપરાધના ભાવ ચહેરા પર રમાડતા બંદીવાન દશામાં કૃષ્ણદાસજી ઊભા હતા.

અકબર બાદશાહે શ્રી વલ્લભનંદનનો સંદેશો વાંચી કૃષ્ણદાસ સામે જોતાં હુકમ કર્યો :

"બીરબલ...કૃષ્ણદાસને છૂટા કરો...કૃષ્ણદાસ, તમારા ગુરુ શ્રી વિઠ્ઠલનાથજી–

એ સંદેશો પાઠવ્યો છે કે તમને મુક્ત કરવા અને તમે અને પુરુષોત્તમલાલજી શ્રીનાથજીબાવાની યથાવત્ સેવા કરતા રહો...આ અમારા ગોકુળના ફકીર કેટલા મહાન છે... એ જુઓ ! શ્રી ગોરધનનાથજીના વિરહતાપમાં પ્રાણ ન્યોછાવર કરવા તૈયાર થયા છે."

"ના.....ના...ના... આલમપનાહ આપ આવી વાણી ન ઉચ્ચારો...મને મારા વિઠ્ઠલેશ પાસે જવા દ્યો...એમના ચરણારવિંદમાં મસ્તક ઝુકાવી, આ માથાનો શિરચ્છેદ કરવાનું ફરમાન એમને કરવા દ્યો...હું પાપી... મહાપાપી... ગોવર્ધનનાથજીનો ગુનેગાર છું...મને કોને ખબર કયાંથી આવી કુબુદ્ધિ સૂઝી...મારા અહંકારે ભાન ભુલાવ્યો....અને હું ઘોર પાપ કરી બેઠો...ગિરિધરજી.... કૃપાનિધાન...મને જલદી....જલદી મારા વિઠ્ઠલેશ પાસે પહોંચાડો...આ પ્રાણ દેહમાંથી છૂટી જાય એ પહેલાં એ મહાન આત્માનાં દર્શન કરી લેવા દ્યો..."

"કૃષ્ણદાસ, તમે છૂટા છો...બીરબલ, જતીપુરામાંથી જે માન–સન્માન સાથે રથમાં બેસાડી બંદીવાન કૃષ્ણદાસને તમે અહીં લઈ આવ્યા, એ જ રીતે રથમાં બેસાડી એમને જ્યાં જવું હોય ત્યાં મૂકી આવો...ગિરધરજી, અમારા વતી શ્રી વિઠ્ઠલેશ સાંઈને અમારા સલામ કહેજો..." અકબર બાદશાહ બોલી ઊઠ્યા...

"કૃપાનાથ...." કહેતા બેબાકળા કૃષ્ણદાસ ચન્દ્રસરોવર પહોંચતાં જ શ્રી વિઠ્ઠલેશજીનાં ચરણોમાં ઢળી પડતાં પોશપોશ આંસુડાં વહાવતા...માંડ આટલું બોલી શક્યા. ગળે ડૂમો ભરાઈ ગયો....હવામાં ઊડતાં વાળનાં ઝટિયાં, આંસુભર્યો મ્લાન ચહેરો, ધ્રૂજતું અંગ અને અંતરમાંથી વેદનાનો મહાસાગર ઉછાળતા કૃષ્ણદાસને શ્રી વિઠ્ઠલેશે એમના સ્વહસ્તે ઉઠાડી, "કૃષ્ણદાસ, ઊઠો...તમારો કોઈ જ અપરાધ નથી. તમે તો શ્રી વલ્લભના એક અદના, પ્રામાણિક, નિષ્ઠાવાન સેવક–અધિકારી તરીકે ન્યાયયુક્ત કાર્ય કરી, વલ્લભકુળની અસ્મિતા વધારી છે. મને તમારા પ્રત્યે જરા પણ અભાવ, તિરસ્કાર કે ઘૃણા નથી...હું તો મારા શ્રી ગોવર્ધનનાથનો અને તમારો પણ ઉપકાર માનું છું કે જિંદગી આખી...સંયોગની – શ્રીજીસંગની ભાવના સાથે પ્રભુસેવા કરતા આ જીવને–આપણા સંપ્રદાયના હાર્દમાં રહેલા વિપ્રયોગની–વિરહ ભાવનાની–એ વિરહમાં પ્રભુની યાદ કેટલી તીવ્ર હોય છે અને એ મિલનની ઝંખનાની પરાકાષ્ઠાનું સુભગ દર્શન તમે અને મારા વ્હાલાએ આ ગાળામાં કરાવ્યું. મહારાસની ભવ્ય તૈયારી પછી કદંબનાં વૃક્ષો અને કદમખંડીમાં છુપાઈને ગોપીઓને વિરહનું દાન અર્પી, ગોપીઓની દર્શનની તીવ્રતાને વિરહની ચરમસીમાને પ્રગટ કરતી ક્ષણોનું દાન...કૃષ્ણદાસ, તમે અને મારા વહાલાએ પ્રદાન કર્યું એ મારી જિંદગીની મહાન મૂડી છે. મારા જીવનકાળના આ છ મહિનામાં જ મારી શ્રીજીબાવા પ્રત્યેની લગન, નિષ્ઠા, ભક્તિ અને એના સાંનિધ્ય વગરની જિંદગીની શૂન્યતાનું યોગ્ય ભાન થયું છે..તમે સ્વસ્થ થાઓ....અને શ્રીજીબાવાની સેવામાં પધારો...."

"કૃપાનાથ...આપની આ ઉદારતાને લાયક આ જીવ હવે રહ્યો નથી. તમે

એને શિક્ષા કરો...તમે આ પામર જીવનો ઉદ્ધાર કરો, પ્રભુ, ઉદ્ધાર કરો ! આ જીવથી કેટલો મોટો અપરાધ થઈ ગયો...આપને આપના વહાલા શ્રીજીથી દૂર રાખવાના પાપનું ફળ હું શત શત કોટિ ભવો સુધી વેંઢારતો રહીશ...મારા ગોરધનનાથજીના તામ્રવર્ણ ચહેરાનું દર્શન...કોને ખબર કેટલાંય વર્ષો સુધી કરતો રહીશ ! પ્રભુ, મને ક્ષમા કરો અને મારી વિનંતી સ્વીકારી આપ જતીપુરા પધારો...આપણા વ્હાલાને શૃંગાર સિદ્ધ કરો, એમને દર્પણ ધરી...એમના છ મહિનાથી મ્લાન થઈ ગયેલા વિષાદમય ચહેરા પર આપના પુનરાગમનથી ઊપસી આવનારા સ્મિતનાં દર્શન કરો અને અમને સૌને કરાવો...કૃપાનાથ, આપ જતીપુરા પધારો..."

અને એ જ વખતે...પુરુષોત્તમજી શરમના માર્યા એમનો અપરાધી ચહેરો ટોળા પાછળ છુપાવીને ઊભા હતા, એ ટોળામાંથી આગળ ધસી આવ્યા અને આંખોમાંથી વહેતાં આંસુની ધારાથી શ્રી વિઠ્ઠલેશજીનાં ચરણો ભીંજવતા બોલી ઊઠ્યા :

"કાકાજી...આપ જતીપુરા પધારો....શ્રીજીબાવાના શણગાર કરો...સમય થઈ ગયો છે. અમારાથી શ્રીજીબાવાના થઈ ગયેલા અપરાધની અમારા વતી ક્ષમા માગી અમને શ્રી ગોવર્ધનનાથજીના પ્રાણપ્યારા બનાવો...આજે, કાકાજી, તમે તો તમારા ઉદાર દિલથી અમારા અપરાધને લક્ષમાં લીધા વગર માફ કરી દીધા, પરંતુ છ છ મહિનાથી મ્લાન વદને પોતાનો અણગમો વ્યક્ત કરતા આપણા સૌના લાડીલા શ્રી ગોવર્ધનનાથજી પાસે અમારા કૃત્ય માટેની ક્ષમા માગી અમને એમના શરણનો અધિકાર અપાવો."

"પુરુષોત્તમ, તમે વૃથા આટલો બધો શોક અને પસ્તાવો કરો છો. આ જે કાંઈ થઈ ગયું...એ બધું જ મારા પૂર્વજન્મનાં કર્મોની કરણીનું પરિણામ છે...હું જતીપુરા એક જ શરતે આવીશ." શ્રી વલ્લભનંદન બોલ્યા.

"કાકાજી...તમારી બધી જ શરતો...અમારાં "સર–માથા" પર, પરંતુ આપ એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર શ્રીજી પાસે પધારો."–પુરુષોત્તમલાલજી બોલી ઊઠ્યા.

"સેવાપ્રકાર હું આપ સૌની આજ્ઞાથી, શ્રીજીબાવાની કૃપાથી કરીશ, પરંતુ ગાદીનો અધિકાર તો, બેટા પુરુષોત્તમ, તારો જ રહેશે...હું તો આપણા વહાલાના સેવક અને મારા સ્વર્ગસ્થ વડીલ ભ્રાતાના એક પ્રતિનિધિ તરીકે જ સેવા કરીશ."

"કાકાજી...એ બધું પછી જોયું જશે...પરંતુ હમણાં તો જતીપુરા ચાલો..." પુરુષોતમજીએ એકની એક વાત રટ્યા કરી.

"કૃષ્ણદાસ...ચાલો, પ્રસ્થાન કરો." કહેતા શ્રી વિઠ્ઠલેશે એમની જીર્ણશીર્ણ કાયાને ગિરિધરજી અને પુરુષોત્તમજીના સહારે પાલખીમાં બિરાજમાન કરી...ત્યાં જ કૃષ્ણદાસ ભાવવિભોર થઈ શ્રી વિઠ્ઠલેશજીનાં ચરણો ફરી એક વખત પકડી લેતાં ગળગળા થઈને...શ્રી વિઠ્ઠલેશજી સામે નત મસ્તકે અંતરમાં સ્ફુરેલા પદની પંક્તિઓ વાતાવરણમાં વહેતી મૂકતા ગાઈ ઊઠ્યા :

પરમ કૃપાળુ શ્રી વલ્લભનંદન,
કરતા કૃપા નિજ હસ્ત દે માથે
જે જન શરણ આય અનુસરહિં, ગ્રહિ સૌંપત શ્રી ગોવર્ધનનાથે
પરમ ઉદાર ચતુર ચિંતામણિ, રાખત ભવધારા બહ જાતે
ભજ કૃષ્ણદાસ કાજ સબ સરહી, જો જાને શ્રી વિઠ્ઠલનાથે

અને પદ પૂરું થતાં જ વિરહમાં વ્યાકુળ થઈ જતાં મૂર્છા પામી ધરતી પર ઢળી પડયા...શ્રી વિઠ્ઠલેશજીનું હૃદય ગદ્‌ગદિત થઈ ગયું....

"ગોવર્ધન...આ છે આપણા ગોવર્ધનનાથના લાડીલા કૃષ્ણદાસ...ખૂબ જ અલૌકિક જીવ છે...ચન્દ્રસરોવરમાંથી જલ લાવી...એમના મ્લાન વદન પર છાંટો..."

ગિરધરજી દોડતા એક કુંભમાં ચન્દ્રસરોવરનું જલ લઈ આવ્યા. શ્રી વિઠ્ઠલેશજીએ કૃષ્ણદાસના ચહેરા પર જલનો છંટકાવ કરતાં કહ્યું...

"કૃષ્ણદાસ, ઊઠો....શ્રીજીબાવા આપણી રાહ જોઈ રહ્યા છે."

અને કૃષ્ણદાસ આળસ મરડી, ઊભા થઈ ગયા...ચહેરા પર અનોખી સ્ફૂર્તિ આવી ગઈ અને પાલખીના એક ઠેકાને ખભા પર મૂકતાં અન્ય ભોઈઓ સાથે પ્રસન્નચિત્તે... "શ્રી ગોવર્ધનનાથકી જે... શ્રીજીબાવા કી જે"નો જયજયકાર કરતા જતીપુરાની દિશામાં વૈષ્ણવમંડળી સાથે આગળ વધ્યા...

ગિરિરાજજીની તળેટીમાં પહોંચતાં જ શ્રી વિઠ્ઠલેશજી પાલખીમાંથી નીચે ઊતરી ગયા...દંડવતી શિલા પાસે સમસ્ત શ્રી વલ્લભકુળ પરિવાર એમની રાહ જોતો ઊભો હતો...શ્રી વિઠ્ઠલેશજીની આંખો એમના એકત્રિત થયેલા પરિવારમાં એક વ્યકિતને – સ્વ. ગોપીનાથજીનાં વહુજી પાયમ્માગારૂજીને શોધી રહી હતી... સૌથી પહેલાં વડીલ ભાભીને વંદન કરી... શ્રી ગોવર્ધનનાથજીની સેવામાં જવાની એમની મનીષા હતી. વડીલ ભાભીના હૃદયનો ક્લેશ દૂર કરવાની એમની અંતરની ભાવના હતી..પરંતુ પાયમ્માગારૂજી ક્યાંય દેખાતાં નહોતાં. શ્રી વિઠ્ઠલેશજીના હૃદયને દુઃખ થયું. સમસ્ત વ્રજમંડળમાં એ એક એવી વ્યક્તિ હતી કે જેમના પ્રેમ–આદર આ ક્ષણોમાં એમને મળ્યા નહોતા. શ્રી વિઠ્ઠલેશજીએ મનોમન ધારી લીધું કે ભોળિયો પુરુષોત્તમ શ્રી વિઠ્ઠલેશજી વગરના શ્રીનાથજીની પરિસ્થિતિ પામી શક્યો હતો...પરંતુ વહુજી મહારાજ હજી એ વાત પામી શક્યાં નહોતાં. એમના હૈયામાં, શ્રી વિઠ્ઠલેશજીને થયું કે, એમના પ્રત્યેનો દ્વેષભાવ હજી પણ એવો ને એવો જ હતો.

"જેવી શ્રીજી બાવા તારી ઇચ્છા" કહેતાં શ્રી વિઠ્ઠલેશજીએ દંડવતી શિલાની પરિક્રમા કરી, નત મસ્તકે આજ્ઞા માગતાં કહ્યું :

"ગિરિરાજબાપા...મારા વ્હાલા શ્રી ગોવર્ધનનાથજીની સેવા કાજે મને મંદિરમાં આપના શ્રીઅંગ પર પગલાં પાડવાની આજ્ઞા આપો..."

અને ધીમા સાવચેત પગલે શ્રી વિઠ્ઠલેશ નિજમંદિરમાં વૈષ્ણવ–સમુદાયના મુખેથી "ગિરિરાજધરણ....પ્રભુ તમારે શરણ"ની પદાવલિઓના ગુંજન સાથે પ્રવેશ્યા...અને શ્રી ગોવર્ધનનાથજીના મુખારવિંદનાં દર્શન થતાં જ સાનભાન ગુમાવી

દોડીને શ્રી વિઠ્ઠલેશજી...શ્રી ગોવર્ધનનાથજીનાં ચરણોમાં આંસુભીનાં લોચનિયાં સાથે ઢળી પડયાં અને થોડીક ક્ષણો પૂરતા દેહનું સાનભાન ગુમાવી મૂર્છામાં સરી પડયાં. સમસ્ત વૈષ્ણવ પરિવાર આંસુભીની આંખે ભક્ત અને ભગવાનનું અનોખું, હૈયાને હચમચાવી મૂકતું મિલન કેટલીય પળો સુધી જોઈ રહ્યો...બસ જોતો જ રહ્યો...અને એ જ ક્ષણે તંબૂરના તાર પર નંદદાસજીના મુખેથી ઠાકોરજી સાથેના મિલનનું, દર્શન માટેની દરેક પુષ્ટિજીવની કામનાનું–આરઝૂનું–વિહ્વળતાનું પદ વાતાવરણમાં સરી પડયું...શબ્દોની સૂરાવલિઓ હવામાં ગુંજી ઊઠી :

વિધાતા વિધહુ ન જાને
સુંદર વદન પાન કરવેકો
રોમ રોમ પ્રતિ નયન ન દીને
કરી યહ બાત અયાની...
શ્રવણ સકલ વપુ હોત રી મેરે
તો સુનત પ્રિયમુખ અમૃત બાની
અરે ! મેરે ભુજા હોતી કોટી કોટી
તો હોં ભેટતી ગોવિંદ પ્રભુ સો
તોઉં ન અઘાત સયાની...

સૌ કોઈના હૃદયમાં..."રોમરોમ પ્રતિ નયન ન દીને કરી યહ બાત અયાની..."નો ભાવ છલકતો હતો...

શ્રી વિઠ્ઠલેશજીની મૂર્છા વળી એટલે તરત જ એમણે કૃષ્ણદાસજી અને ગિરિધરજીને આજ્ઞા કરી...

"કૃષ્ણદાસ !"

"બોલો, પ્રભુ !"

"આજે તો મારા વહાલાને પ્રેમના લાલ રંગથી મઢી લેવો છે...અને મારે પણ પ્રેમના રંગથી – મિલનના રંગથી રંગાઈ જવું છે...કસુંબાનો કેફ ધારણ કરવો છે...અષાઢી વાયરા વાઈ રહ્યા છે...ગિરિરાજજી પર મેઘ ગર્જના કરે છે...વાતાવરણમાં શીતલતા પ્રસરી રહી છે...આજના મિલનના અષાઢ સુદ છઠના આ દિવસે લાલ રંગની બધી જ વસ્તુઓ હાજર કરો."

અને ગિરધરજી, રામદાસ, કૃષ્ણદાસ અને પુરુષોત્તમજી દોડધામ કરતા શ્રી વિઠ્ઠલેશજી માટે લાલ ધોતી–ઉપરણા, ભાલ પર તિલક માટેનું કુમકુમ, શ્રી ગોવર્ધનનાથજી માટે લાલ રંગનાં વસ્ત્રો સાથે હાજર થઈ ગયા.

મંદિરનું આખુંય વાતાવરણ લાલ રંગથી શોભતું થઈ ગયું...અને શ્રીનાથજીના અલૌકિક સ્વરૂપનાં દર્શનથી ઝૂમી ઊઠેલા પરમાણંદદાસજીના મુખેથી

"માઈ મોહે મોહન લાગે પ્યારો
જબ દેખા તબ નૈનન નિરખા
ઈન અંખિયન કો તારો

—એ પદ સરી પડ્યું.

અષાઢની હેલી અને શ્રાવણનાં સરવડાંની મોજ માણતી વ્રજભૂમિના અંગે–અંગમાં–અણુઅણુમાં ગિરિરાજની કંદરામાં, ગોકુલ–મધુવનની કુંજગલીઓમાં ફરી એક વખત ભક્તિમય વાતાવરણ સર્જાઈ ગયું...એક પછી એક મનોરથોથી શ્રી વિઠ્ઠલેશજી શ્રી ગોવર્દ્ધનનાથજીને રીઝવતા હતા, ત્યાં જ એક સાંજે ઓચિંતા જ યુવાન પુરુષોત્તમજીના બે દિવસના જ્વર પછી લીલામાં પધારવાના સમાચાર મળ્યા...અને દ્રવિત હૈયે શ્રીજીના ચરણે મસ્તક ધરતાં બોલી ઊઠ્યા :

"પ્રભુ...આ તેં શું ધાર્યું છે..મારા નાથ..."

અને થોડા સમયમાં જ ગોકુલમાં બિરાજતા શ્રી વિઠ્ઠલેશજીને એક વધુ આઘાતજનક સમાચાર અડેલથી આવેલા ખેપિયાએ આપ્યા....

"કૃપાનાથ, શ્રી પુરુષોત્તમજી લીલામાં પધાર્યા પછી...સાવ સૂનમૂન, વિષાદમય એકાંતમાં જીવન ગુજારતાં પાયમ્માગારુજી વહુજી શ્રીઆચાર્યચરણના ગ્રંથભંડારનાં બધાં જ પુસ્તકો, હસ્તપ્રતો અને સાંપ્રદાયિક સંદર્ભગ્રંથો લઈને હંમેશને માટે દક્ષિણ પ્રદેશ તરફ ચાલ્યાં ગયાં છે...."

શ્રી વિઠ્ઠલેશજી સૂનમૂન બની ગયા...આંખો સામે તાતશ્રીની જિંદગી આખીની મૂડી આમ કાળના ગર્ભમાં સદાને માટે ગાયબ થતી હતાશ હૈયે જોઈ રહ્યા.

૧૩. લીલાનો જીવ લીલામાં પ્રવેશ્યો

શ્રીગિરિરાજના શિખર પર બિરાજતા શ્રીગોવર્ધનનાથજીના મુખ્ય અધિકારી કૃષ્ણદાસજી શ્રીવલ્લભનંદનની આજ્ઞા અનુસાર તન, મન અને ધનથી શ્રીજીબાવાની સેવામાં લાગી ગયા હતા. એમનો ઉત્સાહ, ભક્તિભાવ, લાગણી અને સર્મપણની ભાવના અનોખી હતી..અનન્ય હતી....

અન્નકૂટની તૈયારી તડામાર ગિરિરાજજીની તળેટીમાં ચાલી રહી હતી. અન્નકૂટની સામગ્રી માટે હોંશીલા કૃષ્ણદાસજીએ રથમાં બેસી આગ્રા તરફ પ્રયાણ આદર્યું. આગ્રામાં રહેતા એમના વર્ષો જૂના દોસ્ત જગન્નાથના મહાલય પાસે આવીને એમનો રથ અટક્યો. કૃષ્ણદાસે રથમાંથી ઊતરી જગન્નાથના મહેલનાં બારણાં ખટખટાવ્યાં.

"કોણ ?" બારણું ખૂલતાં એક કોમળાંગી નારીનો અવાજ કાને પડયો.

"જગન્નાથ નથી ?–" રૂપરૂપના અંબાર સમી ત્રીસેક વર્ષની યૌવના સામે નજર કરતાં ચકાચાધ થઈ ગયેલા કૃષ્ણદાસ બોલી ઊઠ્યા.

"છે ને, પધારો અંદર–" કહેતી યૌવના ઉંબરામાંથી ખસી ગઈ. કૃષ્ણદાસે ગૃહપ્રવેશ કર્યો...ત્યાં જ પરસાળમાં બાંધેલા રત્નજડિત હીંચકે બેઠેલો જગન્નાથ દોસ્તને જોતાં, ઉત્સાહમાં આવી ઊભો થઈ કૃષ્ણદાસને ભેટતો બોલી ઊઠ્યો.

"અરે કૃષ્ણા..દોસ્ત, ઓચિંતો આવી ગયો ?" દોસ્તના અવાજમાંથી લાગણીનાં ઝરણાં વહેતાં હતાં. કૃષ્ણદાસ પણ જગન્નાથને ભેટી પડયા.

"આવ, દોસ્ત કૃષ્ણા...આવ...અહીં મારી બાજુમાં હીંચકે બેસ." કહેતા જગન્નાથે કૃષ્ણદાસને હીંચકે બેસાડયા.

"જગન્નાથ....તું તો આગ્રા શહેરનો ખૂબ જ મોટો રઈસ થઈ ગયો છે ને શું ?"

"તે તું ક્યાં ઓછો વ્રજનો હાકેમ નથી થઈ ગયો ! મોટો ભગત બની ગયો છે ને...હાથી, અશ્વ અને રથમાં સવારી કરતો.... દેશદેશાવર ફર્યા કરે છે...તે કયા ગુરુને સાધ્યા છે, કૃષ્ણા ?" કહેતો જગન્નાથ હસી પડયો.

કૃષ્ણદાસ આંખો સામે બેઠેલા જગન્નાથને કેટલીય પળો સુધી જોતા રહ્યા. મોગલ બાદશાહના દરબારીનો પહેરવેશ, ગલોફામાં બબ્બે સુગંધી પાન...આંખોમાં આંજણ, સુગંધી તેલથી મઘમઘતા કેશ, અત્તર અને હીનાની સુગંધથી ફોરી ઊઠતો અમીરી પહેરવેશ...ગજબનો ઠાઠ હતો દોસ્ત જગન્નાથનો. એનું ઘર પણ આલીશાન હતું. ખડકીમાં પ્રવેશતાં જ નાનકડો કુંડ, એમાં ટહેલતાં બતક, જલમાં વિરહતી માછલીઓ, વચ્ચે રત્નજડિત ફુવારો, એમાંથી ઊડતા જલશીકરો...વાતાવરણમાં ઠંડક અને આહ્લાદકતા પૂરતાં હતાં. સાંજનો સમય હોવાથી કુંડની ચારેબાજુ દીપમાળાઓ ઝળહળતી હતી. આગ્રાના એના શ્રીમંત મિત્ર પર શ્રી ગોવર્ધનનાથજીની

ભૌતિક કૃપા ઊતરેલી જોઈ કૃષ્ણદાસ રાજી થયા. ભોળિયા કૃષ્ણદાસ રાજીના રેડ થઈ ગયા.

"તું ક્યાં વ્રજનો હાકેમ નથી થઈ ગયો" એ ઉપાલંભમાં એને મિત્રનું અભિમાન દેખાયું – પરંતુ એક સાચા વૈષ્ણવ તરીકે હૃદયમાં સમભાવ ધરીને બેઠેલ કૃષ્ણદાસ મિત્રના ઉપાલંભ પર વિચાર ન કરતાં, જુદી જ વિચારસૃષ્ટિમાં ઊતરી પડયા.

"દોસ્ત, જગન્નાથ, આ બધી તો મારા ગુરુદેવની કૃપા છે. મિત્ર, આ જગતમાં ભટકતા જીવને શરણે લઈ, શ્રી ગોવર્ધનનાથજીની સેવામાં જોડી દઈને તેમણે મારો તો જન્મારો સફળ કરી દીધો."

"અરે, સાંભળો છે કે ? આપણા આંગણે ભક્તરાજ કૃષ્ણદાસ છેક જતીપુરાથી પધાર્યા છે. થાક્યા પણ હશે. તો એમના માટે જલપાનની વ્યવસ્થા કરો. સરસ મજાનાં ભાવતાં ભોજન જમાડો....અને કૃષ્ણદાસ, હવે હું તો ચાલ્યો." કહેતાં જગન્નાથે ખભાના ખેસ પર ખસનું અત્તર છાંટ્યું. ગલોફામાં નવાં પાન પધરાવ્યાં. આંખોમાં કાજળ આંજી, "રસિયા બાલમ" જેવા બની, પગમાં મોજડી પહેરી, બહાર જતા હતા ત્યાં જ અંદરથી ધસમસતી આધેડ વયની એક યુવતી બહાર ધસી આવી. ઘૂંઘટમાં છુપાયેલા ચહેરા સાથે–

"આજ તો ન જાઓ, નાથ ! આંગણે તમારા બાળપણાના દોસ્ત આવ્યા છે. એ વારાંગના તમને શું સુખ આપવાની ? રાત ને દિવસ એને ત્યાં પડયા–પાથર્યા રહી વાસનાના કીચડમાં શું કામ તમારો આ ભગવાને દીધેલો "મનખાદેહ" બરબાદ કરો છો ? નાથ, પાછા ફરો, તમને આપણાં બાળકોના સોગંદ છે." કહેતી પગ પકડી યુવતી રડી પડી.

કૃષ્ણદાસ તો બાઘાની માફક જગન્નાથના પગે પડેલી અને રડતી–કકળતી મિત્રની એ ભાર્યાને જોઈ રહ્યા–મૂંઝાઈ ગયા. અંતર કકળી ઊઠ્યું. અંતરના ઊંડાણમાંથી એક જ સૂર "શ્રી વલ્લભ....શ્રી વલ્લભ" નીકળી પડયો.

"ચાલ, ખસ મારા રસ્તામાંથી ...તને કહ્યું ને કે મારા મિત્ર કૃષ્ણદાસનું આતિથ્ય કર. એના આરામની વ્યવસ્થા કર. મારો સમય થઈ ગયો છે. શ્યામમાધુરી મારી રાહ જોઈ રહી હશે.. એનો વિરહ મારા અણુઅણુમાં વ્યાપી રહ્યો છે. એની સિતારના તાર મારા હૈયાને બેબાકળું બનાવી રહ્યા છે...મને જવા દે."– જગન્નાથ બોલ્યા.

"મિત્ર, કઈ બાજુ પ્રયાણ આરંભી રહ્યા છો ? કાંઈક વાત તો કરો...ભાભીશ્રી, મારી ચિંતા ના કરશો, આ તો મારું જ ઘર છે. શ્રી વલ્લભ–કૃપાથી બધું જ સરળ થઈ જશે." કૃષ્ણદાસે ધીરજ આપતાં કહ્યું.

"દોસ્ત, આ જિંદગી શા માટે છે ?"

"ભગવદ્–સ્મરણ કરતાં કરતાં મળેલો મનખાદેહ–જીવતર સુધારવા માટે." કૃષ્ણદાસ બોલ્યા.

"હા...હા....હા...ભક્તરાજ, જિંદગી તો માણવા માટે છે. ઈશ્ક મનાને કે લિયે. મૌજમજાહ ઉડાને કે લિયે હૈ."

"સાચું કહ્યું, દોસ્ત, જિંદગી જીવવા માટે, માણવા માટે જ છે. પરંતુ એ આપણા માટે નહીં, આપણા શ્રી ગોવર્ધનનાથજી અને આપણા આત્મીયજનો જેવાં કે તારી આ ભાર્યા અને બાળકો માટે છે. ઠાકોરજીના સુખ અને એમની લીલાસ્વરૂપે આપણી વચ્ચે આવેલાં એમનાં બાળકો માટે છે. ઈશ્ક મનાવવાની પણ તારી વાત એટલી જ સાચી છે, મારા દોસ્ત ! ઈશ્ક, પ્રેમ, મહોબ્બત મારા વ્હાલાનાં – માનવજાતને જીવી જવા – ભવસાગર તરી જવા માટે છે. એની નિકટ આવવા માટે જ નહીં, એનામય બની જવા માટેનું એક અણમોલ વરદાન છે. તારો એક વારાંગના પાછળનો ઈશ્ક, પ્રેમ, મહોબ્બત જે કાંઈ છે એ ક્ષણભંગુર છે. એ સઘળું તું જ્યાં જઈ રહ્યો છે તેવી વ્યામોહ–મોહના બંધનમાં લપેટતી કામાંધ વારાંગનાને સમર્પવા કરતાં કરતાં મારા શ્રીનાથજી, મારા શ્રી ગોવર્ધનનાથજીનાં ચરણે સમર્પિત કરી દે તો કાયાનું કલ્યાણ થશે અને પ્રભુકૃપાનું અમીવર્ષણ થશે."

"હું પણ, તમારા ભાઈને એ જ કહું છું...કરગરું છું... વીનવું છું, પગે પડું છું...રડું છું કે એક ઘડી આધી ઘડી પણ ભગવાનમાં ચિત્ત પરોવો. દુનિયાનાં બધાં જ આધિભૌતિક સુખો ભગવાન તમારા ખોળામાં ધરી દેશે."

"ભગત...તમારો ઉપદેશ તમારી પાસે રાખો ને આરામ કરો. અમે તો ઈશ્કના બંદા, સુરાના સાચા ભક્ત છીએ.. શ્યામમાધુરીનાં રૂપકડાં કંગનના સમધુર ખણખણાટ કરતા કરથી પ્રેમના જામ પીવા અમે તો આ ચાલ્યા...."

અને મિત્ર રડતી, કકળતી એની પત્નીને મૂકીને ડોલતા ડોલતા ચાલ્યા ગયા.

કૃષ્ણદાસ વિષાદભર્યા હૈયે અને નયને એમના દોસ્તને નરકની ખાણ તરફ ધસી જતો લાચાર નજરે જોઈ રહ્યા અને મનોમન "શ્રી વલ્લભ...શ્રી વિઠ્ઠલ..."નો જાપ જપતા રહ્યા.

એ રાત્રે કૃષ્ણદાસ વિચારમગ્ન થઈ, એમના શયનકક્ષમાં ચાલ્યા ગયા. એમના દિલને ખૂબ જ દુઃખ થયું. મિત્ર પ્રત્યે કરુણાજન્ય લાગણી જન્મી. એનો વિનાશ સર્જતા પંથ માટે ચિંતા થઈ. "જીવ" દુષ્ટ હતો. એનું "દુષ્ટતા"નું આવરણ ઉતારી "વૈષ્ણવતા"નું વસ્ત્ર પરિધાન કરાવવા માટે શું શું કરી શકાય એની વિચારણામાં આખી રાત કૃષ્ણદાસ જાગતા રહ્યા. ઢળતી રાત્રે મિત્રની હવેલીના દ્વાર પર ખડખડાટ સંભળાયો. મિત્રભાર્યાને ફાનસના સહારે એના શરાબી પતિની લથડતી કાયાને, બે અનુચરોના ટેકાના સહારે એના શયનકક્ષમાં લઈ જતાં કૃષ્ણદાસ જોઈ રહ્યા. એ વખતે મિત્રપત્નીની આંખોમાંથી ડબકડબક સરી પડેલાં અશ્રુજળે કૃષ્ણદાસના હૈયાને હચમચાવી મૂક્યું. એ પથારીમાંથી બેઠા થઈ ગયા.

"ગુરુદેવ, વહાલા ગોવર્ધનનાથ, મારા મિત્ર પર કૃપા કરો. જીવ તો દુષ્ટ છે જ. ભૂતળ પર આપ જેવાએ પાપીઓનો ઉદ્ધાર કરવા જ અવતરણ કર્યું

હતું...મારા વિઠ્ઠલનાથ.... તમારા બાળકને પ્રેરણા આપો. આ અબુધ જીવને શરણે લેવાની આજ્ઞા કરાવો." કહેતાં શ્રી વલ્લભ–વિઠ્ઠલનો જાપ જપતા ભાવવિભોર થઈ પથારીમાં સવાર સુધી બેસી રહ્યા.

વહેલી સવારે ઊઠીને નિત્યકર્મથી પરવારી, કૃષ્ણદાસજી એમના ઠાકોરજીની સેવા કરીને આગ્રાની બજારમાં ફરતાં ફરતાં અન્નકૂટની સામગ્રીની ખરીદી કરી, રાત્રે એમના મિત્રની હવેલીમાં પાછા ફર્યા, ત્યારે જગન્નાથ એ જ તોરમાં, એ જ શરાબી રંગમાં વારાંગનાના કોઠે જવા તૈયાર થઈ ગયા. કૃષ્ણદાસજી ધ્રૂજી ઊઠ્યા. મનોમન શ્રી વિઠ્ઠલેશજીનું સ્મરણ કરતાં કશાક પોલાદી નિર્ણય સાથે જગન્નાથના ખભે હાથ મૂકતાં બોલી ઊઠ્યા :

"દોસ્ત, તું જે વારાંગનાના મોહપાશમાં લપેટાયો છે એ ખરેખર અદ્ભુત તો હશે જ, નહીં ?"

"રૂપરૂપના અંબાર, બાર વર્ષની કાચી કળી શી એ શ્યામમાધુરી આગળ તો મેનકા અને રંભા પણ પાણી ભરે ! શું એનું સૌંદર્ય ! શું એની નજાકત ! શું એનો કંઠ ! શું એનો સૂર...તેં, દોસ્ત, એને જોઈ નથી...એક વખત નજરે પડે ને, યાર, તો તું પણ તારાં આ માળાતિલક છોડી, તારા ભગવાનને ભૂલીને એનાં ચરણોમાં આળોટવા માંડે."

"ખરેખર ?" કૃષ્ણદાસ મનોમન વિચાર કરતાં બોલી ઊઠ્યા.

"હા, પારખાં કરવાં હોય તો ચાલ મારી સાથે."

"ચાલ, આજ તો ભલે પારખાં થઈ જાય...તારી વર્ણવેલી એ રૂપાંગના મારાં તન–મન પરથી ભક્તિનો રંગ કેવી રીતે ખંખેરી નાખે છે એ પણ જોઈ લઉં."

"અરે, અરે, તમે શ્રી વલ્લભના સેવક, શ્રી ગોવર્ધનનાથજીના અધિકારી... ભક્ત...ઊઠીને કાયાને કીચડમાં રગદોળવા તૈયાર થયા છો ? ભક્તરાજ, ક્યાં ગયો તમારો ધર્મ ? ક્યાં ગઈ તમારી ભક્તિ ? તમારું આ અસાર સંસારનું એ જ્ઞાન ? બસ, બધુંય તમારા આ શરાબી દોસ્તની વાણી સાંભળી ધોવાઈ ગયું ? જગન્નાથની પત્ની ચિત્કાર પાડતી તિરસ્કૃત નજરે કૃષ્ણદાસ સામે જોતી બોલી ઊઠી. જવાબમાં મંદમંદ સ્મિત વેરતા કૃષ્ણદાસજી એમના મિત્ર સાથે વારાંગનાના કોઠે જવા ચાલી નીકળ્યા.

કોઠામાં પ્રવેશતાં જ "શ્યામમાધુરી"ની કોમળ બારેક વર્ષની કાયામાંથી નીતરતા રૂપને જોઈ કૃષ્ણદાસજી ડોલી ઊઠ્યા. બારેક વર્ષની નિર્દોષ બાળાની નજર પણ ઓચિંતી જ કૃષ્ણદાસજી પર પડી. બાપ–દીકરી જેવાં વર્ષોના અંતરમાં રાચતા બન્ને જીવોનું કોઈ ગજબનું તારામૈત્રક રચાઈ ગયું...નાનકડી બાળાની માતાની કઠોર નજર બધા સામે ઘૂમ્યા કરતી હતી. જગન્નાથની સાથેના સાવ સાદા સાધુ જેવા, કપાળમાં તિલક, હાથમાં માળા અને "શ્રી કૃષ્ણઃ શરણમ્ મમ"નો સતત જાપ જપતાં કૃષ્ણદાસને જોઈને શ્યામમાધુરીની માતા ઉપાલંભભર્યું સ્મિત વેરતાં બોલી

ઊઠી :

"પધારો, ભક્તરાજ...આજ અમ ગણિકાનું આંગણું પાવન થયું."

"મારા વહાલાના અદ્ભુત સર્જનની ઝાંખી કરવા આવ્યો છું, માતા..." કૃષ્ણદાસ બોલ્યા.

"મહારાજ.....આંહીં કોઈ માતા નથી, કોઈ પત્ની નથી, કોઈ બહેન નથી કે કોઈ સખી નથી. ભક્તરાજ, અહીં તો છે રૂપ, જોબન અને જામ અને જો તમે રાધાનું દર્શન કરવા આવ્યા હો તો પાછા ફરજો...રાધા તો મળશે તમને બંસીબટ પર કે વૃંદાવનની કુંજગલીઓમાં. આપ જેવા પવિત્ર આત્માઓએ તો વ્રજમાં જ વિહાર કરતા રહેવું જોઈએ. ભક્તરાજ, આ તો યવનીની નગરી છે."

"માતા, તમારી દીકરીનું શું નામ છે ?"– એક વત્સલ નજરે સામે સોળે શણગાર સજીને બેઠેલી શ્યામમાધુરીને કૃષ્ણદાસ ટગરટગર જોતા રહ્યા. શ્યામમાધુરીની આંખોમાંથી હજી કશુંક એવું તત્ત્વ – કોઈક વર્ષો જૂની એકાદ પિછાનનું તત્ત્વ કૃષ્ણદાસને દેખાણું. નિર્દોષ આંખ, લાચાર નજરે...કૃષ્ણદાસની સામે અનોખા ભાવથી મંડાઈ હતી. શ્યામમાધુરીની આંખોમાં પણ કશોક ન સમજાય તેવો વિરહવ્યથાનો ભાવ ડોકાતો હતો...કશીક મુક્તિની ઝંખના કરતા કેદીનો એ ભાવ હતો.

"શ્યામમાધુરી.... કેમ નામ પૂછવું પડયું...ભક્તરાજ ?"

"સરસ નામ છે. મારા શ્યામની માધુરી ! બેટી, આજે હું મારા વહાલા ગોવર્ધનનાથજીની આજ્ઞાથી તારું મનને હરી લેતું નૃત્ય તું મારા શ્રીનાથજીનાં ચરણોમાં સમર્પી દે તેવી વિનંતી કરવા આવ્યો છું. તારા કંઠમાંથી વહેતી સ્વરમાધુરીની ગંગા મારા ઠાકોરજીની સન્મુખ પેશ કરી દે....મારા ગોવર્ધન ગિરિધારીની રાધાના વિરહાનુભવ અને વ્યગ્રતા તારી કલા દ્વારા એવાં તો પેશ કરી દે કે મારા કૃષ્ણ કનૈયાને એની રાધા મળી હોય."

બાર વર્ષની નાદાન શ્યામમાધુરી ભક્તરાજનાં હૃદયને ખળભળાવી મૂકતાં વચનો સાંભળી સ્થિર થઈ ગઈ...એણે એક નજર શ્રોતાસમુદાય પર નાખી...બધા જ વાસનાભૂખી – તરસી નજરે એની કમનીમ કાયાના રૂપને માણી રહ્યા હતા. સૌ કોઈની આંખોમાંથી એની કલાનાં કામણ માણવાની નહીં પણ અંગમરોડ લેતી કાયાનાં કામણ માણવાની લાલસા ટપકતી હતી. કોઈક જાંઘ પર થાપટ મારતા હતા, તો કોઈક આંખોના બીભત્સ ઉછાળા મારતા હતા. કોઈક ખુલ્લંખુલ્લા અશરફીઓ ઉછાળતા એને નિમંત્રી રહ્યા હતા... તો કોઈક વળી...

શ્યામમાધુરી...બાર વર્ષની નાની ઉંમરે આ નખરાંઓથી ત્રાસી ગઈ હતી...આ બધા વચ્ચે એક એવો જણ નીકળ્યો, જેણે એને બેટી કહી હતી.... જે એના નૃત્યને, એના કંઠને એના શ્રીનાથજી સમક્ષ સમર્પિત કરવાનું આહ્વાન આપતો હતો...એના કૃષ્ણ કનૈયાની રાધા બની જન્મજન્માંતરનાં બંધનો તોડી મુક્ત હવાનું પંખી બની જવાનું કહેતો હતો.

"બાઈ....મારી સાથે તમે અને શ્યામમાધુરી આવશો ? મારો શેઠ તમને

માલામાલ કરી દેશે."

"કોણ છે તમારો શેઠ, વડીલ ?" શ્યામમાધુરીની વારાંગના માતાએ પૂછ્યું.

"ગોવર્ધનનાથ, ધરણીધર ગોપાલ....."

"કેટલી અશરફીઓ આપશો ?"

"અત્યારે સો અશરફી આપીશું અને પછી નૃત્યગાનથી મારા ગોવર્ધનનાથ રીઝશે તો તો ટંકશાળ પડશે, મારી બાઈ...તારી આ છોડી પર ! ભવોભવની તારી કમાવાની ફિકર મટી જશે...મારી માઈ !"

શ્યામમાધુરીની આંખોમાં ચમક ઊપસી આવી. દિનરાત છોકરીને નચાવી થકવી નાખતી માતાના હાથમાં રાત પડયે માંડ પચાસ–સાઠ અશરફીઓ આવતી, જ્યારે આ કોઈ અલગારી ઓલિયો આ પળે જ સો અશરફી આપવા તૈયાર થઈ ગયો હતો.

અને રાતોરાત રથમાં મા–દીકરીને એમની સાથે બેસાડીને કૃષ્ણદાસ વહેલી સવારે ગિરિરાજજીની તળેટીમાં આવી પહોંચ્યા ત્યારે કૃષ્ણદાસને ગોવિંદકુંડમાં સ્નાન કરીને મંગળાનાં દર્શનનાં કીર્તન ગાવા આવી ચઢેલા ગોવિંદસ્વામીએ સમાચાર આપ્યા કે "શ્રી વિઠ્ઠલેશજી આગલી સાંજે જ ગુજરાતની યાત્રા પૂર્ણ કરીને આવ્યા છે."

કૃષ્ણદાસ ખબર મળતાં જ શ્રી વિઠ્ઠલેશજી સમક્ષ પહોંચી ગયા. પ્રાતઃકર્મનો વિધિ પતાવી શ્રી વિઠ્ઠલેશજી પ્રસન્નતાથી એમની બેઠકમાં બિરાજતા હતા...ત્યાં જ ઉમળકાભેર કૃષ્ણદાસ હોંશથી બોલી ઊઠયા :

"મહારાજ ! કૃપાનિધાન ! આજ તો આગ્રાથી અદ્‌ભુત ચીજ આપણા વહાલાના શરણમાં ધરવા લાવ્યો છું."

"શી ચીજ છે, કૃષ્ણદાસ !" શ્રી વિઠ્ઠલેશે હસતાં હસતાં પૂછ્યું. કૃષ્ણદાસ આવ્યા એ પહેલાં જ બેત્રણ વૈષ્ણવો વહેલી સવારે દોડતા દોડતા શ્રી વલ્લભનંદન પાસે ધા નાખતા આવી ગયા હતા.

"કૃપાનિધાન...ગજબ થઈ ગયો !" એક વૈષ્ણવ બોલ્યો.

"શું થયું ?" મંદમંદ સ્મિત વેરતાં શ્રી વિઠ્ઠલેશજીએ પૂછ્યું.

"થાય શું ...આપણા મંદિરમાં....આપણા ઇષ્ટદેવ શ્રી ગોરધનનાથજી આગળ નાચના મુજરા કરાવવા કૃષ્ણદાસજી વેશ્યાને આગ્રાથી લઈ આવ્યા છે. સાથે વેશ્યાની મા પણ આવી છે... શું કળજગ આવી ગયો છે...બાકી..." બીજો વૈષ્ણવ બોલી ઊઠયો. શ્રી વિઠ્ઠલેશ પણ વિચારમાં પડી ગયા...એ હજી કાંઈ આગળ વિચારે ત્યાં તો પેલો વૈષ્ણવ બોલી ઊઠયો :

"મહારાજ...આજકાલ તમારી દ્વારિકાયાત્રાના પ્રવાસ દરમિયાન અહીં પાછળ આ તમારા અધિકારી ખૂબ દાદાગીરી કરતા થઈ ગયા છે. એમનું ધાર્યું જ કરે છે...શ્રીજીના સુખનો વિચાર કરતા નથી...બસ એ અને પેલી ગંગા ક્ષત્રાણી...બસ

અમારા શ્રી ગોવર્ધનનાથનો કબજો કરીને જ બેસી ગયાં છે."

શ્રી વિઠ્ઠલેશે વૈષ્ણવોની બાલીશ ફરિયાદો હસી કાઢી અને મનોમન બોલી ઊઠ્યા :

"બિચારા નાદાન અબુધ જીવોને કૃષ્ણદાસ અધિકારી કોણ છે, કઈ લીલાનો જીવ છે, એની એમને ખબર છે ? રાત ને દિવસ શ્રી ગોવર્ધનનાથજીનાં સુખ અને આનંદના જ વિચારોમાં અને એ સુખ અને આનંદ કઈ રીતે એ એમના ઇષ્ટદેવને આપે એની જ તજવીજમાં આયખું ઓળઘોળ કરી નાખે તેવા જીવ છે...હા... શ્રીનાથજીના મંદિરના અધિકારીની રૂએ એ રથમાં બેસી પરગામ જાય, હાથીની અંબાડીએ બેસી એમના હોદ્દાની હેસિયત દેખાડવા એ વૈભવી થતા હોય, તોપણ એમાં એ શ્રીજીના સુખનો ખ્યાલ કરતા હોય છે, તેનો ખ્યાલ ફરિયાદ કરવા દોડી આવનારા સંસારી જીવોને શેનો પડે ?"

"મહારાજ...આગ્રાની સાવ નિર્દોષ, કોમળ કળી શી એક નાનકડી વારાંગનાને જોઈ અંતરમાં થયું કે આ રૂપ, આ નજાકત, આ નિર્દોષ લાગણીનો વહેતો પ્રવાહ મારે મારા ગોવર્ધનનાથજી સમક્ષ રજૂ કરવો. આપણા શ્રીજીબાવા તો રાસરાસેશ્વર છે....નવેય રસના ભોક્તા, કલાના પ્રેમી અને જાણકાર રસસ્વરૂપ હોવાથી...એ નિર્દોષ કલાકારને લઈ આવ્યો છું... આજ આપ શૃંગાર કરવા પધારશો ત્યારે એ બેનમૂન કલાકારની કલા રજૂ કરીશું."

શ્રી વિઠ્ઠલેશજીએ જોયું કે કૃષ્ણદાસના એકએક વાક્યમાં શ્રી ગોવર્ધનનાથજીના રસિકપણાનો, રસસ્વરૂપનો ભાવ પ્રગટ થતો હતો. આમાં ક્યાંય પોતાની કલા પ્રત્યેની અભિરુચિ કે વાસનાનો અંશ નહોતો. જે કાંઈ કરી રહ્યા હતા એમાં શ્રીજીબાવાની પ્રસન્નતાની જ ખેવના હતી.

"કૃષ્ણદાસ, જરૂર આવીશું...અને આપણા રાસરાસેશ્વરની સમક્ષ એ નાનકડી છોકરીની કલાનું દર્શન થતું જોઈશું."

ગિરિરાજજીની તળેટી, આન્યોર ગામ, જતીપુરા અને ગોવર્ધનવાસીઓ સુધી કૃષ્ણદાસ વારાંગનાને શ્રીજી સમક્ષ નચાવવાના છે એ સમાચાર પ્રસરી ગયા. અંતરમાં અજંપો, કુતૂહલ અને ગુસ્સા સાથે વ્રજવાસીઓ શ્રીનાથજીના મંદિરમાં દર્શનાર્થે પહોંચી ગયા.

શૃંગારનાં દર્શનનો ટેરો ખૂલ્યો. શ્રી વિઠ્ઠલેશે આજે શ્રીજીબાવાને ખૂબ જ સુંદર શૃંગાર, દોઢેક મહિનાના સેવાના વિરહ પછી, ધરાવ્યા હતા. શ્રીજીને દંડવત્ કરી શ્રી વિઠ્ઠલેશ ખસી ગયા. અને સંગીતના સૂરે...નાનકડી બારેક વર્ષની કોમળ કળી શી નિર્દોષ ગોપકન્યા જેવી લાગતી એક કન્યાએ નૃત્યના ઠેકા સાથે એનું નૃત્ય શરૂ કર્યું. સંગીતની ધૂન પર નાનકડી કન્યાના મધુર કંઠેથી રાસલીલામૃતની

બજન કુંજ મેં મંજુ બાંસરી...
બ્રજબધુ બંધી પ્રેમ બાંસરી

એ પંક્તિઓ સરી પડી...એ મધુર કંઠ, આંખોમાં કોઈ વિરહી લીલાજીવની

આરઝૂ....ચહેરા પરના એ ભાવ....

"કૃપાનાથ...મારા વ્હાલાને આવા સુંદર રૂપ અને ગાન પ્રત્યક્ષ અંગીકાર કરાવવાની મારી ભાવના પૂર્ણ થઈ.." કૃષ્ણદાસ કંઠ અને શબ્દ પર ઝૂમી જતાં બોલી ઊઠ્યા.

શ્યામમાધુરીએ જ્યારે રાસલીલામૃતની છેલ્લી પંક્તિઓ એના નાજુક ચરણના ઠેકે ખુદ ભાવવિભોર બની વાતાવરણમાં.....

"કર ગઈ તે ગેહફાંસ રી, હટ ગયો જુ સંસાર ત્રાસરી
ચરનમાંઝ દીજે નિવાસ રી સરન ગોકુલાધીસ દાસરી

વહેતી કરી ત્યારે શ્રીજીના ચહેરા પર પ્રસન્નતા નીરખી શ્રી વિઠ્ઠલેશ પણ ભાવવિભોર બની ગયા. વારાંગનાની નિર્દોષ દીકરી અત્યારે વિરહી વ્રજબાલા જેવી લાગતી હતી...કે પછી લીલાનો જીવ જ ખરેખર એના હૃદયના ભાવો રજૂ કરતો હોય તેમ લાગ્યું.

"કૃષ્ણદાસ, આ બાળકી છે કોઈ પૂર્વજન્મનો લીલાનો જીવ...બાકી શ્રીજી પ્રસન્નતામાં છે..... ચહેરા પર આનંદોર્મિ ઊછળી રહી છે...તમે એકાદ આનંદોર્મિનું સ્વાગત કરતું સુંદર પદ આ બાળાના નૃત્યના ઠેકે રજૂ કરો."

"કૃપાનાથ... તમે...તમે મારા હૃદયની આરઝૂને તમારા મુખે વ્યકત કરવાની આજ્ઞા આપી, મને કૃતાર્થ કરી દીધો. આ પળોમાં ઊર્મિઓનો ઉછાળો...મારા ગોરધનનાથજી એમની કૃપાદષ્ટિથી પ્રેરી રહ્યા છે...અને આપની આજ્ઞા જ છે તો મનમાં જે કાંઈ સ્ફુરે છે એ પ્રગટ કરું છું..... બેટી શ્યામ...મારા પદને તારા નૃત્યના ઠેકે ઘૂંઘરુની જેમ બાંધી...મારા વ્હાલા ગોવર્ધનનાથજીનાં ચરણોમાં સમર્પીને, દીકરી...તારી કલાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરી દેજે, બેટા."

જવાબમાં શ્યામમાધુરી એની ઠમકઠમક ચાલે સૌથી પહેલાં શ્રી ગોવર્ધનનાથજીને, પછી શ્રી વિઠ્ઠલેશને એને છેલ્લે કૃષ્ણદાસને એની બે નાજુક હથેળીની અંજલિ કરતી–વંદના કરતી વિશાળ પરિસરની મધ્યમાં આવીને ઊભી રહી ત્યાં જ કૃષ્ણદાસના મુખેથી "મેરો મન ગિરિધર છબિ પર અટક્યો" એ પ્રથમ પંક્તિ સરી પડી...અને નાનકડી બાળાનાં ચરણના ઠેકાએ એ પંક્તિને ઝીલી લીધી.

કૃષ્ણદાસ ઝૂમી ઊઠ્યા. એક સરલ વાતાવરણ પ્રથમ પંકિતમાંથી જ રચાઈ ગયું...

લલિત ત્રિભંગ અંગ અંગ પર લગ ગયો
તરાંહી ઠઠક્યો...
સજલ શ્યામ ઘન કનક બરન તન
દેખિ અનંત નહીં ભટક્યો.

અને બાળા ભાવવિભોર થઈ...તન, મન અને આ દુનિયાનું અસ્તિત્વ ભૂલી, મુકત હૃદયે મુક્ત ચરણે...ભાવાત્મક લીલાનું જાણે ખુદ પોતે જ એક અંગ હોય તેમ સાનભાન ગુમાવી નૃત્ય કરવા લાગી. ગોળગોળ ફરતી, એક પછી એક

રાધાના વિરહની ભાવના ચહેરા પર જ નહીં, સમસ્ત અંગના અણુઅણુમાં પ્રગટ કરતી આંખો સામે બિરાજતા રાસરાસેશ્વર ભગવાન શ્રી કૃષ્ણને – શ્રી ગોવર્ધનધારીને એના વિરહી હૈયામાં સમાવતી એવું તો અદ્‌ભુત નૃત્ય કરી રહી હતી કે શ્રી વિઠ્ઠલેશજી પણ પદની પંક્તિ પર તાલ દેવા માંડયા...અને શ્રી ગોવર્ધનનાથના ચહેરા પર પ્રસન્નતાનાં પૂર ઊછળતાં હોય તેવાં દર્શન શ્રીજીબાવા શ્રી વિઠ્ઠલેશને દેતા હતા ત્યાં જ કૃષ્ણદાસના મુખમાંથી પદની ભાવનાની પરાકાષ્ઠા સર્જતી અંતિમ પંક્તિ સરી પડી...

કૃષ્ણદાસ કિયો–પ્રાન ન્યોચ્છાવર
યહ તન જગ સિર પટક્યો...

અને એ પંક્તિના અંતિમ ચરણ સાથે જ એક મોટા ધમાકા સાથે નાનકડી કન્યા...નૃત્યનો અંતિમ ઠમકો દેતી...શ્રી ગોવર્ધનનાથજીનાં ચરણોમાં ઢળી પડી...ઘડીક માટે દેકારો બોલી ગયો અને એ જ ક્ષણે શ્રી વિઠ્ઠલેશે ઊભા થઈ એમનો હાથ ઊંચો કરી એક જ વાક્ય કહ્યું :

“શાંતિ...શાંતિ...શાંતિ...લીલાનો જીવ હતો...લીલામાં પ્રવેશ્યો છે...ભાગ્યશાળી જીવ એવો હતો કે આપણા વહાલા ગોવર્ધનનાથજીએ એને એમનામાં સમાવી લીધો...વાહ, મારા વ્હાલા...તારી લીલા...તારી કૃપા....”

૧૪. કૃષ્ણદાસનો કવિ તરીકેનો ગર્વ ગળ્યો

"સૂરદાસજી......"

વહેલી સવારે મંગલાનાં દર્શન કરી, સૂરદાસજી સાથે ગિરિતળેટી પાસે પહોંચતા કૃષ્ણદાસજી બોલ્યા.

"બોલો, કૃષ્ણદાસજી...." સૂરદાસે જવાબ આપ્યો.

"મારાં પદો સાંભળ્યાં ?" અવાજમાં અભિમાન ઉછાળતા કૃષ્ણદાસ દંડવતી શિલા પાસે આવતાં બોલ્યા.

સૂરદાસના અંતરમાં થડકો પડયો.

કૃષ્ણદાસના અધિકારીનું અધિકારીપણું ખૂંચ્યું. શ્રી ગોવર્ધનધરની કૃપાથી ગુજરાતના ચતુર વહીવટકર્તા મંદિરનો વહીવટ સંભાળતાં સંભાળતાં ક્યારેક સરસ પદોની રચના કરતા રહેતા, સુંદર પદો રચતા. શ્રીજીબાવા પણ કૃષ્ણદાસનાં પદોથી પ્રસન્ન હતા. મા સરસ્વતીની એમના પર કૃપા ઊતરી જ હતી...સૂરદાસ જેવા આજન્મ કવિને હંમેશાં કૃષ્ણદાસનાં પદોમાં – પછી એ પદો બાળલીલાનાં હોય, શૃંગારનાં હોય, સ્વરૂપાસક્તિનાં હોય, માનનાં હોય...પરંતુ એ પદોમાં એમનાં પદોની છાયા હંમેશ દેખાતી. સૂરદાસજી તો "સાગર" હતા પદોના ! દશમસ્કંધની શ્રીજીબાવાની દરેક લીલા પર ભાવવાહી શૈલીમાં હૃદયના ઊંડાણમાંથી સ્વયંભૂ પ્રગટેલાં પદોના સમર્થ કવિ હતા. "અષ્ટસખા" કવિઓની સ્થાપના શ્રી વલ્લભનંદને કરી ત્યારે સૂરદાસ પછી કયા સાત કવિઓની શ્રીજીબાવાના દરબારમાં કીર્તનસેવા લેવી એની અવઢવ તો હતી જ...પરંતુ ચતુરશિરોમણિ શ્રી વિઠ્ઠલેશજીએ કુંભનદાસને એમના સરળ ભાવવાહક શૈલીનાં લીલાનાં પદો પર, પરમાણંદદાસજીની વિષયવૈવિધ્ય– સભરતાને કારણે, છીતસ્વામી અને ગોવિંદસ્વામીને એમની તરલ–સખાભાવની બોલીનાં પદોને કારણે, નંદદાસજીની તો અનન્ય પ્રતિભાને લીધે તેમજ ચતુર્ભુજદાસજીની શરણાગત પ્રગટ કરતી કાવ્યરચનાના કારણે અષ્ટસખામંડળીમાં સ્થાન આપ્યું હતું. કૃષ્ણદાસજી એક કુશળ વહીવટકર્તા હોવાના કારણે તેમજ ગીતસંગીતના અનોખા માહોલમાં –શ્રીજીબાવાની સેવામાં લીન હોવાના કારણે આઠે સમાનાં તેમજ વિવિધ બાળલીલાનાં પદો રચતા થઈ ગયા હતા અને એ પદોથી શ્રીમદ્ વલ્લભચાર્યજી તેમજ શ્રી ગુસાંઈજીને પ્રસન્ન કરી ગયા હતા. પરિણામે અષ્ટસખા–મંડળીમાં એ સ્થાન પામ્યા હતા.

કૃષ્ણદાસ સ્વભાવે સ્વમાની ખરા, પરંતુ શ્રીજીબાવાના મંદિરના ઉચ્ચપદાધિકારી હોવાના નાતે એમનામાં અહંના બાવા બાઝવા માંડયા હતા. કેટલાક પ્રસંગો પણ એવા બની ગયા કે એમાંથી એ એક અહંવાદી અમલદાર રૂપે બહાર આવ્યા હતા. એમનાં પદો ભક્તકવિ સૂરદાસ અને કુંભનદાસની હરોળમાં ઊભાં રહી શકે તેવો ખ્યાલ રાખીને એ ગર્વભેર બધે ફરતા.

વસંતઋતુના દિવસો હતા. વ્રજમંડળનાં વનાંચલોએ નવોઢાનાં નીતનવાં પુષ્પ–પરિધાનો તરુલતાની ડાળીએ ડાળીએ સજ્યા હતા...કૃષ્ણદાસનું કવિહૃદય વસંતઋતુની અનન્ય લીલાથી પ્લાવિત થઈ ગાઈ ઊઠ્યું :

નવ બન દ્રુમ ફૂલે સુમુખિ ! નિહારહી
અંકુર મધુમદમતિ ઝૂમત સખી ! મથન સુમ ડારહી ।
કુહુ કુહુ પિક બોલે મદન–સિંધુ કલોલૈ
બહુ વિહંગ ગાવત અભિસારહી.

અને આખરી પંક્તિઓ શ્રી ગોવર્ધનધર સામે મંગલાનાં દર્શન કરતાં ગાતા કૃષ્ણદાસ ઝૂમી ઊઠ્યા :

ગિરિધર નવરંગ રૂપ સખી ! તેરે સંગ
કરન ચાહત નવ બસંત બિહારહી
"કૃષ્ણદાસ" પ્રભુ માધવ મન હરિ
જીતી લૈ હરત તૈં ન વિચારહી

કૃષ્ણદાસ મંગલાનાં દર્શન કરી સૂરદાસજી સાથે ગોવર્ધન પર્વત ઊતરી રહ્યા હતા ત્યારે એમણે ગાયેલા પદનો કેફ હૃદયમાં અહંરૂપે ઊછળતો હતો અને અનોખા તોરમાં એમનાથી પુછાઈ ગયું :

"મારાં પદો સાંભળ્યાં ?"

સૂરદાસજી મનોમન હસ્યા. વસંતઋતુનું સમય પ્રમાણેનું પદ સુંદર હતું, પરંતુ એમના વસંતઋતુનાં પદોની છાયા સમું લાગતું હતું. આમાં ન તો કોઈ નવાઈ હતી કે ન તો કવિની મર્યાદા હતી. એક મહાન વટવૃક્ષ નીચે અનેક નાનાંમોટાં તરુવરો ઊગતાં જ હોય છે...અને એમાં વટવૃક્ષની કલાસુગંધનો સ્પર્શ રહેતો જ હોય છે.

"કૃષ્ણદાસ, તમારાં પદો જેટલાં રચાયાં છે, તેમાં મારાં પદોના ભાવોની વિષયમાધુર્યની તેમજ પ્રસંગોની છાયા જ પ્રગટ થાય છે, તો એક સારા કવિ તરીકે તમે એ છાયામાંથી મુક્ત થઈ...તમારી પ્રતિભા અને નિજી કવિત્વ પ્રગટ થાય એવી રચના કરો...તો મારો વહાલો ખૂબ રાજી થશે." સૂરદાસજી બોલ્યા.

સૂરદાસજીની વાત સાંભળી કૃષ્ણદાસ એક ક્ષણ પૂરતા સ્તબ્ધ થઈ ગયા અને માંયલાએ મૂંઝારો અનુભવ્યો. એમનો અહં પણ ઘવાયો, પરંતુ વાત સાચી હતી.. સૂરદાસજીએ આ વાત એમને મોઢામોઢ કરી હતી, પરંતુ પદસાહિત્યના પ્રેમીઓમાં આ રીતની ચણભણ થયા કરતી હતી એવી વાત કૃષ્ણદાસને કાને આવી હતી.

"સૂરદાસજી, મારા વ્હાલાની કૃપા થશે, શ્રી વલ્લભનો મારા પર અનુગ્રહ થશે, તો હું તમારી પ્રતિભાના વર્તુળમાંથી પર થઈ, એક એવું પદ સર્જીશ કે તમારા મુખેથી પ્રસન્નતાના ઉદ્‌ગાર નીકળે !" કહેતાં કૃષ્ણદાસ બિલછુકુંડ તરફ વળી ગયા.

કૃષ્ણદાસના અંતરનો તાપ ખૂબ જ વધી ગયો હતો. બિલછુકુંડની પાળે

એકાંતમાં બેસી સૂરદાસજીનાં વાક્યોનું મનન કરતાં, મંથન કરતાં એક તથ્ય પર તો એ આવી ગયા કે સૂરદાસ તો પદોના સાગર હતા, "સૂરસાગર" તરીકે સમસ્ત ભૂમંડળ પર પ્રખ્યાત હતા. પુષ્ટિસંપ્રદાયની પેલે પાર શુદ્ધ સાહિત્યના જ્ઞાતાઓ, પંડિતો, કવિઓ તેમજ વિવરણકારોમાં સૂરદાસનાં પદોએ એમનું અનન્ય સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું. વિશ્વસાહિત્યનો એવો એકેય ભાવ નહોતો કે જેને સૂરદાસે એમનાં પદોમાં ગાયો ન હોય. કૃષ્ણદાસે દિનરાત પ્રયત્ન કરી સૂરદાસે જે વસ્તુ ન ગાઈ હોય, પદ્યરચના ન કરી હોય, એના પર એમનું ચિત્ત એકાગ્ર કર્યું. એના સતત પરિશીલન પછી જે લીલા પર પદ રચવાનો પ્રયત્ન કર્યો – વિચાર આવ્યો – ત્યાં જ તે લીલા પર સૂરદાસે પદરચના કરી જ હોય એવું બનવા માંડયું. દાનલીલા, માનલીલા, બાળલીલા, ગોચરણલીલા આદિ શ્રી દશમસ્કંધની બધી જ લીલાઓ સૂરદાસનાં મનભર–મનહર પદોથી વ્રજભાષામાં ગુંજતી જ હતી. સૂરદાસજીએ એના પર પદો ગાયાં જ હોય એવી પરિસ્થિતિથી જ્ઞાત એવા કૃષ્ણદાસજી આગળ વિચારતાં જ થાકી ગયા. મનમાં ઘણી ચિંતા થવા માંડી. પેલો અહંનો અજગર હતાશ હૈયે ફૂંફાડા મારતો રહ્યો. રાત્રીના એક પછી એક પ્રહર વીતવા માંડયા. થાકેલા કૃષ્ણદાસની આંખો મીંચાઈ ગઈ...કાગળ, કલમ બધું જ નાનકડા મેજ પર ઠર્યું રહ્યું.

ગિરિરાજજી પર બિરાજતા શ્રી ગોવર્ધનનાથજીથી એમના ભક્તની વેદના–હતાશા સહન ન થઈ. ગિરિરાજજી પરના મંદિરમાંથી શ્રીજીબાવા તળેટીમાં પધાર્યા. બિલછુકુંડની પાળ પર નિદ્રાધીન થયેલા કૃષ્ણદાસની નજીક પધાર્યા...અને મેજ પર પડેલી કલમ ઉપાડી ખુદ શ્રીહસ્તે એક નવા જ પદની પંક્તિ કાગળ પર લખી :

"આવત બને કાન્હ ગોપ બાલક સંગ, નેચૂકી ખુર રેનુ છુરિત અલકાવલી ।
ભ્રોંહ મન્મથ–ચાપ વક્લોચન બાન, સીસ શોભિત મન મયૂર ચન્દ્રાવલી ॥

પંક્તિ પૂરી થતાં જ નિદ્રાધીન ભક્ત પર એક મીઠી નજરની કૃપાદષ્ટિ કરતા શ્રી ગોવર્ધનધર મંદિરમાં પાછા પધાર્યા.

"નેચુકી" નામની ગાયોનું વર્ણન સૂરદાસે એમના જીવનકાળ દરમિયાન નહોતું કર્યું. નેચુકી ગાય એવી ગાયને કહેવાય જે પહેલી વાર વિયાઈ હોય, તેથી તેનો સ્નેહ તેના વાછરડા પર વિશેષ હોય. આવી નેચુકી ગાયને કોઈ ગોવાળ એક જૂથમાં ચલાવવા પ્રયત્ન કરે તોપણ એમાં એ સફળ ન થાય...નેચૂકી ગાય જૂથમાંથી તક મળ્યે છૂટી પડી પોતાના વાછરડાને મળવા ઘર તરફ દોડે...શ્રી ગોવર્ધનનાથજીએ આ સરસ વિચારને કાવ્યની પંકિતમાં ઢાળતાં લખ્યું કે–

"આવી નેચુકી ગાયોને જૂથમાં શ્રી ગોવર્ધનધર પોતે દોરી રહ્યા છે, ત્યારે નેચુકી ગાયની ખરીની રજ ઊડીને તેમની અલકાવલી પર લાગી છે, એવા શ્રીજીબાવા શોભી રહ્યા છે."

વહેલી સવારે કોકિલાના ટહુકા અને મયૂરના ટેહુક ટેહુક અવાજ વચ્ચે કૃષ્ણદાસજી જાગી ગયા અને એ વખતે જ પવનની પાંખે, મેજ પરનો કાગળ

ઊડીને કૃષ્ણદાસના ખોળામાં પડયો. કૃષ્ણદાસની કોરા કાગળ પર મરોડદાર અક્ષરો-વાળી, વાતાવરણમાં મત્ત સુગંધ પ્રસારતી પંક્તિઓ પર નજર પડી.

"અરે...આ...તો...." કૃષ્ણદાસ આગળ બોલી ન શક્યા. ભાવવિભોર બની ગયા. સૂરદાસનાં સવાલક્ષ પદોમાં ખૂટતાં પચીસ હજાર પદો રચી આપનાર શ્રી ગોવર્ધનનાથજી – સૂરશ્યામે એમના વિષાદની – એમની અંતરવેદનાની આરઝૂ જાણી. સૂરદાસનાં પદોની ભાવછાયાથી મુક્ત, વિષયમાં પણ નાવીન્ય ધરાવતી નેચૂકી ગાય પરની સરસ પંક્તિઓ એમને ઊંઘતા રાખી – મંદિરમાંથી ગિરિતળેટીમાં અવતરણ કરી કાગળ પર લખી ગયા હતા. જે કૃપા સૂરદાસ પર કરી, એ જ કૃપા, કૃષ્ણદાસને લાગ્યું, એમના પર પણ કરી. કૃષ્ણદાસ ગાંડાઘેલા થઈ ગયા. એમણે કલમ હાથમાં લીધી અને શ્રીજી બાવાએ લખેલી પંક્તિઓની સહાયથી આખુંય પદ પૂરું કર્યું :

આવત બને કાન્હ ગોપાલ સંગ, નેચૂકી ખુર રેણ છૂરિત અલકાવલી
ભ્રોંહ મન્મથ ચાપ વ્રકલોચન બાનં, સીસ સોભિત મત્ત મયુર ચન્દ્રાવલી ॥
ઉદિત ઉડુરાજ સુંદર સિરોમણિ બદન, નીરખી ફૂલી નવલજુવતિ કુમુદાવલી
અરુન સકુચિત અધર બિંબ ફલ હસત, કછુ પ્રગટ હોત દસનાવલી ॥
શ્રવન કુંડલ ભાલ તિલક બેસરી નાક, કંઠ કૌસ્તુભમણિ સુભ ત્રિવલાવલી
રત્ન હાટક ખચિત ઉરલિ પદિકની પાંતિ, બીચ રાજતી શુભ્રઝલક મુક્તાવલી
વલય કંકન બાજુબંધ આજાનભુજ મુદ્રિકા, કર દિલ વિરાજતિ નખાવલી
કટિ છૂદ્ર ઘંટિકા જટિત હીરામની, નાભિ અંબુજ વલિત ભૃંગ રોમાવલી
ધાઈ કબહુક ચલત ભક્તહિત જાનિ, ચલત નુપુર ગીત શબ્દાવલી ।
હૃદય કૃષ્ણદાસ ગિરિધરનલાલ કી, ચરન નખ ચન્દ્રિકા હરતિ તિવિરાવલી

શ્રીજીબાવાની કૃપાથી પદ પૂરું થતાં જ, આનંદનો ઓઘ ઉછાળતા બિલછુકુંડથી હોંશભર્યા કૃષ્ણદાસ સૂરદાસજીના પરાસોલી ગામે આવેલા ચન્દ્રસરોવર પર ગયા.

"બાવા...બાવા.... આ જુઓ, મારું નેચુકી ગાયોના વર્ણન સાથેનું મારું આ નવું નકોર પદ જુઓ. નેચૂકી ગાયની ખરીની રજ ઊડીને તેમની અલકાવલી પર લાગી છે ત્યારે આપણા શ્રીજીબાવા કેવા શોભી રહ્યા છે એનું વર્ણન આ પદમાં છે. સૂરદાસજી, તમારાં પદોમાં ક્યાંય, ક્યારેય નેચૂકી ગાય....એની ખરીમાંથી ઊડતી રજ.... એમાંથી આકાર પામતી અલકાવલી... શ્રીજીના મુખારવિંદ પર કેવી શોભી ઊઠે છે એનો ભાવ ક્યારેય પ્રગટ થયો નથી. મારું આ પદ તમારી છાયામાંથી છટકીને આ ભાવ પ્રગટ કરી જાય છે. જુઓ આ પદ !" કૃષ્ણદાસ પ્રસન્નવદને આ કવિકર્મ દ્વારા કૃતાર્થ થયાની લાગણી અનુભવતા બોલી ઊઠ્યા.

સૂરદાસજીએ શ્રીજીબાવાનું ધ્યાન ધરી, કૃષ્ણદાસના પદનો કાગળ હાથમાં લીધો. એમનો ખરબરડો વૃદ્ધ હાથ કાગળ પર ફેરવ્યો અને હાથનું હલનચલન પ્રથમ પંક્તિ પર જ અટકી ગયું. મરોડદાર અક્ષર, એની ગુલાબી મહેંકતી ફોરમથી

કોઈ દિવ્ય ભાવની જ અનુભૂતિ સૂરદાસજી કરતા હોય એવું એમને લાગ્યું. ચહેરા પર ખિન્નતા પ્રગટી ગઈ. અંતર કકળી ઊઠ્યું. મરોડદાર અક્ષરોના અધિષ્ઠાતા, વાતાવરણને સ્વપ્નિલ અને સુગંધી બનાવતા સૌના લાડીલા શ્રી ગોવર્ધનનાથજીના કાર્યની જાણ સૂરદાસને થઈ ગઈ.

"આ બધું શા માટે ? સર્વોચ્ચતાનો એક બિલ્લો છાતી પર લગાડવા શ્રી ગોવર્ધનધરને આટલો બધો પરિશ્રમ આપવો પડે ? અરે, મારા વ્હાલા, મારો અપરાધ ક્ષમા કર ! આ જીવથી અનાયાસે કૃષ્ણદાસને કહેવાઈ ગયું કે મારાં પદોની છાયા નીચે તમારાં પદોનું કાવ્યઉદ્યાન મહેંકી રહ્યું છે અને વ્હાલા, તારા એ ભક્તની વેદનાનો પોકાર સાંભળી આ પદની પંક્તિ લખી, એ જીવને પણ સાચા અર્થમાં કવિ બનાવી દીધો ? અને એ પણ મારા અહંનું કાલિયમર્દન કરીને ? મારા વ્હાલા, દીનાનાથ, મારો અપરાધ ક્ષમા કરજે. મારાં પદોની ભાવછાયા નીચે કોઈ પણ કવિનાં પદો રચાતાં હોય તો મારે શું ? એ પદોમાં, કૃપાનાથ, આખરે તો તારો ગુણાનુવાદ જ ગવાય છે ને...." સૂરદાસજી જાણ્યે–અજાણ્યે એમનાથી થઈ ગયેલા અપરાધ ને – અહં પર વલોપાત કરતા મનોમન બોલી ઊઠ્યા.

"સૂરદાસજી...... બાવા, તમે મૂંગામૂંગા કેમ બની ગયા ?"

"કૃષ્ણદાસ...."

"પૂછો, સૂરદાસ...કાંઈ શંકા–આશંકા ?" કૃષ્ણદાસે પૂછ્યું.

"શંકા–આશંકા ? કૃષ્ણદાસ, માઠું ન લગાડતા, પણ કાવ્યની ભાવની સૃષ્ટિની મૌલિકતા માટે વિવાદ તમારા અને મારા વચ્ચે હતો. તારા બાપ – શ્રી ગોવર્ધનનાથ સાથે કોઈ વાદ નહોતો. આ પદની પ્રથમ બે પંક્તિઓ ખુદ શ્રી ગોવર્ધનનાથજીએ લખી આપી છે. શ્રીજીબાવાને આપણા સાંસારિક મતભેદોમાં વચ્ચે ક્યાં નાખ્યા ? મેં નેચૂકી ગાય વિષે પદ નથી લખ્યું એ વાત શ્રીજીબાવાને કોણે પહોંચાડી હતી ? કાંઈ વાંધો નહીં, પણ આ પંક્તિઓને બાદ કરતાં જે કાંઈ અંગઉપાંગોનું વર્ણન તમારા પદમાં તમે કર્યું છે તે બધું હું વર્ષોથી મારાં પદમાં કરતો આવ્યો છું. કવિ સાધનાનો જીવ છે. સાધનામાં મન પરોવી, મૌલિક પદો રચી, તમે અષ્ટસખાનું પ્રાપ્ત કરેલું બહુમાન સાર્થક કરો, કૃષ્ણદાસ ! અને ભવિષ્યમાં આવી ક્ષુલ્લક બાબત માટે આપણે શ્રીજીબાવાને પરિશ્રમ આપવો નહીં."

કૃષ્ણદાસ સૂરદાસની વાણી સાંભળી સ્તબ્ધ થઈ ગયા. પુષ્ટિસંપ્રદાયના કાવ્યશિરોમણિની શ્રીજીબાવાએ લીધેલા પરિશ્રમની વાત સાંભળી એ ક્ષુબ્ધ થઈ ગયા. એમની વાતમાં તથ્ય હતું. કૃષ્ણદાસના હૈયામાં પૂર્વજન્મના સંસ્કારની સ્મૃતિ જાગી ગઈ. ગમે તેમ તોય લીલાના જીવ હતા ને ?

નિત્યલીલામાં એમનું સ્વરૂપ લલિતાજીનું હતું એનું ભાન એમને શ્રી વલ્લભે બ્રહ્મસંબંધ આપતી વખતે કરાવ્યું હતું. શ્રીજીબાવાએ લલિતાજી પ્રત્યેના ભાવને વિવશ થઈ, વિરહવેદનાથી તડપતા કૃષ્ણદાસજીનો પક્ષ લઈ, આ વિવાદમાં કાવ્યપંક્તિ કરી તો આપી, પરંતુ સામે પક્ષે સૂરદાસજી ચંપકલતા–સ્વરૂપ હતા,

શ્રીજીબાવાની અંતરંગ લીલાની સખી. બન્નેમાં અધિકારભેદ હતો.

લીલામાં લલિતાજીની સેવા શ્રેષ્ઠ છે. કૃષ્ણદાસજી શ્રીજીની સેવામાં શ્રેષ્ઠ હતા, તો સૂરદાસજી એમની કાવ્યરચનામાં શ્રેષ્ઠ હતા. કૃષ્ણદાસનો સૂરદાસજીની એક ટકોર પર અહંકાર ફૂંફાડા મારતો થઈ ગયો. એ અહંકારના નિર્મૂલનનો ઉપાય પણ શ્રીજીબાવાએ આ રીતે પરિશ્રમ લઈ, પંક્તિઓ લખી દઈ, સૂરદાસજીની કાવ્યસમજ દ્વારા ભાંગી નાખ્યો. બાકી શ્રીગોવર્ધનનાથજી માટે તો બન્ને ભક્તો સરખા જ હતા.

કૃષ્ણદાસજીના મનમાં લીલાના સ્વરૂપનું જ્ઞાન જાગતાં અંદરનો અહંકાર શમી ગયો અને અંતરમાંથી સંપૂર્ણ શરણાગતિનું પદ સરી પડ્યું :

"જ્યૌં ત્યૌં રાખૌ ત્યૌં રહૂઁ જો દેહુ ખાઉં ।
તુંહી મેં મેરી પતિ ગતિ લૈઉં તેરો નાઉં ।।

ચૈત્ર
હતો.
ઊઠ્યું
વાતા
હતી.

ઝબક
હિલો
ઊપર
ગિરિ
જળક

ગોવર્ધ

ચાલે
કૃષ્ણદ

દીધાં..

જઈને

આનંદ
વહાવી

૧૫. શ્રી વૃષભાન—નંદિની નાચત લાલ ગિરિધરન સંગ

કૃષ્ણદાસજી ઓચિંતા ઝબકીને જાગી ગયા.

અંધકારની દુનિયામાં ધીમો ધીમો પ્રકાશનો પુંજ પ્રગટ થતો જતો હતો. ચૈત્ર સુદ અગિયારશનો દિવસ હતો. વસંતઋતુનો વૈભવ તરુવરોની ડાળે ઝૂલતો હતો...રંગબેરંગી પુષ્પો ખીલી ઊઠયાં હતાં. વાતાવરણ પુષ્પોની સુગંધથી મહોરી ઊઠયું હતું. આમ્રવાટિકામાંથી વસંતના વધામણાની છડી પોકારતા કોયલના સૂરોથી વાતાવરણ ગુંજી ઊઠયું હતું. મંદ મંદ સમીરની લહર અણુઅણુમાં સ્પંદન જગાવતી હતી....

આવા વાતાવરણ વચ્ચે હિલોળા લેતાં બિલછુકુંડનાં વારિ પર અચાનક ઝબકીને જાગી ગયેલા કૃષ્ણદાસજીની નજર ગઈ. ધીમેધીમે વાયરાની પાંખે હિલોળા લેતી મત્ત સુગંધ સાથેનો પ્રકાશપુંજ...ધીમે ધીમે... જલની સપાટી પર ઊપસવા માંડયો. કૃષ્ણદાસનું હૃદય આનંદ અનુભવવા માંડયું. પ્રકાશપુંજ ગિરિરાજજીના શિખર પરના મંદિરમાંથી તળેટી તરફ આવતો બિલછુકુંડની જળક્યારી પર સ્થિર થયે જતો હતો..

"કૃષ્ણદાસ...." પ્રકાશના પુંજમાંથી વહાલસોયો અવાજ ઊઠયો. અવાજ શ્રી ગોવર્ધન ગિરિધારી...શ્યામસુંદરનો હતો...

"કૃપાનાથ..." કહેતાં જ પ્રકાશપુંજમાંથી સોળે શણગાર સજી, મલપતી ચાલે જળતરંગ પર પ્રગટ થયેલા શ્રી ગોવર્ધનનાથજીને સાષ્ટાંગ દંડવત્ કરતાં કૃષ્ણદાસે બિલછુકુંડના જલમાં ઝંપલાવી દીધું....

"ધન્ય ઘડી... ધન્ય ભાગ્ય મારાં...પ્રભુ....આપે આ દુષ્ટ જીવને દર્શન દીધાં...કોટિ કોટિ વંદન...મારા પ્રભુ..."

કૃષ્ણદાસને શ્રી ગોવર્ધનધરે ઝીલી લીધા અને બિલછુકુંડમાંથી બહાર દોરી જઈને શ્રીજીબાવા કદંબના વૃક્ષ નીચે બિરાજ્યા.

કૃષ્ણદાસ શ્રીનાથજીબાવાનાં દર્શનમાં એકાકાર થઈ ગયા. હૈયામાં આનંદ આનંદ થઈ ગયો...પ્રભુનાં દર્શને એમના હૈયામાંથી શબ્દોની – કાવ્યની સરવાણી વહાવી દીધી :

"લાલ ! તેરે ચપલ નૈન અનિયારે ।
નંદકુમાર સુરતિ–રસભીને, પ્રેમરંગ રતનારે ॥
કછુ અસરીકે ચકિત ચહું દિસિ, નવ વર જોવન તારે ।
એજૂ મીન ઘનસ્યામ સિંધુ મેં, બિલસત લેત ઝુકારે ॥
ગોવર્ધનધર જાન મુકુટમનિ "કૃષ્ણદાસ" પ્રભુ પ્યારે ।

"વાહ, કૃષ્ણદાસ...બડો અચ્છો પદ સુનાયો !" શ્રી ગોવર્ધનધરના શ્રીમુખેથી

શબ્દો નિખર્યા.

"આપની જ કૃપા, પ્રભુ..." દંડવત્ કરતા કૃષ્ણદાસ બોલી ઊઠ્યા.

"કૃષ્ણદાસ...ચૈત્ર સુદ પૂનમના દિને પરાસોલીમાં ચન્દ્રસરોવર પર મહારાસ વખતે તમારાં પદો રજૂ કરવાની તમને હું આજ્ઞા આપું છું...આ મહારાસમાં ગોકુળમાં રહેતા સ્યામ કુંભારને મૃદંગ બજાવવા હાજર કરશો. એના મૃદંગના તાલના ઝણઝણાટથી હું પ્રસન્ન છું...." શ્રી ગોવર્ધનધર વદ્યા.

"જેવી પ્રભુની આજ્ઞા....આપ નાનામોટા સર્વ શરણે આવેલા ભક્તોનું સારું એવું ધ્યાન રાખો છો, પ્રભુ....ગોકુલના એક ખૂણામાં માટલા ઘડતાં ઘડતાં કયારેક મસ્તીમાં આવી મૃદંગ બજાવતા સ્યામ કુંભાર પર તમારી કૃપા વરસી...એનું તો આયખું ધન્ય ધન્ય થઈ ગયું...દીનાનાથ."

"કૃષ્ણદાસ...સ્યામ કુંભાર દૈવી જીવ છે...એ લીલાનો જીવ છે...લીલામાં વિશાખાજીની સખી રસતરંગિણી છે. લીલામાં પણ એની મૃદંગ–સેવાથી અમ સૌને પ્રસન્ન કરતી રહેલી એ સખી છે. એક વખત વિશાખાજીનું હૃદય મારા વિરહથી ભરાઈ આવ્યું. એના મન–જળમાંથી ગીતનાં સ્પંદનો હિલોળા લેવા માંડ્યાં. મન ભરીને એના હૃદયની વિરહવેદનાને ગાન દ્વારા પ્રગટ કરવા હૈયું તલપાપડ થઈ ગયું. એણે એની સખી રસતરંગિણીને ઊંઘમાંથી ઉઠાડીને આજ્ઞા કરી :

"તરંગિણી...આજે મારા વ્હાલાનો વિરહ સહ્યો જતો નથી....મારા આ વિરહની વેદનાનાં ગીતો દ્વારા મારા વ્હાલા ગોવર્ધનધારી શ્રી કૃષ્ણનું અશ્રુપૂજન કરવું છે...તો તું મૃદંગ બજાવી તાલ દે." ઊંઘરાટિયા ચહેરે રસતરંગિણીએ મૃદંગ બજાવવાનું શરૂ કર્યું. વિશાખાજીના મધુર કંઠમાંથી વિરહવેદનાનું ગીત વાતાવરણમાં ગુંજવા માંડ્યું...અર્ધનિદ્રિત અવસ્થામાં મૃદંગ બજાવતી રસતરંગિણી તાલ ચૂકવા માંડી.

"અરે...આજે તું કેવું બેસૂર બજાવે છે....એક એક પંકિતએ તાલ ચૂકે છે !" ક્રોધિત વિશાખાજી બોલી ઊઠ્યાં.

"મને ઊંઘ આવે છે, સખી..."

"શું કહ્યું ? ઊંઘ આવે છે....આપણા વ્હાલા પ્રભુના ગુણાનુવાદ કરતી વખતે તને ઊંઘ આવે છે... લાવ તારું મૃદંગ...." કહેતાં ક્રોધિત વિશાખાજીએ મૃદંગ સખીના હાથમાંથી ઝૂંટવી લીધું અને ક્રોધિત સ્વરે બોલી ઊઠ્યાં :

"આજથી, રસતરંગિણી, તું મારી સખી નહીં...તું પૃથ્વી પર જન્મ લઈ...તારા અભિમાનભર્યા શબ્દોના પ્રાયશ્ચિત્તરૂપે સંસારના ચક્કરમાં ભટકતી રહે...તારા માટે આ એક દંડ છે..."

– અને કૃષ્ણદાસ...રસતરંગિણીનો મહાવનના એક કુંભારને ત્યાં સ્યામ કુંભારના નામે જન્મ થયો....કલાકારના પૂર્વજન્મના સંસ્કાર એનામાં પૃથ્વીના પાટલે ફોરી ઊઠ્યા.

કલાપારખુ શ્રી વિઠ્ઠલેશજીએ સ્યામ કુંભારના મૃદંગના તાલનું પાન કરતાં જ

એને ગોકુલમાં બોલાવી શ્રી નવનીતપ્રિયાજીની કીર્તનસેવા–મંડળીમાં સામિલ કરી દીધો. સ્યામ કુંભારના મૃદંગવાદનની નિપુણતાના સમાચાર શ્રી ગોવર્ધનનાથજી સુધી પહોંચી ગયા....વસંતઋતુના એ દિવસોમાં પરાસોલી ખાતે ચન્દ્રસરોવરના ચોતરે મહારાસ કરવાનું શ્રીજીબાવાને મન થયું અને એ મહારાસમાં કૃષ્ણદાસનાં પદો અને સ્યામ કુંભારના મૃદંગવાદનની જુગલબંધી બની રહે, એ ખાતર મધ્યરાત્રીએ એમના સેવકો–ભક્તો પર અનંત કૃપા વરસાવવા ગિરિતળેટીએ પધારી ઊંઘતા કૃષ્ણદાસને જગાડી, ચૈત્ર સુદ પૂનમના મહારાસમાં એમનાં પદો ગાવા અને એ પદોને સ્યામ કુંભારના મૃદંગના તાલ પર સંવારે એ માટેની આજ્ઞા આપી..

"કરુણાસાગર....મારા ગોવર્ધનધર...અમ સરખા અબુધ જીવો પર આપે તો કૃપાનો સાગર ઠાલવી દીધો... "મહારાસ"નાં દર્શનથી આ દીન જીવ કૃતાર્થ થશે.. પ્રભુ...કોટિ કોટિ વંદન..મારા વ્હાલા...સ્યામ કુંભાર સાથે આપની સેવામાં – આપની કૃપાથી અમે બન્ને જરૂર હાજર થઈ જશું."– કહેતાં કૃષ્ણદાસે દંડવત્ કર્યા. શ્રી ગોવર્ધનધર...ફરી એક વખત પ્રકાશના પુંજમાં વિલીન થઈ ગયા...અને કૃષ્ણદાસે...નયનમાં હર્ષાશ્રુ ઉછાળતાં શ્રીજીબાવાના પ્રકાશપુંજનાં ગિરિરાજની તળેટી પરથી નિજમંદિર તરફ જતાં દર્શન કર્યાં.

વહેલી સવારે કૃષ્ણદાસ ઊઠી ગયા. અંતરમાં શ્રીજીબાવાએ આપેલાં દર્શનનો આનંદ છલકાતો હતો. નિત્યકર્મથી પરવારીને કૃષ્ણદાસ મંગલાનાં દર્શન કરવા શ્રીજીમંદિરમાં પહોંચ્યા...આંખો સામે મધ્યરાત્રીના ઉજાગરાથી શ્રમિત એવા શ્રીજીબાવાનાં ઊંઘરાટિયાં નયનનાં દર્શન થતાં જ કૃષ્ણદાસના મુખમાંથી–

"બને હો રસમસે આએ પ્રાત ।
આળસ ભરે બદન કી સોભા, નિરખિ લજત જલ–જાત ॥
સંધ્યા બદે બોલ કીયે સાંચે, કાહે કોં લાલ લજાત ।
"કૃષ્ણદાસ" પ્રભુ ગિરિધર ચિતવન, જુવતિ મૃગી તકિ ઘાત ॥
આ પદ સરી પડયું.

કૃષ્ણદાસ ગિરિતળેટી ઊતરી સ્યામ કુંભારના નિંભાડા તરફ ગયા. સ્યામ કુંભાર નિંભાડો સળગાવીને એનાં કાચી માટીનાં માટલાંને તપાવતો મૃદંગ પર શ્રીજીબાવાને પ્રસન્ન કરતો કોઈક સરસ ધૂન છેડતો બેઠો હતો.

એના અંતરમાં પણ અવઘોળાટ સર્જાયો હતો...

આંખો સામે માટલાનો આકાર પામેલા માટીના પિંડ જેવા એના દેહને ભગવાન સંસારના સળગતા નિંભાડામાં તાવી રહ્યો હતો..."પ્રભુદરસ"ની "આશ" હૈયામાં વિરહાગ્નિ બની એને તાવી રહી હતી. મૃદંગના વાગતા તાલમાં એ તડપન ઊભરતી હતી...આગલી રાત્રે જ શ્રી ગોવર્ધનધર સ્વપ્નમાં આવી એની વિરહવેદનાના દિવસોની પૂર્ણાહુતિ કરતા હોય એમ એને આદેશ આપતા તિરોધાન થઈ ગયા હતા.

"સ્યામ....મારો ભક્ત કૃષ્ણદાસ તારી પાસે કાલે સવારે આવશે. તને એ

જ્યાં લઈ જાય, ત્યાં તું મૃદંગ સાથે જજે."

ચૈત્રી રાત્રીના સુનહરા સ્વપ્નમાં શ્રીજીબાવાની થયેલી ઝાંખી અને આજ્ઞાની એ ક્ષણોને મનમાં મમળાવતો...સ્યામ કુંભાર મૃદંગ પર થાપી લગાવી રહ્યો હતો ત્યાં જ એના આંગણે દૂબળાપાતળા પણ જાજરમાન કૃષ્ણદાસે પ્રવેશ કર્યો.

"આપ...આપ શ્રીજીબાવાના કૃપાપાત્ર કૃષ્ણદાસ અધિકારી તો નહીં ?"– હાંફળોફાંફળો ભોળો કુંભાર એકદમ ઊભો થતો બોલી ઊઠ્યો.

"સ્યામ....હું જ કૃષ્ણદાસ...ભલા તું મને કેવી રીતે ઓળખી ગયો ?"

"ભક્તન સે ભક્તન મિલે, કરે સ્યામ કી બાત
કૈસે પહચાનું નહીં, સ્યામ કે પ્યારે આપ ?"

સ્યામ કુંભાર બે સરસ કાવ્યપંક્તિમાં જ પ્રત્યુત્તર આપતો કૃષ્ણદાસને ભેટી પડયો.

"સ્યામ ભૈયા....ચૈત્ર સુદી પૂનમના દિવસે તારે મારી સાથે પરાસોલી ચન્દ્રસરોવર પર તારા આ મૃદંગ સાથે આવવાનું છે."– કૃષ્ણદાસ બોલ્યા....

"આપની આજ્ઞા શિરોમાન્ય, ભક્તવર !" સ્યામ કુંભાર બોલ્યો.

"સ્યામ, આજ્ઞા આપવાવાળો હું કોણ ? શ્રી ગોવર્ધનનાથ જ્યાં સુધી આપણે માથે બેઠો હોય...ત્યાં આજ્ઞા પણ એની જ હોય...શ્રી ગોવર્ધનધરની ઇચ્છા ચન્દ્રસરોવરમાં ચૈત્ર સુદ અગિયારસના રોજ મહારાસ કરવાની છે....અને પ્રભુની ઇચ્છા છે કે તું એ મહારાસમાં મૃદંગ વગાડી શ્રીજીને...સ્વામિનીજીને...તેમજ અન્ય સખીઓને તારા મૃદંગવાદનથી પ્રસન્ન કર."

"ભક્તવર્ય....આગલી રાત્રે સ્વપ્નમાં શ્રીજીબાવા આ જ આજ્ઞા આપીને ગયા કે મારે આપની સાથે મૃદંગ બજાવવા આવવું....મારા ગોવર્ધનધરની કરુણાનો કોઈ પાર નથી..."

"સ્યામ કુંભાર, આપણે શયન આરતીનાં શ્રીજીબાવાનાં દર્શન કરી પરાસોલી જઈશું..."

"જેવી આજ્ઞા, ભક્તરાજ !"

ચૈત્ર સુદ અગિયારસના દિને શ્રીજીબાવાનાં શયન આરતીનાં દર્શન કરી કૃષ્ણદાસ સ્યામ કુંભારને લઈ પરાસોલી આવ્યા. ચન્દ્રસરોવરના હિલોળા લેતા જલનાં દર્શન થતાં જ ભોળિયો કુંભાર ગાંડોગાંડો થઈ ગયો....

રાત જામતી જતી હતી...ચન્દ્રસરોવરના ચોતરા પર...આકાશમાંથી અમીવર્ષણ કરતાં ચન્દ્રનાં કિરણોથી વાતાવરણમાં માદકતા પ્રસરતી જતી હતી..ચરણના ઠેકા અને પાયલના રણકા....અને પાયલના રણકા વચ્ચેથી ગળાઈ–ગળાઈને આવતો સૂરીલો...બંસીધરનો બંસીનાદ સાંભળી સ્યામ કુંભારના મૃદંગમાંથી લયબદ્ધ તાર ગાજી રહ્યા....."એક એક ગોપી ને એક એક કહાન"ની એક મધુર દશ્યાવલિ આંખો સામે પ્રગટ થઈ ગઈ....

શ્રી ગોવર્ધનનાથજી અને શ્રી સ્વામિનીજી બધી સખીઓ સાથે ચન્દ્રસરોવરની

પાળ પાસેના મહારાસના ચોતરે બિરાજતાં મધુર સ્મિત યુગલજોડી વેરી રહી હતી...સખીઓના અંગેઅંગમાં રાસલીલાની ચેતના જાગ્રત થઈ ચૂકી હતી. ચરણના ઠેકાથી વાતાવરણ ગાજી રહ્યું હતું...

"સ્યામ...તારું મૃદંગ બજાવ !"– શ્રી ગોવર્ધનનાથે આજ્ઞા કરી. સ્યામ કુંભારના મૃદંગમાંથી તાલ હવામાં ઊછળ્યા...અને કૃષ્ણદાસજીના મુખમાંથી યુગલસ્વરૂપની ઝાંખી થતાં જ પદની પંક્તિઓ ખીલી ઊઠી :

શ્રી વૃષભાન નંદિની નાચત લાલ ગિરિધરન સંગ ।
લાગ ડાટ ઉરપ તિરથ રાસ રંગ રાચ્યો ॥
ઝપ તાલ મિલ્યો રાગ કેદારો સપ્ત સુરન ।
અવઘટ સુધરતાન ગાન રંગ રાચ્યો..॥
પાઈ સુખ સુરતિ સિદ્ધિ ભરત કામ વિવિધ રિદ્ધિ ।
અભિનવ વદન સમ સુહાગ હુલાસ રંગ રાચ્યો ॥
વનિતા સત જૂથપ નિરખી શકયો સઘન ચંદ ।
બલિહારી કૃષ્ણદાસ સુઘર રંગ રાખ્યો ॥

શ્રીગોવર્ધનનાથજીના કર્ણપટલ પર પદના શબ્દો પડયા....અને પ્રસન્ન પ્રસન્ન થતાં શ્રીકંઠની પ્રસાદીરૂપ કુંદફૂલોની માળા કંઠમાંથી કાઢી કૃષ્ણદાસના ગળામાં નાખી, સ્વામિનીજી સાથે મહારાસમાં તાળીઓના તાલે રાસ રમવાની શરૂઆત કરી.

આખી રાત કૃષ્ણદાસનાં પદોથી, સ્યામ કુંભારના મૃદંગથી રાસરાસેશ્વર શ્રી રાસબિહારી અને શ્રી વૃષભાનનંદિની રાધાજી–સ્વામિનીજીના પાયલના નાદે ઝૂમતી રહી...આકાશમાંથી ચન્દ્રની શીતળ ચાંદનીની શ્વેતધારા અવની પર વરસતી રહી...વ્રજાંગનાઓ, વ્રજગ્વાલો, વ્રજબાલો...નાચતાં રહ્યાં...શ્રી ગોવર્ધનધરના મધુર ઓષ્ઠ પરથી મુરલીના સ્વરો ગુંજતા રહ્યા...

અને પરોઢે ધીમે ધીમે...પાયલના ઝંકાર, પગના ઠેકા શાંત થતા ગયા... ગિરિરાજજીના મંદિરમાંથી "ગાવત મંગલ ગીત રસાલા"ની સંગીતમય પંક્તિઓ ઊભરતાં જ કૃષ્ણદાસ અને સ્યામ કુંભારની ચકાચોંધ આંખો ખૂલી ગઈ.

બન્ને ભક્તોએ જતીપુરાની વાટ પકડી ત્યારે પણ કૃષ્ણદાસના હૈયમાંથી તો એક જ ગુંજન ઊઠતું હતું :

"શ્રી વૃષભાનનંદિની નાચત લાલ ગિરિધરન સંગ"

૧૬. પુષ્ટિમાર્ગની સેવારીતિના મર્મજ્ઞ કૃષ્ણદાસ

કુંભનદાસજી એમના ખેતરમાં કૂવા પાસેના ચોતરા પર બેઠા બેઠા દાનલીલાનું એક સરસ પદ વહેલી સવારે ગાઈ રહ્યા હતા :

મથિનિયાં આન ઉતાર ધરિ
દાન અટપટૌ માંગત ઢોટા, દોઉ કર જોરિ ખરી ॥
જબ નંદલાલ ચીર ઝટકયૌ, મનમેં બહુત ડરી ।
"કુંભનદાસ" પ્રભુ દધિ બેચન કી બિરિયા જાત ટરી ॥

શર્વરીનો શ્યામલ અંધકાર ધીમે ધીમે ગિરિરાજજીની ગિરિમાળામાં વિલીન થઈ રહ્યો હતો. પૂર્વ દિશાની ક્ષિતિજ ગુલાબી રંગ ધારણ કરી રહી હતી..."કૂકડે કૂક"– સૂરજનો છડીદાર છડી પોકારી રહ્યો હતો. જમુનાવતાની ગોવાલણો માથે મટુકી મૂકતી, મલપતી ચાલે સૂરદાસનું

"ગ્વાલિનિ ફિરતી બિહાલહિ સૌં ।
દધિ મટુકી સિર લિન્હે ડોલતિ, રસના રટતિ ગોપાલ હિં સૌં ॥

આ પદ ગાતી ગોવર્ધન ગામની દિશામાં જઈ રહી હતી. કુંભનદાસના હૈયેથી લટકમટક ચાલે "ગોવિંદ"નું નામ લેતી ગોવાલણીઓને જોઈ "મથિનિયાં આન ઉતાર ધરિ"–પદ ગુંજી ઊઠ્યું.

બંધ નેત્રો સામે દાનલીલાનો પ્રસંગ ઊજવાઈ રહ્યો હતો. ઓચિંતો દૂરથી કોઈકના આવવાનો અવાજ કાને પડયો. ચિત્ત ભમી ગયું...દાનલીલાની લીલા ચિત્ત પરથી ઓલવાઈ ગઈ, આંખો ખૂલી ગઈ...અને એમના ખેતરના ખોળે આવી ચઢેલા થોડાક વૈષ્ણવોને જોઈ એ આનંદભેર ઊભા થઈ ગયા....તંબૂર વૃક્ષના ટેકે મૂક્યો. દોડીને "આવો...આવો....વ્હાલા વૈષ્ણવો આવો...આજ ભલા કાંઈ આ નિર્ધનનું આંગણું પાવન કર્યું !" કુંભનદાસ ભાવવિભોર બની બોલી ઊઠ્યા.

"કુંભનદાસ...આજે અમે તમારી પાસે ખાસ અપેક્ષા સાથે આવ્યા છીએ." વૈષ્ણવોના એક અગ્રણી બોલી ઊઠ્યા.

"બેસો...બેસો...આ મારી નાનકડી કુટિરમાં...ખુલ્લા હવામાન વચ્ચે બેસવું હોય તો આ ચોતરા પર જમાવો."– કુંભનદાસ બોલી ઊઠ્યા.

"કુંભનદાસ...અમે તો અહીં તમારા આ ખુલ્લા ખેતરમાં શ્રી ગોવર્ધનનાથજી તમારી સાથે ખેલા આવે છે, એ ભૂમિ પર જ અમારું સ્થાન જમાવીશું. વ્રજની રજ કયાંથી ?"– કહેતાં બધા વૈષ્ણવોએ ચોતરા પાસે ખુલ્લી જગ્યામાં જમાવી દીધું.

"કુંભનદાસ...આજે અમે સૌ તમારી પાસેથી આપણા પુષ્ટિમાર્ગની સેવામાર્ગની રીતિની જાણ લેવા – શિક્ષા લેવા આવ્યા છીએ...આપણા માર્ગનો સેવાપ્રકાર અમને સમજાવી કૃતાર્થ કરો."– વૈષ્ણવોના અગ્રણી બોલ્યા. કુંભનદાસ વૈષ્ણવોની ભાવભીની વિનંતી આગળ દ્રવિત થઈ ગયા.

"વાહ, મારા વ્હાલા, વૈષ્ણવો, તમારી આ દીનતાને, જિજ્ઞાસાને, સેવારીતિ જાણવાની ઉત્કંઠાને આ ગરીબ સેવક સાદર વંદન કરે છે. હું તો અલ્પમતિ, ગામડા ગામનો ખેડૂત છું. પુષ્ટિલીલાની રીતિ–નીતિ આ અભણ ગામડિયો ખેડૂત શું સમજાવવાનો ? આ વિષયના જ્ઞાતા તો આપણા કૃષ્ણદાસ અધિકારી છે. પરમકૃપાળુ પરમાત્માની તેમજ શ્રી વલ્લભકુળની એમના પર પૂરી કૃપા વરસી છે...આજે સેવારીતિના જાણકાર કૃષ્ણદાસ...શ્રીજીબાવાને એમના જ્ઞાન, પ્રેમ અને સેવારીતિથી સવારસાંજ લાડ લડાવતા રહ્યા છે, તો આપ સર્વે એમની પાસે જઈને સેવામાર્ગની રીતિનીતિનો ખ્યાલ મેળવી લ્યો." નમ્ર સ્વરે કુંભનદાસ બોલ્યા.

વૈષ્ણવો પુષ્ટિસંપ્રદાયના સમર્થ કવિ અને ભક્તની દીનતા પર વારી ગયા.

"કુંભનદાસજી, કૃષ્ણદાસ અધિકારી તો સંપ્રદાયના એક જાજરમાન સેવક છે. એમનું જ્ઞાન, એમનો શ્રીજીબાવા પ્રત્યેનો અનન્ય સેવાભાવ, સેવારીતિની આ માર્ગની અખૂટ જાણકારી, આ બધું એમની પાસે છે, પરંતુ એમના વ્યકિતત્વ આગળ અમ વામણા જીવો કેમ ટકીશું ? આપ કૃપા કરી અમારી મંડળીની આગેવાની લઈ ગિરિરાજ પર પધારી એમને મળો, તો ભારે કામ થઈ જાય !" એક અગ્રણી વૈષ્ણવ બોલી ઊઠ્યા.

કુંભનદાસ પાસે આવતાં પહેલાં આ બાબત ચર્ચાવિચારણા વખતે કૃષ્ણદાસનું નામ ચર્ચાયું હતું, પરંતુ એમના અધિકારી તરીકેના દોરદમામ અને અહમ્ આગળ એ વૈષ્ણવોની હિંમત ચાલી નહોતી.

"ચાલો, હું તમારી સાથે આવીશ. તમારા સૌ વતી હું એમને પ્રશ્નો કરીશ અને સમાધાન મેળવીશ." કુંભનદાસ બોલ્યા અને "ગિરિરાજધરણ પ્રભુ તુમ્હારે શરણ"ની ધૂન સાથે વૈષ્ણવોને લઈને બિલછુકુંડ તરફ ચાલી નીકળ્યા.

કુંભનદાસનું ચિત્ત આ સમયે ઠાકોરજીમાં જ પરોવાયેલું હતું. ઠાકોરજીની રહસ્યલીલાના જ્ઞાતા, અત્યારે લીલામાં જ મગ્ન હતા. આમ તો એ માર્ગની લીલા–રીતિના પૂરા જાણકાર હતા. ધારત તો આજ વૈષ્ણવોને અપ્સરાકુંડની પાળે બેસાડી, આખીય રીતિ સમજાવી શક્યા હોત, પરંતુ એમને લાગ્યું કે કવિહૃદય હોવાના કારણે ભાવાવેશમાં આવી ગમે તેમ કાંઈક બોલી જવાય તો દોષ લાગે. એમણે વિચાર્યું કે આ વૈષ્ણવો એમનાં પદો કેમ વાંચતા નહીં હોય ? એમનાં કીર્તનોમાં ગૂઢ રીતિથી સમૃદ્ધ એવી લીલાનું વર્ણન આવતું જ હતું...પરંતુ એનો અભ્યાસ કરવાનો ક્યાં કોઈને સમય છે કે રસ છે...કુંભનદાસ મનોમન વિચારતા સંઘ સાથે બિલછુકુંડે બિરાજતા કૃષ્ણદાસ પાસે આવ્યા. કૃષ્ણદાસ એમના આંગણે કુંભનદાસને આવેલા જોઈ કૃતકૃત્ય થઈ ગયા....

"અરે કુંભનદાસ તમે ?" અને ભાવવિભોર બની એમને ભેટી પડ્યા.

"કૃષ્ણદાસ...આપણા સંપ્રદાયના ભલાભોળા આ વૈષ્ણવો અને હું તમારી પાસેથી માર્ગની રીતિ સમજવા આવ્યા છીએ."

"અરે...અરે, કુંભનદાસ...તમે ઊઠીને આવું બોલી, મારા અલ્પજ્ઞાનની

મશ્કરી કરો છો કે શું ?" નમ્રભાવે કૃષ્ણદાસ બોલ્યા.

"ના, કૃષ્ણદાસ...ઠાકોરજીના સાંનિધ્યમાં ચોવીસ કલાક રહેતા તમ જેવા જીવોનું જ આ કામ છે."

વૈષ્ણવોને જોઈ કૃષ્ણદાસ રાજીના રેડ થઈ ગયા છે. બધાને સન્માનપૂર્વક બેસાડયા અને પદ છેડયું :

"ગિરિધર જબ આપુનિ કહી જાને
તાકૌ મન ભક્તન કી સેવા ભક્તચરન – રજ સદા લુભાને ।
ભક્તનમેં મતિ, ભક્તન મેં ગતિ, હરિજન હરિ સંગ હરિ ઉર આને ॥

કુંભનદાસ અને અન્ય વૈષ્ણવો કહેવાતા જાજરમાન અહંવાદી કૃષ્ણદાસની દીનતાને જોઈને સ્તબ્ધ થઈ ગયા, પ્રસન્ન થઈ ગયા.

"કૃષ્ણદાસ, બધા વૈષ્ણવોનું મન પુષ્ટિમાર્ગની રીતિ સાંભળવાનું છે...આપણે શું બોલવું, કેમ વર્તવું, કઈ રીતે આપણા વહાલાનું સ્મરણ કરવું....આ બધું આપના અનુભવના સંબંધે....આ વૈષ્ણવોને કહો." કુંભનદાસ બોલ્યા.

"કુંભનદાસજી, તમે શ્રીઆચાર્યચરણના સાંનિધ્યમાં વર્ષોથી રહેલા છો, એટલે તમારી પાસેથી આ વસ્તુ પર જાણવું જરૂરી છે...આ જ્ઞાનદાન માટે સંપ્રદાયના ઉંમરે સૌથી મોટા વૈષ્ણવ છો...તમારા અગાધ જ્ઞાન આગળ અમે અલ્પજીવો શું સમજાવવાના હતા ? તમારાથી રીતિસેવાનું જ્ઞાન ક્યાં છૂપું છે ?" કૃષ્ણદાસ બોલ્યા.

"કૃષ્ણદાસ, આ કાર્ય તમે જ કરો. જ્ઞાનદાન એ તમારો ધર્મ છે. અમારો આદેશ છે : તમારો આ ક્ષેત્રે જે કાંઈ અનુભવ હોય એ કહેશો." કુંભનદાસ બોલ્યા.

કૃષ્ણદાસે કુંભનદાસને વંદન કરી, સૌ પ્રથમ "અષ્ટાક્ષરનો ભાવ" સમજાવતું એમનું પદ છેડયું :

"કૃષ્ણ....શ્રીકૃષ્ણ: શરણં મમ ઉચરે ।
રૈનદિન, નિત્ય પ્રતિ સદા પલ છિન ઘડી ॥
કરત વિધ્વંસ જન અખિલ અઘ પરિહરે ।
હોત હરિરૂપ વ્રજભૂપ ભાવે સદા ।
અગમ ભવ સિંધુ કો બિના સાધન તરે ॥
રહત નિશદિન આનંદ ઉરમેં ભરે ।
પુષ્ટિલીલા સકલ સાર ઉરમેં ધરે ॥
રમા અજ સિવ સેષ, સનકાદિ સુ સારદા ।
વ્યાસ નારદ રટે પલ મુખ ના ટરે ॥
લાલ ગિરિધરન કી મહિમા અતુલ જગમગે ।
સહજ કૃષ્ણદાસ નિગમ નેતિ નેતિ કરે ॥

અષ્ટાક્ષરનો ભાવ કીર્તન દ્વારા પ્રગટ કરીને કૃષ્ણદાસે પંચાક્ષરનો ભાવ વૈષ્ણવોને સમજાવતાં ગાયું :

"કૃષ્ણ યે કૃષ્ણ માહિ રાતિ જાનિયે ।
દેહ, ઇન્દ્રિય, પ્રાણ દારાગારાદિ, આભા સકલ શ્રી કૃષ્ણકી પાનિયે
કૃષ્ણ મમ સ્વામી, હો દાસ, મન, ક્રમ, વચ
તો યેહિ સદા જિય આનિયે કૃષ્ણદાસ કે નાથ હરિદાસ વર્યધર
ચરન રજ વલ્લભાધીશ પનસાનિયેં

—વૈષ્ણવો પુષ્ટિસંપ્રદાયના હૃદય સમા અષ્ટાક્ષર અને પંચાક્ષર મંત્રને આત્મસાત્ કરતા પ્રસન્નચિત્તે કુંભનદાસની સાથે એમના મુકામે પાછા ફરતા હતા ત્યારે કૃષ્ણદાસના પ્રસન્ન ચિત્તમાંથી પદ સરી પડયું :

"પિયા કે નૈનનિ મહં રસના ।
ગૂઢ બચન બોલત સૈનનિ દૈ પક્ષ્મ અધર હસના ।।
માનોં જુગલ અલિ નવમુખ, અંબુજ રસટસુ રસના ।
કૃષ્ણદાસ પ્રભુ ગિરિધર દેખત તટકે કંચુકી કે કસના ।।

૧૭. કૃષ્ણદાસ કૂવામાં પડી ગયા

બિલછુકુંડની પાળ પર કૃષ્ણદાસ બેઠા હતા. આંખો સામે શ્વેત સ્ફટિક જલરાશિમાં એમનો ચહેરો જોતાં આશ્ચર્ય પામતા હતા. શ્વેત કેશ...કરચલી પડી ગયેલી ત્વચા, ચૂંચી આંખો, સમગ્ર અંગ હવે શિથિલ થતું લાગતું હતું. વૃદ્ધાવસ્થા એમની કાયાને કાળના પ્રવાહમાં આંબી ગઈ હતી...

કેટકેટલાં વર્ષો થયાં શ્રી ગોવર્ધનધરની સેવામાં ! વીતેલી જિંદગીનાં લેખાંજોખાં લેતા કૃષ્ણદાસજી કુંડના જલમાંના એમના પ્રતિબિંબને નિહાળતા હતા ત્યાં જ કાને કોઈકનાં પગલાંનો અવાજ ઝીલ્યો. એ સાવધાન થઈ ગયા.

"કૃષ્ણદાસજી અધિકારી આપ કે ?"

એમની જ ઉંમરના એક વૈષ્ણવ બિલછુકુંડની પાસે આવીને નમ્ર સ્વરે બોલ્યા.

"હા, વૈષ્ણવ...જયશ્રીકૃષ્ણ. હું જ કૃષ્ણદાસ અધિકારી." કૃષ્ણદાસે ઊભા થઈને પરિચય આપ્યો.

"જય શ્રીકૃષ્ણ...આપ બિરાજો, અધિકારીજી...આપશ્રીનાં દર્શને આવ્યો હતો. આપ વહાલા ગોવર્ધનનાથજીની ખૂબ જ સેવા તન મન અને ધનથી કરો છો એ વાત અમારા ગામમાં વૈષ્ણવો પાસે સાંભળી હતી. આપનાં દર્શન થતાં હું કૃતાર્થ થયો છું, અધિકારીજી." વૈષ્ણવ કૃષ્ણદાસને વંદન કરતો બોલ્યો.

"ભાઈ.. આમ મને વંદન કરીને – વખાણ કરીને પાપમાં ન નાખો...મારા ગુરુદેવ શ્રી વલ્લભે જે કાંઈ સેવા શ્રીજીબાવાની આપી છે તે હું મારી યત્કિંચિત્ શક્તિથી કરી રહ્યો છું. હવે તો ઉંમર થઈ....સેવામાં થોડીક કચાશ પણ આવી છે, પણ મારો વહાલો ગોવર્ધનધર એટલો દયાળુ છે કે આ ડોસાની સેવા સ્વીકારે છે. આપ અહીં સુધી આવ્યા જ છો તો મારા ગુરુદેવ શ્રી વિઠ્ઠલનાથજી – શ્રી ગુસાંઈજીને દંડવત્ કરતા જજો...પુષ્ટિસંપ્રદાયના અદ્‌ભુત કલ્પનાશીલ – પ્રવૃત્તિશીલ એવા અમારા સંપ્રદાયના રાહબર છે." કૃષ્ણદાસ બોલ્યા. શબ્દો લથડતા હતા. અંગનાં શિથિલ ગાત્રો કંપતાં હતાં.

"કૃષ્ણદાસજી...હું એમને દંડવત્ કરીને જ આપની આજ્ઞાથી તમારી પાસે આવ્યો છું...આપની પાસે સેવા લખાવવી છે." વૈષ્ણવ બોલ્યા.

"સેવા ? મારા વ્હાલાની સેવા ? જરૂર, વૈષ્ણવ ! શી સેવા લખાવવી છે ?" કૃષ્ણદાસનું શરીર ટટ્ટાર થઈ ગયું. સમગ્ર અંગમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું. આંખોમાં ચમક ઊપસી આવી..

"મારા વ્હાલા શ્રી ગોવર્ધનધરની સેવા લખાવવા આવ્યા છો, તો ચાલો વૈષ્ણવ આપણે મંદિરમાં જઈએ. શ્રીજીબાવાની સમક્ષ જ સેવા લખાવો...."

"કૃષ્ણદાસજી...વ્રજમાં...મારે એક કૂવાની સેવા આપવી છે. એ કૂવાના જલની ઝારી આપણા શ્રી ગોવર્ધનનાથજીને ધરાય...એવી કાંઈક ભાવના સાથે આ

વાત તમને કરી રહ્યો છું." વૈષ્ણવ બોલ્યો.

"જરૂર, ઉત્તમ વિચાર છે...શ્રીજીબાવા તો ખરા જ, પરંતુ વ્રજમંડળમાં જલની કમી છે...જલભંડારો દિવસે દિવસે ઓછા થતા જાય છે....ઉનાળામાં તો ગૌમાતાને જલપાન કરાવવાની પણ તકલીફ પડે છે. વૈષ્ણવ..."કૂપદાન" એ આજના યુગનું શ્રેષ્ઠદાન છે. આપની સેવા મારા શ્રીજીબાવા ખૂબ જ પ્રસન્નતાથી સ્વીકારશે... તમારા બંધાવેલા કૂવાનું જલ શ્રીજીબાવા તો અંગીકાર કરશે, પરંતુ એથી વિશેષ તો કૂવાની બાજુમાં થાળો બંધાવી, એમાં કૂવાનું જલ ઠાલવી...ગૌમાતા ઉપરાંત વ્રજમંડળનાં પશુપંખીઓને પણ જલપાન કરાવીશું..." કૃષ્ણદાસે "કૂપદાન" ની ઉપયોગિતા દર્શાવતાં કહ્યું.

"કૃષ્ણદાસજી, આ લ્યો ત્રણસો રૂપિયા...હું કૂપદાન રૂપે શ્રીજીબાવાના ચરણે ધરું છું. હું તો હવે મારા સંઘ સાથે વ્રજયાત્રા કરવા આગળ જાઉં છું, પરંતુ કૂવો ખોદાવવાનું કાર્ય તમે જ કરી લેજો." વૈષ્ણવે ત્રણસો રૂપિયા કૃષ્ણદાસને આપતાં કહ્યું.

"વૈષ્ણવ...કૂવો તો બસો રૂપિયામાં બંધાઈ જશે. વધારાના સો રૂપિયા પાછા લઈ લ્યો અને વ્રજમાં ધરમધ્યાનમાં એનો વિનિયોગ કરજો." કૃષ્ણદાસે મનમાં ગણતરી કરતાં કહ્યું.

"ના, કૃષ્ણદાસ...જે કાર્યાર્થે આ રૂપિયા કાઢ્યા છે...એમાં જ એ વપરાવા જોઈએ...તમે જ એનો ઉપયોગ કરજો." કહેતાં વૈષ્ણવ એના સંઘ સાથે યાત્રામાં ચાલ્યા ગયા.

કૃષ્ણદાસ એક ક્ષણ પૂરતા તો મૂંઝાઈ ગયા. વધારાના સો રૂપિયા એક કુલડીમાં મૂકી, ભવિષ્યમાં કોઈ સારા કામમાં વાપરવા – એવા વિચાર સાથે જમીનમાં ખાડો ખોદીને આંબાના વૃક્ષની નીચે દાટી દીધા.

કૂવો ખોદાવવાનું કાર્ય ચાલુ થઈ ગયું. થોડાક દિવસમાં પૂંછરી પાસે કૂવો તૈયાર થઈ ગયો. કૂવાનું થાળું કરવાનું બાકી રહ્યું, ત્યારે કૃષ્ણદાસને પેલા વધેલા સો રૂપિયા યાદ આવ્યા.

શ્રી ગોવર્ધનનાથજીના ઉત્થાપનનાં દર્શન કરી, લાકડીના ટેકેટેકે એ બંધાઈ રહેલા કૂવા પાસે આવ્યા. લાકડીને જમીન પર સ્થિર કરતાં કૃષ્ણદાસે કૂવામાં ડોકિયું કર્યું. એ જ વખતે ભીની માટીમાં ખોસેલી લાકડી સરકી પડી અને કૃષ્ણદાસ એમના શરીરનું સમતોલન ગુમાવતા ઊંડા કૂવામાં પડયા...

એક ધબાકો અને વાતાવરણમાં ક્ષુબ્ધતા પ્રસરી ગઈ.

"કૃષ્ણદાસ કૂવામાં પડી ગયા !"

"અધિકારીજી કૂવામાં પડયા..."

આજુબાજુનાં ખેતરોમાંથી વ્રજવાસી ખેડૂતો દોડી આવ્યા. ભારે મોટો કોલાહલ સર્જાઈ ગયો. કૂવો ઊંડો હતો. પાણી પણ સારું એવું હતું. આજુબાજુથી આવેલા ખેડૂતોએ દોરડાં નાખ્યાં. કેટલાક તો કૂવામાં પણ દોરડાની મદદથી ઊતર્યા અને કૃષ્ણદાસના દેહને શોધવાનો પ્રયત્ન કર્યો. પરંતુ ઊંડા જલમાં કૃષ્ણદાસનો મૃતદેહ મળ્યો નહીં. હતાશ થઈ મરજીવાઓ કૂવામાંથી બહાર આવ્યા..

શ્રી ગોવર્ધનનાથજીને શ્રીગુસાંઈજી શયનભોગ ધરીને બહાર બિરાજતા હતા ત્યાં જ મંદિરના પરિસરમાં થતો શોરબકોર એમના કાને પડયો :

"કૃષ્ણદાસજી કૂવામાં પડી ગયા !"

"અધિકારીજી કૂવામાં ડૂબી ગયા !"

શ્રીગુસાંઈજી અસ્તવ્યસ્ત એકાદ ક્ષણ માટે થઈ ગયા. ભીતરિયા રામદાસજી શ્રી વિઠ્ઠલેશજી પાસે હાંફળાફાંફળા દોડી આવ્યા, ત્યારે બે વ્રજવાસીઓ શ્રી ગુસાંઈજીને હાંફતા–હાંફતા કહી રહ્યા હતા :

"કૃપાનાથ, આપણા અધિકારી કૃષ્ણદાસજી કૂવો જોતા હતા એટલામાં ભીની માટીમાં ખોસેલી લાકડી સરકી અને કૃષ્ણદાસજી કૂવામાં પડી ગયા. કૂવામાં એમને શોધવા બે મરજીવા પડયા, કૂવાનાં જળ ફંફોળી જોયાં...પરંતુ કૃષ્ણદાસજીનો દેહ મળ્યો નહીં....કૃપાનાથ...ખૂબ જ ખોટું થઈ ગયું !"

"તામસાનામ્ અધોગતિ....તામસી જીવોનું અધઃપતન આવું જ હોય છે..... કૃષ્ણદાસજીને એમનાં કર્મોનું ફળ મળી ગયું." બટકબોલા રામદાસ ભીતરિયાથી ન રહેવાયું – બોલી ગયા. આંખો સામે વિરહતાપ અનુભવતા – પરાસોલીમાં બિરાજતા શ્રીગુસાંઈજીના એ દિવસો યાદ આવી ગયા.

"રામદાસજી....આવું ન બોલાય...કૃષ્ણદાસજી તો આપણા સંપ્રદાયનું એક વિરલ રત્ન હતા...એમનો શ્રીજીબાવા પ્રત્યેનો દઢાશ્રય, ભક્તિ, સેવા, નિષ્ઠા...અને વૈષ્ણવતા અનન્ય હતાં. કૃષ્ણદાસજી તો શ્રી આચાર્યચરણના કૃપાપાત્ર ભગવદીય જીવ હતા...કૂવામાં પડવું...મૃત્યુ પામવું – આ બધી તો લીલા છે. કૂવામાં પડવું, એ તો લીલાકર્મ હતું. આપણને શી ખબર કે કયાં કર્મોની આ લીલા હશે – નિમિત્ત હશે ?"– શ્રી ગુસાંઈજી ગંભીર સ્વરે રામદાસજી સામે એમની કરુણામય દષ્ટિ ફેંકતા બોલી ઊઠ્યા.

રામદાસજી ક્ષોભ પામતાં મૂંગા થઈ ગયા.

શ્રીગુસાંઈજીની કરુણાસભર દષ્ટિમાં કૃષ્ણદાસની અણધારી વિદાયે જે વિષાદ ભરી દીધો હતો એને જોતાં રામદાસજીને મનોમન કૃષ્ણદાસજીનું શ્રી વિઠ્ઠલેશે એમને અકબર બાદશાહની જેલમાંથી છોડાવી, શ્રી ગોવર્ધનનાથજી સન્મુખ ખડા કરી દીધા હતા, એ વખતે ગાયેલું પદ યાદ આવી ગયું :

પરમ કૃપાલુ શ્રી વલ્લભનંદન, કરત કૃપા નિજ હસ્ત દૈ માથે ।
જે જન શરણ આવે અનુસરહિ, ગતિ સૌંપત શ્રી ગોવર્ધનનાથેં ॥
પરમ ઉદાર ચતુર ચિંતામણિ રાખત ભવધારા તેં સાથે ।
ભજિ કૃષ્ણદાસ કાજ સબ સરહિ જો જાને શ્રી વિઠ્ઠલનાથૈ ॥

"રામદાસ, ચાલો આપણે પૂંછરી પાસે કૃષ્ણદાસે ખોદાવેલા કૂવા પાસે જઈએ..." કહેતાં શ્રી ગુસાંઈજી ખભે ખેસ નાખતા પૂંછરીની દિશામાં આગળ વધ્યા.

રામદાસજી અન્ય વૈષ્ણવો સાથેં પરમ ઉદાર ચતુર ચિંતામણિ "શ્રી વિઠ્ઠલેશજીની પાછળ પાછળ ચાલતા હતા ત્યારે પણ અંતરથી તો "પરમ કૃપાલ શ્રી વલ્લભનંદન"ની ઉદાર ભાવનાને દંડવત્ કરતા આગળ વધતા હતા.

૧૯. કૃષ્ણદાસનો પ્રેતયોનિમાંથી ઉદ્ધાર

શ્રી વિઠ્ઠલેશ કૂવાની પાસે પહોંચ્યા. એક નજર ઊંડા કૂવામાં નાખી... કૃષ્ણદાસની સ્મૃતિમાં મન ક્ષણેક પૂરતું વિહ્વળ બની ગયું.

કૃષ્ણદાસ સાથે ગાળેલી ખાટીમીઠી એકએક પળ સ્મૃતિપટ પર જીવંત થવા માંડી...

એ રાત્રે સત્સંગ–સભામાં શ્રી વિઠ્ઠલેશે એમનું હૈયું ખોલતાં કૃષ્ણદાસના કાર્યને અંજલિ આપતાં કહ્યું :

"આપણા સૌના વહાલા કૃષ્ણદાસ જીવનની અંતિમ પળ સુધી શ્રીજીબાવાની સેવામાં વ્યસ્ત રહ્યા. એમણે એમનું અધિકારીપદ સંભાળ્યું. એવા સેવક ક્યાંથી આપણને હવે મળશે ? એમની નિષ્ઠા, એમનો પ્રેમ, એમનો ભાવ અજોડ હતાં..."

"કૃપાનાથ, આપની વાત સાચી છે. કૃષ્ણદાસ જેવા સેવાભાવી સંનિષ્ઠ અધિકારી મળવા તો મુશ્કેલ છે જ, પરંતુ શ્રી ગોવર્ધનનાથજીએ એની વ્યવસ્થા કરી નાખી હશે..." રામદાસ બોલ્યા.

"શ્રી ગોવર્ધનનાથજીની સેવા તો ભાગ્યશાળીને જ મળે...અમે કયા જીવને કહીએ ?"– શ્રી ગુસાંઈજી બોલ્યા.

શ્રી વિઠ્ઠલેશ પ્રભુએ એ સાંજે જ એમના હૈયાની વેદના અને ચિંતા "શયનભોગ"માં શ્રી ગોવર્ધનધરની આરતી કર્યા પછી શ્રીજીબાવા આગળ વ્યક્ત કરતાં કહ્યું હતું :

"મહારાજ...કૃષ્ણદાસની દેહ છૂટી ગઈ. હવે નવા અધિકારીની જરૂર પડશે, તો આપ જ આજ્ઞા કરો, આ કાર્યભાર કોના શિરે નાખું ? આપની આજ્ઞા પ્રમાણે અધિકારી તરીકે...કોઈની પણ નિમણૂંક કરી દઈએ."

શ્રી ગોવર્ધનનાથજી "કાકાજી"ની મૂંઝવણ પામી ગયા. મુખારવિંદ પર હલકું સ્મિત ઉછાળતા શ્રીજીબાવા બોલ્યા : "હું પણ મૂંઝવણમાં જ છું. મારા કૃષ્ણદાસની સેવા તો અનોખી હતી.. એમની નિષ્ઠા, એમનો ભાવ, એમની કાર્યસૂઝ...ચોવીસે કલાક એમણે મારા સુખનો જ વિચાર કર્યો હતો...આવા માનવીની વિદાયે મને પણ મૂંઝવણમાં મૂકી દીધો છે...કાકાજી, એક ઉપાય બતાવું ?"

"જરૂર, કૃપાનાથ....મારું કામ હળવું થઈ જશે !"

"કાકાજી, આપના સેવકો તો ઘણા છે. બધા જ ભાવવાળા, મારા સુખનો વિચાર કરતા તાદશી જીવો જ છે. તમે એ બધાને મંદિરના પરિસરમાં રાત્રીની સત્સંગસભામાં બોલાવો...અને અધિકારીજીનો દુશાલો–શાલ એ બધા સમક્ષ રજૂ કરી કહો કે જેમને મંદિરની – મારી સેવા કરવાનો અધિકાર મેળવવો હોય, તે એ આ દુશાલો ઓઢે. આ કાર્ય સાંસારિક દૃષ્ટિએ અધઃપતનને માર્ગે, નિંદાને માર્ગે, લોકોની ટીકા સાંભળવાવાળું છે. કૃષ્ણદાસે એમની જિંદગીમાં એમની થતી રહેલી ટીકાના વખના પ્યાલા પીધા કર્યા હતા. એમની જિંદગીનો અંત પણ એવો જ

આવ્યો. લોકહિતનું કામ – ઠાકોરજીનું કામ કરવા જતાં જીવને લૌકિક સુખદુઃખનો સામનો તો કરવો પડશે– જીવને બગાડવો પડશે. આ તૈયારી જેની હશે એ અધિકારીપદનો આ દુશાલો ઓઢશે..." શ્રી ગોવર્ધનધરે કહ્યું.

સત્સંગસભામાં શ્રી વિઠ્ઠલેશજીએ શ્રી ગોવર્ધનનાથજીની આજ્ઞા પ્રમાણે દુશાલો પેશ કર્યો. આ અધિકારીપદની મહત્તા, કાર્યસૂચિ તેમજ લૌકિક અજ્ઞાની પરિબળોની ટીકાઓ સહન કરવાની ગુંજાયશ પર પણ વૈષ્ણવોનું ધ્યાન દોર્યું.

ઘડીભર તો સભામાં સોપો પડી ગયો.

સૌ કોઈના ચહેરા ગંભીર બની ગયા.

ધીમેધીમે એક યુવાન વૈષ્ણવસભામાંથી ઊભો થઈ શ્રીગુસાંઈજી સમક્ષ આવ્યો. શ્રી વિઠ્ઠલેશજીને દંડવત્ કરતાં ખૂબ જ નમ્ર પણ મક્કમ સ્વરે હાથ જોડીને બોલ્યો :

"કૃપાનાથ...આ દુશાલો–શાલ ઓઢવાનું સત્કર્મ હું કરીશ. કૃષ્ણદાસ ગુજરાતની ધરતીના, જેમને ગળથૂથીમાંથી જ વહીવટી જ્ઞાન મળ્યું હતું. એ જ ધરતીનો હું આપનો સેવક છું...મારું નામ ચાંપાભાઈ ભંડારી. કૃપાનાથ...વહીવટી તંત્રની ધુરા મારા ખભે – આપના અનુગ્રહ અને કૃપા સાથે લેવા તૈયાર છું."

શ્રી વિઠ્ઠલેશ પ્રભુ....પ્રસન્નચિત્તે ચાંપાભાઈ સામે જોઈ રહ્યા. ગુજરાતના આ યુવાનને શ્રી વિઠ્ઠલેશજી સંપૂર્ણ શરણાગતિના ભાવે શ્રીજીબાવાની સેવાઓ તન મન અને ધનથી કરતા જોતા હતા....

"શ્રી ગોવર્ધનનાથ કી જે...શ્રી વલ્લભાધીશ કી જે, શ્રી ગિરિરાજધરણ કી જે..."ના નાદ સાથે શ્રી વિઠ્ઠલનાથજીએ ચાંપાભાઈને શાલ ઓઢાડી...અને પછી આશીર્વચનો આપ્યાં ત્યારે સમગ્ર વૈષ્ણવમંડળીમાંથી અવાજ ઊઠ્યો...

"શ્રી વિઠ્ઠલેશપ્રભુની જય...શ્રી પરમદયાલ શ્રી વલ્લભનંદન કી જે...."

* * *

મંદિરની ગૌશાળામાં ધમાચકડી બોલી ગઈ.. શ્રી ગોવર્ધનનાથજીની ગૌશાળામાંથી એક ગૌમાતા ચારો ચરવા "ગૌમંડળી"માં ગયાં હતાં, ત્યાંથી પાછાં ફર્યાં નહોતાં. ચારો ચરતાં ચરતાં ગૌમાતા દૂરદૂરના જંગલમાં ખોવાઈ ગયાં હતાં. ગૌશાળાના બધા જ ગ્વાલો હાથમાં ડાંગ લઈ ગૌમાતાની શોધમાં નીકળી પડયા. ગૌમાતાનો પત્તો નહોતો. આન્યોર, બિલછુકુંડ, ચન્દ્રસરોવર, કુસુમ–સરોવર, રાધાકુંડ, ગોવર્ધન પર્વતની નવ નવ કોશની પરિક્રમા કરીને, વનઉપવનમાં રખડી–રઝળીને ગોપાલો મોડી સાંજે ખાલી હાથે પાછા ફર્યા ત્યારે ગૌશાલા ઉપરાંત મંદિરના પરિસરમાં સ્મશાનવત્ શાંતિ હતી.

ગૌશાલાના બધા જ ગ્વાલો પાછા ફર્યા હતા, પરંતુ એમાંનો ગોપીનાથ એની સાથેના ચારપાંચ ગ્વાલો સાથે પૂંછરીની દિશામાં ગયો હતો એ પાછો ફર્યો નહોતો. શ્રી ગિરિરાજજીનો એક છેડો ગોવર્ધન ગામથી શરૂ થતો હતો. તે છેડો પૂંછરીમાં પૂરો થતો હતો. પૂંછરીનો પ્રદેશ અડાબીડ જંગલોથી ભર્યોભર્યો હતો...

ગોપીનાથ અને એના સખાઓ ગાયને શોધતા શોધતા ઘેઘૂર જંગલમાં

પ્રવેશ્યા...જંગલમાં આમ તો અંધારું હતું. પરંતુ થોડેક દૂર દિવ્ય પ્રકાશનો ઝળહળાટ ગોપીનાથની ટોળીને દેખાયો. અને ગોપીનાથ હર્ષનો માર્યો નાચી ઊઠતો બોલી ઊઠયો :

"અરે...આ તો શ્રીજીબાવા...કેવા આપણા જેવા ગ્વાલબાળકો સાથે પીપળાના વૃક્ષ નીચે ખેલ ખેલી રહ્યા છે !"

"ચૂપ...આ પીપળા પર તો ભૂત છે, ભૂત...ભાગો ભાગો !" બીજો ગ્વાલ પીપળા પર બેઠેલા કૃષ્ણદાસ, જેમનું અપમૃત્યુ થયું હતું....એ પ્રેત થઈને પીપળા પર બેઠા બેઠા શ્રીજીબાવાના ખેલ જોઈ રહ્યા હતા એમને જોઈને ગભરાઈને બોલી ઊઠ્યો.

ગોપીનાથ અને અન્ય ગ્વાલોનો ચણભણાટ સાંભળી શ્રીજીબાવા અને એમના સખાઓ અંતર્ધાન થઈ ગયા...

"અલ્યા ગવલી...તુંય કેવો બીકણ છો...એયને આપણને શ્રીજીબાવા એમના ખેલનાં દર્શન કરાવતા હતા ત્યાં તેં વળી ભૂત ભૂતની બૂમો પાડી.. આ શું કર્યું ? શ્રીજીબાવા ખેલ સમેટી ચાલ્યા ગયા...." ગોપીનાથ કડવા સ્વરે બોલ્યો.

"પણ...પણ....આ ભૂત...દેખાતું નથી....?"– ગભરાયેલો ગ્વાલ તો એક જ વાત કહી રહ્યો હતો.

"અરે ભૈયા, ગોપીનાથ...મને ઓળખ્યો ? હું જ અભાગી દુરાત્મા કૃષ્ણદાસ છું...અપમૃત્યુના કારણે વાસનાથી ભરેલો આ જીવ પ્રેત બની આ પીપળા પર બેઠો છું...ગોપીનાથ બેટા...તું મારા વતી શ્રીગુસાંઈજીને વિનંતી કરીને કહેજે કે હે શ્રી વલ્લભનંદન, આપનો ઘોર અપરાધ કરવાથી – આપને છ છ મહિના શ્રી ગોવર્ધનનાથજીનાં દર્શનથી વંચિત રાખવાથી મને આ સજા મળી છે.. કૃપાનાથ, તમારી દ્વારા શ્રીજીચરણે આવેલા આ જીવને આ યાતનામાંથી, આ સૃષ્ટિમાંથી મુક્ત કરો ! આ દશામાં પણ શ્રીજીબાવા જે કાંઈ દર્શન આપે છે....એ આપ જેવા પરમ કૃપાળુ શ્રી વલ્લભનંદન આપની કૃપાનું જ ફળ છે. કૃપાનાથ, મારા અપરાધને ક્ષમા કરી પ્રેતયોનિમાંથી મુક્ત કરાવો."– ગળગળા સ્વરે કૃષ્ણદાસનું પ્રેત બોલી ઊઠ્યું.

શ્રીગુસાંઈજીને ગોપીનાથે કૃષ્ણદાસનો આ સંદેશો પહોંચાડયો ત્યારે શ્રી વલ્લભનંદનને કૃષ્ણદાસને શ્રી ગોવર્ધનનાથજી સમક્ષ બીજી વાર શાલ ઓઢાડી હતી એ પ્રસંગ યાદ આવી ગયો.

કૃષ્ણદાસે એ વખતે શ્રી ગુસાંઈજીની કૃપા માગતું પદ "પરમકૃપાલુ શ્રી વલ્લભનંદન કરત કૃપા નિજ હાથ દૈ માથે" ગાયું હતું અને એમનાથી થઈ ગયેલા અપરાધની ક્ષમા માગતાં કહ્યું હતું કે "મહારાજ, મેં આપને છ મહિનાનો વિપ્રયોગ કરાવ્યો હતો એ અપરાધની ક્ષમા કરો !"

ત્યારે એમણે કૃષ્ણદાસને આપેલો જવાબ આ ક્ષણોમાં યાદ આવી ગયો. એમણે કહેલું કે "તારો અપરાધ શ્રી ગોવર્ધનધર માફ કરશે."

–અને પરિણામે શ્રીનાથજીબાવા પ્રેત કૃષ્ણદાસને દર્શન આપતા હતા, વાતો કરતા હતા, ખેલનાં દર્શન કરાવતા હતા. કૃષ્ણદાસને આ વાતની જાણ હતી અને

એમને એ વાતની પણ ખબર હતી કે શ્રીગુસાંઈજીએ એમનો અપરાધ હજી ક્ષમાને પાત્ર નહોતો ગણ્યો.

કૃષ્ણદાસે શ્રીજીબાવાને એ દર્શન આપતા હતા ત્યારે એમને પ્રેતયોનિમાંથી છોડાવવાની વિનંતિ કરી, તો શ્રીજીબાવાએ હસીને હાથ ઊંચા કરી દેતાં કહ્યું હતું કે, "પ્રેતયોનિમાંથી છોડાવવાનું અમારા હાથમાં નથી. તારો ઉદ્ધાર તો શ્રી વલ્લભનંદન જ કરશે."

શ્રીગુસાંઈજી ગોપીનાથ દ્વારા આવેલી કૃષ્ણદાસની વિનંતી સાંભળતાં અંતર્મુખ થઈ ગયા.

કૃષ્ણદાસે ગોપીનાથને એક વધુ વાત પણ કરી હતી...જે એણે શ્રીગુસાંઈજીને કહી હતી.

"કૃપાનાથ, કૃષ્ણદાસે એક એવી પણ વાત કરી હતી કે કૂવો બનાવવા માટે જે વૈષ્ણવે રૂપિયા ત્રણસો આપ્યા હતા, એમાંથી કૂવાનો થાળો બનાવવા માટેના સો રૂપિયા અલગ તારવી બિલછુ તરફના બાગના એક આંબાના ઝાડ નીચે દાટ્યા છે, એ કઢાવી કૂવાના થાળાનું કામ પૂરું કરે – અને કૃપાનાથ....અમે જે ગૌમાતાની શોધમાં નીકળ્યા હતા, તે ગૌમાતાને પણ એમણે દૂરના જંગલમાં ચરતી અમને દેખાડી અને અમે શ્રીજીબાવાની એ ગાય સાથે પાછા ફર્યા છીએ."– ગોપીનાથ બોલ્યો. પરમ કૃપાળુ શ્રી વલ્લભનંદને કૃષ્ણદાસની કરુણ કથા ગોપીનાથના મુખેથી સાંભળી. એમનું હૈયુ દ્રવિત થઈ ગયું.

કૃષ્ણદાસ ભારે દુઃખમાં છે...એનો ઉદ્ધાર હવે તો કરવો જ રહ્યો – એવું વિચારી શ્રીગુસાંઈજી બિલછુવનમાં પધાર્યા...પીપળાના વૃક્ષ પર પ્રેતયોનિમાં બેઠેલા શ્રીજીબાવાનું નામસ્મરણ કરતાં બોલ્યા :

"કૃષ્ણદાસ...તમારો કોઈ જ અપરાધ નથી...કરેલાં કર્મોનું ફળ ભોગવી રહ્યા છો.. હવે એનો પણ અંત આવ્યો છે...તમારી આરઝૂ, વિરહ અને શ્રીજીભક્તિ જ તમારો ઉદ્ધાર કરશે."

અને એ જ ક્ષણે પીપળાના વૃક્ષમાં બેઠેલા પ્રેત કૃષ્ણદાસ ઝળાંહળાં જ્યોતિપુંજમાં વિલીન થઈ ગયા.

શ્રીગુસાંઈજી એ જ રાત્રે અશ્વ પર સવાર થઈ મથુરા પધાર્યા....અને ધ્રુવઘાટ પર એમના વહાલા સેવક કૃષ્ણદાસનું ક્રિયાકર્મ પ્રાતઃકાળે શુભ મુહૂર્તમાં કરી, એ દિવ્ય જીવને લીલાપ્રાપ્તિ કરાવી ત્યારે એક જ મધુર નાદ હવામાં ગુંજી રહ્યો હતો...

પરમકૃપાળુ શ્રી વલ્લભનંદન
કરત કૃપા નિજ હસ્ત દે માથે
પરમ ઉદાર ચતુર ચિંતામણિ
રાખત ભવધારા તેં સાથે

[સમાપ્ત]